
# મધ્યસ્થભાવ

## સંઘ એકતાની Master Key



પ. પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મહારાજ)

॥ શ્રી આત્મ-કમલ-દાન-પ્રેમ-રામચંદ્ર-મોહજિતસદ્ગુરુભ્યો નમઃ ॥

# મધ્યસ્થભાવ

## (સંઘ એકતાની Master Key)

❖ દિવ્યકૃપા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક

**પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા**

તથા તેઓશ્રીના શિષ્યરત્ન

ષડ્દર્શનવેત્તા, પ્રાવચનિકપ્રતિભાધારક

**પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા**

✻ પ્રવચનકાર ✻

યોગમાર્ગમર્મજ્ઞ

**પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા**

✻ સંપાદક ✻

**મુનિ કૈવલ્યજિતવિજયજી મ. સા.**


: પ્રકાશક :

'ગીતાર્થ ગંગા'

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

પુસ્તક નામ :

# મધ્યસ્થભાવ (સંઘ એકતાની Master Key)

✻ પ્રવચનકાર ✻

યોગમાર્ગમર્મજ્ઞ

**પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા**

✻ સંપાદક ✻

**મુનિ કૈવલ્યજિતવિજયજી મ. સા.**


**વીર સં. ૨૫૪૧ ❖ વિ. સં. ૨૦૭૧ ❖❖ આવૃત્તિ : પ્રથમ ❖ નકલ : 3000**

**મૂલ્ય : રૂ. ૬૫-૦૦**

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૧૭૯

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

Visit us online : gitarthganga.wordpress.com

✻ મુદ્રક ✻

નવભારત પ્રિન્ટીંગ પ્રેસ

૯, પુનાજી ઈન્ડ. એસ્ટેટ, શનિદેવ મંદિર પાસે, ધોબીઘાટ, શાહપુર, અમદાવાદ-૪. ફોન : ૨૫૬૨૪૯૯૯



સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન, સાધનામાર્ગનું જ્ઞાન અને પ્રવૃત્તિનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

**અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.**

જેમાં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં તત્ત્વગર્ભિત શાસ્ત્ર-વચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં ઉપરછલ્લી રીતે દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ

પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પણ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા **Encyclopedia** (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામ્રગી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસા., ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો

# मन की बात

અનંતાનંત તીર્થંકરો દ્વારા નમસ્કૃત ભગવાન શ્રી ચતુર્વિધ સંઘના પાવન ચરણોમાં ભાવપૂર્ણ નમસ્કાર...

પ્રસ્તુત મધ્યસ્થભાવના વ્યાખ્યાનોને ન્યાય આપવા 'तेणं कालेणं तेणं समएणं'નું માનસ અવલોકન આવશ્યક છે. આજથી આશરે ૯-૧૦ વર્ષ પૂર્વે તિથિના પ્રશ્નને લઈને અમદાવાદના ગિરધરનગર સંઘમાં વિગ્રહનું વાતાવરણ પેદા થયેલ હતું. જેની અસરો સમગ્ર અમદાવાદના અનેક સંઘો અને આરાધકોમાં ફેલાયેલી હતી. જૈન સંઘ ક્ષુબ્ધ પરિસ્થિતિનો સામનો કરતો હતો. આવા સમયે સાચા આરાધકોને તટસ્થતાપૂર્ણ માર્ગદર્શન આપવું એ ગીતાર્થ પ્રવચનકારો માટે ફરજરૂપ બનેલ હતું. તે અરસામાં અમદાવાદના વિવિધ સંઘોમાં થયેલા પૂજ્યશ્રીના આઠ વ્યાખ્યાનોનો સંગ્રહ એટલે જ પ્રસ્તુત પુસ્તક...

આ સંદર્ભમાં નાવીન્યપૂર્ણ વાત એ છે કે, "તે સમયની ક્ષુબ્ધ પરિસ્થિતિમાં; પ્રચલિત વહેણોમાં તણાયા વગર અરે ! સ્પર્શ્યા સુદ્ધાં વગર, જિનાજ્ઞા અનુસારે, નિરાગ્રહપૂર્ણ, સ્પષ્ટ અને પારદર્શી માર્ગદર્શન આપવા appropriate person તરીકે એકમાત્ર પૂજ્યશ્રી જ જણાતા હતા !" આ વાત ઘણાને અતિશયોક્તિ ભરેલી લાગશે; પરંતુ તેની પાછળનો હેતુ સમજનાર આ વાતમાં ચોક્કસ સંમત થશે.

પૂજ્યશ્રીના વડીલબંધુ, પ્રાવચનિકપ્રભાવક સ્વ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા આમાં મુખ્ય કારણભૂત પરિબળ છે. આ જ્ઞાનીપુરુષના જીવનનું mission ગણો કે અસિધારા સમું વ્રત ગણો તો તે એ હતું કે **'ગમે તેવા કપરા સંયોગો કે ક્ષેત્રોમાં હંમેશ માટે ગચ્છ-**

**પક્ષ-સંપ્રદાયોના તત્ત્વશૂન્ય મતભેદો કે આગ્રહોમાં પડવું જ નહીં, સાથે શુદ્ધમાર્ગની પ્રરૂપણા દ્વારા અખંડિતપણે દર્શનાચારનું સતત પાલન કરવું'.** આ જીવનમંત્ર તેમણે પોતે તો ઘૂંટ્યો જ હતો અને સાથે પૂજ્ય ગુરુદેવ તથા સ્વઅનુયાયીવર્ગને કાયમ માટે ઘૂંટાવેલો હતો. જેના કારણે વર્તમાન શ્રીસંઘમાં આશ્ચર્ય ગણી શકાય તેવી સુમેળભરી અનેક ઘટનાઓ અને તેના સુખદ પરિણામો અમને અનુભવવા મળેલ છે. જેનાં બે-ત્રણ દાખલા ટાંકુ.

આજથી ૧૦ વર્ષ પૂર્વે વિ.સં. ૨૦૬૧માં પૂજ્ય ગુરુદેવની નિશ્રામાં પાલીતાણા ચાતુર્માસનું અનુષ્ઠાન હતું. તે વર્ષે યોગાનુયોગ શ્રીસંઘમાં સંવત્સરીનો ભેદ આવતો હતો. એક પક્ષ બુધવારે સંવત્સરી આરાધવાનો હતો તો બીજો પક્ષ ગુરુવારે સંવત્સરી આરાધવાનો હતો. પૂજ્ય ગુરુદેવે તે સમયે બંને માન્યતાવાળા આરાધકોને આરાધનાની અનુકૂળતા કરી આપી. જેઓ જે માનતા હોય તેઓ તે તિથિ આરાધે, કોઈ compulsion નહીં, કોઈ દબાણ નહીં કે 'કોણ સાચું કે કોણ ખોટું' તેની ચર્ચા નહિ. અરે ! ત્યાં સુધી કે **પૂ. ગુરુદેવની નિશ્રામાં વર્ષોથી રહેલા અન્ય ગચ્છના મુનિ ભગવંતોને પણ સાહેબજીએ તેમના ગચ્છની સામાચારી પ્રમાણે જ આરાધના કરવાનો આદેશ આપ્યો.** પોતે જે દિવસે આરાધના કરવાના હોય તેનાથી અન્ય દિવસે સ્વનિશ્રાગત સાધુ-શ્રાવકોને આરાધના કરવા કહેવું, તેની અનુકૂળતા કરી આપવી, તે કાંઈ નાની-સૂની ઉદારતા નથી !! 'વિશ્વની આધ્યાત્મિક અજાયબી : આપણા સાધુ-સાધ્વીજી ભગવંતો ભાગ-૨' પુસ્તકમાં એક ગુણાનુરાગી મુનિ ભગવંતે પ્રસંગ-૨૦૭ રૂપે આ ઘટનાની સહર્ષ નોંધ લીધેલ છે.

પૂજ્ય ગુરુદેવની નિશ્રામાં અત્યાર સુધીમાં જેટલા ઉપાશ્રયો નિર્માણ થયા છે અથવા તો જેઓ પણ પૂજ્યશ્રીનું સંઘની વ્યવસ્થા બાબતે માર્ગદર્શન લેવા આવ્યા છે, તે બધાને ગુરુદેવે એક જ શિખામણ આપી છે કે 'તમારા ઉપાશ્રયના બારણા કાયમ ખાતે બધા જ સંયમી સાધુ માટે ખુલ્લા હોવા

જોઈએ, તમારી આંખોમાં દરેક પંચમહાવ્રતધારીઓ પ્રત્યેનો આવકાર છલકવો જોઈએ, ભલે પછી તે ગમે તે સમુદાયના હોય કે ગચ્છના. પક્ષ કે ગચ્છનો ભેદ સાધુતા પ્રત્યેના બહુમાન, આદરને ઘટાડનાર બને; આગળ વધીને ક્યાંક ક્યાંક અવહેલનાનું કારણ બને તેવું ક્યારેય ન કરતા.' અરે ! ઘણા શ્રીસંઘના ઉપાશ્રયોના બંધારણ સુધ્ધામાં લખાવ્યું છે કે **'આ ઉપાશ્રય પંચમહાવ્રતનું પાલન કરનારા દરેક ગચ્છ, પક્ષ કે સમુદાયના સંયમી મુનિ ભગવંતો માટે આરાધનાનું ધામ બનશે. તેઓ બધા જ અહીં રોકાઈ શકશે. બધાને અમારો આવકાર છે.'**

પૂજ્યશ્રીની નિશ્રામાં અનેક સંઘોમાં ચૌદશાદિ મોટી તિથિઓની આરાધના થઈ છે. તેઓએ ક્યાંય 'संतिकरं' બોલવાનો નિષેધ કર્યો નથી અથવા ન બોલ્યા હોય તો બોલાવવાનો આગ્રહ કર્યો નથી. જેની જે સામાચારી હોય તેઓ તે પ્રમાણે આરાધના કરે. નવાંગી ગુરુપૂજન, સૂતકાદિ અનેક મુદ્દાઓમાં ક્લેશનું કારણ બને તેવી કોઈ પ્રવૃત્તિ તેઓએ પોતે કરી નથી કે કરાવી પણ નથી. સંઘમાં સમન્વય સધાય તેવો જ તેમનો ઉપદેશ કે આચરણાની શૈલી રહી છે.

તાજેતરનો જ દાખલો લઈએ તો... આજથી ૧૦ મહિના પૂર્વે અમદાવાદમાં પૂજ્ય ગુરુદેવની નિશ્રામાં સામૂહિક ૨૦ દીક્ષાનો વિજયપ્રસ્થાન મહોત્સવ ઉજવાયેલો હતો, તેમાં પ્રદર્શિત **'પ્રભાવક પરિચય કક્ષ' અમારા સમુદાયના આદ્યપુરુષ સ્વ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા.એ આપેલી માધ્યસ્થપૂર્ણ શિક્ષાનું જ અમૃતફળ હતું. આ કક્ષમાં વર્તમાનકાળના શ્રીસંઘના બધા જ સમુદાયોના આદ્ય પુરુષોની ટૂંકી ઓળખાણ આપી હતી.** એક રીતે જોવા જઈએ તો આ કાર્ય જૈનસંઘમાં અજોડ ગણી શકાય, કે જેમાં જૈનસંઘના બધા જ સમુદાયો અને ગચ્છોને ભેદભાવ વગર માત્ર ગુણાનુરાગપૂર્ણ વિશાળ દૃષ્ટિથી સમાવવામાં આવ્યા હતા. અમારા સમુદાય માટેની આ બધી ગૌરવપૂર્ણ ઘટનાઓ તેમણે આપેલા પ્રસ્તુત જીવનમંત્રને જ આભારી છે.

એકને હીરો બનાવી ઉપસાવવો કે બીજાને વિલન બનાવી ધૂત્કારવો; એ બધું પેલા ફિલ્મી દુનિયાવાળાને મુબારક. અમે કોઈને હીરો બનાવી વધાવતા નથી કે કોઈને વિલન ચીતરીને દબાવતા નથી. અમારા ગચ્છની નીતિ અને

રીતિ અલગ જ છે. જે શાસનના લાંબા હિત કે લાભ-નુકસાનને સામે રાખી પોતાના ગચ્છ-સમુદાયના આંતરિક લાભો કે પ્રશ્નોને ગૌણ કરે છે, શાસનના પ્રશ્ને બધા જોડે કદમ સે કદમ મિલાવી આગળ ધપે છે, આગળ વધનારને સહયોગી બને છે; તે ગમે તે પક્ષનો હોય કે ગમે તે ગચ્છનો હોય અમારો તે હીરો છે. એની સામે મૂલ્યવિહિન આચારના તફાવતો કે સામાન્ય માન્યતાભેદોને ચગાવી જેઓ સીધા કે via-via શાસનના હિતને ધક્કો પહોંચાડે છે, સંઘમાં વૈમનસ્યનું વાતાવરણ ઊભું કરે છે, તેને વિલન કેમ ન કહેવા ? **"બધાનો શંભુમેળો કરવો અથવા તો પરસ્પરના ભેદોને સમજ્યા વગર આક્રમણ વૃત્તિથી મિટાવી દેવા" એવો અમારી ઉદારતાનો અર્થ નથી. આ ઉદારતાને ટૂંકમાં દર્શાવવી હોય તો એટલું જ કહીએ કે શાસનહિત first...**

મૂળ વિષય પર પાછો આવું કે, આ પુસ્તકમાં વિજયપ્રસ્થાનમહોત્સવમાં પ્રદર્શિત આદ્યપુરુષોની ટૂંકી ઓળખાણ પણ સમાવવામાં આવી છે. સાથે પ્રસ્તુત પ્રવચનોમાં નિરૂપાયેલી વાતોમાં તે બધા મહાપુરુષો આદર્શરૂપે તો સંમત જ હતા તે જણાવવા, જેમના વિધાનો અમને અલ્પપ્રયાસે ઉપલબ્ધ થયા તે પણ સંમીલિત કરવામાં આવેલ છે. હા, આદર્શને સાકાર કરવાના ઉપાયોના કે જીવનની કાર્યશૈલીના વૈવિધ્યની ચર્ચા અહીં અસ્થાને છે. ઉપરાંત, તે વૈવિધ્ય આદર્શોની ગરિમાને ખંડિત કરનાર નથી.

પ્રસ્તુત પ્રવચનોમાં પ. પૂ. ગુરુદેવશ્રીએ **સામાચારીભેદ, વાચનાભેદ વગેરે સંબંધી આગમાદિના શાસ્ત્રપાઠો અને તપાગચ્છાધિરાજ, અકબર-બાદશાહપ્રતિબોધક જગદ્ગુરુ આચાર્ય વિજય હીરસૂરીશ્વરજી મહારાજાએ કરેલ પટ્ટક તથા તે અનુસારી પરંપરાને અનુસરીને વિષયનું નિરૂપણ કરેલ છે.** તેથી ચોક્કસ ઉપદેશપદ્ધતિથી ઘડાયેલા શ્રોતાઓને કદાચ આ વાતો નવી જ લાગશે, ક્યાંક-ક્યાંક તો 'આ ઉત્સૂત્રપ્રરૂપણા તો ન કહેવાય ને ?' તેવી શંકા કે ભ્રમ પણ થઈ શકે; છતાંય જો તેઓ પ્રભુએ પ્રરૂપેલા સ્યાદ્વાદના સિદ્ધાંતને મનમાં ઉપસ્થિત કરશે, પોતાની માનેલી માન્યતાઓથી થોડા સમય માટે દૂર થઈ દીર્ઘદૃષ્ટિથી શાસનના હિતને જોવા પ્રયત્ન

કરશે તો ચોક્કસપણે નિરૂપિત વાતોમાં સંમત થશે, તેવો પૂર્ણ વિશ્વાસ છે. પ્રવચનોમાં રજૂ થયેલ વાતો માટેના અનુકૂલ તર્કો તો તેમાં જ ગૂંથી દીધા છે. સાથે દિશાસૂચનરૂપે ગ્રંથવિસ્તાર ન થાય તે રીતે, supportive શાસ્ત્રપાઠો કે અન્ય સામગ્રી પણ થોડી મૂકેલ છે. Supportive બધું સાહિત્ય અંદર સમાવી શકાયું નથી.

પ્રવચનોના વિષય બાબતે જણાવું તો, નદીના શાંત પ્રવાહની જેમ પ્રવચનધારામાં ધીરે-ધીરે આગળ વધતાં-વધતાં પૂ. ગુરુદેવે વર્તમાન આરાધક વર્ગની મુખ્ય સમસ્યાને ક્યાંક મોઘમમાં તો ક્યાંક સ્પષ્ટપણે વિવેચિત કરી છે. આત્માર્થી સૌને તટસ્થતાપૂર્ણ સૂચન કે ટકોર પણ કરી છે. ચોક્કસ ચોકઠામાં ગોઠવાવા ટેવાયેલાઓને અમુક વાતો એકદમ બેસી જશે, તો ક્યાંક-ક્યાંક આંખોનાં ભવાં તંગ પણ થઈ જશે; છતાં તેના માટે પ્રવચનકારશ્રી નિરુપાય છે, તેથી ક્ષમા યાચું છું. પ. પૂ. આનંદઘનજી મહારાજાનું એક પદ યાદ આવે છે કે

**જેહનો પક્ષ લઈને બોલું, તે મનમાં સુખ આણે;**
**જેહનો પક્ષ મૂકીને બોલું, જન્મ લગે ચિત્ત તાણે.**

આ પ્રવચનો આપતાં, પૂજ્યશ્રી વર્તમાન શ્રીસંઘમાં પ્રચલિત પક્ષો, સંપ્રદાયોની અનેક માન્યતાઓમાંથી ક્યાંય કોઈ તરફ ઢળ્યા નથી. બધે તેઓ કાંઠે ઊભેલા તટસ્થ દર્શકરૂપે જ વાત કરે છે. માટે પ્રવચનના તે-તે અંશોને આગળ કરી પોતાના પક્ષની માન્યતાને પુષ્ટ કરવાની બાલિશ ચેષ્ટા કોઈ ન કરે તે જ ઇચ્છનીય છે. પોતાને ગમતી વાતમાં સંમત થનારા ઘણા મળશે; પરંતુ પ્રવચનના સંપૂર્ણ કથનમાં હૃદયની સંમતિનો સૂર પૂરાવનારા કોઈક વિરલા જ મળવાના. પૂજ્યશ્રીના જ શબ્દોમાં આ વાત કરું તો 'હું કોઈ વ્યક્તિ કે પક્ષને target (લક્ષ્ય) કરીને બોલતો નથી. આજે શાસન-સંઘમાં મતભેદ ઘણા દેખાય છે, માટે આ બધું બોલવું પડ્યું છે. જે ખુલાસો કર્યો છે, તેમાં અંશમાત્ર ફેરફાર

નથી. શાસ્ત્રોના પરામર્શ કર્યા વિના બોલતો નથી. ભગવાનના વચન પ્રમાણે યોગ્ય લાગ્યું તે કહ્યું છે'.

પ્રાંતે, **વીતરાગશાસનનો પરમ મધ્યસ્થતાનો સિદ્ધાંત અને પરંપરાને અનુસરનારા આ કાલજયી દષ્ટિકોણને અપનાવવા આપણે સૌ અંતરથી કટિબદ્ધ બનીએ એ જ એકમાત્ર શુભાભિલાષા...**

**जउ परगच्छि सगच्छे, जे संविग्गा बहुस्सुया मुणिणो ।**
**तेसिं गुणाणुरायं, मा मुंचसु मच्छरप्पहओ ।।**

(ગુણાનુરાગકુલક શ્લોક-૨૭)

વિ. સં. ૨૦૭૧, ચૈત્ર સુદી ૧,
શનિવાર, તા. ૨૧-૩-૨૦૧૫.

લિ. ગુરુપાદપદ્મચંચરિક
**મુનિ કૈવલ્યજિતવિજયજી મ. સા.**

# હૃદયોદ્‌ગાર...

જુદા-જુદા પક્ષ અને માન્યતાઓમાં વહેંચાઈ ગયેલ વર્તમાન શ્રીસંઘમાં એકતા સ્થપાય તે ખૂબ જરૂરી છે. અરે ! આ યુગની તે અનિવાર્ય માંગ છે. તે માંગની પરિપૂર્તિ કરવાના પ્રસ્તુત પ્રયત્નને સૌ કોઈ વધાવે તેવી પ્રભુ પાસે પ્રાર્થના...

(સુધીરભાઈ ઉત્તમલાલ મહેતા)

તા. ૬-૪-૨૦૧૫

# ૧

**વૈશાખ સુદ-૯, વિ. સં. ૨૦૬૨, તા. ૬-૫-૨૦૦૬,**
**ઓપેરા સોસાયટી, પાલડી, અમદાવાદ.**

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ વીતરાગતાનો માર્ગ દર્શાવનાર આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

આત્મા જો રાગ-દ્વેષથી મુક્ત હોય તો તેને અંશમાત્ર પણ આંતરિક દુઃખનો સંભવ નથી. જગતના જીવોને અંદરથી દુઃખ-શોક-સંતાપ છે, તે બધાનું મૂળ રાગદશા છે. વીતરાગીએ રાગદશાનો નાશ કર્યો, માટે તેને માનસિક દુઃખનો કદી સ્પર્શ ન હોય. તમને માનસિક દુઃખ છે તો સમજવું કે રાગ-દ્વેષની અસર છે. હા, શરીર વળગેલું છે, પ્રતિકૂળ નિમિત્તો-સંયોગો વિદ્યમાન છે, અશાતાવેદનીયનો ઉદય છે, ત્યાં સુધી વીતરાગ-કેવલી even તીર્થંકરને પણ શારીરિક દુઃખનો સંભવ છે, પણ માનસિક દુઃખ તો વીતરાગ બનેલા કોઈને ક્યારેય સંભવે જ નહિ, વીતરાગ બન્યા વિના આત્મા પોતાની પૂર્ણ શક્તિને વિકસાવી શકતો નથી. વીતરાગ બન્યા પછી સર્વજ્ઞતા અને તે પછી જ સિદ્ધિ, આ ક્રમ છે.

હવે જેની વાત ચાલુ કરવાની છે તે મધ્યસ્થભાવ વીતરાગતાની સાધનામાર્ગનું મૂળ બીજ છે. મધ્યસ્થભાવની ચડિયાતી કક્ષાઓ વીતરાગ બનવાનો રાજમાર્ગ છે. "मध्ये तिष्ठति इति मध्यस्थः" અર્થાત્ જેટલા પણ વિરોધી દ્વન્દ્વ છે, તે બેમાંથી એકની પણ તરફેણમાં ન જાય, પણ balance સાથે મધ્યમાં રહે તે મધ્યસ્થ કહેવાય. વ્યવહારભાષામાં પણ તમે કહો છો કે આ તટસ્થ છે અર્થાત્ તેને કોઈ પક્ષ તરફ ઢોળાવ નથી, કોઈ પ્રત્યે અંગત પૂર્વગ્રહ, રાગ-દ્વેષ નથી, આવો અર્થ થાય છે.

જેને આત્મકલ્યાણ કરવું હશે તેને પોતાના આત્મામાં તમામ ગુણ પ્રગટાવવા પડશે, એક પણ ગુણ બાકી હશે તો મોક્ષ મળવાનો નથી, આત્માના બધા દોષ નાશ પામે અને સર્વગુણ પરિપૂર્ણ રીતે પ્રાપ્ત થાય તો જ મોક્ષ મળે, પણ મોક્ષમાર્ગમાં ચઢવા માટે પ્રારંભિક કક્ષામાં અનિવાર્ય ગુણ હજારો-લાખો નથી માંગ્યા, માત્ર બે ગુણ માંગ્યા છે. પ્રાથમિક-માધ્યમિક કે ટોચના સ્તરની કોઈ પણ અધ્યાત્મની ભૂમિકાની શરૂઆત કરવી હોય તો આ બે ગુણ must (ફરજિયાત) કેળવવા પડે. એક વિરાગ અને બીજો મધ્યસ્થભાવ. આ બે ગુણ વિના ગુણસ્થાનકમાં પ્રવેશ નથી, મોક્ષમાર્ગનો પ્રારંભ નથી. આ બે વિના આત્મા ગમે તેટલો પુરુષાર્થ કરે તોપણ સફળતાની દિશા હાથવગી થવાની નથી. આ બે ગુણ વિના લાખો ગુણ હોય તોપણ સાધના કરનાર 'જ કાર' સાથે fail જશે, અને આ બે ગુણ આવ્યા હોય તો બીજા ગુણો કદાચ ઓછા-વત્તા હશે તોપણ વિકાસ થશે !

**સભા :** વૈરાગ્ય કેવી રીતે મળે ?

**પૂ. સા. :** સંસારના ભોગોના મૂળ સ્વરૂપનું અવલોકન કરતાં તે બધા દુઃખમય લાગે, ઇન્દ્રિયના વાસના-વિકારો ભોગો દ્વારા તૃપ્ત કરવા જેવા, શાંત કરવા જેવા નથી, એવું જેને લાગે; તેને વૈરાગ્યની પ્રાપ્તિ થાય. હકીકતમાં વિકારો ભોગથી શાંત થતા જ નથી. વાસનાની આગને શમાવવા ભોગો એ ઉપાય જ નથી, અને જો હોત તો આખી દુનિયા જન્મે ત્યારથી ઇન્દ્રિયના ભોગ ભોગવે છે; પછી તે કીડી-મંકોડા-કૂતરા-બિલાડા-મનુષ્ય-રાજા, ગમે તે હોય. ઇન્દ્રિયના ભોગો એકવાર ભોગવ્યા, હજારવાર ભોગવ્યા, થોડા કે વધારે ગમે તેટલા વર્ષો ભોગવ્યા પણ કોઈ તેનાથી ધરાયું નથી. આ વાત પ્રત્યક્ષ છે. જગતનું નક્કર સત્ય છે. ભોગોથી કોઈની તૃષ્ણા શાંત થઈ નથી, થતી નથી અને થશે પણ નહિ. **ભોગ દ્વારા કાયમી તૃપ્તિ એ અશક્ય છે,** પણ તમારા નિર્ણયો બદલાયા નહિ હોય તો, ઊંડે ઊંડે પડ્યું હશે કે ઇન્દ્રિયને તૃપ્ત કરવા થોડી મોજમજા માણવી જોઈએ.

**સભા :** અલ્પકાલીન તૃપ્તિ માટે ભોગો છે, તેમ માનીને જ અમે ભોગો ભોગવીએ છીએ.

**પૂ. સા. :** પણ તૃપ્તિનો આનંદ સતત જોઈએ છે કે થોડા કાળ માટે જોઈએ છે ?

**સભા :** તૃપ્તિનો આનંદ સતત જોઈએ છે.

**પૂ. સા. :** તો લખી રાખો, ભોગોના ભોગવટાથી ક્યારેય કાયમી તૃપ્તિ થશે નહિ. તેની તૃપ્તિ હંમેશાં ક્ષણિક-કામચલાઉ જ હશે, અને તે મેળવવાની તૃષ્ણાથી જ પીડા ઊપડશે. કોઈ કહે ગાલ પંપાળવાનું સુખ જોઈએ છે, તો કહીએ, થપ્પડ માર્યા કર અને પંપાળવાનું સુખ ભોગવ. ઇન્દ્રિયોના ભોગો એટલે ઘણું દુઃખ ભોગવી ક્ષણિક સુખી થવાનો ભ્રામક રસ્તો. પહેલાં ગંદા થઈ પછી નહાવાની મજા લેવી એવો સ્વભાવ હોય તો વાત જુદી. બાકી આ સંસારમાં ભોગો એકાંતે દુઃખમય છે, તેનાથી કદી વાસ્તવિક તૃપ્તિ થતી નથી, તેવો નિર્ણય હોય તેનામાં જ વૈરાગ્ય પ્રગટે છે.

ભવનિર્વેદ વૈરાગ્યનો પર્યાયવાચી છે. ભૌતિક ભોગસામગ્રી પ્રત્યેના દ્વેષથી વૈરાગ્યનો જન્મ થાય છે, પણ વૈરાગ્ય હોય એટલે મધ્યસ્થતા હોય જ, એવો નિયમ નથી. શાસ્ત્રમાં એવા સાધકોના દૃષ્ટાંત આવે છે કે વૈરાગ્ય હતો પણ મધ્યસ્થભાવ નહોતો, માટે બધી સાધના કરીને પણ અંતે fail ગયા. તેથી વૈરાગ્યની સાથે મધ્યસ્થભાવ પણ ચોક્કસ કેળવવો પડશે.

બેમાંથી એકનો પણ option નથી, કોઈનામાં compromise નથી.

**સભા :** શરૂઆત ક્યાંથી ?

**પૂ. સા. :** બંનેની સાથે જ શરૂઆત કરવાની છે.

**સભા :** મધ્યસ્થભાવની શરૂઆત ચરમાવર્તથી થાય ને ?

**પૂ. સા. :** ના, અપુનર્બંધકથી શરૂઆત થાય. ઉપદેશરત્નાકર ગ્રંથમાં ષડ્પુરુષનું કથાનક આવે છે. જેમાં એક સાધકમાં મધ્યસ્થગુણની ખામી છે. તેથી મોક્ષ માટે સાધના કરતો હોવા છતાં ક્રમશઃ મોક્ષથી દૂર જઈ રહ્યો છે, ટૂંકમાં આ બે ગુણ વિના આત્મકલ્યાણના માર્ગમાં વિકાસ થયો નથી, થતો નથી અને થવાનો નથી.

**સભા :** મધ્યસ્થભાવ આવે એટલે વૈરાગ્ય આવી જ જાય ને ?

**પૂ. સા. :** ના, ઘણા તટસ્થ હોય, પણ હજી ભોગસુખની, વિષય-કષાયની અસારતા જાણી-સમજી-વિચારી ન હોય તેવું બને. આ બંનેમાંથી એક ગુણ ન હોય અને સાધના fail ગઈ હોય તેવાં પણ દૃષ્ટાંત છે, અને બંને ગુણ ન હોય તે તો ધરાર નિષ્ફળ જ છે. બેમાંથી એક પણ ગુણને secondary stage આપવાનું નથી. વૈરાગ્ય અને મધ્યસ્થભાવ એકબીજાને ખેંચી લાવવામાં સહાયક થઈ શકે છે, પણ આ બે ગુણમાં ક્યાંય બાંધછોડ છે નહિ, જે બાંધછોડ કરવાનું કહે છે તેને જૈનશાસનનો આત્મકલ્યાણનો માર્ગ સમજાયો નથી.

જૈનશાસનમાં જેને ધર્મ આરાધવો છે, આરાધના દ્વારા તરવું છે, આત્મકલ્યાણ કરવું છે તેને વસ્તુનું મૂલ્યાંકન ગુણદોષથી કરવાનું આવશે. દેવ-ગુરુ-ધર્મના ગુણો, અધર્મના દોષો બધું વિચારતાં શીખવું પડશે, એના માટે પૂર્વશરત એ છે કે કોઈપણ બાબતમાં તમારી સામે બે પક્ષ આવે તો એક બાજુ અંગત રાગ-દ્વેષથી ઢળવું નથી તેવો નિર્ણય જોઈએ. જો તટસ્થતા નહિ હોય તો તે મમત્વ-ભેદભાવ-આગ્રહ-પૂર્વગ્રહ-કદાગ્રહ, મારા-તારાના ભાવથી વિચારવાનું શરૂ કરશે.

તમારે બેમાંથી એક દીકરો પુણ્યશાળી-બુદ્ધિશાળી વધારે હોય તેથી તેના તરફ ઢળાવ હોય તો તમે તટસ્થતાથી મૂલ્યાંકન નથી કરી શકતા.

**સભા :** તેમાં પેલાનું કર્મ પણ કારણ ને ?

**પૂ. સા. :** અને તમારી વાંકાઈ કારણ નથી ? તમે તટસ્થ નથી. જ્યાં સ્વાર્થ દેખાય છે, ત્યાં વળી જાઓ છો, સ્વાર્થથી બધે ભેદભાવ ઊભા કર્યા અને પછી સામેવાળાના કર્મનો દોષ કાઢો. તો સાચી વાતનું implementation (અર્થઘટન) ખોટું કર્યું કહેવાય. સાચી વાત ખોટી બને. સત્ય અસત્ય બની જાય. શાસ્ત્રમાં કહ્યું કે સાચી વાત પણ ક્રોધથી કરો તો તે અસત્ય ભાષા છે; કારણ કે હિતબુદ્ધિ નથી. તમારા અને બીજાના હિત માટે સત્યનો ઉપયોગ છે. ક્રોધથી બોલશો તો હિત નહિ જ કરી શકો.

**સભા :** સત્ય તો સત્ય જ છે ને ?

**પૂ. સા. :** ના, જૈનધર્મ બધે ફળલક્ષી જ છે. **જેમાં ફળ ખોટું તે સાધન સાચું**

**હોય તોપણ નકામું.** તમે સારામાં સારો ધંધો કરો પણ અંતે નુકસાન થાય તો શું કરવાનું ?

**સભા :** મધ્યસ્થ જીવ ક્રોધથી બોલે ?

**પૂ. સા. :** મધ્યસ્થતાના ઘણા પ્રકાર છે. પૂર્ણ મધ્યસ્થ વીતરાગી છે. તેમને ક્યારેય ક્રોધથી બોલવાનો સંભવ નથી. વીતરાગતા આવશે ત્યારે આપણે બધા રાગ-દ્વેષથી મુક્ત, સર્વથા કષાય-કામ-ક્રોધથી રહિત બની જઈશું. વીતરાગતાથી ઊંચો મધ્યસ્થભાવ નથી. જગતના તમામ સંયોગ-ઘટના-પર્યાય, પ્રસંગ પ્રત્યેની મધ્યસ્થતા વીતરાગમાં છે. બીજામાં રાગ-દ્વેષના કારણે થોડી-થોડી અમધ્યસ્થતા રહેવાની તો છે જ, પણ આત્મકલ્યાણ કરવા શરૂઆતમાં પ્રાથમિક કક્ષાનો મધ્યસ્થભાવ જરૂરી છે.

જગતના તમામ ધર્મમાં મધ્યસ્થતાનો આગ્રહ રાખનાર માત્ર જૈનધર્મ છે. બીજા ધર્મવાળાને તમે પૂછો કે 'જે વ્યક્તિ તમારા ધર્મને જ સાચો માને, તમારા ધર્મને પોતાનો માને તો તે જીવનો ઉદ્ધાર થાય કે ન થાય ?' તો કહેશે, અવશ્ય થાય. જ્યારે તીર્થંકર તો કહેશે : "મારો ધર્મ પણ મમત્વથી સ્વીકારશે તો કલ્યાણ નહિ થાય." આવું statement (વિધાન) બીજા કોઈ ધર્મશાસ્ત્રમાં મળશે નહિ. આ સાચા વીતરાગનો ધર્મ છે, તેનો પુરાવો છે. જૈનશાસ્ત્રો તો કહેશે કે, સર્વજ્ઞકથિત ધર્મ પણ મારા-તારાના ભાવથી, પૂર્વગ્રહ-કદાગ્રહથી સ્વીકારશો તો તારવાની કોઈ ગેરંટી નથી. કોઈ પૂછે "આ ધર્મ સત્ય છે, તો તેની ઉપાસના કરે, શરણું સ્વીકારે, પછી પણ કેમ ના તારે ? સાચી તારકતા નથી ? શું તમારા ધર્મમાં ખામી છે ?" તો કહ્યું : "મમત્વથી સ્વીકારે છે, ગુણ-દોષનો વિચાર કરી સત્ય નથી સ્વીકારતો, માટે ન તારે."

**સભા :** શરૂઆત તો તે રીતે જ થાય ને ?

**પૂ. સા. :** Immature (અપરિપક્વ) હોય તો ભલે કુલપરંપરાથી, વાતાવરણથી, ગતાનુગતિકથી કરે, પણ mature (પરિપક્વ) થાય પછી તેની જવાબદારી છે કે ધર્મની ગુણથી ઓળખ કરવાની છે. તેની સારપ શું છે, તે સમજીને સ્વીકારવાની છે. Immatureને તો સંસ્કારાધાન થાય તે માટે ધર્મપ્રવૃત્તિ કરાવીએ છીએ, બાકી ગતાનુગતિકતાથી ધર્મ કરનારને પરંપરાએ

પણ કલ્યાણ થાય તેવો નિયમ નથી. તેના સામાન્ય શુભભાવથી પુણ્ય બંધાય, પણ સીધું કલ્યાણ ન થાય. આ ધોરણ સ્થિર થઈ જવું જોઈએ.

અત્યારે પાંચમો આરો, હૂંડા અવસર્પિણી કલિકાલ છે. જૈન સંઘમાં પણ ઘણા મતભેદો-ફાંટાઓ છે. ભગવાન મહાવીરના જ અનુયાયીવર્ગમાં અત્યારે જુદા જુદા આચાર અને વિચારધારાના પ્રવાહો વહી રહ્યા છે. આ પરિસ્થિતિમાં પ્રત્યેક જૈનને મારી ખાસ ભલામણ છે કે જો તમારે ભગવાનની આજ્ઞા માથે ચઢાવવી હોય, સાચા જૈનત્વને ધારણ કરી રાખવું હોય તો પાયામાં મધ્યસ્થભાવ જોઈશે. મધ્યસ્થભાવનો અર્થ અહીં પરમતસહિષ્ણુતાભાવ છે. ભગવાને બીજા ધર્મો પ્રત્યે પણ તટસ્થ રહીને તેઓની સારી-સાચી વાતોનો સ્વીકાર કરવાનું કહ્યું છે. તો પછી જૈનસંઘમાં જ રહેલા નાના-નાના મતભેદોને સમાવવાની કે તેમાંથી સત્ય તારવવાની તટસ્થતા જોઈશે જ. આ મધ્યસ્થભાવ દિવસે દિવસે ઘટી રહ્યો છે, માટે સંઘમાં પણ ક્લેશ વધે છે. નાના નાના તફાવતો-મતભેદોમાં જક્કીપણું આવી જાય, બીજાની નિંદા-દ્વેષ થાય, ભેદભાવની બુદ્ધિ આવી જાય, તો સમજી લેવાનું કે મધ્યસ્થતા ગુણ ગુમાવશો, અને તે ગુમાવ્યા પછી આત્મકલ્યાણના માર્ગે ચઢ્યો હોય તોપણ તેનું ઊંધે માથે પતન નિશ્ચિત છે. આ ગુણ ગયા પછી સાધુ-શ્રાવક કોઈપણ હોય, irrelevant to stage (ભૂમિકા કોઈપણ હોય) પણ તે ચોક્કસ પતન પામશે.

**સભા :** યંત્રવાદ-ભૌતિકવાદમાં ફાયદો-નુકસાન બંને છે, તો મધ્યસ્થભાવ કેવી રીતે રાખવો ?

**પૂ. સા. :** આ પ્રશ્ન એવો છે કે તે માટે લાંબું વિચારવાનું આવે સાથે દુનિયાનું પણ જબરજસ્ત ભૌતિક જ્ઞાન જોઈએ; કેમ કે દુનિયામાં વિષયો ઘણા છે. દા.ત. પોલિટીક્સ લો તો રાજનીતિના સેંકડો volumes છે, તેમાંથી પસાર થાઓ પછી સાચું મૂલ્યાંકન કરી શકો; પણ તેમાં આખી life આપી દેવી પડે. આરાધના કરનારે main line કઈ, તે સમજવી પડે. ભૌતિકક્ષેત્ર અને ધર્મક્ષેત્રની sub-branches નો અભ્યાસ કરી પારગામી બનવું અને conclusive નિર્ણય કરવો તે જવાબદારી શાસ્ત્રના પારગામી થનારા બહુશ્રુત ગીતાર્થની છે. સામાન્ય સાધુ તેમાં પડે તો તે પણ અટવાઈ જવાનો. તો

તમારું શું ગજું ?

**સભા :** ગીતાર્થોમાં મતભેદ હોય તો શું કરવું ?

**પૂ. સા. :** તમને તટસ્થતાથી વિચારતાં સાચા-ખોટાનો પાક્કો નિર્ણય થઈ જાય તો તે સ્વીકારવું, અને ન ખબર પડે ત્યાં સુધી તો કોઈ એક પક્ષે ઢળાવ ન કરવો. બીજાની નિંદા-દ્વેષ-ટીકા ન કરવી. જો બંને મહાત્મા ગુણિયલ-શાસ્ત્રસાપેક્ષ હોય, તો મતભેદ હોવા છતાં બંને'ય તમારા માટે પૂજનીય-ભક્તિપાત્ર છે.

**સભા :** સંઘના સ્તર પર મતભેદ હોય તો ?

**પૂ. સા. : તો શું સંઘ શાસ્ત્રનિરપેક્ષ બની જાય ?** તમને ખબર નથી, ઘણા મતભેદ શાસનમાં માન્ય છે. તીર્થંકરની હાજરીમાં પણ ગણધરોના ગણ જુદા-જુદા હતા. વાચનાભેદને કારણે ગણભેદ થાય.

**સભા :** પણ, મતભેદ નથી.

**પૂ. સા. :** તે તો હું પણ સમજું છું. પણ તમારા મગજમાં શું છે, તેની વાત કરું છું. જેમ અત્યારે માથુરીવાચના, વલ્લભીવાચના વગેરે... જુદા જુદા શાસ્ત્રપાઠો મળે તો તેને તમે મતભેદ જ માનો છો ને ? ગણધરોમાં મતભેદ છે, તેમ હું નથી કહેતો, પણ શ્રોતાને મતભેદ થઈ શકે છે. તેમ સામાચારીભેદ હોય તો કુલભેદ થાય. આવા તફાવતો સર્વ કાળમાં રહેવાના. તેને મિટાવી નાખવાની, ભૂંસી નાંખવાની ભગવાનની પણ આજ્ઞા નથી.

**સભા :** સમર્થ કાંઈ ન કરે ?

**પૂ. સા. :** સમર્થને લાગે કે બંને કારણવશાત્ છે, તો શાસ્ત્ર ભણેલો પણ ન ભૂંસે, અને લાગે કે આટલું ભૂંસવાથી તત્ત્વ મટી જતું નથી, તો ભૂંસી પણ નાંખે. અહીં મારી વાત એ છે કે સંઘના મતભેદ સમાવતાં આવડવા જોઈએ. જેમાં તત્ત્વનો કોઈ મોટો સવાલ નથી, તેવા મતભેદ સંઘ ઉદારતાથી સમાવી ન શકે તો તે સંઘ ન કહેવાય.

**સભા :** નાનો કણિયો પણ રૂની ગંજી બાળી નાંખે, તેમ નાના મતભેદ પણ શું કામ ઊભા રાખવાના ?

**પૂ. સા. :** અત્યારનો શિક્ષિતવર્ગ પણ બોલે છે કે "Unity in divercity" - "અનેકતામાં એકતા", અને તેને દેશનું ભૂષણ કહે છે. આ દેશના નેતા પરદેશમાં ગર્વ સાથે કહે છે કે 'We are plural society, we have accepted pluralism'. આ દેશની સંસ્કૃતિ વિવિધતાની છે. તે અનેકતાને સ્વીકારે છે. તેની વિશાળતા ગૌરવપૂર્ણ છે. આપણે કેટલીય ભાષા-રીતરિવાજો-ધર્મો, જુદા જુદા સંસ્કારોને સમાવી એક દેશમાં રહીએ છીએ, તેનો તમારા નેતા ગર્વ લે છે; તો વર્તમાન જૈનસંઘમાં પ્રચલિત વિવિધતા કે મતભેદ પ્રત્યે અસહિષ્ણુતા કઈ રીતે યોગ્ય ગણાય ? સામાન્ય મતભેદ કે મંતવ્યભેદો પ્રત્યે અવશ્ય તટસ્થ બનવું જ પડશે. જો આ તટસ્થતા ન હોય તો ભગવાનની આજ્ઞા અનુસારી સંઘ ન બની શકે.

**સભા :** ટૂંકમાં સાચા-ખોટા, બધાને સમાવી લેવાના, એમ જ ને ?

**પૂ. સા. :** આવું હું નથી બોલ્યો, પણ અમુક minor points (નાના મુદ્દાઓ) એવા છે કે જેમાં સાચા-ખોટાની મથામણ કરવાની જ નથી હોતી. દા.ત. વાચનાભેદ-સામાચારીભેદ, તેમાં સાચા-ખોટાનો આગ્રહ કરવો ખોટો છે. તેનું એક જ દૃષ્ટાંત આપું : આપણે અત્યારે ભગવાન વીરના શાસનમાં જીવીએ છીએ. આવા વિષમ કાળમાં તમે વિચારો, પ્રભુના નિર્વાણ થયે ૨૫૦૦ વર્ષ વીતી જવા છતાં ખાલી બે વાર જ સંઘભેદ થયો છે, તો શું આટલી જ વાર મતભેદ થયા હશે ? ના, પણ પૂર્વાચાર્યોએ બધા નાના-નાના મતભેદોને સમાવી દીધા છે. ભગવાને સંઘ સ્થાપ્યો ત્યારે ખાલી "જૈન સંઘ" જ હતો. તેમાં શ્વેતાંબર લગાવવાનું ક્યારે આવ્યું ? જ્યારે દિગંબરો સાથે તત્ત્વનો મોટો મતભેદ ઊભો થયો ત્યારે. વિવાદ શરૂ થયા પછી પૂર્વાચાર્યોને લાગ્યું કે 'હવે દિગંબરોનો શ્રીસંઘમાં સમાવેશ કરી શકાય તેમ નથી. જો સમાવેશ કરીશું તો તીર્થંકરોએ સ્થાપેલ મૂળભૂત સત્ય અમુક અંશે ગુમાવવાનું આવશે, મૂળભૂત માર્ગમાં ગાબડું પડશે' ત્યારે જ તેમને સંઘબહાર કર્યા છે. દા.ત. સ્ત્રીને મુક્તિ-ચારિત્રનો નિષેધ, ચતુર્વિધ સંઘનો ઉચ્છેદ, તેને કહેનારાં ૪૫ આગમોને અમાન્ય કરવા – આવા major points (મોટાં મુદ્દાઓ) આવ્યા ત્યારે તે કાળના નેતૃત્વ સંભાળનારાઓને લાગ્યું કે હવે આમનો સમાવેશ કરીશું તો આખું

શાસન નાશ પામશે, આખી સ્થિતિ વિચલિત થઈ જશે, ત્યારે જ મહાપુરુષોએ વિરોધ કર્યો છે અને સંઘભેદ કર્યો છે. એટલે સાચા-ખોટા બધાને સમાવવાની વાત નથી, તેમ નાની-નાની તુચ્છ બાબતોમાં સાચા-ખોટાના નામથી ખોટી જીકર પણ કરવાની નથી.

**સભા :** ૮૪ ગચ્છ હતા તો ૮૪ સામાચારી હોય ?

**પૂ. સા. :** હા, છતાં તે વખતે પણ જૈન સંઘ એક જ હતો. જગદ્ગુરુ પ. પૂ. આ. ભ. શ્રી વિજય હીરસૂરિ મહારાજાના કાળમાં શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘમાં વર્તમાન ચારે ગચ્છો વિદ્યમાન હતા. **પૂ. હીરસૂરીશ્વરજી મ. સા. એ ૧૨ બોલના પટ્ટકમાં લખ્યું છે કે "જે સાધુ કે શ્રાવક આ કોઈપણ ગચ્છને સંઘબહાર છે તેમ કહે તો તે પ્રાયશ્ચિત્તનો ભાગી છે અને આવી પ્રરૂપણા કરનારને મિથ્યાત્વ લાગશે"**, તો આ મહાપુરુષ અચલગચ્છ-તપાગચ્છ વચ્ચેના મતભેદ જાણતા નહોતા ? છતાં આ લખ્યું ને ? તે પોતે ગોળ અને ખોળને સરખું નહોતા કહેતા, છતાં બધાને સંઘમાં જ કહ્યા. આપણાં જિનમંદિરો-તીર્થો-ધર્મસ્થાનક બધું એક જ રાખ્યું; કેમ કે જાણે છે કે આ રીતે આવા pointsથી (મુદ્દાથી) સંઘભેદ કરાય જ નહિ, અને કરીએ તો જૈનશાસનને મોટું નુકસાન થાય.

**સભા :** નિહ્નવોનો મતભેદ મોટો હતો તો સંઘભેદ કેમ ન કર્યો ?

**પૂ. સા. :** નિહ્નવોને તો સંઘબહાર કર્યા જ હતા; પરંતુ ઘણા નિહ્નવો તો પાછળથી માર્ગમાં આવી ગયા હતા. બે ન આવ્યા પણ તેમનો અનુયાયી વર્ગ હાલમાં ન રહ્યો. આમ તો સ્થાનકવાસી-દિગંબર કરતાં પણ સૈદ્ધાંતિક રીતે strong નિહ્નવ હતા. કારણ કે તેમની પાસે નયવાદ હતો. હવે જેની પાસે નયોનું પીઠબળ છે અને નય દ્વારા વાત કરે છે, તેને જીતવો મહાકઠીન છે. આવા સમર્થ નિહ્નવોના પણ મોટાભાગના અનુયાયીઓ કાળક્રમે નાબૂદ થઈ ગયા. નિહ્નવો તો પૂર્વધરોના કાળમાં થયા છે. ત્યારબાદ અતીન્દ્રિયજ્ઞાનીઓ ન રહ્યા. આવા અજ્ઞાનબહુલ કાળમાં મતભેદો વધવાના જ; છતાં પૂર્વાચાર્યો સમાવતાં શીખ્યા છે, અને ન સમાવે તેવાને પૂ. હીરસૂરિ મ.સા. એ પ્રાયશ્ચિત્ત આપ્યાં છે.

મહાપુરુષોને પણ કોઈ બાબતમાં માન્યતાભેદ થાય. જૈનસંઘમાં ગચ્છ-કુલ-ગણના કારણે થતા મતભેદ હંમેશ માટે રહેવાના, અને તે હોય એટલામાત્રથી નિંદા-કુથલી-દ્વેષ કરવા, ત્રાસી જવાનું વગેરે ન ચાલે. આવા જીવો સંઘને ખૂબ નુકસાન કરે છે. આ ગુણને આપણે ભૂલ્યા છીએ, તેનાથી નુકસાન ઘણું થયું છે. માટે આ મધ્યસ્થતા ગુણ તો જોઈએ જ. અન્ય ધર્મ સાથે હજારો બાબતમાં મતભેદ છે, છતાં તેની એકાંતે નિંદા કરીએ તો ભગવાન કહે છે કે તે વાસ્તવમાં મારી જ નિંદા છે. હવે જો આપણે આપણા આંતરિક મતભેદ સમાવી ન શકીએ, અને મતભેદ હોવા છતાં તટસ્થતાથી-ઉદારતાથી વર્તન ન કરી શકીએ, તો સમજવાનું કે સાચો ધર્મ પામ્યા-સમજ્યા નથી. છદ્મસ્થ હોય ત્યાં સુધી અજ્ઞાન-કષાય રહેવાના, અને તેના કારણે મતભેદની શક્યતા પણ છે જ. માત્ર કેવલીમાં જ મતભેદ ન હોય; કેમ કે જ્ઞાન પરિપૂર્ણ છે, આજે કોઈ કેવલી હયાત નથી, તેથી મતભેદની શક્યતા રહેવાની. મધ્યસ્થતાથી તેને સમાવી લે તેમાં જ સંઘની શોભા છે.

**સભા :** સિદ્ધાંત અને સામાચારીમાં ભેદ શું ?

**પૂ. સા. : સિદ્ધાંત તત્ત્વરૂપ હોય, જ્યારે સામાચારી તત્ત્વને પામવા માટેના આચારરૂપ છે. સામાચારી સાધન છે સિદ્ધાંત સાધ્ય છે. સામાચારીમાં ઉત્સર્ગ-અપવાદ હોય જ અને સિદ્ધાંતમાં ક્યારેય ન હોય. ઉત્સર્ગ-અપવાદ ન હોય, એવી કોઈ સામાચારી, જૈનશાસનમાં કહી નથી, અને ભગવાને કહેલા હજારો સિદ્ધાંતોમાંથી એક પણ સિદ્ધાંત એવો નથી, જેમાં ઉત્સર્ગ-અપવાદ લાગુ પડતા હોય.** જેમ કે આત્મા દ્રવ્યથી નિત્ય-શાશ્વત છે, તો આ સિદ્ધાંત છે. તેમાં કોઈ કહે કે અપવાદથી આત્મા શાશ્વત નહિ, તેવું નક્કી કરો, તો તે ન મનાય. સિદ્ધાંતમાં વિકલ્પ થાય જ નહિ. વિશ્વમાં આકાશ સદાકાળ માટે છે, તેમ તીર્થંકરના સિદ્ધાંતો સનાતન-શાશ્વત છે. તીર્થંકરની હયાતિ હોય કે ન હોય, તીર્થંકર જન્મ્યા પહેલાં પણ આ સિદ્ધાંતો હતા, અને તીર્થંકરો નિર્વાણ પામે પછી પણ આ જ સિદ્ધાંતો રહેશે. **જે ધ્રુવ છે, નિત્ય છે, અચલ છે તે સિદ્ધાંત છે.** વિજ્ઞાનમાં પણ યુનિવર્સલ લૉ તો વિશ્વવ્યાપી હોય છે. દા.ત. Law of Gravity તો તે બધે apply થાય. પૃથ્વી પર, space માં, બધે Law of

Gravity apply થાય, જે સર્વ દેશ-કાળને વ્યાપીને રહેલા છે, જેનું સર્વત્ર નિશ્ચિત અનુસરણ છે, તેને સિદ્ધાંત કહેવાય. સિદ્ધાંત ત્રિકાલાબાધિત હોવાથી કોઈપણ તીર્થંકર ક્યારેય તેમાં જરા પણ ફેરફાર નથી કરતા. તીર્થંકર નથી કરી શકતા તો બીજો કોણ કરી શકે ? જ્યારે સામાચારીમાં ગીતાર્થો વારંવાર ફેરફાર પણ કરે છે, પણ તે દેશ-કાળ-સંયોગોને આધીન હિતકારી હોય તે રીતે ફેરફાર કરે; જો તરંગ-તુક્કાથી કે રાગ-દ્વેષથી કરે તો તેમાં પણ પાપ લાગે.

મારી વાત એ છે કે આ કલિકાલમાં આરાધના કરવી હોય તો વૈરાગ્ય ગુણ જેટલો અગત્યનો છે, તેટલો જ મધ્યસ્થતા ગુણ પણ અગત્યનો છે. જેમ તમે વૈરાગ્ય નહિ કેળવો તો ભવાભિનંદીપણું જશે નહિ અને પુદ્ગલ-રસિકપણાને કારણે સાચો આત્મિક વિકાસ કરી જ નહીં શકો, આવો જ મહિમા મધ્યસ્થતા ગુણનો પણ છે. કોઈને મારા-તારાથી મમત્વનો ભાવ આવ્યો અને સિદ્ધાંતમાં ફેરફાર કર્યા તો શાસ્ત્રએ કહ્યું કે તેઓના ગુણની zero value છે. મધ્યસ્થતા ગુણ હશે તો લાખો દોષ પણ એટલા નુકસાનકારક નહીં બને. જ્યારે તેની ગેરહાજરીમાં લાખો ગુણો ફોક થશે. વર્તમાન સંઘમાં આની ખૂબ જરૂરિયાત છે.

**સભા :** તે ગુણપ્રાપ્તિની ચાવીઓ શું ?

**પૂ. સા. :** જીવનમાંથી આગ્રહ-કદાગ્રહ કાઢવાના. શાસ્ત્રમાં કદાગ્રહ આવવાનાં મુખ્ય ત્રણ fields બતાવ્યા છે.

**(૧) સ્વદોષનો આગ્રહ :-**

તમને તમારા દોષનો આગ્રહ હોય છે. આપણે બીજાના દોષ જરા પણ સહન કરી શકતા નથી, પણ આપણા દોષને ખમી ખાવામાં, પચાવવામાં, ખૂબ ગંભીર છીએ. સ્વદોષની પાચનશક્તિ આપણી ઘણી છે. પહેલાં તો તમે તમારો દોષ ખુલ્લો થવા જ ન દો, કદાચ દોષ પ્રગટ થઈ જાય તો પહેલાં તેનો બચાવ આવે ? કે સ્વીકાર આવે ? સ્વદોષનો પક્ષપાત મધ્યસ્થતા ગુણનો નાશક છે.

**(૨) સ્વમતનો આગ્રહ :-**

દુનિયામાં જેટલા પણ ધર્મ-મત-પંથ-સંપ્રદાય છે, અને આગળ વધી જૈનધર્મમાં પણ જેટલા ગચ્છ-કુલ-ગણ છે, તેને માટે મોટે ભાગે એમ જ થાય કે આપણે જ્યાં જન્મ્યા તે આપણો ધર્મ, તે આપણા ગચ્છ કે કુલ. આ રીતે વારસાથી ધર્મ-મત-સંપ્રદાય કે ગચ્છ-કુલમાં વ્યક્તિને મારાપણાની બુદ્ધિ બંધાઈ જતી હોય, પછી પોતાની માન્યતાની વિરુદ્ધની વાત આવે તો સાચી હોય છતાં તે વાત સાંભળી ન શકે કે તેનું યોગ્ય મૂલ્યાંકન ન કરી શકે, તો સમજવાનું કે તેને મત-ગચ્છ-સંપ્રદાયનો આગ્રહ છે. આ પણ દૃષ્ટિરાગનું જ એક પાસું છે.

**(૩) જાહેર ક્ષેત્રમાં સ્વવચનનો આગ્રહ :-**

ઘણીવાર જાહેર ક્ષેત્રમાં ૨૫-૫૦ માણસોની વચ્ચે બેસી કોઈ statement (વિધાન) કર્યું, પછી તેને કોઈ ખોટું સિદ્ધ કરે તોપણ સ્વીકારવાની તૈયારી હોતી નથી. પોતાની વાતનો આગ્રહ આવી જાય. ઘણી વાર બીજાએ કરેલા વિધાનથી મારી વાત કપાઈ, તેના નામથી પણ આગ્રહ આવી જતો હોય છે.

**સભા :** Ego તો બધાને હોય જ ને ?

**પૂ. સા. :** બધે egoના કારણે જ આગ્રહ આવે તેવો એકાંત નથી. ઘણી વાર ego વગર પણ પક્ષપાતની બુદ્ધિ આવી જતી હોય છે. દા.ત. પત્ની પર રાગ હોય તેથી પત્નીનો અવગુણ પણ ગુણ તરીકે દેખાય, તેનો પક્ષપાત આવી જાય. તેની 'મા' કહે, પત્ની બહુ જ આળસુ છે, ધીમે ધીમે કામ કરે છે, તો પેલો કહે : ના, ચોકસાઈથી કામ કરે છે, માટે વાર લાગે છે.

**સભા :** ગુણદૃષ્ટિ આવી જાય.

**પૂ. સા. :** અસ્થાને ગુણદૃષ્ટિ છે, તેમાં કારણ વ્યક્તિ મોહાંધ કે કામાંધ છે.

**સભા :** સત્યનો આગ્રહ તો જોઈએ જ ને ?

**પૂ. સા. :** સત્યનો રાગ જોઈએ, પણ સત્યનો આગ્રહ કહેતાં હો, તો મારે કહેવું છે કે ક્રોધથી સત્ય બોલો, અહંકાર વગેરેથી સત્ય બોલો, તો તે સત્ય અસત્ય છે. સત્યનો આગ્રહ પણ જો અંગત રાગ-દ્વેષ, મતભેદ-કદાગ્રહ પેદા કરે, તો તે સત્યનો આગ્રહ પણ જોખમી, નુકસાનકારક જ છે. કદાગ્રહ આવ્યા

પછી ગુણરાગ ન ટકી શકે.

આ ગુણની આરાધકને કેટલી જરૂર છે ! આ ગુણનો મહિમા જાણીને તે અનિવાર્યપણે કેળવવા જેવો છે. ઉપર બતાવ્યાં તે ત્રણ ક્ષેત્ર આ ગુણને કેળવવા ઇચ્છનાર માટે ભયસ્થાનરૂપ છે. આ ત્રણેય પ્રકારના કદાગ્રહ મધ્યસ્થતાનો પ્રારંભ જ થવા દેતા નથી, વૃદ્ધિ અટકાવવાની વાત તો દૂર રહી, આ ત્રણમાંથી એક કદાગ્રહ પણ જીવનમાં પ્રવેશે એટલે મધ્યસ્થતા ગુણ હોય તો નાશ થાય અને ન હોય તો પામવાનો જ નથી. આત્મકલ્યાણના માર્ગમાં તેને 'પતિત' કહેવાય છે. કલ્યાણથી ભ્રષ્ટ થયેલો જીવ છે, પછી ભલે માસક્ષમણને પારણે માસક્ષમણ કરનાર હોય, મહાજ્ઞાની હોય, અનેક શાસ્ત્રોનો પારગામી હોય, શુદ્ધ ચારિત્ર પાળતો હોય, મહાશ્રાવકના આચાર પાળતો હોય, તોપણ.

**સભા :** આ બે ગુણ વિના મહાશ્રાવકના આચાર આવી શકે ?

**પૂ. સા. :** અરે ! નિરતિચાર સાધુપણું પાળી શકે, તો નિરતિચાર શ્રાવકપણું ન આવે ? (૧) ભવાભિનંદીપણું અને (૨) કદાગ્રહ એ બે મહાદોષરૂપ છે. તે સર્વ ગુણોને રાખ કરે. તેના વિરોધી આ બે ગુણ છે : (૧) વૈરાગ્ય અને (૨) મધ્યસ્થભાવ. આ નિસરણી છે. તેના વિના મોક્ષમાર્ગની સીડીનું પ્રથમ પગથિયું પણ ચઢાતું નથી.

**સભા :** જેને આ બે ગુણ મેળવવા જેવા લાગે, તે કઈ કક્ષામાં આવે ?

**પૂ. સા. :** જેને મેળવવા જેવા લાગે તેને ઇચ્છા થયા વિના ન રહે, અને ઇચ્છા થાય તો શક્તિ અનુસાર પ્રયત્ન કર્યા વિના પણ રહે નહિ, જે પ્રયત્ન કરનાર છે તેને હું સાચો સાધક કહેવા તૈયાર છું. આ બે ગુણ must (ફરજિયાત) છે. સાચી દિશામાં પ્રયત્ન કરનાર એને મેળવશે.

સાચો પ્રયત્ન હશે તો આ ગુણો આવશે જ. આ ગુણો આપણે કેળવવા હોય તો આપણે કેવા બનવું જોઈએ ? પૂર્વાચાર્યોએ હજારો મતભેદ face કર્યા છે, પણ સંઘભેદ તો બે જ વાર કર્યો છે. પૂ. હીરસૂરિ મહારાજાના બોલ વાંચતાં થાય કે તેમને સંઘએકતાની ચિંતા કેટલી છે ! સંઘમાં રહેલા લાયકને તારવા - માર્ગ પર રાખવા તેમની ઇચ્છા કેટલી છે !

**સભા :** સામેવાળો મતભેદ કરવા તૈયાર હોય તો ?

**પૂ. સા. :** આપણે મતભેદ ન કરીએ અને ઉદાર રહીએ, તો એક હાથે તાળી ક્યાં વાગવાની છે ? દા.ત. દિગંબરોમાં એમને જુદા પડવું હતું અને આપણા આચાર્યોને જુદા પાડવાની ઇચ્છા નહોતી એવું નહોતું.

આજે સંઘજમણમાં ચારે ગચ્છવાળાને જમવાનો હક્ક છે. સ્થાનકવાસી-દિગંબરોને જમાડવા હોય તો 'નવકારશી' કરવી પડે છે, ત્યાં 'સાધર્મિકવાત્સલ્ય' ન ચાલે. નવકારશીમાં નવકાર ગણે તે બધા આવે. ચારે ફિરકા પંચ પરમેષ્ઠી કે નવપદને માને છે, નવકારને ગણે છે, તેની ઉપાસના કરે છે. નવકારના આરાધક બધાને જમવા બોલાવે તો નવકારશી થાય.

**સભા :** બધાનો આદર-સત્કાર કરે ?

**પૂ. સા. :** બધાનો આદર-સત્કાર સાધર્મિકની જેમ કરે એવું નથી કહેતો. જૈન તરીકે ઉચિત વ્યવહાર કરાય, પણ નવકાર ગણનાર બધાને નવકારશીમાં જમવાનો હક છે.

કુળોમાં સામાચારીભેદ, ગણોમાં વાચનાભેદ, ગચ્છોમાં આજ્ઞાભેદ છે, આ criteria (ધોરણ) છે. જે જેની આજ્ઞામાં હોય, જેનું અનુશાસન સ્વીકારી વિચરતા હોય તે તેના ગચ્છમાં કહેવાય. આજ્ઞા ફરે એટલે ગચ્છ ફરે; કેમ કે અગીતાર્થને સ્વતંત્ર વિહાર કરવાની ના પાડી. સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા બધાને અનુશાસનમાં ફરજિયાત રીતે રહેવાનું છે, તો જ તેની આરાધના સાર્થક-હિતકારી થાય. જેનું આજ્ઞાતંત્ર સ્વીકારી વિચરતા હોય તેને તે ગચ્છના કહેવાય. શ્રાવક-શ્રાવિકાને પણ દિગ્‌બંધની વિધિ શાસ્ત્રમાં બતાવી છે. દિગ્બંધ એટલે ચોક્કસ ગુરુ સ્થાપી જીવનમાં આરાધના કરે તે. શાસ્ત્રમાં ત્યાં સુધી લખ્યું, શ્રાવકનાં ગુરુ પ્રત્યેનાં કર્તવ્ય-ભક્તિ-વ્યવહાર શું ? અને ગુરુ સિવાય બીજા સંયમી સાધુ પ્રત્યે કર્તવ્ય-ભક્તિ-વ્યવહાર શું ? તેમાં પણ જો શ્રાવક ગરીબ કે શ્રીમંત હોય તો કર્તવ્યનો શું તફાવત હોય, તે પણ જણાવ્યું છે.

સામાચારીભેદ આવે એટલે કુલભેદ થાય.

**સભા :** જુદી જુદી સામાચારી કઈ રીતે ?

**પૂ. સા. :** કોઈને ત્યાં અમુક સામાચારી હોય, બીજાને ત્યાં બીજી સામાચારી હોય. જેમ મહાવીર ભગવાનના સાધુ પાંચ મહાવ્રત પાળે છે અને પાર્શ્વનાથ ભગવાનના સાધુ ચાર મહાવ્રત પાળે છે, તો આ સામાચારીભેદ છે, તત્ત્વ-સિદ્ધાંતનો ભેદ નથી. તીર્થંકરોએ પણ સામાચારીભેદ માન્ય રાખ્યા છે. કલ્પસૂત્રમાં જ વિવિધ આચારોને સામાચારીભેદરૂપ કહેલ છે. દેશ-કાળ-સંયોગને કારણે તીર્થંકરની હાજરીમાં સામાચારી ભેદ હોય, આવા મતભેદોમાં જાણકાર મૂંઝાય નહિ અને અબૂઝ હોય તો મૂંઝાય, પણ રાગ-દ્વેષ તો ક્યારેય ન કરે. મારે એક જ વાત કહેવાની છે, જો સંઘનું સાચું સ્વરૂપ આપણા મનમાં સ્પષ્ટ હશે તો સામાચારીના મતભેદો જોવામાત્રથી આપણામાં આકુળતા-વ્યાકુળતા નહીં આવે.

## ૨

**વૈશાખ સુદ-૧૦, વિ. સં. ૨૦૬૨, રવિવાર, તા. ૭-૫-૨૦૦૬, જૈનનગર, પાલડી, અમદાવાદ**

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા આત્માનાં સર્વ દુઃખોનો ક્ષય કરાવનાર આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

આપણે મૂળભૂત રીતે ચેતનદ્રવ્ય છીએ, જડ નથી. માટે આપણા જીવનમાં સતત સુખની ચિંતા છે. જડને મારો, પંપાળો, વિભૂષિત કરો કે અપમાનિત કરો, પણ કોઈ રીતે તેને દુઃખ કે સુખ થવાનું નથી; કેમ કે જડ સંપૂર્ણ સંવેદનશૂન્ય છે. તે સંવેદનાનો અનુભવ કરી શકતું નથી. આપણે ૨૪ કલાક સંવેદનાનો અનુભવ કરીએ છીએ. તે જ બતાવે છે કે આપણે જડ નથી. **વિજ્ઞાન માને કે ન માને પણ આત્મા પ્રત્યક્ષ અનુભવસિદ્ધ છે.** તેને પુરવાર કરવાની મહેનત કરવાની નથી. તે કરીએ તોપણ તે એક હાસ્યાસ્પદ પ્રયત્ન છે. હા, અબુધને સમજાવવા મહેનત કરવી પડે.

હવે દુઃખનાં તમામ કારણો ભગવાને ટૂંકમાં રાગ-દ્વેષમાં સમાવ્યાં છે. જ્યાં સુધી રાગ-દ્વેષને સંપૂર્ણ નિર્મૂળ કરી વીતરાગ ન બનીએ ત્યાં સુધી આપણો આત્મા આંતરિક અશાંતિ-દુઃખમાંથી સંપૂર્ણ મુક્ત ન થઈ શકે. બાહ્ય દુઃખથી મુક્તિ જોઈતી હોય તો અશરીરી બનવું પડે. શાસ્ત્ર કહે છે, જ્યાં સુધી આત્માનો દેહ સાથે સંયોગ છે, સશરીરી છે, અશરીરી અવસ્થા પ્રાપ્ત થઈ નથી, ત્યાં સુધી બાહ્ય દુઃખનો અંત શક્ય નથી.

**સભા :** બાહ્ય દુઃખનો અંત કાયમી શક્ય નથી કે કામચલાઉ શક્ય નથી ?

**પૂ. સા. :** અશરીરી અવસ્થા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી કાયમી તો શક્ય નથી જ પરંતુ કામચલાઉ પણ શક્ય નથી. તીર્થંકર જેવા તીર્થંકર, જેમનું

આખા જગતમાં પ્રકૃષ્ટ પુણ્ય હતું અને એવું પુણ્ય બીજા કોઈએ ભોગવ્યું નથી, ઓછામાં ઓછા એક કરોડ દેવો જેમની સતત સેવા કરે છે, ભાવતીર્થંકર સાથે રાત-દિવસ આઠ પ્રાતિહાર્ય હાજર હોય છે, આવી અદ્‌ભુત ધર્મઐશ્વર્યની પુણ્યાઈ ભોગવે છે. સંઘયણબળ, મનોબળ, રૂપ, લાવણ્ય, કાંતિ બધું અપ્રતિમ છે, દેવતાઓ ઇંદ્રોનાં પુણ્ય તીર્થંકરો પાસે નાનાં પડે છે. તેવા તીર્થંકર પણ જ્યાં સુધી સશરીરી છે ત્યાં સુધી તેમની સાથે બાહ્ય દુઃખો જોડાયેલા જ છે.

**બાહ્ય દુઃખોનો અંત સશરીરી અવસ્થામાં ક્યાંય શક્ય નથી અને આંતરિક દુઃખોનો અંત વીતરાગ બન્યા વિના શક્ય નથી.** જેના મનમાં મોહ-રાગ-દ્વેષ છે, તેને અંતરમાં અવશ્ય દુઃખ હોય જ. તમે બહારથી ગમે તેવા શાંત, સ્વસ્થ દેખાઓ, પણ જ્યાં સુધી મનમાં રાગ-દ્વેષનાં જાળાં છે, ત્યાં સુધી અંદર ખૂણે-ખાંચરે શોક-સંતાપ ભરેલા જ છે. **બાહ્ય અને આંતરિક બંને દુઃખ વિનાના આત્મા તે સિદ્ધ ભગવાન, અને આંતરિક દુઃખ વિનાના આત્મા તે વીતરાગ.** આ બે વાત સમજાઈ જાય તેને જ આ શાસનમાં વીતરાગ બનવાનો અને મોક્ષે જવાનો આટલો બધો આગ્રહ કેમ છે, તે વાતનું રહસ્ય સમજાય. ધર્મનું લક્ષ્ય આપણને વીતરાગ-સિદ્ધ બનાવવાનું છે. વીતરાગીને રાગ-દ્વેષ ગયા, એટલે દુનિયામાં જેટલા પદાર્થો કે જેટલા ભાવો છે, તેના પ્રત્યે સંપૂર્ણ તટસ્થ ભાવ આવી ગયો. મધ્યસ્થ ભાવની પરાકાષ્ઠા વીતરાગતામાં છે. દુનિયાની તમામ વ્યક્તિ, તમામ વસ્તુ, તેના તમામ ગુણ-પર્યાય વચ્ચે પરિપૂર્ણ મધ્યસ્થભાવ વીતરાગને છે.

**સભા :** અમારા દુઃખનું કારણ શું ?

**પૂ. સા. :** આપણે તો શોધી શોધીને દુઃખ ભેગું કરીએ છીએ. આખા જીવનમાં મહેનત શું કરી ? ક્યાંયથીય કામ-ક્રોધનું નિમિત્ત મળે તો તૈયાર જ બેઠા છો ને ? બહાર નીકળે તો ક્યાંક સારું રૂપ દેખાયું એટલે આસક્તિ કરવા તૈયાર, અને કરતી વખતે પણ એમ ન લાગે કે હું અંદરમાં દુઃખ ઊભું કરી રહ્યો છું ! તમે આંતરિક દુઃખને દુઃખ માનવા તૈયાર જ નથી. ખાલી જીવનમાં બાહ્ય દુઃખોને રડો છો, અને તેનાં નિમિત્તો પર દ્વેષ કર્યા કરો છો. આ જ તમારી કાયમી પ્રકૃતિ છે. જેમ તમને થાય કે મને શરીરમાં રોગ નડે

છે, ઘરમાં માણસો અનુકૂળ નથી વગેરે... અત્યારે બહાર જ દુઃખનાં કારણ શોધી રાખ્યાં છે, સાથે તે ટાળવાની સતત મથામણ કરો છો, પણ ખબર નથી કે દુઃખના કારણ પર દ્વેષ કર્યો એટલે તમે બળતરારૂપે નવું દુઃખ ઊભું કર્યું; પરંતુ તમને અંદરના રાગ-દ્વેષની પીડા દુઃખ લાગતી જ નથી. જેને બધા આંતરિક દુઃખોમાં દુઃખ તરીકેનું સંવેદન થાય, તેનામાં જ શાસ્ત્રે સમકિત માન્યું છે. વિષયકષાયની વેદના મીઠી લાગે તો સમજવાનું કે અંદરમાં સમકિતનું વેદન ચાલુ થયું નથી. મિથ્યાત્વ હોય ત્યાં સુધી અમુક આંતરિક દુઃખનો અનુભવ થાય જ નહિ. મિથ્યાત્વ જેટલું મંદ પડે એટલી અંદરની ચેતના સતેજ થાય.

શાસ્ત્રમાં વીતરાગને સંપૂર્ણ મધ્યસ્થ કહ્યા. આખું વિશ્વ દ્વન્દ્વથી ભર્યું છે; કેમ કે દુનિયામાં જેટલી વસ્તુ હોય એની વિરોધી વસ્તુ તો હોય જ છે. જેમ કે પ્રકાશ-અંધકાર, ઠંડી-ગરમી, નિંદા-પ્રશંસા, સુગંધ-દુર્ગંધ વગેરે દ્વન્દ્વરૂપ પદાર્થો છે, જે ખૂણે ખૂણે વેરાયેલા છે. દ્વન્દ્વોથી ભરેલી આ દુનિયામાં જેને સંપૂર્ણ તટસ્થભાવ છે, બધા દ્વન્દ્વની વચ્ચે જ રહે છે; છતાં જેને એક પણ દ્વન્દ્વ પ્રત્યે લગાવ કે ઢળાણ નથી, બધાથી જે અંતરમાં તદ્દન અલિપ્ત છે, તેને મધ્યસ્થ કહેવાય. આ પરાકાષ્ઠાની મધ્યસ્થતા એ જ આત્મસાધનાનું શ્રેષ્ઠ લક્ષ્ય કહ્યું છે. (૧) વીતરાગ અને (૨) અશરીરી બનનારને, બધા દુઃખોનો અંત આવે. આમાં પહેલી વીતરાગ અવસ્થા માટે શાસ્ત્રમાં પર્યાયવાચી શબ્દ 'પૂર્ણ મધ્યસ્થ' પણ વાપર્યો છે.

**સભા :** વીતરાગના રાગી અને વીતરાગીના મધ્યસ્થભાવમાં શું ફરક ?

**પૂ. સા. :** વીતરાગના રાગી અને વીતરાગી આ બંનેમાં વીતરાગ પૂર્ણ મધ્યસ્થ છે. કારણ કે **વીતરાગને વીતરાગતા પર પણ રાગ નથી, પરંતુ રાગીને વીતરાગતા પર રાગ છે, તે વીતરાગનો ઉપાસક છે, જ્યારે પોતે વીતરાગ બનશે તે દિવસે તેને વીતરાગ કે વીતરાગતાનો રાગ પણ નહિ રહે.** આ વીતરાગ થયેલો આખી દુનિયામાં ગમે તે વસ્તુ જુએ, જાણે કે અનુભવે, ગમે તે નિમિત્ત-સંયોગ આવે, પણ આંતરિક દુઃખ તો લેશમાત્ર ન સ્પર્શે; કેમ કે દુઃખ કરવા અંદર રાગ-દ્વેષનો જે પરિણામ જોઈએ, તે જ છે નહિ.

જૈનધર્મ વ્યક્તિવાદી ધર્મ નથી. જગતમાં જેટલા જિન થયા, ભવિષ્યમાં થવાના, તે બધાને આપણે ભગવાન તરીકે પૂજીએ છીએ; આ જિન એ અવસ્થા છે, બધા જ જિનને વીતરાગ જ કહ્યા છે. **"જગતને જીતે તે જિન"** જગતને જીતવાની કળા વીતરાગમાં જ છે.

જે વ્યક્તિ આ પૂર્ણ મધ્યસ્થભાવને લક્ષ્ય કરે તેને સાધનામાર્ગના પ્રારંભરૂપે પ્રાથમિક કક્ષાની મધ્યસ્થતા લાવવી જ પડશે. પાયાની મધ્યસ્થતા ક્યાંથી શરૂ થાય ? તો લખ્યું કે જીવનમાં કોઈપણ મત-પંથ-સંપ્રદાય પ્રત્યે કદાગ્રહ-પૂર્વગ્રહ ન આવે, પોતાના કે બીજાના અંગત ગુણ-દોષ પ્રત્યે કદાગ્રહ ન આવે, જે સત્ય સિદ્ધ થાય તેને ખુલ્લા દિલે સ્વીકારવાની તટસ્થતા આવે ત્યારે તે આત્મા વીતરાગતાની સાધના કરવા લાયક બન્યો. આપણામાં રહેલા પૂર્વગ્રહ-કદાગ્રહને તિલાંજલિ આપીએ, ત્યારથી આપણી સાધના ચાલુ થશે; કેમ કે જ્યાં સુધી કદાગ્રહ-પૂર્વગ્રહ છે, ત્યાં સુધી પોતાના કે બીજાના ગુણ-દોષોનું સાચું મૂલ્યાંકન કરી નહિ શકાય. અરે ! બીજા સાચું મૂલ્યાંકન કરે તો તેને પણ ગ્રહણ કરી નહીં શકે. સમાજમાં કોઈપણ વ્યક્તિને - સજ્જન કે દુર્જનને - જો યોગ્ય ન્યાય આપવો હોય તો ન્યાયાધીશનું મન કદાગ્રહથી મુક્ત હોવું જોઈએ તેમ અધ્યાત્મમાં પણ જ્યારથી તટસ્થ મન પેદા થયું ત્યારથી શાસ્ત્ર કહે છે કે તે આત્મા મોક્ષમાર્ગની સાધના માટે લાયક બન્યો. આ પ્રારંભિક મધ્યસ્થભાવ ન કેળવનારના જીવનમાં ગમે તેટલા તપ-ત્યાગ-સંયમ-ભક્તિ-વિનય-ક્ષમા વગેરે ગુણ હોય, અરે ! ગુણનો ભંડાર હોય, સદાચારની મૂર્તિ હોય, પણ શાસ્ત્રમાં લખ્યું કે "મધ્યસ્થતા નથી, તો આત્મા સાચો આરાધક નથી, તેની બધી આરાધના નિષ્ફળ જવાની તેમાં શંકાને સ્થાન નથી". વૈરાગ્ય જેટલો જ આ ગુણ પણ અગત્યનો છે.

**સભા :** 'જયવીયરાય'માં આ ગુણની માંગણી ન કરી ?

**પૂ. સા. :** જયવીયરાયમાં "ભયવં ભવનિવ્વેઓ" અને પછી "મગ્ગાણુ-સારીઆ" પદ મૂક્યું છે. તેમાં મધ્યસ્થતા આવી જ ગઈ.

**સભા :** માર્ગાનુસારિતા સાથે મધ્યસ્થતાને link (કડી) શું ?

**પૂ. સા. :** માર્ગાનુસારી સાથે link એ છે કે વીતરાગ થવાનો માર્ગ તે

સંપૂર્ણ મધ્યસ્થ થવાનો માર્ગ છે, જો પ્રારંભિક મધ્યસ્થતા ન હોય ત્યાં સંપૂર્ણ મધ્યસ્થતા આવે જ નહિ. જેમ ૧૦૦ રૂ. ભેગા કરવા હોય પણ શરૂઆત તો પૈસાથી જ કરાય ને ? કે કાંકરાથી ? "મગ્ગાણુસારીઆ"માં મધ્યસ્થતા સિવાય બીજા ગુણ પણ connected છે.

પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજાએ લખ્યું કે : જેનામાં મધ્યસ્થતા નથી તેવો જીવ બીજા બધા ગુણ હોય તોપણ વિકાસ નહિ કરી શકે, આના વિના પ્રારંભ જ નથી. આ વાત સમજવા પ્રસિદ્ધ દૃષ્ટાંત આપું : ભગવાન મહાવીર નયસારના ભવમાં સમકિત પામ્યા કે પૂ. આદિનાથ ભગવાન ધના સાર્થવાહના ભવમાં માર્ગ પામ્યા. તે પહેલાં તેઓના આત્મામાં મોક્ષની સાધના પ્રગટી ન હતી, તો પહેલાના ભવોમાં ભગવાનનો જીવ કાયમ ખાતે ગુંડો-બદમાશ કે નાલાયક જ હતો ? ના, એવું નથી; કેમ કે તે પહેલાં પણ અનંતી પુણ્યાઈ બાંધી, તે દ્વારા સારી ગતિ પામ્યા, સદ્ગુણો-સદાચાર સેવ્યા; છતાં મોક્ષમાર્ગ પર ન ચડ્યા. હવે આ બાજુ નયસાર કે ધના સાર્થવાહના ભવમાં તેઓ જૈનધર્મમાં જન્મ્યા નહોતા. ગૃહસ્થ તરીકે બંને સામાન્ય નથી. નયસાર તો ગામનો મુખી-નાયક જેવો ગર્ભશ્રીમંત-ઠાકોર હતો. ધના સાર્થવાહ પણ અબજોપતિ મહાસાર્થવાહ છે. બંને સજ્જન-ગુણિયલ છે. તેઓના જીવનમાં માર્ગાનુસારીના ૩૫ ગુણ ખીલ્યા છે, પણ સાચું જૈનત્વ પ્રગટ્યું નથી. મહાત્મા મળ્યા તે પહેલાં જૈનશાસનના દેવ-ગુરુ-ધર્મની ઓળખ એકેયને નહોતી. પાછા બંને નાસ્તિક નહોતા. સાધુ-સંતો, પવિત્ર પુરુષ પ્રત્યે સદ્ભાવ હતો, માટે જ સંતો પ્રત્યે યોગ્ય વર્તન કર્યું છે. આ બંનેને મહાત્માએ ઉપદેશ આપ્યો અને દેવ-ગુરુ-ધર્મની ઓળખ કરાવી છે. નયસાર પાસે આટ-આટલા સેવક હોવા છતાં પોતે ભક્તિ કરી જાતે જ મહાત્માને રસ્તો બતાવવા ગયો છે. આ બધો ઉચિત વ્યવહાર જોઈ આચાર્ય ભગવંતે કહ્યું : તેં જેમ અમને અટવીમાંથી માર્ગે ચઢાવ્યા, તેમ સંસારરૂપી ગહન અટવીમાંથી તને મોક્ષમાર્ગે ચઢાવવાની અમારી ઇચ્છા છે અર્થાત્ ગીતાર્થ ગુરુ ભગવંતને ખ્યાલ છે કે ગુણિયલ જીવ છે, પણ સાચો રસ્તો પામ્યો નથી. જો આ વખતે નયસારમાં પોતાના મત-પંથ-સંપ્રદાયનો કદાગ્રહ પડ્યો હોય તો reaction શું આવે ? ધર્મની શરૂઆત થાય ? જેનામાં મધ્યસ્થતા ગુણ ન હોય તે માર્ગ પામશે જ નહીં.

**સભા :** ઔચિત્યપૂર્વક કોઈની વાત સાંભળે, એટલે કાંઈ મધ્યસ્થતા ગુણ આવી ગયો ?

**પૂ. સા. :** ઔચિત્યપૂર્વક સાંભળે છે તેટલું જ નથી; પરંતુ વ્યક્તિ પૂર્વગ્રહ વગરનો છે. ઔચિત્યપૂર્વક સાંભળે, પણ નયસારમાં પૂર્વગ્રહ હોય કે અમારો જ ધર્મ-મત-પંથ-સંપ્રદાય સાચો અને બીજામાંથી લેવા જેવું કાંઈ નથી, તો શું થાય ? મધ્યસ્થ બન્યા પહેલાં ઘણા ગુણ હતા, પણ માર્ગે ચઢ્યો નહોતો. માર્ગે ચઢ્યો ક્યારે ? મહાત્મા મળ્યા ત્યારે ! ઊંચામાં ઊંચા જ્ઞાની મળે, પણ વિષય-કષાય દુઃખરૂપ છે, સંસાર અસાર છે, તે ન સમજી શકે અને વૈરાગ્ય ન પામે, તો મોક્ષમાર્ગ પર ન ચઢે. તેમ મધ્યસ્થતા વિના પણ આત્મકલ્યાણના માર્ગમાં પ્રવેશ નથી, આ સો ટકા વાત છે. બંને fundamental પાયાના ગુણ છે. આજ સુધી જે ચઢ્યા, ભવિષ્યમાં ચઢશે, તે બધા આ બે ગુણથી જ ચઢ્યા છે, અને ચઢશે.

**સભા :** સત્યનો આગ્રહ રાખવો તેને ગુણ કહ્યો છે.

**પૂ. સા. : સત્યનો આગ્રહ મધ્યસ્થતામાંથી પેદા થયેલો જોઈએ, મમત્વમાંથી પેદા થયેલો સત્યનો આગ્રહ પણ ખોટો છે.** કોઈપણ વસ્તુને સાચી-સારી માને, સ્વીકારે, પણ તેમાં મમત્વની ગ્રંથિ હોય તો તે સત્યનો આગ્રહ તમારા માટે હિતકારી બનતો નથી. ઉપમિતિ ભવપ્રપંચામાં જૈનશાસનને રાજમહેલની ઉપમા આપી છે. આ જગતના ઊંચામાં ઊંચા પુણ્યાનુબંધીપુણ્યવાળા જીવ આ મહેલમાં જ હોય છે. જૈનશાસન માત્ર ભરતક્ષેત્રમાં નહીં પણ સ્વર્ગ-પાતાલ અને મનુષ્ય એમ ત્રણેય લોકમાં પથરાયેલું છે. સ્વર્ગમાં રહેલા ઇન્દ્રો કે અબજો સમ્યગ્દષ્ટિ દેવો વાસ્તવમાં જૈનશાસનના જ અનુયાયી છે. જો જૈનશાસનની જાહોજલાલી સમજવી હોય તો બધાં ક્ષેત્રો અને ત્રણેય લોક લઈ લેવાં પડે. આપણને જૈનશાસનમાં entry મળી છે; કેમ કે જૈનધર્મમાં જન્મ્યા છીએ. પણ ઉપમિતિમાં કહ્યું કે જિનશાસનરૂપી મહેલમાં પ્રવેશવાના દરવાજા પણ જુદા જુદા હોય છે અને તેના ચોકીદારો પણ જુદા જુદા હોય છે. અમુક દરવાજા પર રાગ-દ્વેષરૂપ ચોકીદાર પણ છે. એમના દ્વારા જેઓ આ મહેલમાં પ્રવેશ પામ્યા છે, તે બધા લાયક નથી અર્થાત્ જેઓ આ આપણો ધર્મ છે, આપણને વારસામાં

મળ્યો છે, માટે સારો છે, ઊંચામાં ઊંચો છે, તેવું મમત્વને કારણે માને છે, તેઓ રાગરૂપી ચોકીદારથી જિનશાસનરૂપી મહેલમાં પ્રવેશેલા છે. આવા જીવોને સત્યમય જૈનશાસનનો આગ્રહ પણ તારનારો બનવાનો નથી; કેમ કે આગ્રહ મમત્વને કારણે છે, ગુણને કારણે કે સત્યની સમજણને કારણે નથી.

**સભા :** દેવતાથી શાસન ચાલે ? પહેલી દેશના નિષ્ફળ ગઈ ને ?

**પૂ. સા. :** એકલા દેવતાથી શાસનની સ્થાપના ન થાય, પણ સંઘ-શાસનમાં કે ૧૨ પર્ષદામાં તેમને સ્થાન નથી તેવું નથી. જિનશાસનરૂપી મહેલમાં સમ્યગ્દષ્ટિ સુધીના બધાને સ્થાન આપ્યું છે. અહીં વાત એ છે કે તટસ્થતા વિના જિનશાસનમાં પ્રવેશ કર્યો હોય તો તે પણ નિષ્ફળ છે.

આપણો સ્વભાવ એવો છે કે ગમતી વાત પકડી રાખીએ, અને પછી તેના આવેશથી બીજાની સાચી-સારી વાત પણ વિચારી, સમજી, સ્વીકારી ન શકીએ. આ મનોવૃત્તિને કારણે ઘણી સાચી-સારી વસ્તુ જીવનમાં પામવાની તકો ગુમાવીએ છીએ. પ્રારંભિક કક્ષાની મધ્યસ્થતા વિના જીવ અપુનર્બંધક અવસ્થા પણ પામે નહીં. આપણે અંદરના શોધક થવાની જરૂર છે. સ્વભાવમાં આવી આગ્રહોની ગ્રંથિ પડી હોય તેને પહેલાં કાઢવી જોઈએ. એકવાર કોઈ સાથે લાગણીથી ખેંચાઈ ગયા એટલે મમત્વ આવી જાય છે, અને બીજી સાચી-સારી વસ્તુ પામવા માટે ગેરલાયક બની જઈએ છીએ. નયસાર open minded (ખુલ્લાં મનનો) હતો, માટે જ પામી ગયો.

**સભા :** આ અવગુણને કેવી રીતે દૂર કરાય ?

**પૂ. સા. :** આ અવગુણને દૂર કરવા સતત observation કરવાનું અને પ્રતિપક્ષી ભાવના ભાવવી જોઈએ. સંસારમાં કશું મારું નથી, તો મને સ્વદોષનું મમત્વ કેમ ? મત-પંથ-સંપ્રદાય આત્માને તારવા માટે છે, તો એનું પણ મમત્વ કેમ ? કદાચ તમે બીજા ધર્મોના પરિચયમાં ન આવ્યા હો તો ત્યાં સારું-સાચું શું તે તુલના જૈનધર્મ સાથે ન પણ કરતા હો, તે બને, છતાં એક નક્કી કરવા જેવું છે કે ત્યાંની પણ સાચી-સારી વાત જાણવા મળે તો પૂર્વગ્રહથી તેની ટીકા-નિંદા ન કરવી. તેની અવગણના ન કરવી, પરંતુ સ્વીકાર કરવો જોઈએ. આ હશે તો મોટા દોષથી બચશો. પૂ. હરિભદ્રસૂરિએ કહ્યું છે કે

**"અન્ય ધર્મમાં પણ જેટલી સારી વસ્તુ છે, તેના પરનો દ્વેષ ભગવાનના તત્ત્વ પરનો જ દ્વેષ છે."**

**સભા :** તે જૈનશાસનમાંથી જ ગયેલી છે ને ?

**પૂ. સા. :** જૈનશાસનમાંથી ગયેલી છે તેનો ગર્વ છે, તો ત્યાં છે તેનો દ્વેષ કેમ થાય છે ?

**સભા (મહાત્મા) :** સાપના પેટમાં દૂધ જાય તો તે પણ ઝેર બની જાય !

**પૂ. સા. :** આ મહારાજે નક્કી કર્યું, અન્ય ધર્મમાં બધા સાપ જ છે.

**સભા :** ત્યાં મિથ્યાત્વરૂપી સાપ છે જ.

**પૂ. સા. :** આ મહારાજે વિશેષણ પણ આપી દીધું ! પણ મારે આ વાત જરા વિસ્તારથી કહેવી છે. આજથી ૩૫૦ વર્ષ પહેલાં પ. પૂ. વિજય હીરસૂરિ મહારાજા મહાપ્રભાવક આચાર્ય થયા, અને તેમના દ્વારા શાસનનાં અદ્‌ભુત કાર્યો થયાં છે. અકબર જેવા મુસ્લિમ રાજા પાસેથી તીર્થોની માલિકીયતના પટ્ટક, અહિંસાનાં ફરમાન વગેરે... મેળવ્યાં છે. તે પણ મોગલ સલ્તનત, હિંસક-ક્રૂર બાદશાહ પાસેથી આ પટ્ટક લખાવ્યા છે, તો કેવા પ્રભાવક હશે ? હવે તેમના જ મોટા ગુરુભાઈ ધર્મસાગરજી મહારાજ હતા.

તેઓ શાસ્ત્રજ્ઞ, ધુરંધર વિદ્વાન અને શક્તિ-ગુણોમાં પૂરા હતા. તેમના જીવનનો એક પ્રસંગ કહું. જેનાથી મારા મન પર તેઓનો પ્રભાવ પડ્યો હતો. જ્યારે તેમના ગુરુ ભગવંત વિજય દાનસૂરિ મહારાજને પટ્ટધર તરીકે નીમવાનો પ્રશ્ન આવ્યો, ત્યારે હીરવિજયજી મ. સા. અને ધર્મસાગરજી મ. સા. બંનેમાં ધર્મસાગરજી મહારાજ વડીલ છે, તેમને બોલાવી ગુરુએ પોતાની પાટ સંભાળવાનું કહ્યું. તે વખતે આમણે કહ્યું, 'હું મોટો છું પણ પદવી માટે વધારે લાયક અને શક્તિસંપન્ન હીરવિજયજી છે, માટે તેને પાટે બેસાડો. આ સામાન્ય ઉદારતા નથી. પાછા પોતે incapable નથી. તેઓએ પોતે સંસ્કૃતમાં અનેક ગ્રંથો રચ્યા છે. શાસ્ત્રનાં સંદર્ભો-ઉદ્ધરણો આપે તો થાય કે તેમને બધાં શાસ્ત્ર સ્થિર થઈ ગયાં છે, એટલી મેધા છે.

પરંતુ આ મહાત્માને ભગવાનના શાસનનો અવિહડ રાગ હતો. તે રાગના કારણે તેમણે એવી પ્રરૂપણા કરી કે જગતમાં સાચું-સારું છે તે બધું જૈનશાસનમાં

જ છે, બાકી બધે ઝેર છે. જેમ આ મહારાજ (પ્રશ્નકર્તા સાધુ) કહે છે તેમ તેમણે પણ જૈનદર્શન સિવાય બીજે બધે ઉન્માર્ગ-ઉત્સૂત્ર છે, તેને સમર્થન ન અપાય, જૈન સિવાય બીજાના ગુણોની પ્રશંસા-અનુમોદના પણ કરાય નહિ અને કરીએ તો પાપ લાગે, મિથ્યાત્વને પોષણ આપ્યું ગણાય. વગેરે... જાત-જાતની પ્રરૂપણા કરી. અત્યારનો ઘણો આરાધક વર્ગ પણ તેમની આ બધી વાતો લઈને ફરે છે. પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તેને સમર્થન આપે છે. પાછી બધી વાતોને તેમણે તર્ક અને શાસ્ત્રવચનોથી સિદ્ધ કરી છે. આ તો ઉપાધ્યાયજી મહારાજા તે વખતે શાસનમાં હયાત હતા. માટે તેઓએ આ વાતોને પ્રતિદલીલથી મિથ્યા સ્થાપિત કરી. તેમને દલીલમાં પૂ. ઉપાધ્યાયજી મહારાજ જ પહોંચે,. તે વખતે જો પૂ. ઉપાધ્યાયજી મહારાજા હયાત ન હોત તો આટલા ખુલાસા આપવાની બીજાની ત્રેવડ પણ ન હતી.

ભગવાનના શાસનના રાગને કારણે જૈનશાસ્ત્રના વિરોધની એક પણ વાત આવે એટલે એમ થાય કે આને ઉડાવી ફેંકી દો. એમણે એવા ગ્રંથો રચ્યા છે કે જેમાં બીજા ધર્મમાં માત્ર ઉન્માર્ગ છે, તે દાખલા-દલીલથી સ્થાપિત કર્યું; સાથે જૈનધર્મમાં ગચ્છ-કુળના મતભેદો તો ત્યારે પણ હતા. તે કાળમાં ખરતરગચ્છ, તપાગચ્છ કરતાં પણ ચઢિયાતો હતો, ત્યાં સાધુ-સાધ્વી કે શ્રાવક-શ્રાવિકાઓની સંખ્યા વધારે હતી. સંખ્યાબળ ત્યાં હતું. માટે ખરતરગચ્છ અને તપાગચ્છને પરસ્પર ઘણીવાર વિવાદો થતા. આ મતભેદોના કારણે ધર્મસાગરજી મહારાજે દાખલા-દલીલથી એ પણ સ્થાપિત કર્યું કે આ બધા ઉન્માર્ગમાં છે, અને મિથ્યાત્વવાસિત છે; કેમ કે જિનવચનને સ્વીકારતા નથી, માટે તેમની સાથે સાધર્મિક તરીકેનો વ્યવહાર ન કરાય. આવી પ્રરૂપણા કરી ત્યારે પૂ. હીરસૂરિ મહારાજાએ હૃદયની વિશાળતા અને સંઘની ચિંતાથી ધર્મસાગરજી મહારજને બોલાવીને ઘણા સમજાવ્યા અને નિર્ણય કરાવ્યો છે સાથે **જાહેરમાં પટ્ટક કરાવ્યો કે "જૈનસંઘમાં અનેક મત છે, તેની ચર્ચા-વિચારણા કરો ત્યાં સુધી વાંધો નથી, પણ કોઈને મિથ્યાદષ્ટિ-સંઘબહાર કહેવા કે મિથ્યાદષ્ટિ તરીકે વ્યવહારો કરવા તે ભગવાનના શાસનનો વિરોધી છે. જે આવું કરે છે તેને મારી આણ છે કે તે પ્રાયશ્ચિત્તનો ભાગી બને."** આમ પાછી પૂ. હીરસૂરીશ્વરજી

મહારાજાની પુણ્યાઈ કેટલી ! અકબર બાદશાહ ખુદ તેમનો ભક્ત છે ગામેગામ વર્ચસ્વ-પુણ્યાઈનો પાર નથી. તે કાળના સમગ્ર ભારતદેશના જૈનસંઘના મુખ્ય આગેવાન શાંતિદાસ શેઠ તેઓના ચરણ પૂજતા હતા. તેઓ ધારે તો પોતાનું એકચક્રી શાસન સ્થાપિત કરી શકે, પોતાની આણ સ્થાપી શકે. વડીલ એવા પૂ. ધર્મસાગરજી મહારાજ પાસે આવો પટ્ટક લખાવ્યો, પણ સંઘભેદ કર્યો નથી. જૈનસંઘના હજારો વર્ષના ઇતિહાસમાં આપણા પૂર્વજોએ માત્ર સ્થાનકવાસી અને દિગંબર સાથે જ સંઘભેદ કર્યો છે. બાકી હંમેશાં મતભેદોને સમાવીને ચાલ્યા છે. અત્યાર સુધીમાં અંદરોઅંદર સેંકડોવાર મતભેદ થયા હશે, પણ બધાને સમાવ્યા, સાથે રાખીને ચાલ્યા છે.

**સભા :** બધા ગચ્છો સમાવીને ચાલે તો એકચક્રી સામ્રાજ્ય ન થઈ જાય ?

**પૂ. સા. :** ના, પોતપોતાના ગચ્છમાં પોતપોતાનું અનુશાસન હોય, જે જેની આજ્ઞામાં હોય તેના પર તેનું અનુશાસન ગણાય. ગચ્છની વ્યાખ્યા કરતા બૃહત્કલ્પસૂત્ર નામના આગમમાં કહ્યું : **જે એક ગીતાર્થની આજ્ઞામાં રહેલો છે, તે ગચ્છ.** તેમાં minimum ૩ સાધુ અને maximum ૩૬,૦૦૦ની સંખ્યા હોય; કેમ કે પુંડરીકસ્વામીના ગચ્છમાં ૩૬,૦૦૦ સાધુ અનુશાસનમાં હતાં. જ્યાં એક આજ્ઞાતંત્ર હોય ત્યાં ગચ્છ કહ્યો.

**સભા :** ગૌતમસ્વામીના ૫૦,૦૦૦ શિષ્ય હતા ને ? તો પુંડરીકસ્વામીનો ગચ્છ ઉત્કૃષ્ટ કેમ ?

**પૂ. સા. :** ગૌતમસ્વામીના શિષ્યો દીક્ષા લઈ જલ્દીથી કેવલજ્ઞાન પામતા હતા, તેથી કેવલી થયા પછી તેઓ ગચ્છમાં ન ગણાય.

**સભા :** ગૌતમસ્વામીના શિષ્યો જલ્દી કેવળજ્ઞાન પામે તે ગૌતમસ્વામીની વિશેષતા કે તે જીવની ?

**પૂ. સા. :** આવા ગુરુ મળ્યા તે જીવની પુણ્યાઈ, આવી લબ્ધિ મળી તે વિશેષતા ગૌતમસ્વામીની.

**સભા :** આ લબ્ધિ કેવી ? પોતાને કેવલજ્ઞાન ન અપાવે અને બીજાને અપાવે ?

**પૂ. સા. :** તેના કારણે તો મહિમા છે કે દાન, ગૌતમ જેવું આપનાર ઉત્કૃષ્ટ દાતા ગૌતમસ્વામી ગણાયા.

**સભા :** આ ખામી નથી ?

**પૂ. સા. :** ના, મહિમા છે. તેમને ખાલી પ્રભુવીરનું બંધન નડ્યું છે, બાકી બધી રીતે લાયક છે. જેમ બાહુબલી માટે લખ્યું ને કે ૧૨ મહિના સુધી કેવલજ્ઞાન આંટા મારતું હતું; કેમ કે બધી રીતે લાયક હતા. તેમણે શું નથી છોડ્યું ? ચક્રવર્તીને જીતી લે તેવા હતા. સત્ત્વ-સ્થિરતા-સંઘયણ બધું પરિપૂર્ણ છે, પણ નાનો માનકષાયનો કણિયો બાકી રહ્યો છે.

**સભા :** પોતાને સૌભાગ્યની ઇચ્છા હોય; છતાં પોતાને ન મળે અને પોતાના પ્રભાવથી બીજાને મળે તો ?

**પૂ. સા. :** તેમાં પુણ્યાઈ ઓછી નથી. પણ બીજું સ્વતંત્ર કારણ ગેરહાજર છે. જ્યારે ગૌતમ મહારાજાને આવું નથી. પોતે શક્તિસંપન્ન અને લાયક બંને છે.

**સભા :** અપુનર્બંધકના ત્રણ લક્ષણમાં મધ્યસ્થતા ગુણ શેમાં આવે ?

**પૂ. સા. :** અપુનર્બંધકના ત્રણ લક્ષણમાં મધ્યસ્થતા ગુણ "ઉચિતપ્રવૃત્તિ"માં લઈ શકો છો, હા, ત્રણ લક્ષણમાં સીધું મધ્યસ્થતા લક્ષણ લખ્યું નથી, છતાં આ અનિવાર્ય ગુણ છે. 'ઉચિત પ્રવૃત્તિ'માં માર્ગાનુસારીના ૩૫ ગુણ આવી ગયા, અને તેમાં મધ્યસ્થતા ગુણ છે જ. ૩૫ ગુણમાંના બીજા ગુણ હોય કે ન હોય, પણ મધ્યસ્થતા ગુણ તો જોઈએ જ.

જેમ જમાલિ ભગવાનના સીધા શિષ્ય હતા. ભગવાન સાથે મતભેદ થયા પછી તેમનામાં ગુણો કેટલા છે ? ખુદ ગૌતમ મહારાજે ભગવાનને પૂછ્યું ત્યારે ભગવાને કહ્યું છે કે જમાલિ જેવો વૈરાગ્ય અતિ દુર્લભ છે. આચારપાલન એટલું કઠિન છે કે મૃત્યુ સુધીમાં એક દિવસ સ્વાદિષ્ટ ભોજન નથી કર્યું. વિષય-ભોગ પ્રત્યે વૈરાગ્યનો ભાવ, અનાસક્તિ જોઈ મસ્તક ઝૂકી જાય. પણ જીવનમાં ખૂટ્યું શું ? મધ્યસ્થતા ગુણ નથી. માટે બધી આરાધના કરી, છતાં આત્મકલ્યાણના માર્ગમાં વિકાસ થયો નથી. સકામ નિર્જરા પણ થઈ નથી, ઊલટું સંસાર વધ્યો છે. મોક્ષમાર્ગની બહાર હતા, કેમ ? ખાલી મધ્યસ્થતા ગુણ ગયો માટે.

**સભા :** મધ્યસ્થ ગુણ નહોતો કે "આણાએ ધમ્મો" ભાવ નહોતો ?

**પૂ. સા. :** “આણાએ ધમ્મો” ભાવ બધા અપુનર્બંધકમાં ન હોય, છતાં આત્મિક વિકાસ થયો છે તેમ શાસ્ત્રો કહે છે; કેમ કે મધ્યસ્થભાવ છે. સુદર્શન શેઠ, શાલિભદ્ર વગેરેને પૂર્વભવમાં “આણાએ ધમ્મો”નો ભાવ નહોતો; કેમ કે ત્યારે તેમને આણાની ખબર પણ નથી; છતાં વૈરાગ્ય અને મધ્યસ્થભાવ આવ્યો તો તર્યા. હું તો ત્યાં સુધી કહું છું કે ચારે ગતિમાં ગમે તે સંયોગોમાં ગમે તે જીવને આત્મકલ્યાણના માર્ગમાં શરૂઆત કરવી હોય તો આ બે ગુણ "must" છે. **મધ્યસ્થતા ગુણ વિના નિર્વેદ-સંવેગ હશે તોપણ આત્મકલ્યાણ નહિ કરી શકે.** જમાલિ તેનું પ્રત્યક્ષ દૃષ્ટાંત છે. અન્ય ધર્મમાં એવા સંતો હોય છે કે જેઓ વૈરાગ્યથી તરબતર હોય પણ મધ્યસ્થતાના અભાવને કારણે તેઓ મોક્ષમાર્ગની બહાર હોય.

**સભા :** જમાલી જેવા ઉચ્ચકક્ષાએ ગયેલા પણ પડી જાય ?

**પૂ. સા. :** ક્ષયોપશમભાવના બધા ગુણો જઈ શકે. સમકિત જઈ શકે તો મધ્યસ્થતાની ક્યાં વાત !

**સભા :** ‘મધ્યસ્થતા’ ગુણ લાવવા કદાગ્રહ ખરાબ માનીએ અને છોડી ન શકીએ તો ચાલે ?

**પૂ. સા. :** ના, કદાગ્રહ છોડવો જ પડે, માત્ર ખરાબ માનો તે ન ચાલે. ખાલી સંસાર દુઃખરૂપ માને એટલે અપુનર્બંધક થવાય નહિ. તેના માટે સંસારની દુઃખરૂપતા અનુભવમાં લાવવી પડે. તેની જેમ મધ્યસ્થતા ગુણ આત્મામાં પ્રગટાવવો જ પડે, કદાગ્રહને તોડવો જ પડે. તટસ્થતા-ગુણાનુરાગ લાવવો જ પડે. બીજું ઓછું કરી શકો પણ આ ગુણ હશે તો કલ્યાણ છે, અને બીજું ઘણું કરો પણ આ ગુણ નહિ હોય તો કહીશ, કલ્યાણ અસંભવિત છે.

**સભા :** કદાગ્રહ અજ્ઞાનના કારણે હોય તો ?

**પૂ. સા. :** અજ્ઞાનના કારણે અસદ્ગ્રહ હોય, કદાગ્રહ ન હોય. કદાગ્રહી એટલે અપ્રજ્ઞાપનીય. જેટલા પ્રજ્ઞાપનીય જીવો છે, તે મોક્ષમાર્ગ માટે લાયક છે, પ્રજ્ઞાપનીય નથી તે માર્ગ માટે લાયક નથી. માર્ગ પામવા માટે પ્રજ્ઞાપનીયતા જોઈએ. અપ્રજ્ઞાપનીય એટલે ગીતાર્થ જ્ઞાની ગુરુ, યોગ્ય રીતે કહે, તર્ક અને યુક્તિઓથી સમજાવે છતાં ખોટી વાતને ખોટી તરીકે સ્વીકારે નહિ, સાચી વાતને

સાચીરૂપે સ્વીકારે નહિ તે. જેની પાસે તટસ્થ મન કે open mindedness (ખુલ્લાં મનવાળાપણું) નથી તે પ્રજ્ઞાપનીય નથી પણ કદાગ્રહી છે.

**સભા :** ઘણીવાર કેવલી પણ અપુનર્બંધકને સમકિત નથી પમાડી શકતા ?

**પૂ. સા. :** તેમાં કારણ તેને અંદર ઉઘાડ નથી થતો તે છે, પોતાને દર્શન થતું નથી. બાકી અપ્રજ્ઞાપનીય છે તેવો અર્થ નથી. જે પ્રજ્ઞાપનીય ન હોય તેને મોક્ષમાર્ગમાં કહ્યા જ નથી, મોક્ષમાર્ગની બહાર જ રાખ્યા છે. અભવ્ય અમુક તત્ત્વમાં કાયમ માટે અપ્રજ્ઞાપનીય જ હોય છે. અઘરા શાસ્ત્રીય શબ્દ લઈ ઊલટા મૂંઝાશો. હું તમને સરળ ભાષામાં સમજાવવા માંગું છું. જેમ કે તમને કોઈ નજીવા કારણસર સારા માણસ સાથે ગુસ્સો આવે અને out of control ચાલ્યા જાઓ (કાબૂ ગુમાવી બેસો), ત્યારે બીજો સારો માણસ બેસાડી કહે કે તને આવું કરવાથી શું ફાયદો થયો ? નુકસાન કેટલું થયું ? તે વખતે તમે વિચારવા તૈયાર હો તો પ્રજ્ઞાપનીય. જ્યારે ઘણા તો કહે : આ જરૂરી છે. મેં કર્યું તે બરાબર જ છે. તમને ખબર નથી, ગુસ્સો ન કરીએ તો ચાલે જ નહિ. આમ, કોઈપણ રીતે પોતાની વાતનું સમર્થન કરે. આવાને પોતાની વાતનો આગ્રહ કેટલો છે ? મોટા ભાગના જીવો શાસન મળ્યા પછી પણ રખડતા કેમ રહે છે ? કેમ કે પૂર્વગ્રહો-કદાગ્રહોરૂપ મિથ્યાત્વની ગ્રંથિ છે તે તોડી શકતા નથી. તે તોડ્યા વગર મધ્યસ્થતા આવે જ નહિ. પોતાનું હિત કરવું છે, આત્મકલ્યાણ કરવું છે, તો open mind (ખુલ્લું મન) તો પાયામાં જોઈશે. દુનિયામાં મત-સંપ્રદાય ઘણા છે. આટલા બધા મત-સંપ્રદાય હોય, છતાં માને કે એક ઠેકાણે જ બધું સારું છે, બીજા બધા અપાત્ર જ છે; આવું માની ન શકાય. અરે ! મુસ્લિમમાં પણ બધા ગેરલાયક જ હોય, તેમ કહી ન શકાય, તો પછી આર્યધર્મો માટે કઈ રીતે કહી શકાય ?

ધર્મસાગરજી મ.સા. સાથે પૂ. ઉપાધ્યાયજી મહારાજાને સખત ચર્ચા થઈ છે. પૂ. પૂ. હીરસૂરીશ્વરજી મહારાજાનું પૂ. ઉપાધ્યાયજી મહારાજાને પૂરેપૂરું backing (પીઠબળ) છે; કેમ કે પૂ. ધર્મસાગરજીકહે કે બીજા મત-સંપ્રદાયમાં ભગવાનનો માર્ગ છે જ નહિ, તેથી માર્ગબહાર રહેલા તેઓની કોઈ પણ સારી વાતની પ્રશંસા-બહુમાન-સમર્થન કરાય જ નહિ.

**સભા :** અન્યમાં પણ દયાદિક ગુણો....

**પૂ. સા. :** એ માનતા હો તો તમે મારી વાત સાથે સંમત થઈ ગયા. પૂ. ઉપાધ્યાયજી મહારાજે આ જ પૂરવાર કર્યું કે અન્ય ધર્મમાં પણ ભગવાનની આજ્ઞા મુજબની દયા વગેરે હોઈ શકે છે. કોઈ શંકરનો ભક્ત, મહાવીરના દેરાસરમાં જતો ન હોય, પણ આવા આવા ગુણોવાળો હોય તો તેના દાન-દયા-પરોપકાર જિનાજ્ઞા અનુસારે કહેવાય, અને તે બધાની અનુમોદના કરવી તે સમકિતનું બીજ છે.

**સભા :** પ્રજ્ઞાપનીય હોય અને માર્ગાનુસારીના ૩૫ ગુણ ન હોય તો ?

**પૂ. સા. :** ૩૫ ગુણો એ લૌકિક માર્ગાનુસારીપણું છે. જ્યારે જયવીયરાયમાં લોકોત્તર માર્ગાનુસારિતાની યાચના છે. આ વાત ધર્મસંગ્રહની ટિપ્પણીમાં પૂ. ઉપાધ્યાયજી મહારાજાએ કહી છે. આ લોકોત્તર માર્ગાનુસારીપણું અપુનર્બંધકમાં હોય જ.

**સભા :** અમે બે તિથિની આરાધના કરીએ છીએ, તો એક તિથિની આરાધના કરનાર પર અણગમો ન થાય તે માટે શું કરવું ?

**પૂ. સા. :** આ 'બે તિથિ', 'એક તિથિ'નો તો 'હાઊ' ઊભો કરાયો છે. આ સામાચારીનો મતભેદ છે, જે જૈનસંઘમાં હોઈ શકે. હા, ન હોય તો સારું. આવા મતભેદો હોવા જોઈએ એમ હું નથી કહેતો, પરંતુ હવે જિનને ઓળખ્યા હોય તો એટલી ઉદારતા તો જોઈએ જ કે આવા nominal (ક્ષુલ્લક) મતભેદથી balance (કાબૂ) ગુમાવી દઈએ અને ભયંકર રાગ-દ્વેષ થાય તેવું વાતાવરણ ઊભું કરવું યોગ્ય ન ગણાય. જૈનધર્મનો પાયો એ છે કે આ ધર્મ પોતાના સિદ્ધાંતો કોઈ પર લાદતો નથી. ૬૪ ઈંદ્રો ભગવાનના ભક્ત હતા. ભગવાન ધારત તો આજ્ઞા કરી શકતા હતા કે બધાને પરચો બતાવ, અને જે મારી કંઠી ન બાંધે તેને સીધો કર. લાલચ-લોભ-ધાક-ધમકી દ્વારા પોતાના અનુયાયી બનાવવા તેઓ પૂર્ણ સક્ષમ હતા. જો આમાંનું કાંઈ પણ કર્યું હોત તો સમાજનો મોટો વર્ગ તેમનો જ અનુયાયી બનત; છતાં ભગવાને કશું કર્યું નથી. તેઓએ સત્યનો ઉપદેશ આપ્યો. અનુયાયીને હૃદયપરિવર્તન દ્વારા ધર્મના સિદ્ધાંતોનો સ્વીકાર કરાવ્યો છે. અમે પણ શું કહીએ ? અમને આ સાચું અને સારું લાગ્યું

તેથી અમે તે સ્વીકાર્યું છે. તમને પણ ગમે તો તેનો સ્વીકાર કરો. નયસારને ગીતાર્થ ગુરુ ભગવંતે ધર્મ પમાડ્યો એનો અર્થ તેના પર જૈનધર્મનું imposing હતું કે ઉપદેશ આપી સાચો બોધ કરાવ્યો છે ? આ નયસાર તટસ્થ હતા. ગમ્યું એટલે સ્વીકાર્યું, અને ન સ્વીકાર્યું હોત તો આચાર્ય મહારાજ નિંદા ન કરત. જેને જે સારું લાગે તે કરે. ભૂલથી ખોટું પકડાઈ ગયું હોય તો તે વ્યક્તિ દયાપાત્ર છે. પરંતુ તેની નિંદા-ટીકા કે દ્વેષ કરવાના નથી.

અત્યારે જૈનસંઘમાં પ્રચલિત મોટા ભાગના મતભેદ nominal (સામાન્ય) છે; કેમ કે major (મોટો) મતભેદ ઊભો કરવાની capacity (શક્તિ) આજના વિદ્વાનોમાં પણ છે કે કેમ તે પ્રશ્ન છે. શાસ્ત્રમાં આવતા સાતેય નિહ્નવો પૂર્વધરો હતા. નયવાદ-સ્યાદ્વાદના ખાં હતા. તેઓ પાસે પોતાની વાત રજૂ કરવાની જે તીક્ષ્ણ પ્રજ્ઞા અને તર્કશક્તિ હતી તેવી વર્તમાનમાં કોઈની પાસે નથી. અત્યારે તો એટલા minor છે કે વિશાળતાથી સમાવી દેવા જોઈએ. તેમાં દ્વેષ કરે તે મૂરખ છે. શાસ્ત્રમાં બીજા ધર્મવાળા માટે લખ્યું કે માનો કે કોઈ શંકરનો ભક્ત છે અને જૈનધર્મ પર દ્વેષ કરે છે તો તેના પર પણ કરુણા જ ચિંતવવાની છે. તો અહીં તો બધા જૈનધર્મને માનનારા છે. બધાને ઊંચા આચાર-વિચાર-સિદ્ધાંતો મળ્યા છે. વાસ્તવમાં તમને મળેલા સિદ્ધાંતોને ઊંડાણથી ભણવા, સમજવા જીવનમાં ઘણી સાધના કરવા જેવી છે. તે મૂકી આ બધામાં ક્યાં પડવાનું ? આટલી ઉદારતા અવશ્ય જોઈએ કે **કોઈને આપણી વિચારધારા ન બેઠી અને બીજાની વિચારધારા બેઠી, પણ વૈરાગ્ય છે, સરળતા છે, ગુણાનુરાગ છે, મધ્યસ્થતા છે, ત્યાં સુધી ગમે એટલા મતભેદ હોય, હું તેને આરાધક માનવા તૈયાર છું, અને તેના ગુણની અનુમોદના કરવાની જિનાજ્ઞા છે.** તમારે જૈન તરીકે એવા તૈયાર થઈ જવાનું કે કદાગ્રહને તો મનમાં સ્થાન જ ન હોય.

**સભા :** મધ્યસ્થતામાં વિકલ્પો પણ હશે ને ?

**પૂ. સા. :** ના, મધ્યસ્થતા ગુણમાં વિકલ્પ નથી. તેના stages (સ્તરો) હોઈ શકે છે. જેમ કે આ નીચલી કક્ષાની માધ્યસ્થતા, આ તેનાથી ઊંચી કક્ષાની એમ ક્રમશઃ પરાકાષ્ઠાએ વીતરાગતા છે.

**સભા :** તિથિનો મતભેદ ન માનીએ તો એક પક્ષ કહે છે કે મિથ્યાત્વ લાગે.

**પૂ. સા. :** તો તેમાં સમજી લેવાનું કે તત્ત્વના મતભેદથી મિથ્યાત્વ આવે, અને તે પણ જાણીબૂઝીને હોય તો. તિથિને મતભેદ માનો તોપણ એ તત્ત્વનો મતભેદ નથી, સામાચારીનો મતભેદ છે.

પ. પૂ. ઉપાધ્યાયજી મહારાજાએ તત્ત્વાર્થસૂત્રની ટીકામાં કહ્યું કે "તત્ત્વની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે. જાણીબૂઝીને તત્ત્વવિરોધી શ્રદ્ધા કરે તો મિથ્યાત્વ આવે, અજાણતાં અતત્ત્વની શ્રદ્ધા પણ હોઈ શકે." સમ્યગ્દર્શનનું લક્ષણ ભણ્યા હોય તેને તરત જ સમજાઈ જાય કે મિથ્યાત્વ કોઈના વળગાડ્યે વળગતું નથી. મિથ્યાત્વ-સમકિત તો હેય-ઉપાદેયના વિવેક પર નિર્ભર છે. બધી જ તત્ત્વની વિચારધારાને સમજી લો, પછી જ સમકિત આવતું હોય તો'તો કેવલજ્ઞાન થાય, પછી જ સમકિત આવે, એ પહેલાં બધાને મિથ્યાત્વી કહેવા પડશે. આ વાત હું કોઈ એક વ્યક્તિ કે પક્ષને લક્ષ્યમાં રાખીને બોલતો નથી. મારે કોઈ પક્ષનું સમર્થન કરવું નથી. આ બધાને સમાન રીતે લાગુ પડે તેવી વાત કરું છું.

**સભા :** એક તિથિવાળા બે તિથિનો પ્રસંગ હોય તો ત્યાં જવાની મનાઈ કરે છે, તો ?

**પૂ. સા. :** તમે particular target કરી વાત કરો છો, તો હું જવાબ ન આપું. હું તો કહીશ આત્મકલ્યાણ કરવું હોય તો કોઈપણ જાતની પક્ષાપક્ષીમાં પડ્યા વિના શુદ્ધધર્મને આરાધવા જેવો છે.

**સભા :** અમારે માર્ગદર્શન જોઈએ છે.

**પૂ. સા. :** વ્યક્તિગત target બનાવી પૂછો તો જાહેરમાં માર્ગદર્શન ન અપાય અને ભગવાને ઉપદેશકના માથે આવું માર્ગદર્શન આપવાની જવાબદારી પણ મૂકી નથી. ભૂતકાળમાં પણ આવા પ્રશ્નો આવતા. હું તો તિથિને ચર્ચામાં લાવવા જ માંગતો નથી. તપાગચ્છ-અચલગચ્છ વગેરેના મતભેદો ભૂતકાળમાં પણ હતા અને આજે પણ છે; છતાં પ. પૂ. હીરસૂરીશ્વરજી મહારાજાએ કહ્યું કે આ બધા ગચ્છો શ્રીસંઘમાં છે, અને જે એકબીજાને મિથ્યાદૃષ્ટિ કહે તેને પ્રાયશ્ચિત્ત લેવું પડે. આ મહાપુરુષનું પુણ્ય એવું તપતું હતું કે તેઓ આવું આજ્ઞાપત્રક બહાર પાડી શકે.

**સભા :** આપ ધર્મસાગરજીને પણ "મહાપુરુષ" કહો છો ?

**પૂ. સા. :** હા. ધર્મસાગરજી મ.સા. પણ શાસ્ત્રમાં ચુસ્ત શ્રદ્ધાવાળા, શાસ્ત્રને માનનારા હતા. માટે મહાપુરુષ જ કહીશ. અમારે વિચારધારાથી તેમની સાથે તફાવત છે.

આપણે સમજવા જેવું એ છે કે પ. પૂ. ઉપાધ્યાયજી મહારાજાએ શાસ્ત્રોના quotations આપી દાખલા-દલીલ સાથે સચોટતાથી prove (સાબિત) કર્યું કે અન્ય ધર્મમાં પણ આજ્ઞાનુસારી ગુણ હોય અને તેના પૂરક આચાર-વિચાર-આરાધના હોઈ શકે. જો બીજા ધર્મોમાં હોઈ શકે તો જૈનધર્મના એક વિભાગમાં તે ન હોઈ શકે તેવું બને ? દુનિયાના તમામ ધર્મમાં સાચી અને સારી વાતો છે, જ્યારે તમામ આર્યધર્મોમાં અધ્યાત્મનો માર્ગ પણ છે, આત્મકલ્યાણ કરનારી મોક્ષમાર્ગની ભૂમિકાઓ પણ છે. ત્યાં રહી તેઓ પોતાના ધર્મની ઉપાસના કરતાં કરતાં આત્મકલ્યાણના માર્ગમાં આગળ વધી શકે છે. જો આગળ વધતા હોય તો ભગવાનને આગ્રહ નથી કે અહીં આવી જાય અને મારો બિલ્લો પહેરે. જો બીજા ધર્મો માટે આવી ઉદારતા હોય તો અંદરો-અંદર આવી સંકુચિત વાત હોય ? તમને મળેલાં શાસ્ત્રો-વારસાને ઓળખો, સમજો તો આ મધ્યસ્થતા ગુણ આવવો જ જોઈએ. પૂ. સિદ્ધસેનદિવાકરસૂરિ મહારાજાએ કહ્યું છે કે તમામ નદીઓ સમુદ્રમાંથી નીકળી છે અને અંતે બધી સમુદ્રમાં જ સમાય તેમ જૈનધર્મને શાસ્ત્રમાં સમુદ્રની ઉપમા આપી છે અને અન્ય ધર્મોને નદીની ઉપમા આપી છે.

**સભા :** નદીઓ સમુદ્રમાંથી નીકળી કે પર્વતમાંથી ?

**પૂ. સા. :** પર્વતમાં તો પથરા હોય, પથરામાંથી નદી ન નીકળે. આ દુનિયામાં બધું પાણી વરસાદથી આવે છે, પર્વત તે પાણીને ધારણ કરી રાખે છે, પણ પાણી પેદા ક્યાંથી થાય ? સમુદ્રમાંથી. તમામ નદીઓ સાગરમાંથી પ્રગટી છે અને અંત પણ બધાનો સાગરમાં છે. આ ઉપમા દ્વારા બધા ધર્મોની તુલના કરી જૈનદર્શનની વ્યાપકતા બતાવી છે.

જૈનશાસન સમુદ્રરૂપ છે. આમાંથી દુનિયાના તમામ ધર્મોની ફીલોસોફી નીકળી છે. તમામ ધર્મોમાં જેટલી આરાધનાની કે આત્મકલ્યાણની સારી વાતો છે, તેના આદ્યપ્રરૂપક તો તીર્થંકરો જ છે. આ વાત વર્તમાનકાલીન આગમોમાં

ઉપલબ્ધ philosophyના આધારે પણ પ્રામાણિકતાથી સ્થાપિત કરી શકાય તેમ છે.

માટે જ પ. પૂ. ઉપાધ્યાયજી મહારાજાએ અમૃતવેલની સજ્ઝાયમાં કહ્યું કે "અન્યમાં પણ દયાદિક ગુણો, જેહ જિનવચન અનુસાર રે." અર્થાત્ અન્યધર્મમાં જે જિનવચન અનુસારે છે તેની પ્રશંસાથી આપણું સમકિત નિર્મળ થાય. તીર્થંકરો આવી મધ્યસ્થતાને સમકિતનું બીજ કહે છે, તો સમકિતમાં આનાથી ઊંચી જ મધ્યસ્થતા કહી હોય ને ? આ ઉપરથી સંક્ષેપમાં સમજી જાઓ. દુનિયામાં જેટલા ધર્મો છે તેમાંથી, અંશમાત્ર ધર્મઝનૂન ન હોય તેવો જૈનધર્મ તમને વારસામાં મળ્યો છે. માટે આવા અંદરો અંદર કપોલકલ્પિત ધારા-ધોરણ બાંધી કોઈને મિથ્યાત્વી વગેરે કહીશું તો તેને ભગવાનના શાસનની આશાતનાનું પાપ લાગશે.

**સભા :** સત્યને ટકાવવાની system શું ?

**પૂ. સા. :** સત્યને ટકાવવા સત્યનું સમર્થન કરાય અને અસત્યનું ખંડન કરાય; પરંતુ બીજાના સત્યને તોડી ન પડાય. બાકી હું જે સત્ય માનું છું તે સામેવાળો નથી માનતો, એમ કહીને બીજાને દબાવવાના નથી.

**સભા :** સત્યને ટકાવવા અસત્યને નાબૂદ ન કરવું જોઈએ ?

**પૂ. સા. :** તીર્થંકરોએ પણ સત્યનું સમર્થન અને અસત્યનું ખંડન કર્યું છે; પરંતુ હજુ સુધી કોઈ તીર્થંકર ઉન્માર્ગને સંપૂર્ણ નાબૂદ કરી શક્યા નથી. તમારો તીર્થંકરોથી પણ અધિક પ્રભાવ હોય કે તમારા કહેવામાત્રથી બીજા બધાનો હૃદયપલટો થઈ જાય. તેના મનમાંથી અસત્ય નીકળી જાય, તેવું હોય તો વાત જુદી. બાકી મારામારી કે ઝઘડા-ઝઘડીથી અસત્ય નાબૂદ થવાનું નથી. ઊલટા તમે અસત્યના માર્ગે ચડી જશો. આ વાત ખૂબ ગંભીરતાથી વિચારવાની જરૂર છે. તીર્થંકરો પાસે ભૌતિક શક્તિઓની પરાકાષ્ઠા હતી; પરંતુ કોઈ તીર્થંકરે જગતમાં સન્માર્ગ ફેલાવવા ભૌતિકબળનો ઉપયોગ કર્યો નથી. અધ્યાત્મના ઉપદેશ દ્વારા જ સત્યમાર્ગ પ્રવર્તાવ્યો છે અને ટકાવ્યો છે.

**સભા :** હિંદુઓ પર હમણાં કાશ્મીરમાં હુમલો થયો તો આપણને ન થાય કે મુસલમાનોને ખલાસ કરી દઉં ?

**પૂ. સા. :** તમને દેશનું સુકાન કોણે સોંપ્યું ? હિંદુઓના રક્ષણની ફરજ સરકારની છે અને મુસલમાનોને ખલાસ કરી દેવાથી કાંઈ હુમલા અટકતા નથી, ઊલટી વેરની પરંપરા વધે છે. સરકારે પણ બધાને રક્ષણ પૂરું પાડવાનું હોય છે; બધાને ખલાસ કરી દેવાના નથી. તમારી તો કોઈ જવાબદારી જ નથી; છતાં નવરા બેઠાં તરંગ-તુક્કાં જેવા ઝનૂની વિચાર કરીને તીવ્ર પાપબંધ કરો છો.

ધર્મમાં પણ રક્ષણ કરવા લડવું પડે; પરંતુ આક્રમક કે ઝનૂની બનવાની ક્યાંય વાત જ નથી.

**સભા :** દિગંબરો સાથે મધ્યસ્થભાવ કેવો રાખવો ?

**પૂ. સા. :** અમે તો જાહેરમાં કહીએ કે દિગંબરો પણ ભગવાન મહાવીરના અનુયાયી છે. તેઓ આપણા જૈનભાઈઓ જ છે. આપણી સિદ્ધાંત-આચારની સમાનતા સૌથી વધારે દિગંબરો સાથે છે, તેટલી સમાનતા બીજા ધર્મો સાથે નથી. આપણી વધારે નજીકના દિગંબરો-સ્થાનકવાસી જ છે. ઘણી વાતોમાં આપણે એક જ છીએ.

**સભા :** બધાં આગમો ઉડાવી દીધાં.

**પૂ. સા. :** એટલે જ તો તેમની સાથે સંઘભેદ કરવો પડ્યો. પણ **પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજયસેનસૂરિ મહારાજાએ લખ્યું કે ચારે ફિરકામાં સમકિત હોઈ શકે. દિગંબરો સાથે આપણને શું શું મતભેદ છે, વળી તેમની વાતમાં ક્યાં ક્યાં ખામી છે, તે પૂ. સેનસૂરિ જાણતા હતા; છતાં તટસ્થતાથી valuation (મૂલ્યાંકન) પણ કરી શકતા હતા.** તે સિવાય બીજા આવું બોલે જ નહિ. દિગંબરો પાસે પણ એવો જયણા વગેરે અહિંસામય આચાર અને અનેકાંતવાદનો સિદ્ધાંત છે કે તેના દ્વારા ત્યાં રહેલો અનુયાયી પણ સમ્યક્ત્વ પામી શકે.

**સભા :** ત્યાં યોગમાર્ગનું વર્ણન આપણા જેવું જ છે ?

**પૂ. સા. :** યોગમાર્ગનું વર્ણન તો દિગંબરો જ નહીં, પરંતુ અન્યધર્મના પતંજલિ ઋષિ આદિએ પણ કર્યું છે. પ. પૂ. સૂરિપુરંદર આ. ભ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ લખ્યું કે પતંજલિ ઋષિએ કરેલ આ વર્ણન અમારે ત્યાં કહેવાતા ૧૪ ગુણસ્થાનકના વર્ણન સાથે સમાનતા ધરાવે છે. પતંજલિ ઋષિએ વર્ણવેલી

સંપ્રજ્ઞાતસમાધિ, અસંપ્રજ્ઞાતસમાધિ વગેરે યોગમાર્ગની અંતિમ ભૂમિકારૂપ છે. ત્યાંની ધર્મમેઘસમાધિ આપણું શુક્લધ્યાન છે. હવે વૈદિકોમાં જો યોગમાર્ગનું વર્ણન હોઈ શકે તો દિગંબરોમાં ન હોય ?

દિગંબરોમાં તો અર્થ જ નહિ, યોગમાર્ગની ભૂમિકાના શબ્દો પણ ઘણા સમાન છે. થોડા મતભેદ થાય એટલે બધી રીતે નાલાયક થઈ ગયા, તેમના ગુણ-અવગુણ થઈ ગયા, આવી મનોવૃત્તિ એકાંગી છે. ધર્મના માર્ગમાં કલ્યાણ કરવું હોય તો સાચા ગુણનો ગુણાનુરાગ કરી શકે તેવું માનસ હોવું જોઈએ.

**સભા :** "अनेडमूका भूयासुस्ते..." એવું કેમ કહ્યું ?

**પૂ. સા. :** તે તો શાસનવિરોધીઓની હિતચિંતામાંથી પેદા થયેલો ભાવ છે, દ્વેષબુદ્ધિથી થયેલો ભાવ નથી. હા, જ્યારે તેઓ શાસન-સન્માર્ગનો નાશ કરવા આવે ત્યારે પાછા પડવાનું નથી, આવે વખતે છતી શક્તિએ પ્રતિકાર ન કરે તો તે પોતાના આત્માનું પણ ગુમાવે છે. તે સિવાય સામે ચાલીને offensive (આક્રમક) થવાની વાત મેં જૈનશાસ્ત્રમાં ક્યાંય વાંચી નથી. અત્યારે ઘણાને જૈનશાસ્ત્રો સમજવામાં ગેરસમજ થઈ હોય તેવું પણ બની શકે.

**સભા :** કાલિકાચાર્યએ આક્રમણ ન કર્યું ?

**પૂ. સા. :** કાલિકાચાર્યએ પણ રક્ષણ કર્યું છે. આક્રમક સ્વભાવ નુકસાન કરે છે. આક્રમક ગર્દભિલ્લને પરાસ્ત કરીને સાધ્વીનું રક્ષણ કર્યું છે. જૈનશાસ્ત્રમાં ક્યાંય સામે ચાલીને આક્રમક બન્યા હોય તેવું એક પણ દૃષ્ટાંત નહિ મળે.

હવે મૂળ વાત પર આવીએ. જૈનદર્શનમાં ક્યાંય એકાંતવાદ છે નહિ. કોઈ પ્રરૂપણા એકાંતે કરી જ ન શકાય. અનેકાંતવાદ સર્વવ્યાપી છે.

**સભા :** માધ્યસ્થતા ગુણ માટે તો એકાંત ખરો ને ?

**પૂ. સા. :** ના, તેમાં પણ અનેકાંત છે. મધ્યસ્થતા ગુણ વિના વિકાસ નહીં જ, તે કઈ અપેક્ષાએ ? જેને ગુણસ્થાનકનો વિકાસ સાધવો હોય તે અપેક્ષાએ, તે વિકાસ નથી સાધવો તે મધ્યસ્થભાવ વિના નવમા ગ્રૈવેયક સુધી જઈ શકશે. અહીં પણ મારો એકાંત સાપેક્ષ છે.

**સભા :** મધ્યસ્થતાનું મિનિમમ લેવલ શું ?

**પૂ. સા. :** તેનામાં કદાગ્રહ ન જોઈએ, પ્રજ્ઞાપનીયતારૂપ મધ્યસ્થતા જોઈએ. તે વિના શરૂઆત નથી. નિવર્તનીય કદાગ્રહ હોય તો માર્ગમાં પ્રવેશ્યો નથી, પણ પ્રવેશવા લાયક છે. જેમ કોઈ માણસમાં રોગ હોય અને મટે તેવો હોય, પણ મટે પછી નિરોગી કહેવાય ને ? તેમ આનામાં અત્યારે કદાગ્રહ છે; પરંતુ યોગ્ય સમયે યોગ્ય રીતે સમજાવવાથી છૂટી શકે એમ છે, તો તે નિવર્તનીય કદાગ્રહવાળો કહેવાય. જેમ આજે ઘણા નાસ્તિકો એવા છે કે જેઓ આત્માને નથી માનતા; પણ open minded (ખુલ્લા મનના) છે, તો તેઓને મધ્યસ્થ કહેવામાં મને વાંધો નથી.

**સભા :** આત્મા ન માને તે મધ્યસ્થ ક્યાંથી કહેવાય ?

**પૂ. સા. :** તે તો બુદ્ધિમાં બેસતો નથી, માટે નથી માનતા, બાકી સમજાવો તો માને તેવા છે. આગમમાં મધ્યસ્થ નાસ્તિક તરીકે પ્રદેશી રાજાનું દૃષ્ટાંત આવે છે.

આપણા માટે આટલી જ વાત છે કે આપણે બીજા ધર્મ-મત-પંથ-સંપ્રદાય પૂરતા સહિષ્ણુ બનીએ. તેઓમાં પણ જે વાસ્તવિક ગુણો છે તેને સ્વીકારતા થઈએ.

**સભા :** બીજા આપણા પ્રત્યે મધ્યસ્થ ન હોય તો ?

**પૂ. સા. :** તેને તમે વાજબી માનો છો કે ગેરવાજબી ?

**સભા :** ગેરવાજબી.

**પૂ. સા. :** તો હવે તમે અસહિષ્ણુ બનો તો વાજબી કેવી રીતે કહેવાય ? અસહિષ્ણુ બનવાનું crisisમાં (સંકટમાં) આવે, સામાન્ય સંયોગોમાં તો નાના મતભેદોની અસર ન લઈએ તેવું માનસ કેળવવા જેવું છે.

**સભા :** આગ્રહપૂર્વકનું સત્ય અસત્ય બને છે ?

**પૂ. સા. :** હા, જેમ ઘણાએ મમત્વથી જૈનધર્મ સ્વીકાર્યો છે, તો ભગવાન કહે છે, તેનું કલ્યાણ નહિ થાય. તેને પૂછીએ કે આ ધર્મ સારો કેમ ? તો કહે, બાપદાદાથી કરતા આવીએ છીએ માટે. એ બધા કાંઈ મૂર્ખા હતા ? તો તેને કહેવું પડે કે કાલે મુસલમાન કહેશે કે મારા બાપદાદાથી આ ધર્મ છે, તો તે પણ સાચો ? જો બધા ધર્મો બાપદાદાથી સ્વીકારવાના હોય તો ધર્મનું તત્ત્વજ્ઞાન સમજવાની જરૂર રહેતી

નથી. ઘણા જૈનો છે, જેમને આ સારું-ઊંચું કેમ છે ? અને બીજું સારું-ઊંચું કેમ નથી ? તે વિચારવાની તૈયારી જ નથી. આપણા દોષ-મમત્વ-ખામીઓ આપણને ઊંધા રસ્તે તો દોરી જતા નથી ને ? તેનું સંશોધન કરવા જેવું છે.

**સભા :** કદાગ્રહનો ત્યાગ કરે એટલે મધ્યસ્થભાવ આવી જાય ?

**પૂ. સા. :** કદાગ્રહનો ત્યાગ કરો એટલે પ્રાથમિક કક્ષાનો મધ્યસ્થભાવ આપમેળે આવે. તમે ચાર જણ ભેગા થાઓ. કોઈ કહે કે આ રસ્તો લાંબો છે, બીજો કહે, આ ટૂંકો છે. આમાં લડવાથી શું થાય ? પણ એકે કહ્યું એટલે બીજાએ કાપ્યું, પછી તેની વાત હોય ત્યારે પહેલો કાપે. આમ, અર્થ વિનાની વાતો, minor-તુચ્છ મતભેદોથી ઘણીવાર દિશા ચૂકાય છે. જેનાથી લાંબું નુકસાન થતું નથી, તેવા મતભેદોમાં ક્યારેય પડવા જેવું નથી.

દા.ત. કલ્પસૂત્રમાં જ વાત આવે છે કે અમુક આચાર્યો કહે છે કે વીરનિર્વાણથી ૯૮૦ વર્ષે કલ્પસૂત્ર લખાયું, જ્યારે બીજા આચાર્યો ૯૯૩ વર્ષે કલ્પસૂત્ર લખાયું એમ કહે છે. ૧૩ વર્ષનો તફાવત આવ્યો. હવે નીવેડો લાવવા કોઈ પ્રમાણ નથી. બંને આચાર્યોએ લખ્યું 'તત્ત્વં કેવલીગમ્યં.'

**સભા :** પણ તે મતભેદ આત્મકલ્યાણ સાથે કનેક્ટેડ નથી.

**પૂ. સા. :** મારું એ જ કહેવું છે. આવા મતભેદો હજારો છે. તેમાં મૂર્ખ જ ઝઘડો કરે, ડાહ્યો નહિ. હું દર વર્ષે કલ્પસૂત્ર વાંચું છું, કોઈ કહે કે મહારાજ, સાચું શું નક્કી કરો, પછી જ વાંચવા દઉં. તો મારે કહેવું પડે, હું સાબિત કરી શકીશ નહિ. લખનારને આગ્રહ નથી, તો તમે શું કામ માથે લઈ ફરો છો ? લખનાર ધુરંધર હતા, છતાં એવો ભાવ નથી કે પેલા ૯૮૦ જ કેમ લખે ? Minor મતભેદમાં કદી આ બધું કરવાનું નથી અને major (મોટો) હોય તો સામેવાળો સમજે તો સારું, ન સમજે તો impose (ઠોકી બેસાડવાની) કરવાની જરૂર નથી. Major મતભેદ થયો છતાં તે બધા નાલાયક નથી બની જતા, તેનામાં પણ ગુણ હોઈ શકે છે. મોક્ષમાર્ગમાં ચઢવું હોય તો આ પામવા જેવું છે. તમે ધર્મમાં ગમે તેટલા ઊંડા ઊતરો એક વાત કાયમ માટે સ્થિર જોઈશે કે વીતરાગનો ધર્મ રાગ-દ્વેષ તોડવા માટે છે, વધારવા માટે નથી. આ ધર્મ દ્વારા મારી મધ્યસ્થતા વધવી જોઈએ. દુનિયામાં કોઈ પણ ધર્મના આધ્યાત્મિક ગુણને

ગ્રહણ કરવાની-વખાણવા-સમજવાની શક્તિ-ક્ષમતા ન હોય, તેનામાં કદી સમકિત હોય જ નહિ. આવો ગુણાનુરાગ તો કેળવવો જ પડશે.

**સભા :** આ દોષ ચારિત્રમોહનીયનો કેમ નહીં ? દર્શનમોહનીયનો જ કેમ ?

**પૂ. સા. :** આ દોષ દર્શનમોહનીયનો એટલા માટે છે કે જિનવચન અનુસારી ગુણો છે, છતાં જોઈ શકતા નથી, તે દૃષ્ટિનો જ ભ્રમ કહેવાય, આચરણાનો ભ્રમ નથી. કોઈ સંન્યાસી હોય, આજીવન તપ-ત્યાગ-સંયમ પાળતા હોય, પૈસો રાખતા ન હોય, પાછા આ સંસારના કામ-ભોગો ખરાબ છે, વાસના-વિકાર તોડવા જેવા છે તેવું માને છે, સાથે તેના માટે જ આજીવન સંન્યાસ સ્વીકાર્યો છે, તો તમારે કહેવું જ પડે કે આ વ્યક્તિ સુંદર ગુણોવાળો છે. વળી સરળ હોય અને પોતાના ધર્મની ઉપાસના કરે છે. બીજા પ્રત્યે દ્વેષ રાખતો ન હોય તો મારે કહેવું જ પડે કે આ આરાધક જીવ છે, તેના આત્માનો વિકાસ નક્કી છે. તે અવશ્ય સંસાર તોડશે, આના બદલે એમ કહું કે "ગમે તે હોય પણ જૈન તો નથી ને ?" ઉપવાસ કરે છે, પણ આપણા જેવા પચ્ચક્ખાણ ક્યાં લે છે ? માટે તેની આરાધનાની value (કિંમત) શું ? અર્થાત્ 'તમારી frameમાં (તમારા ચોકઠામાં) ગોઠવાય તે જ સાચા-સારા, અને frameની (ચોકઠાની) બહાર રહ્યા તે બધા નકામા' આવું તમે માનો છો ? જો આવો ભાવ હોય તો તેનામાં દૃષ્ટિ જ નથી.

ગમે ત્યાં રહેલી, ગમે તેની સાચી-સારી વાત હોય તેને સાચી-સારી માની-જાણી-વિચારી શકે તેનામાં મારા-તારા, મત-પંથ-સંપ્રદાયના મમત્વ રહે નહિ. આવો ગુણાનુરાગ લાવ્યા વિના કોઈનો આત્મકલ્યાણના માર્ગમાં વિકાસ નથી.

# 3

**વૈશાખ સુદ-પ્ર. ૧૧, વિ. સં. ૨૦૬૨, સોમવાર, તા. ૮-૫-૨૦૦૬,**
**નવરંગપુરા, અમદાવાદ.**

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા આત્માનાં સર્વ બંધનોને કાપનાર આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જે આત્મા ભાવથી તીર્થંકરના શાસનનું શરણ સ્વીકારે, તેની આરાધના-ઉપાસના કરે, તેમ તેમ તેના કર્મરૂપ બંધનો તૂટે. આ માટે પહેલાં આત્મા બંધાયેલો છે, તેવો દૃઢ અનુભૂતિપૂર્વકનો અહેસાસ જોઈએ. આમ તો આપણે બધા પરવશપણે જન્મ્યા છીએ. આપણી પોતાની ઇચ્છાથી આપણે કાંઈ માતાના પેટમાં ઊંધા માથે રહ્યા નથી, કોઈ પસંદગીથી રહેવાનું કહે તો આ રીતે ૦।। કલાક પણ આપણે ન રહીએ. અર્થાત્ કોઈ એવું અદૃશ્ય તત્ત્વ છે કે જેની પરવશતાથી આપણો જન્મ થયો છે. આપણા દરેકના જીવનમાં ઘણી ઇચ્છાઓ અધૂરી રહી છે. નાસ્તિક પણ એમ ન કહી શકે કે હું સંપૂર્ણ સ્વતંત્ર છું, હું કોઈને પરવશ નથી. અથવા તો મારા જીવનમાં મારી બધી ઇચ્છાઓ યોગ્ય પુરુષાર્થ કરવા છતાં પૂરી થઈ છે, આમ કહેનાર દુનિયામાં કોઈ નહિ મળે. આપણા સાથે સંલગ્ન રોજિંદી ઘટનાઓમાં પણ આપણી ઇચ્છા સિવાયનાં અનેક પરિબળો કામ કરે છે, તે પ્રત્યક્ષ અનુભવનો વિષય છે. આ પરિબળને શાસ્ત્રમાં કર્મ કહ્યું છે, અને આ કર્મના સંયોગનું કારણ આત્મામાં રહેલા રાગ-દ્વેષ-મોહના પરિણામો છે. જ્યાં સુધી આત્મામાં રાગ-દ્વેષના ભાવ છે, ત્યાં સુધી જ કર્મબંધ છે. કર્મ એ બંધન છે, આંતરિક દુઃખ છે. તેના કારણરૂપ રાગ-દ્વેષને તોડવા સામાન્ય પુરુષાર્થ નહિ ચાલે, પણ કપરી સાધના કરવી પડશે, જે એકાદ ભવમાં પૂરી થવાની નથી. તેના માટે તો ભવોભવ પુરુષાર્થ

કરવો પડશે. જીવ જો સાચા માર્ગ પર ગોઠવાશે તો જ પુરુષાર્થ લેખે લાગશે. ધ્યેયથી વિરોધી દિશામાં પુરુષાર્થ હશે તો તે નિષ્ફળ જશે.

આ રાગ-દ્વેષ-મોહને તોડવા માટે માર્ગ તરીકે ભગવાને વૈરાગ્ય અને મધ્યસ્થભાવની સાધના દર્શાવી છે. આત્માને ધ્યેયની દિશામાં લઈ જવાનો રાજમાર્ગ આ બે ગુણ છે. જેને પણ વીતરાગ બનવું છે, તેણે આ બે ગુણ કેળવાય તેવો પુરુષાર્થ કરવાનો છે. આ બે ગુણને પામ્યા વિના કોઈ જીવ વીતરાગ બને એ શક્ય નથી. મોક્ષમાર્ગની સીધી દિશારૂપ આ બે ગુણો છે. જેને જીવનમાં ખરેખર આત્મકલ્યાણ કરવું છે, તેના આત્મામાં આ બે ગુણ બરોબર વણાઈ જવા જોઈએ. જો આ બે ગુણ પ્રગટ્યા ન હોય તો તે પ્રગટાવવા તાત્કાલિક પ્રયત્ન કરવો જોઈએ. તેના વગર સાચો માર્ગ જ નથી. **વીતરાગતાને ગમાડવી એ વૈરાગ્ય છે, અને વીતરાગતાની દિશામાં આંશિક પ્રયત્ન તે મધ્યસ્થતા છે.**

મધ્યસ્થતા=બધા જ દ્વન્દ્વોમાં જે મધ્યમાં રહે, એટલે કે કોઈ એક જ દિશામાં ફંટાઈ ગયેલો ન હોય. સંસારમાં જેટલાં પણ દ્વન્દ્વો છે, તેમાં ક્યાંય ઢળવા જેવું નથી. બધા પ્રત્યે સમાન ભાવ, તટસ્થ ભાવ જોઈએ. ક્યાંય લેપાવાનું નહિ, કોઈ પ્રત્યે પક્ષપાત નહિ. આમ જેનું મન સંકલ્પ-વિકલ્પરૂપી તરંગોથી સંપૂર્ણ રહિત, શાંત, સ્વસ્થ, નિર્વિકારી, તૃપ્ત હોય તે સમતામાં રહેલો છે. સમતાવાળા મુનિઓના મન આવાં શાંત-પ્રશાંત, સ્થિર, તૃપ્ત, એકાગ્ર, નિર્મળ, પવિત્ર હોય છે. તેમના મનમાં ખળભળાટ-આંદોલનો-વિકાર-વાસના કે આવેગ જન્માવે તેવું કોઈ પરિબળ રહ્યું નથી. જેમ દરિયો ઘૂઘવાટ કરતો હોય, અંદરમાં મોજાં ઉછળતાં હોય, તેમાં પ્રવેશ કરે તે પણ અટવાઈ જાય, ફેંકાઈ જાય તેવો તોફાની હોય ત્યારે ભલભલા અંદર ગરકાવ થઈ જાય; તેમ રાગનાં તીવ્ર આંદોલનોથી ભરેલું, ચારે બાજુ વાસના-વિકારથી સતત લપલપ કરતું મન હોય, ત્યાં સુધી તે મન તમને શાંતિ નહિ આપે. વળી, અત્યારે તમે મનથી છૂટા પડવાના નથી. તેનો વિયોગ તો સાધનાના છેલ્લા તબક્કામાં જ થાય છે. તમે શરીરથી અળગા થઈ શકતા નથી, પણ ઊંઘમાં શરીરની અસર નહિવત્ હોય છે. જ્યારે મન તો ઊંઘમાં પણ સક્રિય રહે છે. ગાઢ નિદ્રામાં મચ્છર કરડે તો ખબર નહિ પડે, શરીરનું પણ ભાન ન રહે; છતાં મન તો ઉપયોગરૂપે

સક્રિય જ છે. ૨૪ કલાકમાં ક્યારે પણ તમે તમારા મનથી અળગા થતા નથી. અત્યારે આત્માની નિકટમાં નિકટ મન છે, અને રાગ-દ્વેષ મનમાં જ વસે છે, શરીર પર તેની અસર આવે છે. દા. ત. મનમાં ગુસ્સો પ્રગટ થયો. તો તેની નિશાનીરૂપે ભવાં ચઢી જાય, બોલવાનું ભાન ન રહે, પણ ક્રોધનું ઉદ્‌ગમસ્થાન મન જ છે, શરીર નહિ. કામ-ક્રોધ, અસહિષ્ણુતા, રાગ-દ્વેષ બધા અશાંતિ પેદા કરનારા ભાવોનો જન્મ મનમાં છે.

**સભા :** આ બધા ભાવોનો જન્મ આત્મામાં નથી ?

**પૂ. સા. :** ના, સિદ્ધો અને વીતરાગ બંને આત્મા તો છે, જો માત્ર આત્માથી જ આ ભાવો પેદા થતા હોય તો આ બધા ભાવો તેમનામાં પણ પેદા થવા જોઈએ; પરંતુ તેઓના આત્મામાં રાગ-દ્વેષ પેદા થતા નથી. કારણ કે મોહ નથી. મોહ મનમાં રહે છે, **મોહ નાશ પામે એટલે આત્મા અમનસ્ક=ભાવમન રહિત થઈ જાય છે.** કેવળીને દ્રવ્યમન છે, પણ ભાવમન નથી; કેમ કે ભાવમન મોહના ભાવોરૂપ છે. મોહ જ જતો રહ્યો છે. માટે ભાવમન નાશ પામી ગયું છે, તેથી જ વીતરાગને શાસ્ત્રમાં 'અમનસ્ક યોગી' કહ્યા છે. તેમનું મન જ નાબૂદ થઈ ગયું છે, મનની આધિ-વ્યાધિથી તેઓ પર બન્યા છે.

**સભા :** ભાવમનમાં શુભભાવ અને અશુભભાવ બંને રહે ને ?

**પૂ. સા. :** હા, ભાવમનમાં બંને પરિણામ રહે છે, પણ બંને કષાયના આવેગરૂપ છે. ભાવમન નાશ પામ્યા પછી શુભ-અશુભ કોઈ પરિણામ નથી. 'ભાવમલ' વીતરાગ ન થાય ત્યાં સુધી રહે. શુભ-અશુભ પરિણામ ભાવમનમાં થાય, શુદ્ધ પરિણામ આત્મામાં થાય. **જે મનમાં રાગ-દ્વેષના બીજ રહેલા છે, તેને શાસ્ત્રમાં ભાવમન કહ્યું છે.** ભાવમન આત્મા ઉપર પુદ્‌ગલની અસરરૂપ છે, પુદ્‌ગલનો સંબંધ છે ત્યાં સુધી આત્માને પીડા થવાની.

**સભા :** પુદ્‌ગલ અલગ છે છતાં આત્માને પીડે ?

**પૂ. સા. :** તેમ તો શરીર પણ આત્માથી અલગ છે, છતાં આત્માને ત્રાસ આપે જ છે ને ? જડ એવા મન, ઇન્દ્રિયો, દેહ બધું જ ૨૪ કલાક આત્માને ત્રાસ આપે છે. આત્માથી પરાયું હોય, ભિન્ન હોય તે આત્માને દુઃખ-ત્રાસ ન આપે તેવો કોઈ નિયમ નથી. આંશિક શુદ્ધિ હોય પણ કલુષિતતા છે ત્યાં સુધી

દુઃખ રહે જ. પૂર્ણ શુદ્ધિ વિના સર્વ દુઃખોનો અંત આવે જ નહિ. આ વાત એક નિયમ તરીકે ગોખી લો કે **તમામ બાહ્ય દુઃખોનો અંત અશરીરી બન્યા વિના, અને સર્વ આંતરિક દુઃખોનો અંત વીતરાગ બન્યા વિના નથી જ.**

જડ એવા મનના આલંબનથી આત્મામાં રાગ-દ્વેષ થાય છે, માટે જ તેને ભાવમન કહીએ છીએ. આંખથી જોયેલી વસ્તુનું દર્શન જેમ આંખમાં રહેતું નથી, આંખ તો સાધન છે અને દર્શન થયું તે ઇન્દ્રિયજન્ય જ્ઞાનરૂપ છે, તેમ દ્રવ્યમનના આલંબનથી આત્મામાં ભાવ થાય તેને ભાવમન કહીએ છીએ, દ્રવ્યમન તો સાધન છે.

**સભા :** વીતરાગને કોઈ ભાવ થાય જ નહિ ?

**પૂ. સા. :** વીતરાગને આત્માના શુદ્ધ ભાવ થાય છે, જે અંદરમાં ક્યારેય અશાંતિ-દુઃખ-સંતાપ પેદા કરતા નથી. આ સૃષ્ટિમાં જેટલું જુએ છે, જાણે છે, તે બધાના વિષયમાં વીતરાગને સંપૂર્ણ મધ્યસ્થતા છે. સિદ્ધો કાયમ ખાતે વિશ્વ પ્રત્યે તટસ્થ છે. આ ભાવ ક્ષાયિક છે. સિદ્ધોમાં ક્ષાયિકભાવની વીતરાગતા કાયમ રહે છે. આખા વિશ્વને જુએ છે, જાણે છે, પણ ક્યાંય લેપાતા નથી, પક્ષપાત છે જ નહિ.

ટૂંકમાં આપણો **target એ જોઈએ કે આરાધના કરી આપણા આત્માને વીતરાગ બનાવવો** અને તેની દિશા આ બે ગુણથી ખૂલે છે. અપુનર્બંધક અવસ્થા પહેલું પગથિયું છે. તે પામવા વૈરાગ્ય અને મધ્યસ્થભાવ એવો લાવવો જોઈએ કે જેથી બધા કદાગ્રહ તૂટી જાય. આ primary (પ્રાથમિક) મધ્યસ્થતા સિદ્ધોની વીતરાગતારૂપ મધ્યસ્થતાનો કણીયો છે. જેને કદાગ્રહ છે, તેના મનમાં સાચી મધ્યસ્થતા નથી.

જીવનમાં સાચા અને સારાનો આગ્રહ રાખવાનો છે. કદાગ્રહની સામે સદાગ્રહને ગોઠવવાનો છે, પણ કદાગ્રહ-સદાગ્રહ બંનેનો વિભાગ બરાબર સમજવાનો આવશે. સદાગ્રહના નામે ધર્મઝનૂન પેદા કરવાનું નથી. જો ધર્મઝનૂન પેદા થાય તો સમજવાનું કે સદાગ્રહ નથી. તમારામાં સદાગ્રહ છે કે નહીં તેની નિશાની શું ? તમારી માન્યતાથી વિરોધી માન્યતાવાળો ગુણિયલ જીવ હોય, છતાં તમે તેના પ્રત્યેની પૂર્વધારણાઓને કારણે તેના ગુણ જોઈ ન શકો, કદર

ન કરી શકો, તો સમજવાનું કે તમારામાં સદાગ્રહ નથી. બાકી સારી વસ્તુની નિષ્ઠા-રુચિ રાખવા તમે સ્વતંત્ર છો. ધર્મમાં સાચો પ્રવેશ કરવો હોય તો મારે-તમારે બધાંએ રાગ-દ્વેષ છોડી જે સાચું-હિતકારી-સારું લાગે તેને જીવનમાં અપનાવવાનું છે. આ દુનિયામાં બધાની બુદ્ધિ-રુચિ-સમજ કે માનસિકતા સમાન નથી. બધાને એક જ પ્રકારની માન્યતા કે ધર્મ સ્વીકાર્ય બને - પસંદ પડે, તેવું કોઈ કાળમાં બન્યું નથી. હરેક કાળમાં અનેક ધર્મો રહ્યા છે અને રહેશે. ધર્મમાં મતભેદ ન હોય, વિચારધારાનો ભેદ ન હોય તેવું ક્યાંય બને નહિ.

ભગવાન ઋષભદેવે ધર્મતીર્થની સ્થાપના કરી તેના થોડા કાળ બાદ જ મરીચિએ નવો મત સ્થાપ્યો અને સાંખ્યદર્શનની શરૂઆત કરી. આ ચોથા આરાના શરૂઆતની વાત છે. જ્યારે આ તો પાંચમો આરો અને તેમાં પણ હૂંડા અવસર્પિણી છે. અત્યારે બીજા ધર્મો સાથે મતભેદ રહે અને જૈનધર્મમાં પણ પરસ્પર મતભેદ રહેશે. આવા કાળમાં આપણે આશા રાખીએ કે "મને સાચું-સારું લાગ્યું તે બધાએ સ્વીકારવું જોઈએ, અને ન સ્વીકારે તેના પ્રત્યે દ્વેષ, અરુચિ-નિંદા-ટીકા-ટીપ્પણ કરવી જોઈએ" તો આ યોગ્ય ગણાય ? જૈનધર્મ તો આવું શીખવતો નથી. ઊલટું જૈન ધર્મ એમ કહે છે કે આવો સદાગ્રહ વાસ્તવમાં કદાગ્રહ છે.

**સભા :** અમુક વખતે અમે વડીલ તરીકે જવાબદારી પર હોઈએ અને પરિવારમાં કહે કે અમે આ નથી માનતા, તો ત્યારે સાચું કહેવાની જવાબદારી આવે કે ન આવે ?

**પૂ. સા. :** તમે તમારા દીકરાને પણ ધર્મની માન્યતા impose કરી (લાદી) ક્યાં સુધી ધર્મ કરાવી શકશો ? નાનો હશે, immature (અણસમજુ) હશે ત્યાં સુધી. Mature (સમજુ) થયા પછી, પોતાના બળ પર જીવી શકે તેવો થયા પછી, તમારી માન્યતા impose (લાદી) નહિ કરી શકો. કદાચ તેને તમારા પર રાગ છે અને વિનયી છે, તો તમારી વાત અમલ કરે, સ્વીકારે, પણ તે મનથી ધર્મ કરશે કે તમને રાજી રાખવા ધર્મ કરશે ?

**સભા :** મારો પ્રશ્ન છે ત્યાં અમારી જવાબદારીમાં સૂચના આપવાની આવે કે ન આવે ?

**પૂ. સા. :** શાસ્ત્ર કહે છે, સંતાનો તમારાં આશ્રિત છે, આખી દુનિયા તમારી આશ્રિત નથી. જેમ શરણે આવેલા શિષ્ય કે શ્રાવકો માટે ગુરુની જવાબદારી છે, બીજાની નથી. તેમ તમારાં સંતાનો - તમારા આશ્રિતોના વિકાસ માટે તમારી ફરજ આવે, કે તેને સાચું માર્ગદર્શન, સાચી દિશા બતાવવી; પણ mature થાય પછી ન સ્વીકારે, ન માને, તો દબાણથી - પરાણે તેની પાસે ધર્મ કરાવવો તેવી ભગવાનની આજ્ઞા નથી; છતાં એ સમજવાનું કે, તે એવો ઉદ્ધત બને કે ઘરમાં બીજાને ધર્મ કરવા ન દે, બીજાને અવરોધ-આડખીલી-ત્રાસ કરે તો તમારે કહેવું જ જોઈએ કે આ તારો right નથી. પુત્રવધૂને પણ ધર્મ પસંદ હોય અને પુત્ર રોકતો હોય તો તમે કહી શકો કે તેને રોકવાનો તારો કોઈ right નથી. એટલે કે કુટુંબનો minimum Code of Conduct તોડતો હોય તો તમે કહી શકો કે તું ધર્મ કરે કે ન કરે, તે તારી વ્યક્તિગત વાત છે, પણ કુટુંબમાં રહેવું હોય, કુટુંબના લાભ મેળવવા હોય તો આ minimum Code of Conduct નો ભંગ નહિ ચાલે. ન ફાવે તો તારે ઘરની બહાર નીકળવું પડશે. પણ અત્યારે તમે કુટુંબમાં minimum Code of Conduct રાખ્યા છે ખરા ? ધર્મના સંસ્કારોરૂપે વારસો જાળવ્યો છે ખરો ? જેમ આર્યદેશ, આર્યપરંપરામાં વ્યવહારરૂપે અમુક આચાર fix હોય તેમ ધર્મની દૃષ્ટિએ પણ કુટુંબમાં અમુક ફીક્સ આચાર હોવા જ જોઈએ, અને તેનો ભંગ ન જ ચલાવી લેવાય.

**સભા :** Minimum Code of Conduct રાખ્યા હોય કે દર્શન કર્યા વિના પાણી ન પીવું, તો તેમ કરી શકાય ?

**પૂ. સા. :** બધાનો કાયમ પળાતો કુટંબનો આચાર હોય તો પાળવાનું કહી શકાય, પણ પોતાનું જ રહી જતું હોય તો બોલી ન શકે. પોતે જ જરાજરામાં બાંધછોડ કરતો હોય તો ન ચાલે.

**સભા :** છોકરા મોટા થઈ જાય, પછી ન પાળે તો ?

**પૂ. સા. :** તો કહેવાનું કે કુટુંબમાં રહેનાર દરેક સદસ્ય માટે આ compulsionરૂપે આચાર છે. આનાથી વધારે શ્રદ્ધા કરવી ન કરવી, ધર્મની બીજી વાતો માનવી ન માનવી તે તારી મરજીની વાત છે, પણ આ કુટુંબમાં

જે મર્યાદા (limit) ચાલી આવે છે તે નહિ તોડાય. આવી રીતે action (પગલાં) લેવામાં તમે મધ્યસ્થતા ગુમાવી ન કહેવાય; કેમ કે મોટા લાભને સામે રાખી નાની વાતમાં કડક રહ્યા છો. તેમ તો શિષ્ય પણ મોટી ભૂલ કરે તો ગુરુ કડક થાય ત્યારે મધ્યસ્થતા ગુમાવી ન કહેવાય. તે વખતે પણ તેના પ્રત્યે વાત્સલ્ય હોય. તેનામાં રહેલા ગુણો પ્રત્યે રાગ-સદ્ભાવ પણ હોય, માત્ર અમુક ખામીઓ છે, તેનાથી તેના જીવનમાં નુકસાન થાય છે. અને પાછા શરણે આવેલા છે, માટે જવાબદારી તરીકે માથું મારે છે.

**સભા :** એટલે માન્યતારૂપે impose નહિ કરવું, પણ આચારરૂપે impose કરી શકાય ?

**પૂ. સા. :** માન્યતા તો impose કરવી હોય તોપણ કરી શકાતી નથી; કારણ કે બીજાનું મન તમારા હાથમાં નથી. જબરદસ્તી આચરણમાં જ કરી શકાય છે. અને તે કરવાનું કારણ શરણ તેણે સામેથી જ સ્વીકાર્યું છે કે મારું રક્ષણ, હિત કરજો. માટે ત્યાં impose કરવું પડે છે. બાકી જેની સાથે આશ્રિત-શરણાગતનો સંબંધ નથી, ત્યાં માન્યતાથી - આચારથી કશાથી impose કરવાની જવાબદારી નથી. જૈનધર્મ બળજબરીમાં માનતો નથી, નહિ તો લાખો લોકોને લાલચ આપી સકંજામાં લઈ જૈન બનાવી શકત. બધા ધર્મોએ વટાળવૃત્તિ ચાલુ કરી છે. જૈનધર્મ એવું ક્યાંય નહિ કરે. આપણે જિનને માનનારા છીએ માટે મધ્યસ્થતા ગુણ કેળવવા પાયામાંથી જ ઉપદેશ મળ્યો છે. આપણા સંસ્કાર એવા છે કે બીજા સાથે દબાણ કરવાની ક્યાંય પ્રેરણા આપે નહીં. જીવનમાં બીજા પ્રત્યે અસહિષ્ણુતા કે આક્રમકવૃત્તિ આવી તો સમજવાનું કે મધ્યસ્થતા રહી નથી અને કદાચ સદાગ્રહ કેળવેલો હશે તો તે હવે કદાગ્રહમાં convert થઈ ગયો છે.

અત્યારે જૈનધર્મમાં ઘણા મતભેદ-વિભાગ-ફાંટા છે. દિગંબર-સ્થાનકવાસી-તેરાપંથી બધા મહાવીરને માનનારા છે, અને પોતાને સંમત આચાર-વિચાર પાળે છે. શ્વેતાંબર મૂર્તિપૂજકમાં પણ નાના નાના ઘણા સંપ્રદાય છે; પરંતુ એક સંઘ તરીકે બધાને સમાવી શકાય તેવા છે. જે મતભેદો ચલાવી લેવાય તેવા ન હતા, તેના આધારે ભૂતકાળમાં બે વાર સંઘભેદ થયો છે :(૧) દિગંબર અને (૨) સ્થાનકવાસી. તેરાપંથી તો સ્થાનકવાસીમાંથી છૂટા પડ્યા છે.

વર્તમાનમાં આપણી ઓળખાણ "શ્વેતાંબર-મૂર્તિપૂજક જૈનસંઘ"રૂપે અપાય છે. જ્યારે ભગવાન મહાવીરે જે સંઘ સ્થાપ્યો તે ખાલી "જૈનસંઘ" હતો, શ્વેતાંબર કે મૂર્તિપૂજક આવા વિશેષણની જરૂર નહોતી, પણ સંઘભેદ થયા પછી જુદાઈ જાળવવા આ બે વિશેષણ સ્વીકાર્યાં છે. તે ઉપરાંત તીર્થ, પ્રતિમા વગેરેના ઝઘડા થતા, તેને મિટાવવા મૂર્તિમાં પણ કચ્છ-કંદોરા નિયતપણે ઉપસાવવામાં આવ્યા. તેમ સ્થાનકવાસીથી જુદાઈ જાળવવા વાચના આદિના સમયે મુહપત્તિ બાંધવાની પ્રણાલિકા હતી, તે ત્યાગ કરાઈ; પરંતુ આ બધું સંઘભેદરૂપે છે, ધર્મભેદરૂપે નથી. તેથી **ચારે ફિરકામાં રહેલા કોઈને પણ તમે જૈનધર્મી કે જૈનધર્મના અનુયાયી તરીકે ન સ્વીકારો તો તે પણ એક પ્રકારનો કદાગ્રહ-દ્વેષબુદ્ધિ જ છે.** માત્ર અમે જ જૈનધર્મના અનુયાયી છીએ, તેવું ન કહેવાય; તેમને જૈનધર્મની બહાર ન મનાય. ચારે ફિરકા પ્રભુ મહાવીરને માને છે, તેથી તેમને જૈન તરીકે સ્વીકાર્યા છે; પણ સંઘમાં ગણતરી કરવાની વાત આવી ત્યારે સ્થાનકવાસી, દિગંબરો અને તેરાપંથીને સ્વીકાર્યા નથી. જ્યારે સિદ્ધાંતના એવા મતભેદ આવે કે જે શાસ્ત્રદૃષ્ટિએ ચલાવી ન લેવાય, ત્યારે સંઘબહાર કરવા પડે, પણ જૈનધર્મની બહાર નથી.

**સભા :** છૂટા પડેલા છે, આવું તો કહેવાય ને ?

**પૂ. સા. :** છૂટા સંઘમાંથી પડ્યા છે, જૈનધર્મમાંથી પૂરેપૂરા નહિ. માટે દિગંબરો-સ્થાનકવાસી સંઘમાં નથી, પરંતુ જૈનધર્મની બહાર છે એવું વ્યવહારથી ન કહેવાય. તેમને સાધર્મિક ન કહેવાય, પરંતુ "નવકારશી"માં સ્થાન અપાય. જેમ કે, ભારતના વૈષ્ણવ-શંકર-બૌદ્ધ વગેરે કોઈપણ ધર્મને કે તેમના અનુયાયીઓને આર્યધર્મમાં છે, તેમ કહીએ ને ? ખાલી પશ્ચિમના ધર્મોને જ આર્યધર્મની બહાર મૂકીએ છીએ. તેમ ચારે ફીરકાવાળાને જૈન કહેવાય. પછી સંઘની વાત આવે તો કહીએ, અમે તેમને સંઘમાં માનતા નથી. "સંઘજમણ"માં તેમને નિમંત્રણ નથી, સાથે સાતક્ષેત્રની વ્યવસ્થા-તીર્થો-ધર્મસ્થાનકો વગેરે ભૌતિક સંપત્તિઓમાં પણ જુદાઈ છે. દિગંબરસાધુએ પ્રતિષ્ઠા કરેલા, સ્થાપેલા જિનમંદિરમાં અમે દર્શન-પૂજન કરવા ન જઈએ, અને આપણા જિનમંદિરમાં તેઓ ઉપાસના કરવા આવતા નથી.

**સભા :** દિગંબરો વ્યવહારથી મહાવીરના અનુયાયી છે કે નિશ્ચયથી ?

**પૂ. સા. :** પહેલાં નિશ્ચયથી તમે મહાવીરના અનુયાયી છો ? કો'કના ગળે પડો તેવા છો. પહેલાં તમે છો કે નહિ તે તો નક્કી કરો. નિશ્ચયનયથી જૈનધર્મના અનુયાયી કોણ ? અને વ્યવહારનયથી કોણ ? તેવો વિભાગ પાડવો હોય તો આપણા ધુરંધર આચાર્યોએ **આગમનાં વચન આપી કહ્યું છે કે "ગમે તે ધર્મમાં રહેલો પણ જે અધ્યાત્મ પામેલો છે, મુમુક્ષુ છે, વૈરાગ્યથી વાસિત અંતઃકરણવાળો છે અને ગુણને વરેલો છે, તે બીજે રહ્યો હોય, તોપણ જિનનો જ ઉપાસક છે."** તેને નિશ્ચયનયથી જૈનધર્મનો અનુયાયી કહ્યો છે, પછી ભલે તે દેરાસર પણ ન આવતો હોય. પૂ. ઉપાધ્યાયજી મહારાજાએ સાચા જૈનત્વની ઓળખાણ આપવા ગુજરાતીમાં "જૈન કહો ક્યું હોવે પરમ ગુરુ" સજ્ઝાય બનાવી છે. તેમાં એક ગાથા છે કે :

**"જૈનભાવ જ્ઞાને સબમાંહી, શિવ સાધન સદહિએ,**
**નામવેષશું કામ ન સીઝે, ભાવ-ઉદાસે રહીએ."**

અર્થાત્ જ્ઞાનથી બધામાં જૈનત્વ રહ્યું છે. પછી તે ક્યાં રહેલો છે ? તે જોવાતું નથી; પણ જ્ઞાન કયું લેવાનું ?

**સભા :** સમ્યગ્જ્ઞાન ?

**પૂ. સા. :** ના, તે તો સમકિત પછી આવે. અહીં તો **જે મોક્ષનું સાધન બને, અને આત્માને મોક્ષમાર્ગમાં ચડાવે, જે અંદરથી મોક્ષપ્રાપ્તિની પ્રેરણા કરે, તેવું જ્ઞાન લેવાનું છે. આ જ્ઞાન જેનામાં હોય તે બધા ભાવથી જૈન છે."** નિશ્ચયનયની વ્યાખ્યામાં તો તમારો પણ ઇજારો નહિ રહે. તમારા પણ ડાંડિયા ડૂલ થઈ જશે.

**સભા (સાધુ) :** આપણા પૂર્વજોએ પણ પીળાં વસ્ત્ર પહેરેલાં ને ?

**પૂ. સા. :** પીળાં વસ્ત્ર યતિઓથી જુદા પડવા પહેર્યાં છે. આમ તો યતિઓ પણ ધુરંધર હતા, ખાલી પાછળથી જ્ઞાન-ધ્યાન ભૂલાઈ ગયાં. તે કાળમાં ગૃહસ્થ જેવા બની ગયેલા યતિઓ પણ સફેદ વસ્ત્રો પહેરતા હતા. તેમનાથી જુદા પડવા આપણા વડીલોએ પીળાં વસ્ત્રો પહેર્યાં હતાં.

વ્યવહારનયથી ચારે ફિરકા જૈનધર્મના અનુયાયી જ કહેવાય. તમને કોઈ

પૂછે તો કહેવું પડે "તેઓ પણ જૈન જ છે", જિનના ઉપાસક જ છે. તમે ખોટા સંકુચિત બનશો અને જાતે નિર્ણય કરી મન ફાવે તેમ label (પાટિયાં) મારશો તોપણ પાપ બાંધશો.

**સભા (સાધુ) :** શુદ્ધવ્યવહારનયથી જૈન કોણ ?

**પૂ. સા. :** હંમેશાં તમારો સ્વભાવ એવો કે બીજાને માપવા જ ફૂટપટ્ટી રાખવાની. હું શુદ્ધવ્યવહારનયથી સાધુનો criteria બાંધું ? તે તો પહેલાં તમારા પર જ apply (લાગુ) થશે ને ?

**સભા (સાધુ) :** અશુદ્ધવ્યવહારનયનું તો શાસનમાં સ્થાન જ નથી ને ?

**પૂ. સા. :** તો તો સંઘજમણમાંથી બધાને બહાર કાઢવા પડે, એ કરવા તમે દાંડો લઈને બારણે ઊભા રહેજો. તમારે એમ છે કે મેં ધર્મમાં જરા જાણ્યું, તે બીજામાં ન દેખાય એટલે તેની નિંદા કરવાની, બહાર કાઢવાની વાત આવે. બસ, આ જ તમારામાં 'મધ્યસ્થતાનો અભાવ' અને સ્વભાવની સંકુચિતતા સૂચવે છે.

**સભા :** દિગંબરોએ આપણા મૂળ નિયમોનો અપલાપ કર્યો છતાં તેમને જૈન કેમ કહેવાય ?

**પૂ. સા. :** આ વાત મને માન્ય નથી. દિગંબરોએ પ્રભુ મહાવીરના તમામ સિદ્ધાંતોનો અપલાપ કર્યો છે ? આજે પણ તેમના ઘણા સિદ્ધાંતો આપણા જેવા જ છે ? આપણે અને દિગંબરોને મુખ્ય ૮૪ બાબતોમાં મતભેદ છે, બાકી અનેક બાબતોમાં એક છીએ.

**સભા :** એવો પણ નિયમ છે ને કે જે એકને ન માને તે બધાનો ઇનકાર કરે છે ?

**પૂ. સા. :** તો તમે ક્યાં છો ? તમારી આંગળી સામે જ જાય છે, પોતાના તરફ જતી જ નથી. હું તો ન્યાયથી મધ્યસ્થતાપૂર્વક કહીશ કે મહાવીરે સ્થાપેલા હજારો સિદ્ધાંતોને દિગંબરો પ્રામાણિકપણે માને છે. આપણી અને દિગંબરો વચ્ચે અમુક મતભેદ છે, બાકી હજારો બાબતોમાં આપણે એક છીએ, પણ તમને હજારો સિદ્ધાંતોની સંમતિ નથી દેખાતી. માત્ર મતભેદ જ દેખાય છે;

તો મહાવીરની વાતને અમાન્ય કોણ કરે છે, હું કે તમે ? તમારે તો જે બાજુ ઢળ્યા તે બાજુનો પક્ષપાત જ આવી જાય. તમે સાચો ન્યાય કોઈને આપી જ ન શકો, અને આવા માટે કલ્યાણના દરવાજા બંધ જ છે. તમે એક વાત ગોખી રાખો કે **મધ્યસ્થતા વિના મોક્ષમાર્ગમાં પ્રવેશ જ નથી.** સમકિતી તો ભગવાનના કહેલા જે જે ગુણો જ્યાં જ્યાં દેખાય તે બધાની અહીં બેઠાં અનુમોદના કરી શકે. સ્યાદ્‌વાદની બુદ્ધિવાળો જ સમકિત પામે છે.

અમારે ત્યાં ઉપમિતિમાં પ્રસંગ છે : મહાપાત્ર, બુદ્ધિનિધાન રાજકુમાર દીક્ષા લઈને શિષ્ય બની કેવળી પાસે ભણવા બેસે છે. તે ગુરુને પૂછે છે કે હું દિવસ-રાત મહેનત કરી આ શ્રુત મેળવું છું, પણ તેનો હું ખરો પારગામી ક્યારે બનીશ ? તેના રહસ્યને ખરેખર ક્યારે પામીશ ? બંને ગુરુ-શિષ્ય top levelના છે. ઉત્તમ શ્રોતા તરીકે શિષ્ય છે અને ઉત્તમ વક્તા તરીકે કેવલજ્ઞાની ગુરુ છે. શિષ્ય પૂછે છે કે "પાર પામ્યો કે ન પામ્યો, તેની નિશાની શું ?" ગુરુએ કહ્યું : **"જે દિવસે તને આ દુનિયાનાં તમામ દર્શનો, તમામ મત-પંથ-સંપ્રદાયમાં રહેલું તત્ત્વ, જેમ બધી નદીઓ સાગરમાં મળતી દેખાય, તેમ બધી તત્ત્વજ્ઞાનની વિચારધારા જૈનધર્મમાં મળતી દેખાશે, તે દિવસે તું જૈનશાસ્ત્રના રહસ્યને પામીશ. દુનિયાના તમામ ધર્મોનું તત્ત્વ ઝરણારૂપે વહી જિનશાસનરૂપી સાગરમાં મળી જતું દેખાશે, તે દિવસે તું શ્રુતજ્ઞાનનો પાર પામીશ. સાચા શાસ્ત્રજ્ઞ થયેલાની આ નિશાની છે."** જેને સહેજમાં બધાની ખામી લાગે, કોઈની યોગ્ય વાત સમજી-સ્વીકારી ન શકે, તે શાસ્ત્રજ્ઞ બની ન શકે. તમને આ વાત કડક લાગશે, પણ મધ્યસ્થતાને પામવા આ બધું સમજવું જ પડશે. હા, મધ્યસ્થતાનો અર્થ એ નથી કે બધા ધર્મોની માખણિયાવૃત્તિથી પ્રશંસા કરવી કે તેમની ખોટી વાતોને પણ સમર્થન આપવું. બધાને પ્રોત્સાહન નથી આપવાનું કે બધાને સમાન નથી કહેવાના; છતાંય એટલું તો નક્કી કે તમે ગમે ત્યાં રહેલા હો, તમારું ગમે એટલું સાચું અને સારું હોય, પણ બીજા મત-સંપ્રદાયમાં જેટલું સારું-સાચું છે તે બધાને યોગ્ય ન્યાય આપવો જ પડશે. જો તેને ન્યાય ન આપી શકો તેવા આંધળા-એકાંગી બની જશો, તો તમે જૈનશાસનથી બહાર નીકળી જશો.

**સભા :** તેની જાહેરમાં અનુમોદના કરી શકાય ?

**પૂ. સા. :** જે જિનવચન પ્રમાણે છે તેનાં જાહેરમાં વખાણ હોવાં જોઈએ.

**સભા :** આ એવો લપસણો માર્ગ છે કે જેમાં ગોળ-ખોળ એક પણ થઈ શકે છે.

**પૂ. સા. :** Limit બાંધી જ છે કે, "જિનવચન અનુસાર !" હું એમ નહિ કહું કે દિગંબરો બધા સિદ્ધાંતો સંપૂર્ણપણે માને છે અને તેઓની માન્યતામાં અંશમાત્ર ખામી નથી. અમુક મહાવીરની વાતો તેમણે ઉત્થાપી માટે જ આપણા પૂર્વજોએ તેમની સાથે સંઘભેદ કર્યો છે. **સામાન્ય વાતમાં તો વિભાગ જ ન કરાય. નાની નાની બાબતોમાં જે સંઘભેદ કરે છે, તે તીર્થંકરના શાસનનો ઉચ્છેદ કરવાનો દોષ માથે લે છે. મતભેદ ઊભો રાખી જેને જે આરાધના કરવી હોય તે કરે. તેના નામથી નિંદા-દ્વેષ-કુથલી ન જોઈએ, અને મોટી બાબત હોય તો સંઘભેદ થાય; છતાં તેને જૈનધર્મના અનુયાયી કહેવા આપણે તૈયાર છીએ.** સંઘભેદ થયો છે, તેના નામથી તેઓનું જેટલું ઉચિત-યોગ્ય છે, તેની કદર કરતા બંધ થઈ જશો તે દિવસે તમારામાં મધ્યસ્થતા-ઉદારતા ચાલી ગઈ હશે. તે જાળવવી હોય તો દિગંબર-સ્થાનકવાસી કે જૈનેતર સાથે ઉચિત approach જોઈશે જ. સંઘમાં રહેલા બધાને તો સાધર્મિક માનીએ છીએ, સાધર્મિકવાત્સલ્યનો વ્યવહાર રાખીએ છીએ, તો તેમને માટે ગમે તેવા ભાવો-પ્રવૃત્તિ કરાય જ નહીં. હું કોઈને target કરીને બોલતો નથી. શાસ્ત્રમાં ઠેરઠેર ભારપૂર્વક લખેલી, મારી વાંચેલી આ વાતો છે. તેને ભગવાનની આજ્ઞા તરીકે નહિ સ્વીકારીએ તો નુકસાન આપણને છે, ભગવાનને નુકસાન નથી. તેનું અમલીકરણ આપણે કરીશું તો આપણે પામીશું. ગમે તે ક્ષેત્ર-કાળ લો કે ગમે તે તીર્થંકરોનું શાસન લો, વાચનાભેદ-સામાચારીભેદ રહેવાના જ છે. જૈનધર્મમાં આચાર-વિચારમાં મીનમેખ ફેરફાર ન હોય, બધે બધી રીતની એકતા જ હોય, તેવું શક્ય જ નથી. હવે આવા સંયોગોમાં ફેરફાર દેખાય એટલે 'આ સંઘબહાર' એમ કહેવું જરાય વાજબી નથી. આ રીતે વિભાગો કરવાના ચાલુ કરીએ તો આપણે બહુ મર્યાદિત થઈ જઈશું. કેટલીય ખામીઓ-તફાવતોને ઉદારતાથી સમાવવાના-પચાવવાના છે, અને સાથે હિત કરતા જવાનું છે. આ મર્યાદા જે લોપે તેને ચોક્કસ પાપ લાગે.

ભગવાન કોને કોને ઉદ્દેશીને દેશનુદ્દશાને દશે ? તો શાસ્ત્રમાં કહ્યું કે સર્વવિરતિ-દેશવિરતિ-સમ્યક્ત્વ કે માર્ગ [illegible] માર્ગાનુસારિત્વ યોગ્ય જીવોને ઉદ્દેશીને ભગવાન દેશના આપે છે. ભલે ખ કે મા [illegible] ને [illegible] ત્વ કે મા [illegible] હોય, ઉપદેશ માટે તે પણ પાત્ર જીવ જ છે. ભ. ભલે ખ ક [illegible] ને [illegible] ને અત્યારે સમકિત પણ પામે એવો નથી, તો [illegible] જ છે. ભ. ભલ [illegible] ને [illegible] આ [illegible] ના આપે ? તો કહ્યું કે તેઓ ભલે બધાં જિનવચન સ્વીકારતા નથી, પાળતા નથી, તોપણ અમુક જિનવચનને ભૂમિકા પ્રમાણે સ્વીકારે છે. માટે તે મિથ્યાદૃષ્ટિ છતાં ભગવાનનો ભક્ત-અનુયાયી છે, ભાવથી જૈન છે.

**સભા :** સંઘની એકતા જાળવવા એક જ પ્રકારનાં વિધિ-વિધાન રાખવાં, તેવો આગ્રહ અયોગ્ય કેમ ?

**પૂ. સા. :** તેમાં આ જ વાત છે. Minimum Code of Conduct (લઘુત્તમ આચારસંહિતા) બધે સમાન હોય. દા.ત. કોઈ કહે કે હું દહેરાસરમાં ચંપલ પહેરીને આવીશ, તો ન ચાલે. બાકી પૂજા કરવાની વિધિ, ક્રમ, સૂત્રો વગેરેના ફેરફારોને કારણે તમે એમ માનો કે સંઘની એકતા તૂટે છે, તો ત્યાં તમે ચૂકો છો. ભગવાને અનેકતા અને વિવિધતાવાળો જ સંઘ સ્થાપ્યો છે. **વાચનાભેદ-કુલભેદ-ગણભેદ હોય; છતાં બધા લાયક-આરાધક જીવોને સમાવે તે જ શ્રીસંઘની ઉદારતા, મહાનતા કે એકતા છે. સંઘ રાગ-દ્વેષથી પર હોય, સંઘ હંમેશાં મધ્યસ્થ હોય, જે નાના પરસ્પરના મતભેદ હોય તો સમાવી લે, અને મોટા સૈદ્ધાંતિક મતભેદોનો પ્રતિકાર આદિ પણ કરે.**

**સભા :** અત્યારના મતભેદ Code of Conductમાં (આચારસંહિતામાં) આવે છે ?

**પૂ. સા. :** હાલમાં જે પણ મતભેદ છે તેમાંના મોટે ભાગે સામાચારીના કારણે છે, તેનાથી સંઘ એક રહી શકે છે, સંઘને એક રાખવો તે પૂર્વાચાર્યોએ આપણા પર લાદેલી ફરજ છે. તેમણે સંઘને એક જાળવ્યો છે અને આપણે જાળવવાનો છે. હજી આપણા બધા ગચ્છોનાં તીર્થો, જિનમંદિરો એક છે. તેમની કરેલી પ્રતિષ્ઠાવાળી પ્રતિમાને આપણે સ્વીકારીએ અને આપણાં જિનમંદિર તે સ્વીકારે છે. પૂજા કરવા વગેરેની રીત જુદી હોય છે, પણ બધામાં ભગવાનને

પૂજનીય માની પૂજા કરવાની માન્યતા છે. ખાલી ક્રમના તફાવતથી સંઘભેદ ન કરાય. આવા સેંકડો મતભેદ આવી શકે છે, પણ તેને સમાવવાની આપણા બધાની ફરજ છે, જિનાજ્ઞા છે, સામૂહિક રીતે આપણા પર લાદેલી જવાબદારી છે. તેમાં ત્રુટિ રાખીએ તો દોષ લાગશે.

**સભા :** આવા મધ્યસ્થમાં દૃષ્ટિરાગ ન હોય ?

**પૂ. સા. :** અહીં જે મધ્યસ્થતાની વાત છે તે ગુણાનુરાગથી પ્રેરિતની છે, માટે દૃષ્ટિરાગ ન કહેવાય. મિથ્યાત્વની પ્રેરણાથી પ્રેરિત જે હોય તેને દૃષ્ટિરાગ કહેવાય. અજ્ઞાનતાથી કદાચ થોડો થોડો દૃષ્ટિરાગ રહી શકે છે. દૃષ્ટિરાગનાં પણ ઘણાં રૂપ છે. ઉપમિતિમાં કહ્યું કે આ દૃષ્ટિરાગ અનેક રીતે સતાવે છે. તેને માનનારો કેવા કેવા ખેલ કરે છે, તેનું અનેક પાસાથી વર્ણન કર્યું છે.

# ૪

**વૈશાખ સુદ-દ્વિ. ૧૧, વિ. સં. ૨૦૬૨, મંગળવાર, તા. ૯-૫-૨૦૦૬,**
**આશુતોષ ફ્લેટ, દેવકીનંદન, અમદાવાદ**

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગદ્દુદ્ધારક એવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

"સવિ જીવ કરું શાસનરસી"ની ઉત્કૃષ્ટ શુભ ભાવનાના પ્રભાવે જે સાધક આત્માએ સાધનાકાળમાં તીર્થંકરનામકર્મરૂપ પરાકાષ્ઠાની પુણ્યાનુબંધીપુણ્યપ્રકૃતિ બાંધી તેવા આત્મા તીર્થંકરપદ પર બિરાજે છે, અંતિમ ભવમાં તેમનું જીવન સંપૂર્ણ આદર્શમય હોય છે. જીવનની તે તે ભૂમિકામાં જેને પૂર્ણ કર્તવ્ય કે જવાબદારીભર્યું તરીકે સ્વીકારી શકીએ, તેવું સંપૂર્ણ કર્તવ્યમય તીર્થંકરોનું જીવન હોય છે. તેમાંય તીર્થંકર પૂર્ણ જ્ઞાની બને પછી જગતના કલ્યાણ માટે શાસનસ્થાપનાનું મહાન કર્તવ્ય અદા કરે છે. આજે યોગાનુયોગ શાસન "સ્થાપના દિવસ" છે. પ્રભુ મહાવીર વૈશાખ સુદ-૧૦ને દિવસે કેવલજ્ઞાન પામ્યા. ઋજુવાલિકા નદીના કિનારે સાધના કરતાં કરતાં સામર્થ્યયોગથી ક્ષપકશ્રેણિ માંડી સર્વકર્મનો ઘાત કરી પૂર્ણજ્ઞાન પામ્યા.

પ. પૂ. ચૌદપૂર્વધર શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુસ્વામીએ કહ્યું : "અરહા જાયે." અર્થાત્ હવે ઈંદ્રો એમની ૩૪ અતિશયોથી ભક્તિ કરશે. અત્યાર સુધી ઇન્દ્રોએ ક્યારેય ભગવાનની ઉત્કૃષ્ટ પૂજા નહોતી કરી; કેમ કે ગુણથી ઉત્કૃષ્ટ કક્ષા ન પામે ત્યાં સુધી તેમની ઉત્કૃષ્ટ પૂજા ન થાય. આ લોકોત્તર મર્યાદા છે. શાસ્ત્રમાં ભૂમિકા પ્રમાણે ભક્તિની વાત છે. ઉત્કૃષ્ટ પૂજારૂપે દેવતાઓએ સમવસરણ રચ્યું. તેમાં બેસીને પ્રભુએ દેશના આપી. શ્રોતા તરીકે હજારો પાત્ર જીવો હતા. સમ્યગ્દૃષ્ટિ ઇન્દ્રો પણ હતા; પરંતુ શાસન સ્થાપવા માટે જેવી ક્ષમતાવાળો

જીવ જોઈએ, જે શાસનનું સુકાન વહન કરી શકે અને સત્ત્વ સાથે ચારિત્રધર્મનો સ્વીકાર કરી શકે, એવો એક પણ જીવ નહોતો. અર્થાત્ શાસનનો પ્રારંભ કરવા માટે ગણધર થવા યોગ્ય લાયકાતવાળો એકપણ જીવ નહોતો. તેથી ભગવાને થોડા સમયમાં દેશના પૂર્ણ કરી રાત્રે જ 'મહસેન વન' તરફ વિહાર કર્યો. ત્યાં દેવોએ ફરી ઋદ્ધિપૂર્વકનું સમવસરણ રચ્યું ફરી પર્ષદા હાજર થઈ. ઇન્દ્રભૂતિ વગેરે ભારતવર્ષના ટોચના વિદ્વાનોને તે સમયે પ્રતિબોધ કરી ભગવાને આપણા કલ્યાણ માટે ધર્મતીર્થની સ્થાપના કરી. આ રીતે આપણા પર પ્રભુનો અનન્ય ઉપકાર છે. હવે દ્રવ્યથી ધર્મશાસન પામેલા આપણને વીતરાગનો માર્ગ બરોબર સમજાઈ જાય, તેમના ઉપદેશની આપણા પર ધારી અસર પડે, આપણું હૃદય તેમના વચનોથી વિંધાઈ જાય તો ભાવથી પણ ધર્મશાસનની પ્રાપ્તિ થાય. આ જગતમાં અરિહંતથી ઉત્કૃષ્ટ પૂજા બીજા કોઈની થતી નથી.

**સભા :** એટલે એનાથી ઊંચી પૂજા શક્ય નથી ?

**પૂ. સા. :** હા, પુણ્યના વિપાકરૂપે તીર્થંકરનામકર્મથી આગળ ઋદ્ધિ, સિદ્ધિ, ઐશ્વર્યની બીજી કોઈ range નથી; ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ તેઓની જ પૂજા થાય છે.

જૈનધર્મમાં ઈશ્વરના સ્થાને તીર્થંકર અને સિદ્ધ ભગવંતો બિરાજે છે. દરેક ધર્મમાં ઈશ્વરતત્ત્વની ઉપાસના છે, પણ બીજા ધર્મોમાં ઈશ્વરના સ્થાને તે તે વ્યક્તિ છે. આવો વ્યક્તિવાદ જૈનધર્મમાં નથી. અહીં તો કહેશે કે આવા આવા ગુણ હોય અને જગત પર જેનો ઉત્કૃષ્ટ ઉપકાર હોય, તેવી ટોચના સ્તરની વ્યક્તિ એ જ તીર્થંકર છે.

વળી, જે માર્ગ ભગવાને બતાવ્યો તે તેમનું સ્વતંત્ર સર્જન નથી, પણ શાશ્વત કલ્યાણનો માર્ગ જગતમાં હતો, તે ઉપદેશ દ્વારા તીર્થંકરે પ્રગટ કર્યો. માટે ભગવાન મોક્ષમાર્ગના સર્જક નથી, પણ દર્શક છે. ધર્મ તો સનાતન-શાશ્વત છે. જૈન ફિલોસોફીમાં ક્યારેય ઈશ્વર દ્વારા સૃષ્ટિનું સંપૂર્ણ સર્જન કે વિસર્જન સ્વીકારાયું નથી; કારણ કે જે સૃષ્ટિનું સર્જન કે વિસર્જન કરે તેનામાં કર્તૃત્વશક્તિ માનવી પડે. કર્તૃત્વશક્તિવાળો ઈશ્વર કોઈને સુખી અને કોઈને દુઃખી કરે તે પક્ષપાત કે રાગ-દ્વેષનું સૂચક છે. અને રાગ-દ્વેષ સ્વીકાર્યા પછી

તેમને ઈશ્વર સ્વીકારી શકાય નહીં; કારણ કે ઈશ્વર નિર્વિકારી હોય છે.

અનાદિકાળથી સંસાર ચાલ્યો આવે છે અને ભાવિમાં અનંતકાળ ચાલશે. કાયમ ખાતે સંસાર છે અને રહેશે. સંસાર કોઈ એક વ્યક્તિની કૃતિ નથી, જડ અને ચેતનના સામૂહિક પ્રયત્નથી તેનું સર્જન થયું છે. ચેતન એવો આત્મા અને જડ - ભૌતિક કર્મરજકણોના સંયોજનથી ૮૪ લાખ જીવાયોનિનું સર્જન થયું છે, આ વિકારી સર્જનનું વિસર્જન ન થાય ત્યાં સુધી ચેતન એવો આત્મા સુખી ન થાય. આ આત્મા જડદેહ અને ઇન્દ્રિયોના સંયોજનથી અનેક આધિ-વ્યાધિ-ઉપાધિથી ઘેરાયેલો-લપેટાયેલો રહે છે. આપણા શરીરના અણુએ અણુ ડૉક્ટર dissection દ્વારા (પૃથક્કરણ) જોઈ-તપાસી શકે છે. અત્યારે તો જીવતા માણસના પણ બધા parts ખોલી, ઑપરેશન થાય છે. એવા કોઈ પાર્ટ શરીરના નથી કે ડૉક્ટર ખોલીને જોતા ન હોય, પણ ખોલે તે વખતે તેના અણુએ અણુમાં જડતા સિવાય બીજું કાંઈ મળતું નથી. આખા શરીરમાં હાડકાં, માંસ, લોહી વગેરે બધું જડ છે ? કે તેમાં ક્યાંય સંવેદના છે ? તેમાં ચેતના નથી તે પ્રત્યક્ષ છે. આપણા શરીરના તમામ વિભાગ જડ છે, ચૈતન્યરૂપ નથી. આ દીવા જેવી સ્પષ્ટ વાત તમારા મનમાં બેસવી જોઈએ.

આ જડ સૃષ્ટિ કરતાં આપણી properies-virtues તદ્દન જુદા છે એ સ્વાનુભવ દ્વારા જ નિર્ણય થાય તેવી સીધી-સાદી વાત છે. આમાં શંકા કરવી તે મૂર્ખાઈ છે. હું દેહમાં ભલે રહ્યો, પણ દેહ જ મારું અસ્તિત્વ નથી, એવો નિર્ણય તો ધર્મના ક્ષેત્રમાં પ્રારંભથી જ કરવાનો છે. દુનિયાના તમામ ધર્મો આ બાબતમાં એકમત છે, કોઈ વિવાદ નથી.

હવે જેમાં બધા એકમત છે તે વાત પણ તમને બેસે નહિ, તો હજી વધારે ઊંડા ઊતરવાની જરૂર છે. શરીરની inertiality, imotionlessness (જડતા, લાગણીશૂન્યપણું) વગેરે વિચારતાં જો counter argument (વિરોધી દલીલ) ન હોય, તો તમારે આત્માનું અસ્તિત્વ honestly (પ્રામાણિકતાથી) સ્વીકારવું જ પડે. પહેલાં આત્માને સ્વીકારો, પછી ધર્મને અપનાવો. આત્મા સ્વીકારવાથી "self" શબ્દનો - "હું"નો meaning (અર્થ) જ બદલાઈ જશે. 'હું'થી જે આત્મા સ્વીકારે છે તે દરેક પ્રવૃત્તિમાં આત્મિક વિકાસ કે ઉત્થાનને જ મહત્ત્વ

આપશે. ધર્મ ચેતન એવા આત્માના ગુણ-શક્તિનો, ભૂમિકાનો વિકાસ જ ઉપદેશે છે. જૈનધર્મ self development સિવાય કોઈ નવી વાત કરતો નથી. તીર્થંકરનો આખો ઉપદેશ "self development (આત્મવિકાસ)"માં સમાઈ જાય છે.

**સભા :** જડ-ચેતન એકદમ જુદા છે, તો તેઓને પરસ્પર અસર કેવી રીતે થાય ?

**પૂ. સા. :** બે વસ્તુ જુદી હોય તો એકબીજા પર અસર ન થાય તેવું નથી. ચેતનની જડ પર અને જડની ચેતન પર અસર થઈ શકે છે. બે વ્યક્તિ હોય છતાં એકબીજાને સહાય અને હેરાન બંને કરી શકે છે. એટલે જુદા છે માટે અસર ન થવી જોઈએ તેવી દલીલ યોગ્ય નથી.

આપણો સ્વભાવ એવો છે કે ધર્મના ક્ષેત્રમાં આવીએ પણ આપણને જે બેઠું હોય તેની વિરોધી કોઈ વાત આવે તો અસહિષ્ણુતા આવી જતી હોય છે. તેનાથી આગળ વધીને ક્યારેક નિંદા-દ્વેષ વગેરે પણ ચાલુ થાય છે. જૈનધર્મ આ સ્વીકારતો નથી. **જૈનધર્મ તો કહે છે કે તમને જે સાચું લાગ્યું-સમજાયું, તેને સ્વીકારો, તેની ઉપાસના કરો, પણ બીજા તમારી વાતને ન સ્વીકારે માટે તે બધા નાલાયક, દ્વેષપાત્ર કે બળજબરીથી તમારી વિચારધારામાં ગોઠવાવવા જ જોઈએ, તેવો આગ્રહ ન કરાય.** દુનિયામાં ધર્મો ઘણા છે, બધા ધર્મોની philosophy (તત્ત્વજ્ઞાન) અને વિચારધારા વાંચ્યા પછી conclusion (નીચોડ) તરીકે કહું છું કે જૈનધર્મએ કદી એવો આગ્રહ રાખ્યો નથી કે અમારા આચાર-પંથ-ધર્મને જે સ્વીકારશે, તેનું જ કલ્યાણ થશે, અને બાકી બધા ડૂબી જશે. આગ્રહ શાશ્વત સત્યનો રાખ્યો છે.

**સભા :** વીતરાગ સર્વજ્ઞને જે સ્વીકારે, તેનું કલ્યાણ થાય અને ન માને તેનું કલ્યાણ ન થાય, તેવું જૈનધર્મ નથી કહેતો ?

**પૂ. સા. :** ના, ભલે વીતરાગ-સર્વજ્ઞ શબ્દ ન સાંભળ્યો હોય તોપણ ચાલશે, હિતકારી સત્યો શાશ્વત-સનાતન છે જે આત્માના વિકાસ માટે જરૂરી છે, અપનાવવા જેવાં છે. ગમે તે નામથી આ સત્યોને સ્વીકારશે, તેનું કલ્યાણ અવશ્ય થશે. તેનો ઉદ્ધાર થશે.

જૈનધર્મમાં સિદ્ધ ભગવંતો, જે કર્મનાં સર્વ બંધનોથી મુક્ત થઈ પૂર્ણ સિદ્ધિને પામ્યા છે, તે દુનિયામાં supreme authority - Top most developed (સર્વોચ્ચ અધિકારી - સર્વોત્કૃષ્ટ વિકસિત) આત્મા છે. તેના જૈનશાસ્ત્રમાં ૧૫ પ્રકાર છે. એટલે કે મોક્ષે જનાર આત્મા જુદીજુદી ૧૫ રીતે મોક્ષે જાય છે. હા ! સિદ્ધો બધા સરખા છે, પણ સિદ્ધપણું પામવાની બાહ્ય રીતભાતો - સંયોગો ૧૫ પ્રકારે છે. તેમાં એક 'અન્યલિંગસિદ્ધ' નામનો પ્રકાર છે અર્થાત્ જેઓ વર્તમાન ભવમાં જૈનધર્મ પામ્યા નથી; છતાં સિદ્ધ થયા છે, તેવા સિદ્ધને "અન્યલિંગસિદ્ધ" કહ્યા છે. આનો મતલબ એ થયો કે વ્યવહારથી જૈનધર્મની ઉપાસના નથી કરી, પણ જીવનમાં શાશ્વત સત્ય મળી ગયાં અને તેની ઉપાસના કરતાં કરતાં આગળ વધી ગયા, તો અન્ય ધર્મમાં રહ્યે છતે પણ મોક્ષે જઈ શકે છે.

બધા શાશ્વત સત્ય પૂર્ણ જ્ઞાની જ બતાવવા સક્ષમ છે. તેમણે બતાવેલાં શાશ્વત સત્યો કોઈ ગમે ત્યાંથી સ્વીકારે તેનું કલ્યાણ થઈ શકે છે. દા.ત. વેપારી પાસેથી માલ લેતી વખતે શરત શું હોય ? માલ અસલી જોઈએ. પછી કોની brand nameથી લીધો છે, તે મહત્ત્વનું નથી. હા, માલ ઓળખવા સરળતા માટે brand name ભલે ઉપયોગી હોય, પણ એ વગર બીજે સાચો માલ હોય જ નહીં તેવો આગ્રહ રાખો તો તે જરાયે વાજબી નથી. બીજા ધર્મોમાં આવાં તટસ્થતાપૂર્ણ statement (વિધાન) જવલ્લે જ મળે. માટે જ જૈનધર્મને ઓળખવા જેવો છે.

**સભા :** અલ્પ જ્ઞાનીને કહેવું પડે ને આ brand name જ બરાબર છે ?

**પૂ. સા. :** હા, જે અસલી-નકલીનો ભેદ પારખી ન શકતો હોય તેવા સામાન્ય ઘરાકને કહે કે આ brand nameનો જ માલ લેજે, બીજો લેવા જેવો નથી. તે દ્વારા તે સારો માલ મેળવે તો અમને વાંધો નથી; છતાં brand name પણ કોઈ સારો માલ મેળવે તો તેને લાભ તો થાય જ. બધે માલ અસલી જોઈએ, નકલી નહિ, તેટલો જ નિયમ છે. તેના છેડાછેડી brand name સાથે એકાંતે ન બંધાય.

જૈનધર્મની વિશેષતા-અનોખાપણું કહું તો તે એ છે કે **"જૈનધર્મે ક્યારેય એવો આગ્રહ રાખ્યો નથી કે મારો અનુયાયી બને તો જ તેનો ઉદ્ધાર થશે."**

Worldમાં બીજા ઘણા ધર્મોએ આવો આગ્રહ રાખ્યો છે. જેમ કે ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓએ કહ્યું કે તમે ઈસુનું શરણ નહિ સ્વીકારો ત્યાં સુધી તમારો ઉદ્ધાર નથી. ઈસુના શરણમાં જ આખી દુનિયાની શાંતિ છે. આ વાતો તેમનાં શાસ્ત્રોમાં આવે છે. બીજાનું શરણ સ્વીકારનાર કદી તરવાનો નથી તેવો તેમનો આગ્રહ છે.

**સભા :** આપણે પણ ચાર શરણાં જ સ્વીકારની વાત કરીએ છીએ ને ?

**પૂ. સા. :** તમે અહીં જ પકડાયા. ચાર શરણાંના શબ્દ બોલો પછી ખુલાસો આપું. આમાં ક્યાંય કોઈ brand છે ?

**સભા :** છે ને ! "કેવલીપન્નત્તં ધમ્મં"માં brand આવી જ ગઈ ને ?

**પૂ. સા. :** ના, કેવલી=પૂર્ણ જ્ઞાની અર્થાત્ આ જગતમાં કોઈપણ ઠેકાણે પૂર્ણ જ્ઞાનીએ પ્રરૂપેલા શાશ્વત-સનાતન ધર્મના શરણે હું જાઉં છું. કોઈ વ્યક્તિનું નામ ક્યાંય આવ્યું ? પંચપરમેષ્ઠિમાં પણ brand name નથી. જૈનધર્મને જે રીતે ઓળખવો જોઈએ તે રીતે નહિ ઓળખો તો ઘણું ગુમાવશો.

**દુનિયામાં આટલો તટસ્થ અને ફક્ત ગુણના આધારે જ classification (વર્ગીકરણ) કરનાર, ગુણગ્રાહી ધર્મ મેં બીજે જોયો નથી.** આ વાત હું જૈન છું માટે નથી કહેતો, પણ બધા ધર્મોના અભ્યાસ પછી કહું છું. તમને વારસો મળ્યો છે, તેને ઝીલવા તમે સક્ષમ છો કે નહિ તેનો મને doubt છે.

દુનિયામાં પશ્ચિમના જેટલા પણ ધર્મો છે અર્થાત્ ભારત દેશની ભૂમિમાં પ્રગટેલા ધર્મો સિવાયના બીજા બધા ધર્મોની pecularity (વિશેષતા) એ છે કે તે બધા ભૌતિકવાદી છે. આત્માને માને છે, પણ તેમનો ઉપદેશ અનુયાયીઓને ભૌતિકતાના જ આદર્શ બતાવનાર અને ભૌતિકવાદ તરફ જ લઈ જનાર છે. તે તેના અનુયાયીને ધર્મસાધના દ્વારા અંતે ભૌતિક લક્ષ્ય પ્રાપ્ત કરવાનું બતાવશે. તેઓ આત્મા માને છે પણ આત્મા કરતાં જડ વસ્તુના ભોગ-વિલાસમાં વધારે આનંદ-પ્રમોદ-સુખ દર્શાવે છે. તેઓ કહે છે કે અહીં વાસનાતૃપ્તિ કરી ભોગ ભોગવો છો તે હલકા-તુચ્છ છે, ઊંચા ભોગો મેળવવા હોય અને વાસનાની વધારે તૃપ્તિ કરવી હોય તો તમે heavenમાં (સ્વર્ગમાં) જાઓ, આ, બધા

અનાર્યધર્મનો conclusive (નીચોડરૂપ) ઉપદેશ છે. તમને મળ્યું છે તે થોડો આનંદ આપે છે, જ્યારે ઇન્દ્રિયોના વધારે આનંદ માટે થોડાનો ત્યાગ કરી વધારે કામભોગો મેળવો. તેઓ વાસનાને કામચલાઉ તૃપ્ત કરી, ભોગો ભોગવી, આત્માને ક્ષણિક તૃપ્તિ-આનંદ આપવાનું લક્ષ્ય બતાવે છે; જ્યારે બધા આર્યધર્મો કહે છે કે ઇન્દ્રિયોના ભોગોથી વાસનાતૃપ્તિમાં કદી સાચું સુખ નથી મળવાનું. સાચું સુખ આત્મામાં છે, આત્માનો આનંદ કામાનંદ કરતાં ઘણો ઊંચો છે. તે જ પામવા જેવો છે. નિર્વિકારી, શાંત, ચૈતન્યનો આનંદ લેવાથી જ સાચાં સુખ-શાંતિ મળશે.

આર્યધર્મો આત્માનંદને લક્ષ્યરૂપે બતાવનાર છે. નિર્વિકારી આત્માનું સ્વરૂપ જ મોક્ષ છે અને રાગ-દ્વેષ-વિકારોથી ખદબદતા આત્માનું સ્વરૂપ ક્યારેય મોક્ષરૂપ બની શકે નહીં. આ major difference (મુખ્ય તફાવત) છે. આ criteriaથી (ધારાધોરણથી) પહેલાં જ ધર્મનું વિભાજન કરી નાંખવું પડે. અનાર્યધર્મો ભૌતિકવાદી છે, જ્યારે આર્યધર્મો આત્મવાદી છે. હવે આત્માનંદ માનનારા ધર્મોમાં પણ જૈનધર્મ ઊંડાણથી આત્માનો વિકાસપથ બતાવે છે, જ્યારે ભારતના બીજા ધર્મોમાં આત્માનો સ્થૂલથી વિકાસપથ દર્શાવ્યો છે. આ વિકાસ સાધનાર ત્યાંના મુમુક્ષુને વ્યવહારથી "જૈન" ન કહેવાય, નિશ્ચયથી જૈન કહેવાય. **જે જૈનધર્મને ઉપાસ્ય ધર્મ તરીકે સ્વીકારી તીર્થંકરની ઉપાસના કરે છે, તે વ્યવહારથી જૈન.** તેમાં પાછા શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી અને તેરાપંથી એમ ચાર ફિરકા છે. તેઓની જૈન તરીકે બાદબાકી કરો તો અમે સંમત નથી. તમારે કહેવું જ પડે કે વ્યવહારથી આ પણ બધા જૈનધર્મના અનુયાયી છે, તીર્થંકરને માને છે. પણ તમારો સ્વભાવ એવો છે કે તમારી સાથે અમુક difference of opinion (અભિપ્રાયનો તફાવત) આવે એટલે તેનો મૂળમાંથી ઉચ્છેદ કરી દો. ધર્મના ક્ષેત્રમાં આવી અસહિષ્ણુતા ન ચાલે. ઘણાને પોતાની વિચારધારાથી બીજો થોડો પણ જુદો પડે, પછી તેનામાં જે કાંઈ સારું હોય તે પણ અવગુણરૂપે દેખાય. તમારી સાથે જેને મતભેદ પડે, તેનું બધું ખરાબ જ લાગે; પછી તેનું કાંઈ સારું ન લાગે. પછી તે સગોભાઈ હોય તોપણ appreciate (મૂલ્યાંકન) ન કરી શકો. તેની સારી વાતનાં વખાણ પણ તમારી પાસે કોઈ કરી ન શકે

અને કરે તો તમે છંછેડાઈ જાઓ. આવાના રાગ-દ્વેષ અતિ તીવ્ર છે. તેના રાગ અને દ્વેષ બંને આંધળા છે.

ઘણાને દીકરા પર તીવ્ર રાગ હોય, પછી તેની ભૂલ કોઈ કહે તો સાંભળી ન શકે. આ રાગ-દ્વેષનો અંધાપો છે, જેના પર રાગ થયો પછી તેની ખામી પણ સારી લાગે. અમારે ત્યાં કહ્યું : "रागी दोषान् न पश्यति, द्वेषी गुणान् न पश्यति ।" અર્થાત્ રાગના અંધાપાવાળાને રાગના પાત્રમાં દોષ દેખાતા નથી અને દ્વેષના અંધાપાવાળાને દ્વેષના પાત્રમાં ગુણો દેખાતા નથી. જેના રાગ-દ્વેષ આવા છે તે જીવ જીવનમાં ક્યારેય મધ્યસ્થ ન બની શકે. અત્યારે બધાને રાગ-દ્વેષ તો છે, પણ તેની તીવ્રતા એવી હોય કે એકવાર બંધાયા પછી તે વ્યક્તિ, મત, ધર્મ કે ગુણો પ્રત્યે પૂર્વગ્રહ-કદાગ્રહ પેદા કરી દે, તો તે જોખમી છે. તેના બદલે રાગ-દ્વેષ હોવા છતાં પણ તમે તે તે વ્યક્તિ, મત, ધર્મ કે ગુણ-દોષનું તટસ્થ વિશ્લેષણ કરી શકો તો સમજવાનું કે તમે પ્રાથમિક કક્ષાના મધ્યસ્થ બન્યા.

**સભા :** આવું જક્કીપણું આવવામાં કારણ શું ?

**પૂ. સા. :** અનંતકાળથી આપણને બીજાના દોષો પ્રત્યે એક પ્રકારની અસહિષ્ણુતાનો ભાવ છે અને પોતાના દોષો પ્રત્યે અપાર વાત્સલ્યનો ભાવ છે. તમારા દોષો તમે પોતે જાણતા હોવા છતાં એટલા ગંભીર હો છો કે પત્ની-બાળકોને પણ ખબર ન પડે. આખી જિંદગી કુટુંબ સાથે રહો, પણ તમારા ગુપ્તદોષોની કોઈને ખબર પડે ? તેમાં તમારી ગંભીરતા અપાર છે.

**સભા :** વર્તન પરથી ખબર પડી જાય.

**પૂ. સા. :** પણ તમે, અંદર છો તેના કરતાં બીજું જ વર્તન કરવામાં હોંશિયાર છો. કોઈ ચાર જણ વાત કરતા હોય. તમને ખબર ન પડતી હોય તોપણ તમને ખબર પડે છે તેવો દેખાવ કરો છો ને ? રૂપાળા નથી, છતાં જેટલા છો તેનાથી વધારે રૂપાળા દેખાવા પ્રયત્ન કરો છો ને ? પરંતુ બીજાના દોષને પચાવવાના આવે તેમાં અસહિષ્ણુ બની જાઓ છો, તેનો મોટો પ્રશ્ન છે.

**સભા :** કદાગ્રહનો base (પાયો) શું ?

**પૂ. સા.** : કદાગ્રહના પાયામાં "તત્ત્વનો દ્વેષ" છે. સાચું-સારું કોઈનું પણ appreciate (મૂલ્યાંકન) ન કરી શકો, તેમાં કારણ તત્ત્વનો દ્વેષ છે. વ્યક્તિનો પણ એવો દ્વેષ ન ચાલે કે જે તેના સમગ્ર વ્યક્તિત્વ પર અણગમાને પેદા કરે. તમારી નબળાઈ તમે જાણો, પણ તે વ્યક્તિ જૈનધર્મની સાચી વાત કરતી હોય તો, આ વ્યક્તિ કહે છે તેથી સાચી વાતને પણ તોડી પાડો, એવું કરો તો આ વ્યક્તિદ્વેષ છે, જે તત્ત્વદ્વેષમાં પરિણામ પામ્યો. આ મોટું જોખમ છે; કેમ કે જેની સાથે વાંધો પડશે, તેની સાચી વાત સાથે પણ તમને વાંધો પડશે. રાગ-દ્વેષ અંધાપારૂપ હોય તો જોખમી છે. શાસ્ત્રમાં આવા માટે કામાંધ, રાગાંધ, મોહાંધ વગેરે શબ્દ વાપર્યા છે. આવા જીવોનો પરિચય કરવો પણ મહાજોખમી છે. આવી મનોવૃત્તિ તમારામાં ન આવે તો જ તમે જૈનધર્મને સાચા અર્થમાં ઉપાસી શકશો. જૈનધર્મમાં પણ વિચારધારાનો ભેદ આવશે.

**સભા** : ૧૦૦% એકતા શક્ય નથી ?

**પૂ. સા.** : તમારે ૧૦૦% એકતા શેમાં લાવવી છે ? આચારમાં કે વિચારમાં ? ૧૦૦% એકતા વિચારમાં કહેતા હોય તો કેવલી બનવું પડે. પૂર્ણ જ્ઞાનીને જ ૧૦૦% મતભેદ ન હોય, અને આચારમાં તો કેવળીને પણ મતભેદ હોઈ શકે. ૨૨ તીર્થંકર અને પહેલા-છેલ્લા તીર્થંકરના ઉપદેશમાં આચારનો તફાવત આવ્યો ને ? સામાચારીનો ભેદ તો પરસ્પર તીર્થંકર વચ્ચે પણ હોઈ શકે છે. હા, લાખો-કરોડો કેવલી ભેગા કરો, પણ તેમનામાં double opinion (અલગ-અલગ અભિપ્રાય) નહિ આવે; કેમ કે **રાગ-દ્વેષ-અજ્ઞાન વિના મતભેદ સંભવી ન શકે.**

**સભા** : આચાર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને આધીન છે.

**પૂ. સા.** : તે વાત સાચી, હું તેને ગેરવાજબી નથી કહેતો, પણ ભેદ હતો તે નક્કી ને ? Irrelevent to cause (કારણ સાથે જોડાણ વગરનો) પણ ભેદ હતો, તે હકીકત છે.

**સભા** : તીર્થંકરોના પોતાના જીવનમાં આચારભેદ હોઈ શકે ?

**પૂ. સા.** : હોય, કોઈએ રાત્રે વિહાર કર્યો હશે, તો કોઈએ નથી કર્યો.

ભગવાન મહાવીરે ચિકિત્સામાં ઔષધ સેવન કર્યું, બીજા તીર્થંકરોએ ન પણ કર્યું હોય. જે વખતે જે હિતકારી હોય તે વખતે તે તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પ્રમાણે કરે, અને બીજા પાસે પણ કરાવે. અંતે હિતનું કારણ બને તે જોવાની જ સુજ્ઞ વ્યક્તિની ફરજ છે. તેથી તીર્થંકરોના જીવનમાં પણ આચારભેદ હોઈ શકે છે.

તમને જોઈને થાય છે કે તમે કલ્પસૂત્ર કેવી રીતે સાંભળો છો ? કેમ કે કલ્પસૂત્રમાં શરૂઆતમાં જ પૂ. ચૌદપૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામીએ "સામાચારી" શબ્દ વાપરી દશવિધ કલ્પરૂપે જૈન મુનિનો તમામ આચાર વર્ણવ્યો છે. તેમાં આચાર બતાવતાં ઠેરઠેર લખતા ગયા કે ૨૨ તીર્થંકરના તથા પ્રથમ અને ચરમ તીર્થંકરના મુનિઓના આચારમાં આટલો આટલો તફાવત છે. ત્યાં ચર્ચા કરી કે મોક્ષમાર્ગ એક છે, છતાં આચારભેદ કેમ ? ત્યાં જવાબ આપ્યો કે કાળના પ્રભાવથી જીવોની લાયકાત બદલાય છે માટે. આચારભેદ તો કેવલી અને તીર્થંકરમાં પણ હોય છે. મુનિસુવ્રતસ્વામીએ રાત્રે વિહાર કર્યો, બીજા તીર્થંકરોના જીવનમાં તેવું કારણ ન આવ્યું હોય, એટલે આવી અપવાદિક આચરણા ન પણ હોય. મુનિસુવ્રતસ્વામી એક રાત્રિમાં ૬૦ યોજન વિહાર કરી ગયા, બીજા તીર્થંકર ન ગયા; ભગવાન મહાવીરે બ્રાહ્મણને વસ્ત્રદાન કર્યું, બીજા તીર્થંકરોએ ન કર્યું. આમ, આચારભેદ તો પડ્યો ને ?

**સભા :** General આચારની વાત છે, બાકી particular (અમુક ચોક્કસ આચાર માટે) તો દરેક વ્યક્તિએ ભેદ પડશે.

**પૂ. સા. :** હું તે જ કહું છું. General આચારમાં પણ વ્યક્તિભેદે, ભૂમિકાભેદે, સંયોગભેદે ભેદ પડશે. એટલે આચાર એકાંતે સરખો જ હોય તેવું કહી ન શકાય, અને સાધુઓને તો સામાચારીરૂપ ભેદ બતાવેલ જ છે. તીર્થંકરના સાધુઓમાં પણ સામાચારીભેદ હોય છે. હવે તીર્થંકરની હાજરીમાં તીર્થંકરના સાધુઓમાં ભેદ હોય તો અત્યારે કેવલી, ચાર જ્ઞાની, લબ્ધિધારી કોઈ નથી, ત્યારે થોડા આચાર-વિચારમાં મતભેદ થાય તો અકળાઈ જવાની જરૂર નથી.

**સભા :** પૂર્વધરે બતાવેલ આચારભેદ જુદી વાત છે. પૂર્વધરો સિવાયના સામાચારીભેદ બતાવે તો કેટલા માન્ય રખાય ?

**પૂ. સા. :** પૂર્વધર સિવાય ગીતાર્થ આચાર્ય કે ગચ્છાચાર્યોથી સામાચારીભેદ ન કરી શકાય, તેવું વિધાન શાસ્ત્રમાં નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે તેમને તે તે કાળે જે યોગ્ય લાગે તે પ્રમાણે ઉત્સર્ગ-અપવાદ, ગુરુ-લાઘવ વિચારી લાંબું હિત ચાલુ રહે તે રીતે આચારભેદ કરી શકે છે. એટલે પૂર્વધર સિવાયના ગીતાર્થોથી આચારભેદ ન કરી શકાય, તેવી વાત નથી. તમે સામાયિક લો તો 'કરેમિ ભંતે' એક વાર બોલો છો જ્યારે અચલગચ્છમાં ત્રણ વાર બોલે. તમે એમ માનો છો કે આ બરાબર નથી, પણ મારે એ પૂછવું છે કે આ સૂત્ર પવિત્ર છે કે અપવિત્ર ? જો પવિત્ર છે, તો ત્રણ વાર બોલ્યા તેમાં વાંધો શું ?

**સભા :** અમારી પાસે સાચી વિધિ છે, તે તો કહેવી જોઈએ ને ?

**પૂ. સા. :** એટલે ઠેકો તો રાખવો જ છે કે અમે સાચા અને પેલા ખોટા; આ જ પ્રશ્ન છે. હા, એના બદલે તમે એમ કહો કે અમારે ત્યાં આ પરંપરા છે, અને પેલા એમ કહે કે અમારે ત્યાં આ પરંપરા છે. પેલો ત્રણ વાર બોલ્યો તો પાપ કર્યું એમ તો ન કહેવાય ને ? આણે અધૂરું કર્યું અને અમે શુદ્ધ કર્યું, આવી પણ સમીક્ષા કરવાની જરૂર નથી. હા, **કોઈ મતભેદ એવો હોય કે આ વસ્તુ બરાબર નથી અથવા આ જ બરાબર છે, તો તટસ્થતાથી બેસી વિચાર-વિમર્શ કરવાનો, સામેવાળો convince થાય (કબૂલ થાય) તો સારું, ન થાય તો દંડા-દંડી નહિ કરવાની. આટલી તો મધ્યસ્થતા જોઈએ જ. તે જ્યાં જ્યાં ભુલાઈ છે તેમાં જ મોટાભાગના પ્રશ્નો ઊભા થયા છે.** અમે અત્યાર સુધીમાં જૈનશાસનનો મોક્ષમાર્ગ વાંચ્યો છે, તેમાં નક્કી વાત છે કે : મોક્ષમાર્ગમાં રહેવા માટે જીવમાં (૧) વૈરાગ્ય (૨) કદાગ્રહના ત્યાગરૂપ મધ્યસ્થતા, આ બે ગુણ જોઈશે જ.

**સભા (સાધુ) :** નિશ્ચયનય કે વ્યવહારનયથી આ મોક્ષમાર્ગ છે ?

**પૂ. સા. :** વ્યવહારનયથી પણ આ જ શરત છે. મહારાજને નિશ્ચયનિરપેક્ષ વ્યવહાર જોઈએ છે, પણ તેને અમે મહત્ત્વ આપતા નથી.

જેને વાસના-વિકાર, સંસારના આનંદ-પ્રમોદ, ઇન્દ્રિયોની તૃપ્તિ વગેરે ગમે છે, તેના માટે મોક્ષમાર્ગ નકામો જ છે; કેમ કે જેને ભૌતિક આનંદ જ

મેળવવા જેવો, માણવા જેવો લાગે છે, તે તો અધ્યાત્મની બહાર જ છે. તમે ભલે ઇન્દ્રિયના ભોગ છોડ્યા નથી, પણ તમે માનો તો છો જ ને, કે સંસારના ભોગ-સુખમાં સાચી તૃપ્તિ હોઈ શકે નહિ ? આનાથી તૃપ્ત થઈ કોઈ મર્યો નથી. તમે ભોગ ભોગવી અંદરથી ફોતરાં જેવા થઈ ગયા, છતાં તૃષ્ણા શમી છે કે દિવસે દિવસે તૃષ્ણા તગડી થઈ છે ? આ નકારી ન શકાય તેવું સત્ય છે. માટે ભોગમાર્ગ એ સુખ પામવાનો સાચો માર્ગ નથી, એ વાત બેસી જ જવી જોઈએ. તે ન બેસે તેના માટે અધ્યાત્મ કે મોક્ષમાર્ગ છે જ નહીં. એટલે પહેલાં વૈરાગ્ય જોઈશે, તેનાથી જ સંસારનો રસ તૂટે છે, અને આત્મકલ્યાણના માર્ગ તરફ ગતિ થાય છે. સાથે કદાગ્રહનો ત્યાગ પણ જોઈશે. **જેને બીજાના મત-પંથ-સંપ્રદાય પ્રત્યે એકાંતે દ્વેષ છે, અને પોતાના મત-પંથ-સંપ્રદાય પર તીવ્ર મમત્વ છે, તેણે મધ્યસ્થતાનો ગુણ કેળવ્યો નથી, મોક્ષમાર્ગમાં ચઢી શકેલ નથી અને કદાચ પહેલા ચઢ્યો હોય તોપણ ફેંકાઈ જશે.** કદાગ્રહ આવ્યા પછી તીર્થંકરનો આત્મા પણ મોક્ષમાર્ગની બહાર ફેંકાઈ જાય છે.

નયસાર અજૈન છે, તેને જંગલમાં સૌ પ્રથમ વાર ગીતાર્થ ધર્માચાર્ય મળ્યા છે. નયસારને ઉપદેશ આપ્યો ત્યારે તેનામાં પૂર્વગ્રહ હોત તો સમકિત પામી ન શકત. સાચા દેવ-ગુરુ-ધર્મની આચાર્ય ભગવંતે ઓળખ કરાવી, બીજી કોઈ કંઠી પહેરાવી નથી. સાચા દેવ-ગુરુ-ધર્મની ઓળખ થવાથી નયસાર સમકિત પામ્યો. તે જ નયસાર પછીના ભવમાં ભરતચક્રીને ત્યાં જન્મ્યો. જન્મથી જૈનશાસન, જૈનશાસ્ત્ર મળ્યાં, તીવ્ર વૈરાગ્ય સાથે દીક્ષા લીધી. શાસ્ત્રો ભણીને મહાગીતાર્થ મરીચિમુનિ તરીકે પ્રસિદ્ધ થયા. ત્યારબાદ સંયમજીવનમાં અમુક સંયોગોના કારણે શિથિલતા આવી; છતાં'ય છે મોક્ષમાર્ગમાં, કારણ કે મધ્યસ્થતા અને વૈરાગ્ય બંને અખંડિત છે. પણ જ્યારે શિષ્યનો લોભ જાગ્યો અને કપિલ રાજકુમારને ઉત્સૂત્રભાષણ કરીને દીક્ષા આપી ત્યારે મધ્યસ્થતાગુણ ગુમાવ્યો છે. પોતાના એક વિધાન પ્રત્યે કદાગ્રહ આવ્યો તેથી મોક્ષમાર્ગથી પટકાયા. વળી કદાગ્રહ આવ્યા પછી પણ લાખો ગુણ છે, પડ્યા પછી પણ એટલા ગુણો છે કે અત્યારે તમારા કે મારામાં તેટલા ગુણો નથી તે ખાતરી સાથે કહું છું. જેમ કે અપરિગ્રહ એટલો છે કે આ ઘટના બન્યા પછી હજારો વર્ષો

જીવ્યા છે, પણ ૧ સોનામહોર પણ સાથે રાખી નથી, ક્યારેય રથ વગેરે વાહનનો ઉપયોગ કર્યો નથી. આજીવન નિર્વિકારી-બ્રહ્મચારી રહ્યા છે. ભોગોની તસુભાર ઇચ્છા નથી, પણ કદાગ્રહ આવ્યો ને બધા ગુણ નિષ્ફળ ગયા. **કદાગ્રહમાં સર્વ ગુણોને ધોઈ નાંખવાની શક્તિ છે, તે મોટો દોષ છે. મધ્યસ્થતા ગુણ કોઈપણ ભોગે કેળવવા જેવો જ છે.** આ જૈનધર્મની અનોખી વિશેષતા છે. ભગવાન મહાવીરે કહ્યું કે મારો ધર્મ પણ મધ્યસ્થતાથી, ગુણદોષની વિચારણાપૂર્વક સ્વીકારવાનો છે અને બીજા ધર્મવાળા સાથે મધ્યસ્થતાથી, સહિષ્ણુતાથી વ્યવહાર કરવાનો છે. આક્રમક ભાવ ક્યાંય લાવવાનો નથી. કોઈ પ્રત્યે અસહિષ્ણુ બની વેર-વિરોધ કરવાની વાત જ નથી, આ જ પ્રાથમિક મધ્યસ્થતા છે. આટલું સમજશો તો જૈનધર્મની પાયાની વિશેષતા અપનાવવાનું મન થશે.

# ૫

**વૈશાખ સુદ-૧૩, વિ. સં. ૨૦૬૨, ગુરુવાર, તા. ૧૧-૫-૨૦૦૬,**
**પન્નાપાર્ક, અમદાવાદ**

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જીવમાત્રના કલ્યાણનું અચિંત્ય સામર્થ્ય ધરાવનાર આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

પ્રભુના શાસનમાં શરણે આવનાર બધા જીવોનાં સર્વ દુઃખો દૂર કરી ભવથી પાર પમાડવાનું સામર્થ્ય છે. આવું તીર્થંકરનું શાસન જે પામે અને ભાવથી આરાધે તે નિયમા પૂર્ણ સુખ પામે. વાત એટલી છે કે આ શાસનને ગુણથી ઓળખવાની જરૂર છે.

તમે જૈનકુળમાં જન્મ્યા એટલે વ્યવહારથી શાસન મળ્યું છે, પણ તેને સારી રીતે ઓળખવું હોય, ઊંડાણથી જાણવું હોય તો થોડો સમય-શક્તિ-બુદ્ધિનો ઉપયોગ કરવા જેવો છે. દુનિયાના બધા આર્યધર્મો તેના અનુયાયીઓને આત્માની ઉન્નતિનો માર્ગ બતાવે છે, આ બાબતમાં જૈનશાસનની અમુક ખૂબી છે, જે બીજે ક્યાંય જોવા મળતી નથી.

તીર્થંકરના શાસનમાં આરાધક બનવા બે ગુણ મુખ્ય છે : પહેલો ગુણ (૧) સંસાર દુઃખમય લાગવો જોઈએ. તમને એક area પસંદ પડી જાય અને set થઈ જાઓ તો બીજા areaમાં જાઓ નહિ. તે રીતે જેને આ સંસાર રહેવા લાયક લાગે છે, તેને મુક્તિની સાચી ઝંખના જ શક્ય નથી, તો પછી તેને મેળવવાના પુરુષાર્થની વાત ક્યાં ? અને બીજો ગુણ (૨) તટસ્થતા : આ ગુણ જેનામાં હોય તે વ્યક્તિ પ્રસંગે સાચી-ગુણકારી વસ્તુનું યોગ્ય મૂલ્યાંકન કરી શકે છે.

નયસાર, ધના સાર્થવાહ વગેરેને જૈનશાસન વારસામાં નહોતું મળ્યું, પણ

મહાત્માના સંપર્કમાં આવ્યા પછી એક દેશના સાંભળી બંને સાચો ધર્મ પામી શક્યા; કેમ કે તેમનામાં પોતાની માન્યતા કે મત-પંથનો પૂર્વગ્રહ નહોતો. તેની સામે કમઠ લઈએ તો ભગવાન પાર્શ્વનાથ સામે ચાલી પ્રતિબોધ કરવા આવ્યા છે, મહેલમાંથી છેક તેની સાધનાના સ્થાને ગયા છે. લોકો કમઠના કઠોર તપ-ત્યાગથી આકર્ષિત થઈ દર્શન કરવા આવ્યા છે. વહેલી સવારે નગરમાંથી ટોળેટોળાં તેના દર્શન કરવા જાય છે, તે રીતે ભગવાન ગયા નથી. તીર્થંકરનો તો આચાર છે કે ગૃહસ્થજીવનમાં જિનમંદિરનાં દર્શન કરવા પણ જતા નથી; કેમ કે તીર્થંકરને તરવા માટે કોઈ આલંબનની જરૂર નથી. પોતાના અને જગતના કલ્યાણનાં કારણોનો તેમને પ્રતિક્ષણ બોધ છે. તમારે સાચી દૃષ્ટિ મેળવવા, સાચી હિતની પ્રેરણા મેળવવા ગુરુની જરૂર પડવાની. જ્યારે તીર્થંકરોને બોધ પામવા બીજાનાં પ્રેરણા-ઉપદેશની જરૂર નથી, તેઓ તો જન્માંતરથી એટલું પર્યાપ્ત લઈને આવ્યા છે કે હવે તેમને પોતાને જેટલું જ્ઞાન છે તેના આધારે પ્રવૃત્તિ જ કરવાની છે. વળી તીર્થંકરને કુતૂહલવૃત્તિ પણ હોતી નથી. ભગવાન કમઠને ધર્મનો પ્રતિબોધ કરવા જ પધાર્યા છે. હવે તીર્થંકર જેવા તીર્થંકર પમાડવા આવે તો કેટલું જબરજસ્ત પુણ્ય ગણાય ? પણ આ જીવ 'મધ્યસ્થ' નથી, તેથી પામી તો ન શક્યો ઊલટો ભગવાન પર દ્વેષ થયો.

**સભા :** પ્રભુને ખબર હતી ?

**પૂ. સા. :** પ્રભુને ખબર છે, ઉપયોગ મૂક્યો છે. ભગવાન દશ ભવની એકપક્ષી વેરની પરંપરા પણ જાણે છે. કમઠે આમરણાંત ઉપસર્ગ કર્યા છે. પાર્શ્વનાથ પ્રભુનો જીવ માત્ર પહેલા ભવમાં જ ચૂક્યો છે, પછીના ભવમાં મહાકષ્ટમાં પણ એવા સંક્લિષ્ટ ભાવ નથી કર્યા કે પોતાની દુર્ગતિ થાય. ઉત્તરોત્તર ચઢતા ભાવ જ કર્યા છે, અહીં પણ ભૂતકાળના સંબંધને કારણે ભાવ એ છે કે આ જીવ પામે તો પમાડું; છતાં કમઠમાં મધ્યસ્થતા ગુણ નથી, જે ધર્મ પામવા માટે must (ફરજિયાત) છે. **જેને તરવું હોય તેને પહેલવહેલું પામવા માટે પણ આ ગુણ જોઈશે, અને પામેલાને આત્મકલ્યાણના માર્ગમાં ટકવા માટે પણ મધ્યસ્થતા ગુણ જોઈશે. તે નહિ હોય તો નહીં પામેલો ચઢશે નહિ અને પામેલો ચઢ્યો હશે તો પતન પામશે.** નયસાર વગેરેને ભગવાન

નથી મળ્યા પણ ગીતાર્થ જ્ઞાની છદ્મસ્થ ગુરુ મળ્યા છે, છતાં પામી શક્યા; કેમ કે કદાગ્રહ નથી. જેવું સાચું-સારું દેખાયું, એટલે તટસ્થતાથી સ્વીકારી લીધું છે.

**સભા :** તીર્થંકર નિષ્ફલારંભ કરે ?

**પૂ. સા. :** ભગવાનનો નિષ્ફલારંભ નથી, ભવિષ્યમાં કમઠ પામે તેના માટે આ ભવમાં બીજ મૂક્યું છે. તીર્થંકરો લાંબા ભવિષ્યને જોનારા હોય છે. તમારી જેમ માત્ર તત્કાલના લાભ-નુકસાનને જોતા નથી.

**સભા :** એટલે ઉત્તમ પુરુષો સાથે દ્વેષ બંધાય તોપણ સારું ?

**પૂ. સા. :** એમ ન કહેવાય; પરંતુ એમ કહેવાય કે ઉત્તમ જીવ સાથે દ્વેષનું નિમિત્ત ઊભું થાય તો તે પણ લાભમાં પરિણામ પામવાની શક્યતા છે. બાકી ઉત્તમ પુરુષ સાથે દ્વેષ હોય તે તો મહાજોખમી જ છે. કમઠને પાર્શ્વકુમાર સાથે દ્વેષ હતો, તે કાંઈ તેને તારવાનો નથી. માત્ર તેના કારણે આ ભવમાં ભગવાન સાથે સંપર્ક થયો, તે અત્યારે સીધી પ્રીતિનું કારણ નથી, પરંતુ આગળ જતાં પ્રીતિમાં પરિણમશે અને તેને તારશે.

**સભા :** તીર્થંકર પ્રત્યે દ્વેષ હોવા છતાં તીર્થંકરનો યોગ થાય ?

**પૂ. સા. :** કમઠને તીર્થંકર તરીકે પાર્શ્વકુમાર પર દ્વેષ નથી, વ્યક્તિગત દ્વેષ છે. તમે પહેલાં જીવનમાં પ્રતિજ્ઞા કરો, કોઈપણ ઉત્તમ જીવ હોય તેની સાથે ક્યારેય દ્વેષ નહિ કરું, પછી જ તમે કમઠનો વાંક કાઢવા અધિકારી છો; તમને જીવનમાં નડતરરૂપ થાય કે ભૌતિક નુકસાન કરે તેવો ઉત્તમ જીવ હોય તોપણ દ્વેષ થઈ જાય છે. અરે ! આડો ન આવતો હોય તેવા ઉત્તમ-ધર્માત્મા-સુપાત્ર પર પણ કારણ વિના દ્વેષ થતો હોય તો સમજવાનું કે તમારામાં સારાં તત્ત્વો પ્રત્યે જ રુચિ નથી, તેવો જીવ ગુણાનુરાગ માટે યોગ્ય નથી.

**સભા :** દ્વેષ હોય તો ગુણાનુરાગ ટકે ?

**પૂ. સા. :** અંધાપો લાવી દે તે માત્રાનો દ્વેષ હોય તો ગુણાનુરાગ ન ટકે. As a whole તમામ પાસાં પર દ્વેષ થઈ જાય તો કામ પતી જાય. ધર્મ કરનારે મનોવૃત્તિમાં પાયાનું ધ્યાન એ રાખવાનું કે minimum (ઓછામાં ઓછું) ગુણાનુરાગ તો જોઈએ જ, તે વિના ઉદ્ધાર નથી.

**સભા :** પોતાના દોષોને અંશથી ઓળખ્યા હોય તો સામેના ગુણને ઓળખે

એવું ખરું ?

**પૂ. સા. :** પોતાના દોષો થોડા થોડા ઓળખનાર સજ્જન વિચારક હોઈ શકે છે. પણ જ્યાં સુધી તેને વાસના-વિકાર, વિષય-કષાય મૂળથી ખરાબ ન લાગે, ત્યાં સુધી કદાચ પોતાના હજારો દોષો ઓળખે, પણ તે વૈરાગ્યનું કે આત્મકલ્યાણનું કારણ બનવાનું નથી. હા, કદાગ્રહ તૂટી ગયો છે, તે બીજા જીવોના ગુણોને ઓળખી શકે. **જે જીવ સરળ-પ્રજ્ઞાપનીય-મધ્યસ્થ નથી, તેનામાં સાચો ગુણાનુરાગ ન હોય.** અપુનર્બંધકમાં સાચો ગુણાનુરાગ કહ્યો છે. તેઓ ગુણિયલ પ્રત્યે દ્વેષભાવ રાખે તેવું ન બને. ખામીવાળા મત-સંપ્રદાય-પંથવાળાને જુએ તોપણ એને એવી અસહિષ્ણુતા નથી આવતી કે જેથી તેની સાચી-સારી વાતોની નિંદા-દ્વેષ થાય, જો તે થતું હોય તો પૂ. ઉપાધ્યાયજી મહારાજાએ લખ્યું કે તેઓ મોક્ષમાર્ગ પામ્યા હોય તો નીચે પડે છે અને ન પામ્યા હોય તો પામવાનો scope (અવકાશ) જ નથી. તમારી સામે બે દૃષ્ટાંત મૂકું છું.

કમઠને ઊંચામાં ઊંચું આલંબન મળ્યું છે. આલંબનરૂપે આનાથી ઊંચા તત્ત્વનો પ્રતિબોધ કરાવનાર મળવાના નથી. સ્થિતપ્રજ્ઞયોગને ધારણ કરનાર, ત્રણ જ્ઞાનના ધણી સદેહે સાક્ષાત્ તીર્થંકર મળ્યા છે. પ્રભુ પોતે રાજકુમાર છે અને કમઠ સંન્યાસી છે, માટે પ્રભુએ કમઠની સાથે, સામેથી આવીને સંન્યાસી તરીકે ઉચિત વર્તન જ કર્યું છે. પ્રભુએ કમઠને કહ્યું છે કે હિંસામાં ધર્મ હોય નહિ. જો જીવો ત્રાસ પામે તેવી પ્રવૃત્તિ પણ ધર્મ હોય તો અધર્મ કોને કહેવાય ? સંસારમાં પરપીડા તો બધા જ કરે છે, પરપીડા ન કરનાર જ ત્યાગી મહાત્મા છે. **પરપીડા જો પાપ ન કહેવાતું હોત તો આ દુનિયામાં કોઈ પાપ પાપ જ ન રહેત. તે છે માટે જ હિંસા, અસત્ય, ચોરી વગેરેને... પાપ કહ્યાં છે.** પરપીડાનો પરિહાર એ જ ધર્મ છે, આ base (પાયો) છે. પૂ. સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિજી મહારાજાએ લખ્યું કે દુનિયાના તમામ ધર્મોએ પરપીડાને અધર્મ કહ્યો છે. આ વાત સમજાવવા જ પાર્શ્વકુમારે પ્રયત્ન કર્યો છે. પણ કમઠ કહે છે કે તમે ક્ષત્રિય છો, તમને યુદ્ધ કરતાં આવડે, તમે રાજકાજમાં નિપુણ હોઈ શકો, પણ ધર્મની બાબતમાં તમારું કામ નહિ. તે તો અમે જંગલમાં રહેનારા ઋષિઓ જ જાણીએ. તટસ્થ વ્યક્તિ હોય તો તરત વિચારે કે નાનો માણસ પણ

પોતાનું field (ક્ષેત્ર) ન હોવા છતાં પ્રસંગે સાચી-સારી વાત કરી શકે છે, તો આ તો આટલા મોટા સમ્રાટનો દીકરો, ૭૨ કલાસંપન્ન, જ્ઞાનસંપન્ન, રાજકુમાર છે. વળી, તર્ક અને શાસ્ત્રોના reference (સંદર્ભ) પૂર્વક વાત કરે છે. પણ પૂર્વગ્રહને કારણે કમઠ દીવા જેવી સાચી-સારી વાત સ્વીકારી કે વિચારી શકતો નથી. ત્યાં જેટલા લોકો હાજર હતા તેમાંના કેટલાય પામી ગયા. તેમાં'ય સાપ તો વગર ઉપદેશે એવું પામ્યો કે મરીને સીધો ધરણેન્દ્ર થઈ ગયો. ભગવાનની મુખમુદ્રા જોતાં-જોતાં એવા શાંતરસમાં આવી ગયો, કષાય મંદ પડ્યા અને સમાધિમાં લીન થયો કે સીધી સદ્ગતિ થઈ. ભગવાને ભડભડતી આગમાંથી બળતા સર્પને કાઢી બતાવ્યો છે. તે જોઈ બધા સમજી ગયા કે નિરપરાધી નિર્દોષ પ્રાણીની આવી રીતે હિંસા કરવી તેને ધર્મ કેમ મનાય ? બધાને આ વાત બેસી ગઈ, પણ કમઠને ન બેઠી. વળી, આ કમઠ સંન્યાસી છે, આજીવન બ્રહ્મચારી છે, ઊંચાં તપ-ત્યાગ કરે છે, કદી મોજમજા કરી નથી, ત્યાગ અને સાદગીમય પવિત્ર જીવન સ્વીકાર્યું છે, ગુણો ઘણા છે, પણ કદાગ્રહને કારણે બધા ગુણો ફોક ગયા. આ standard fix (ધારાધોરણ નિશ્ચિત) છે કે ધર્મક્ષેત્રમાં પાયામાં સરળતા=કદાગ્રહત્યાગ, તટસ્થતા=મધ્યસ્થતા ગુણ જોઈએ.

જૈનધર્મમાં પણ પરસ્પર વિચારધારામાં મતભેદ હોય, આચારોમાં પણ તફાવત જોવા મળે. બધા એક થાય તો સારું; છતાં ન થયા, જુદાઈ રહી. સાથે તે જુદાઈ ભગવાનના શાસનમાં માન્ય થાય તેવી હોય તો આપણામાં એવો આક્રોશ, એવી અસહિષ્ણુતા ન આવવી જોઈએ કે સામેવાળા ભગવાનના ભક્ત જ ન લાગે, તેઓ નજરમાંથી સાવ ઊતરી જાય અને હલકાપણાનો ભાવ પેદા થાય. જો આવી અસહિષ્ણુતા હશે તો એવા કર્મબંધ થશે કે તમારી બધી જ આરાધના આત્મિક દૃષ્ટિએ zero value થઈ જશે. આ ચોંકવા જેવી વાત છે. ધર્મક્ષેત્રમાં આટલું રાખવું કે ન સમજાય તેવા મતભેદ હોય તો તટસ્થ રહેવું, સમજાય તો સત્ય સમજી-સ્વીકારીને દ્વેષ-ટીકા-નિંદાથી પર રહેવું.

તમને કદાચ ખ્યાલ નહિ હોય, ભગવાન મહાવીર જ્યારે દીક્ષા લઈ સાધક તરીકે વિચરતા હતા, ત્યારે ગોશાળો પણ ભગવાનની સાથે વિચરતો હતો.

તેણે ભગવાનને ગુરુપદે સ્થાપ્યા છે અને પોતે શિષ્ય તરીકે ગામેગામ ભગવાન સાથે વિચરે છે. ત્યારે ઘણીવાર ગોચરીએ જતી વખતે પાર્શ્વનાથ ભગવાનના સાધુને પણ જુએ, તેમના આચાર જુદા હોવાથી તેઓ પંચરંગી વસ્ત્રો પણ પહેરે. અમારી જેમ સફેદ વસ્ત્રો જ પહેરે, એવું નહિ.

**સભા :** Designવાળાં પણ પહેરે ?

**પૂ. સા. :** હા, designવાળાં પણ પહેરે. પણ stitchingવાળાં ન ચાલે. **શાસ્ત્રમાં અખંડ ભાવ રાખવા અખંડ વસ્ત્રો પહેરવાની વિધિ છે.** કપડામાં સાંધો મારો એટલે એક પ્રકારનું થીગડું જ થયું. પાછા એ લોકોના પાત્રા વગેરે પણ જુદા પ્રકારના હોય. આમ, આચાર ઘણા જુદા હોય છે.

ગોશાળો તમારી જેમ અસહિષ્ણુ છે. પોતાની પૂરી ખબર ન હોય પણ બીજા પર તો તૂટી જ પડે. એકવાર પાર્શ્વનાથ ભગવાનના સાધુ રસ્તામાં ભેગા થઈ ગયા. તો તેઓને કહે છે કે તમારા જેવાને સાધુ ના કહેવાય. તમારા પાત્રા-વેશ બધું જુદું જુદું છે. તો તમે સાધુ કઈ રીતે કહેવાઓ ? પાછો કહે : મારા ગુરુ કોણ, તે ખબર છે ? તેને ભગવાન માટે ગુરુ તરીકે ગૌરવ છે, ભગવાનનો ઝંડો લઈને ફરે છે. પેલા મહાત્મા વિશેષ જ્ઞાની નહોતા. તેથી ગોશાળાને કહે છે કે “જેવો તું તેવા તારા ગુરુ.” તેથી આ છંછેડાયો કે મારા ગુરુ માટે ગમે તેમ બોલો છો ? તરત સામેવાળા સાધુઓને શ્રાપ આપ્યો કે ‘મારા ગુરુના તપ-તેજથી તમારો ઉપાશ્રય બળી જાઓ.’ ગોશાળો જ્યારે ગુસ્સે થાય ત્યારે ઘણીવાર બીજાઓને આવી રીતે શ્રાપ આપ્યો છે અને પ્રભુના ભક્ત દેવતાઓ પ્રભુ પ્રત્યેની ભક્તિના કારણે આવી રીતે ઘરો બાળી કાઢતા. પરંતુ આ વખતે શ્રાપ નિષ્ફળ ગયો. એટલે પાછો આવી ભગવાનને પૂછે છે કે તમારા નામથી આજે કેમ કામ ન થયું ? એટલે ભગવાનના શરીરમાં અદૃશ્ય રીતે રહેલા સિદ્ધાર્થદેવે જવાબ આપ્યો કે તે તો પાર્શ્વનાથ ભગવાનના શાસનના સાધુ છે. ભલે તેઓના આચાર-વિચાર આપણાથી જુદા હોય, પણ છે ભાવસાધુ, માટે તારા શ્રાપથી તેમના ઉપાશ્રય બળે નહિ.

અહીં વિચારવાનું એ છે કે અત્યારે ભગવાન મહાવીર છદ્મસ્થ છે, નવા શાસનની સ્થાપના કરી નથી; પરંતુ ભગવાને શાસન સ્થાપ્યા પછી પણ જે

પાર્શ્વનાથ ભગવાનના સાધુઓ મહાવીરસ્વામીના સંઘમાં નહોતા આવ્યા અને પોતાના જ આચાર-વિચાર પાળતા હતા, તોપણ ભગવાને તેઓની ટીકા-ટિપ્પણ કરી નથી.

**સભા :** તરત નથી આવી ગયા ?

**પૂ. સા. :** ના, તેઓએ પહેલાં પરીક્ષા કરી છે. પછી જ આજ્ઞા સ્વીકારેલી છે. બધું યોગ્ય રીતે કર્યું છે, પણ નહોતું કર્યું, ત્યાં સુધી જુદા આચારવાળા હતા. છતાં ભગવાને કદી કહ્યું નથી કે તેઓ સંઘબહાર કે ડૂબી જનારા છે; કેમ કે સામાચારી ભિન્ન હોય તો વાંધો નથી. જૈનશાસનમાં બધા મતભેદો નુકસાનકારક નથી, આ બધાને તો કાયમ ખાતે સમાવી લેવાના છે. તેમાં ખોટા ક્લેશ કરે છે તે તો ભગવાનના શાસનને સમજ્યો જ નથી, જેમાં સાચું-ખોટું વિચારવાનું હોય તેવા મતભેદો પણ જો minor (નાના) હોય તો સમાવી શકાય ત્યાં સુધી સમાવી લેવાના, તેના નામથી ક્લેશ કરાય નહિ, અને કરો તો સમજવાનું, હજુ ભગવાનનો માર્ગ ઓળખાયો નથી.

દરેકે શ્રીસંઘ તરીકે મર્યાદા શું તે વિચારવા જેવું છે. **જે બધા ગચ્છ-કુળ-ગણને પોતાનામાં સમાવે તે સંઘ** અને ગચ્છ-કુળ-ગણના મતભેદોથી જે આકુળ-વ્યાકુળ થાય તે સંઘ ન કહેવાય. આ હું શાસ્ત્રઆધારે બોલું છું. અચલગચ્છ અને આપણી વચ્ચે ઘણા મતભેદો છે. તેનાથી સંઘે આકુળ-વ્યાકુળ થવાની જરૂર નથી. અચલગચ્છવાળા જુદી રીતે પૂજા કરે છે, છતાં કોઈ પૂર્વાચાર્યોએ નિયમ નથી કર્યો કે તેમના દેરાસરમાં આપણે જવું નહિ કે તેમને આપણા દહેરાસરમાં આવવા ન દેવા.

**સભા :** એક સાધુ એક ગચ્છમાં છે, જો બીજા ગચ્છમાં આરાધનાનું વાતાવરણ વધારે સારું લાગે તો જાય ?

**પૂ. સા. :** હા, અનુકૂળતા કે સ્વાર્થ ખાતર એક ગુરુની આજ્ઞા બદલી બીજે જાય કે બીજા ગચ્છમાં જાય તો શાસ્ત્ર કહે છે કે તેને ઘોર પાપ લાગે. બચપણમાં મા-બાપથી જરા પણ વિખૂટા પડવા તૈયાર નથી થતા, તેવા બાળકને મોટા થયા પછી મા-બાપ વધારાના લાગે છે, અલગ થવાનો ભાવ આવે છે, આ રીતે જે છોકરાઓ જુદા પડે છે તે તો સ્વાર્થ જ છે, તેમ અનુકૂળતાથી જે

ગચ્છાંતર કરે તે મહાપાપનો ભાગી છે, પણ રત્નત્રયીની વિશેષ આરાધના સંપન્ન થતી લાગે તો તે ગુરુની આજ્ઞા-સંમતિ લઈ બીજે જઈ શકે છે. ગચ્છાંતર કરે તો સાધુ સાધુ તરીકે મટી જતો નથી, અને એટલામાત્રથી તેની નિંદા-દ્વેષ કરીએ તો પાપ લાગે; કેમ કે કેટલો સંકુચિત ભાવ આવી ગયો કે અમારી આજ્ઞામાં રહે તે જ બધા સારા ! આજ્ઞાભેદ કરે એટલામાત્રથી સંઘ/શાસનમાંથી તે વ્યક્તિ મટી જતો નથી. દા.ત. એક શ્રાવક કોઈ મહાત્માના ઉપકારથી ધર્મઆરાધનામાં જોડાયો હોય તો તે તેમના ભક્ત તરીકે રહે; પણ પછી વધારે પરિચય કરતાં લાગ્યું કે મારે આત્મકલ્યાણ માટે દરેક ક્ષેત્રમાં જે સાચી સલાહ જોઈએ છે, તેના માટે આ ગુરુ સમર્થ નથી, તો માર્ગદર્શક તરીકે બીજા સમર્થ ગુરુને સ્વીકારી શકે છે. તો તે શ્રાવકે પણ આજ્ઞાંતર કે ગચ્છાંતર કર્યું કહેવાય. જો શાસ્ત્રને વફાદાર રહેવું હોય તો અમારે એમ જ કહેવું પડે કે આરાધના કરવા અમારી પાસે આવો, અને બીજે વધારે કલ્યાણની સામગ્રી મળતી હોય તો ખુશીથી - નિઃસંકોચપણે જઈ શકો છો. ગચ્છભેદ-કુલભેદ-ગણભેદ કરે એટલામાત્રથી તે સંઘમાંથી નીકળી ગયો તેમ ન કહેવાય.

**ચારે ફિરકાનો ધર્મમાં સમાવેશ છે અને ચારેય ગચ્છનો સંઘમાં સમાવેશ છે.** દિગંબર માટે અમે કહીએ કે જૈનધર્મના અનુયાયી છે, મહાવીરના ઉપાસક છે પણ સાધર્મિક તરીકે સંઘમાં નથી.

**સભા :** ખાલી તપાગચ્છવાળાને જમાડવા હોય તો ?

**પૂ. સા. :** મર્યાદિત સાધર્મિકભક્તિ કરવી હોય તો કરે. એ તો એવું પણ કરે કે "આ areaનું (વિસ્તારનું) સંઘજમણ" છે. સંઘજમણમાં મર્યાદા બાંધે છે તે પોતાની શક્તિની સીમિતતાના કારણે. તપાગચ્છનું સંઘજમણ કરો, તેથી બાકીના ત્રણ સંઘમાંથી બાકાત થતા નથી, એમ તો ઘણા લખે "નિમંત્રિતોએ સંઘજમણમાં પધારવું." તેનો અર્થ બીજા સંઘની બહાર છે, તેવો છે ? તેમાં જેમ શક્તિ, સંયોગો, પરિણામ વગેરેની મર્યાદાઓ કારણ છે. તેમ અહીં પણ સમજવું. હા, બીજા સાધર્મિક પ્રત્યે અનાદરની બુદ્ધિ હોય કે ભક્તિભાવ જ ન હોય અને માત્ર સગાં-વહાલાંને સાચવવાનો જ ભાવ હોય તો તે અનુચિત છે, એમ કહીએ.

સંઘજમણ કરનારે માત્ર સ્વજનોને જ નિમંત્રણ આપ્યું છે તે એટલા માટે કે સગા-સંબંધી ધર્મમાં આવે, કંઈક નવા તત્ત્વને પામે, સાથે મારી શક્તિ એટલી નથી કે બધાને આમંત્રિત કરીને ભક્તિ કરી શકું, તેથી સૌ પ્રથમ નજીકના સ્વજનોનું સ્થિરીકરણ કરવા પ્રયત્ન કરું છું. બાકી બધા સાધર્મિકોનું સત્કાર-સન્માન વગેરે કરવા જેવું છે, એમ માનતો હોય તો વાંધો નથી. પણ અત્યારે તો આવા ભાવ જ ક્યાં છે ? પૂજામાં જાઓ તોપણ સગપણ સાચવવા જાઓ કે ભગવાનની ભક્તિ કરવા જાઓ છો ? તમને ભગવાનની ભક્તિ કરતાં સંબંધ સાચવવાની વધારે ભાવના છે ને ? તમે જે રીતે જાઓ છો તે અમે જોઈએ છીએ તો અમને થાય છે કે ધર્મનું સામાજિકરણ કરી નાંખ્યું છે. તમે ધર્માનુષ્ઠાનમાં જાઓ છો તે દેવ-ગુરુ-ધર્મના બહુમાનને કારણે જાઓ છો કે સંબંધ સાચવવો છે ! મનના પરિણામો પર જ બધો મદાર છે. નાની પણ ધર્મક્રિયા કરશો ત્યારે જૈનધર્મ તમારી પાસે ખુલાસો માંગશે કે આ કરતી વખતે તમારા મનમાં ભાવ શું છે ? અહીં બધું ગુણના આધારે જ છે, ગુણો ફાવે તેના માટે જૈનધર્મ જેવો બીજો કોઈ ઊંચો ધર્મ નથી.

હું તો અત્યારે એ કહું છું કે જૈનસંઘમાં બેઠા છો તો થોડા આચાર-વિધિના મતભેદ હોય તો અકળાવાની જરૂર નથી. બીજી બાજુ નાના-નાના આચાર વગેરેમાં ભૂલ કરે પણ બીજા ગુણો હોય તો દ્વેષ કરવાની જરૂર નથી. તેમના પ્રત્યે મધ્યસ્થભાવ રાખવાનો; જેમ વૈરાગ્ય સડસડાટ વિકાસ માટેનું પ્રથમ સોપાન છે, તેમ મધ્યસ્થતા પણ પહેલા પગથિયે જ શરૂ થાય છે.

**સભા :** વધારે કયો ગુણ જોઈએ ?

**પૂ. સા. :** Equal weightage (સમાન વજન) આપું છું. **વૈરાગ્ય ઓછો છે તેને વિષય-કષાયના નિમિત્તથી પડવાનું જોખમ છે અને મધ્યસ્થતા ઓછી હોય તેને મતભેદના નિમિત્તે પડવાનું જોખમ છે.**

# ૬

**વૈશાખ સુદ-૧૪, વિ. સં. ૨૦૬૨, શુક્રવાર, તા. ૧૨-૫-૨૦૦૬,**
**દેવકીનંદન, અમદાવાદ**

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા આત્માના પૂર્ણ સુખની પ્રાપ્તિ કરાવનાર આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

૮૪ લાખ જીવાયોનિમાં જેટલા પણ જીવો રખડતા દેખાય છે, તે બધા અનેક દુઃખોથી ત્રસ્ત છે. એક એક જીવાયોનિમાં સંખ્યારૂપે ભરાવો વિચારો તો ગણિતના બધા આંકડાઓ નાના પડે. આખી સૃષ્ટિ જીવોથી ખીચોખીચ ભરાયેલી છે. આપણે ત્યાં જીવોનું જે રીતે ઊંડાણ અને વિશાળતાભર્યું વર્ણન, જ્ઞાન-વિજ્ઞાન છે, તેવું બીજા ધર્મોમાં નથી. વિજ્ઞાન પણ હજુ જે જીવાયોનિઓ સ્વીકારી શક્યું નથી, તે જૈનધર્મ સ્વીકારે છે. **તીર્થંકર જીવાયોનિના અદ્વિતીય વિજ્ઞાપક હતા.** વિજ્ઞાન વનસ્પતિ વગેરેમાં જીવ સ્વીકારે છે, પણ પૃથ્વી, પાણી વગેરેમાં જીવ નથી માનતું. વિજ્ઞાન જીવ માને, જીવન માને, તોપણ કાંઈ સરવાનું નથી. વિજ્ઞાન, સજીવ-નિર્જીવનો ભેદ કરે, તોપણ જીવદયા સાથે તેને ન્હાવા-નીચોવવાનો સંબંધ નથી.

બધા જીવો પરવશતાથી જીવે છે-જન્મે છે-મરે છે, અને મોટાભાગની જીવાયોનિમાં દુઃખના ઢગલા જ છે; પણ બીજો કોઈ તેમને દંડે છે, માટે તે દુઃખી છે, તેમ જૈનશાસ્ત્ર નહિ કહે. બીજા ધર્મો કહેશે કે ઈશ્વર દુઃખ આપે છે, પણ જૈન શાસ્ત્ર કહે છે કે જગતના જીવો દુઃખી છે, તેમાં કારણ તેઓ પોતે જ છે. તમે પણ તમારા જીવનમાં દુઃખ અનુભવો છો, તેનાં કારણરૂપે જૈનશાસ્ત્ર વાંક તમારા આત્માનો જ બતાવશે. બીજા સુખ-દુઃખના નિમિત્ત બની શકે પણ સુખ-દુઃખના સર્જક તો તમે પોતે જ છો. બધાં જ દુઃખોનાં

કારણ તમારામાં રહેલા રાગ-દ્વેષના સંક્લિષ્ટ પરિણામો છે, તે પરિણામોથી કર્મબંધ છે અને તેનાથી અંતે દુઃખ આવે છે. તમને રાગ-દ્વેષ જ્યાં સુધી કરવા જેવા લાગે કે વાજબી માનો, તો તે પણ તમારામાં રહેલો એક પ્રકારનો કદાગ્રહ જ છે. ઘણા કહે કે રાગ-દ્વેષ તો થાય જ, તે કર્યા વિના તો સંસાર ચાલે જ નહિ, પણ આ એક પ્રકારની ગેરસમજ જ છે. પોતાના કષાયો છાવરવા માટેનો એક પ્રકારનો આગ્રહ છે.

**સભા :** કષાયો કર્યા પછી પસ્તાવો થાય તો ?

**પૂ. સા. :** પસ્તાવો પણ કષાયોમાં નિષ્ફળતા પ્રાપ્ત થાય, મોટું નુકસાન થાય ત્યારે થાય કે સફળતા મળે, તોપણ થાય ? કોઈનું દિલ દુખાવીને પણ મોટો લાભ થઈ ગયો હોય તો મોટેભાગે તમને ખરાબ નહિ લાગે. ઉપરાંત મોટા મોટા કષાય-રાગ-દ્વેષના પરિણામને તો ઘણા ખરાબ માનશે, પણ સૂક્ષ્મ રાગ-દ્વેષને તો વિચારવાની પણ તૈયારી હોતી નથી.

મધ્યસ્થતા ગુણ લાવવા ઘણા કદાગ્રહ બહારના છે, ઘણા અંદરના છે, તે બધા કાઢવા પડશે. ઉપમિતિમાં કહ્યું : (૧) અંગત દોષો અંગેના પૂર્વગ્રહો અંદરના આગ્રહો કહેવાય. જેના કારણે તમને દોષોનું સેવન કે કષાયો કરવા જેવા, વાજબી, કર્યા વિના ચાલે જ નહિ; એમ લાગે છે, (૨) દુનિયાની વિશ્વવ્યવસ્થા અંગે જે ખોટી માન્યતા છે, તે પૂર્વગ્રહ-કદાગ્રહ બહારના છે. તેના માટે 'અભિસંસ્કારજ' વગેરે શબ્દ વાપર્યા છે. દા.ત. ઘણા માને છે કે બ્રહ્માના ઇંડામાંથી વિશ્વનું સર્જન થયું, શેષનાગ પર પૃથ્વી રહેલી છે, તે હાલે ત્યારે ધરતીકંપ થાય. હરક્યુલિસના ૧૨ થાંભલા પર પૃથ્વી રહેલી છે વગેરે જાતજાતની માન્યતા છે, તેમાંથી કોઈપણ એક માન્યતા પર આગ્રહ આવી જાય તો તે બહારનો કદાગ્રહ છે. જો કે આમાં વિચારે તો તેની પાછળ બુદ્ધિમાં બેસે તેવું કોઈ કારણ ન હોય. દા.ત. તેને પૂછીએ કે જો શેષનાગ પર પૃથ્વી રહી છે, તો શેષનાગ ક્યાં રહ્યો છે ? આ શેષનાગને કોણે બનાવ્યો ? તેની આ શક્તિ ક્યારથી આવી ? વગેરે.

**સભા :** આપ્તવચન એ જ પ્રમાણ.

**પૂ. સા. :** પણ આ આપ્તવચન છે, તે તો prove (સાબિત) થવું જોઈએ ને !

**સભા :** વેદ આપ્તપુરુષ પ્રણીત છે.

**પૂ. સા. :** તે તમે કહો છો, જ્યારે તે લોકો તો વેદને શાશ્વત માને છે.

મૂળ તાત્પર્ય એ છે કે દુનિયામાં તે તે ધર્મની જુદી જુદી ઘણી માન્યતાઓ છે. તે બધી યોગ્ય જ, સુસંગત જ હોય તેવું અમે કહેતા નથી, પણ કોઈ પરંપરાથી માનતો હોય અને તે સ્વીકારીને ચાલતો હોય, છતાં તેનામાં પૂર્વગ્રહ-કદાગ્રહ ન હોય તો તેના માટે વિકાસનો માર્ગ ખુલ્લો છે, અને જેને કદાગ્રહ હોય તેના માટે વિકાસનો માર્ગ બંધ છે. જેમ કે કોઈ કહે કે ભગવાન એવા જ હોય જે અધર્મીને દંડ કરે, સજ્જનને સહાય કરે, ભક્તને વરદાન આપે, વિરોધીને શ્રાપ આપે; વાસ્તવમાં આવી માન્યતાઓને તટસ્થતાથી વિચારે તો ઘણાં પ્રશ્ન થાય, છતાં તે મત-પંથ-સંપ્રદાયમાં કદાગ્રહ ન હોય તો તે જીવ સાચો ધર્મ પામવા લાયક છે; અને જેનામાં એક પ્રકારની ગ્રંથિ - સખત પકડ છે, એ સિવાય બીજી માન્યતા વિચારવાની તૈયારી જ નથી, મેં સ્વીકાર્યું તે જ સત્ય છે; એમ માને છે; આવા આગ્રહવાળા જીવો ગમે ત્યાં હોય, તેમને કલ્યાણનો માર્ગ પામવા તસુભાર પણ અવકાશ નથી.

**સભા :** રાગ-દ્વેષ કરવા જેવા નથી, તે માન્યતાનું testing શું ?

**પૂ. સા. :** કોઈ વસ્તુ કરવા જેવી ન લાગતી હોય અને થતી હોય તો તે સ્વેચ્છાથી-ઉમંગથી ન થાય, સાથે કર્યા પછી જ નહિ પણ કરતી વખતે પણ સતત દુઃખ-વેદના અનુભવાતી હોય, એના બદલે કરતી વખતે આવેશ-ઉમંગ હોય અને કોઈ ખરાબ કહે તો સામે બચાવ-વિરોધ હોય, તો માનવું જ પડે કે તે વખતે 'આ કરવા જેવું નથી' તે ભાન ચાલ્યું જાય છે. **જેને પોતાના દોષ છોડવા જેવા લાગતા નથી, સેવવા જેવા લાગે છે, અને સમજ આપે છતાં સ્વીકારવાની વૃત્તિ ન હોય, પણ ઊલટાનો સમર્થનનો ભાવ હોય, તો સમજી લેવાનું, તેનામાં સ્વદોષનો આગ્રહ છે,** અને તે સાચી વાત સ્વીકારવાની યોગ્યતાને પામ્યો નથી.

**સભા :** સ્વદોષનો આગ્રહ, સ્વમતનો આગ્રહ, સ્વવચનનો આગ્રહ એ ત્રણને inter link (જોડતી કડી) - પરસ્પર સંબંધ છે ?

**પૂ. સા. :** એક છોડનારને બીજું છોડવું સહેલું છે, સાથે પરસ્પર સંબંધ

પણ છે; દરેકનું field - ક્ષેત્ર જુદું છે. ઘણીવાર જાહેર પ્રરૂપણાનો આગ્રહ હોય પણ પોતાના કે બીજાના દોષની બાબતમાં નિખાલસ હોય તેવું પણ બને. તમને વિશાળતાથી સમજાવવા આ ભેદો પાડ્યા છે. બાકી ટૂંકમાં કહીએ તો આ બધા દોષો જ છે, અને તે રીતે આ ત્રણેય સ્વદોષના આગ્રહરૂપ એક જ ભેદમાં સમાવવા હોય તોપણ સમાઈ જાય છે.

ઘણા સામાન્ય વાતમાં પોતાની ભૂલ કબૂલ કરે, પણ જાહેર બાબતમાં તેને પક્કડ આવી જાય, વગેરે. જુદી જુદી mentalityને (માનસિકતાને) સામે રાખી આ વિભાગો છે. બાકી જીવનમાં જેટલા ખોટા આગ્રહ છે, તે બધા જ નુકસાનકારક છે. તેનાથી ભયંકર ચીકણાં કર્મ બંધાય છે. એને છોડ્યા વિના વિકાસનો પ્રારંભ જ થવાનો નથી. આપણે માનતા હોય તે સિવાયની વાત આવે તો મતભેદ આવ્યો; પણ તે વખતે વિચારવાનું છે કે મતભેદ છે એટલામાત્રથી બધા ખરાબ-નાલાયક થઈ જાય તેવું નથી. જો આવું હોત તો 'અન્ય ધર્મમાં પણ મોક્ષમાર્ગના ઉપાસક છે' તેવું તીર્થંકરો કહેત નહીં. અન્ય ધર્મમાં કોઈ વ્યક્તિ ઉપવાસ કરે, પણ તમારી જેમ પચ્ચક્ખાણ લેતો નથી, જુદા જુદા આગારોની સમજણ નથી, સાથે કાચું પાણી પણ પીતો હોય; એટલે શું તે નાલાયક થઈ ગયા ? તમે એમ માનો છો કે આવા ઉપવાસનો કોઈ મતલબ નથી, પણ તમે એ ભૂલી જાઓ છો કે આવા ઉપવાસ દ્વારા પણ તે જેટલો ત્યાગ કરે છે, ખાવા-પીવાની જેટલી આસક્તિ છોડે છે, સારા લક્ષ્યથી - શુભભાવથી ધર્મનું આચરણ કરે છે તે તો પ્રશંસનીય જ છે ને ? હા, તેને જૈનધર્મમાં આવતું જીવાયોનિઓનું ઊંડાણપૂર્વકનું જ્ઞાન નથી. ત્યાગના માળખા કે પરસ્પર સંલગ્નતાને હજુ સમજ્યો નથી તેટલી અધૂરપ છે; પણ તે હોવામાત્રથી તેનો ત્યાગ નિષ્ફળ છે, તેમ ન કહેવાય. જો આવી બુદ્ધિ હશે તો જ તમે તેને પ્રોત્સાહન આપી શકશો. તમારામાં આવી દૃષ્ટિ આવશે તો તમે વિશાળ દૃષ્ટિથી બીજા ધર્મના માર્ગાનુસારી અનુયાયીને પણ ન્યાય આપી શકશો, આ વાત બેઠા પછી પરસ્પર જૈન સાધર્મિકો માટે તો ગમે તેવા વિધાનો નીકળે જ નહિ, પક્ષાપક્ષીનું ઝનૂન આપમેળે શમી જાય. મનમાં કાયમ ખાતે નિર્ણય કરો કે મતભેદ હોય તે બધા નાલાયક આવું તો ક્યારેય બોલાય જ નહીં. પરસ્પર માટે જો આવા વિધાનો નીકળે તો તમારા આત્માને મોટું

નુકસાન થશે. આ માધ્યસ્થ્ય ગુણ દરેક આરાધકે લાવવા જેવો છે, તે ન લાવે તો ગમે તેટલી આરાધના કરે, પણ તરવાની શરૂઆત થવાની જ નથી.

અત્યારે પાંચમો આરો, હૂંડા અવસર્પિણી છે. સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકારૂપ શ્રીસંઘમાં કોઈ અતીન્દ્રિય જ્ઞાની-અવધિજ્ઞાની વગેરે નથી, શ્રુતજ્ઞાન પણ અમુક કક્ષાનું જ છે. અત્યારે આપણે બધા છદ્મસ્થ, અલ્પજ્ઞાની જ છીએ. બધા સત્ય સ્વીકારી બેઠા હોય તેવો એકાંત નથી, કદાચ તમને એક વાતમાં સાચું સમજાયું હોય અને બીજાને અમુક માન્યતાફેર છે તો તેટલામાત્રથી "સંઘબહાર, મિથ્યાદૃષ્ટિ" વગેરે certificate (પ્રમાણપત્ર) ન અપાય. તીર્થંકરની હયાતિમાં પણ આચારમાં કેટલાય ફેરફાર હતા. અત્યારે તમે ભગવાં કપડાં પહેરનાર જૈન સાધુ હોઈ શકે તેવું કલ્પી શકો ? પણ તે કાળમાં ભગવા વસ્ત્ર પહેરનાર પંચમહાવ્રતધારી મહાપવિત્ર મુનિ ભગવંતો હતા. તે વખતે પાર્શ્વનાથ પ્રભુના સાધુઓ પંચરંગી કપડાં પહેરે, પ્રતિક્રમણ કરે પણ ખરા અને ન પણ કરે. જ્યારે મહાવીર ભગવાનના સાધુઓ સફેદ વસ્ત્ર જ પહેરે, નિત્ય પ્રતિક્રમણ કરે જ, આ તમારી દૃષ્ટિએ major (મોટો) ભેદ લાગે, પણ શાસ્ત્ર આને minor (નાનો) કહે છે. શાસ્ત્રમાં આ બધા તફાવતોનું વર્ણન કર્યું છે, બંને સાધુઓમાં શાસન જ જુદું હતું, માટે આટલા તફાવત હતા. ધર્મશાસન-સંઘ જુદા છે, એટલે આવો તફાવત આવે; છતાં બેમાંથી એક જ આરાધક છે અને બીજા વિરાધક છે, તેવું કહી ન શકાય. તમારે કહેવું જ પડે કે બંને પોતપોતાના આચાર, કક્ષા પ્રમાણે યોગ્ય રીતે મહાવ્રતો પાળે તો બંનેને ગુણકારી છે, બંનેને પુણ્યાનુબંધીપુણ્ય જ બંધાય છે, બંનેનો આત્મા નિર્જરાથી નિર્મળ થઈ રહ્યો છે. ગોશાળાએ ચોખ્ખા શબ્દોમાં કહ્યું કે તમારાં કપડાં-આચાર તો જુઓ. કોઈ ઠેકાણા નથી. તમે સાધુ તરીકે જરા પણ યોગ્ય નથી; કેમ કે તેની frameમાં (ઢાંચામાં) તેઓ ગોઠવાતાં નહોતાં. તેમ તમે ગચ્છ-કુળને કારણે અંદરના તફાવતને સમજી ન શકો અને જડ-આગ્રહી બનો તો તમારી હાલત પણ ગોશાળા જેવી જ થાય. પૂ. ઉપાધ્યાયજી મહારાજાએ લખ્યું કે **"જે એમ બોલે કે તપાગચ્છમાં જ સાધુ છે, બીજે સાધુ નથી, તો તે પ્રાયશ્ચિત્તનો ભાગી છે."** આ વાત પાછી તર્કથી સિદ્ધ કરી છે.

**સભા :** ઉપાધ્યાયજી મહારાજે જ 'નીતિ તપાગચ્છની તે ભલી જાણીએ' એમ કહ્યું છે ને ?

**પૂ. સા. :** પહેલાં આગળનું પદ બોલો.

**"શાસ્ત્રાનુસાર જે નવિ હઠે તાણીએ;**
**નીતિ તપગચ્છની તે ભલી જાણીએ"**

પણ તમે તમારું ગમતું જ પકડો ને ? વળી ગુજરાતીમાં ૧૦૮ બોલનો ગ્રંથ તેમણે જ લખ્યો છે તેમાં પણ આનું વર્ણન છે.

**સભા :** આચારમાં ભેદ હોય તો વંદન કરી શકાય ?

**પૂ. સા. : વંદનની બાબતમાં સામાચારીભેદ હોય તો સુસાધુ હોય તોપણ પરસ્પર વંદન કરવાની સાધુને આજ્ઞા નથી. મહાવીર ભગવાનના સાધુ, પાર્શ્વનાથ ભગવાનના સાધુને વંદન ન કરે અને પાર્શ્વનાથ ભગવાનના સાધુ વીરપ્રભુના સાધુને વંદન ન કરે !**

**સભા :** તેવું કેમ ?

**પૂ. સા. :** જ્યાં અમુક પ્રકારનો આચારભેદ હોય ત્યાં વંદન ન કરે, પણ દુર્ભાવ કે દ્વેષનો ભાવ નથી.

**સભા :** સુસાધુને વંદન નહિ કરવાના, એટલે ગુણને જ વંદન નહિ કરવાના ને ?

**પૂ. સા. :** ના, વંદન એ ખાલી ગુણને જ નથી, પણ વંદન એ એક જાતનો બાહ્યવ્યવહાર છે. તે વ્યવહારનયની વ્યવસ્થા સાથે સંકળાયેલો છે. આ બાબત સમજાવવા તમને એક બીજો દાખલો આપું. જેમ તમે વાજતે-ગાજતે મુમુક્ષુને દીક્ષા અપાવો છો, તે વખતે જેને જન્મ આપી, વર્ષો સુધી પાળી-પોષી, સાચવી, મોટો કર્યો છે, તેને સાધુના શરણે સોંપો છો અર્થાત્ હવે તેના પર અમારો કાંઈ હક્ક નથી અમે તેની પાસે ભૌતિક-સામાજિક કર્તવ્યની આશા નહિ રાખીએ, એવું તમે સ્વીકારો છો. તે દીક્ષા લીધેલો સાધુ અમારા શરણે આવેલો છે, લાયક છે; છતાંય તેને અમુક training (શિક્ષા) ન આપીએ ત્યાં સુધી તેનું લાવેલું પાણી પણ ન વાપરીએ. વડી દીક્ષા ન થાય અને જોગ પૂરા ન

થાય ત્યાં સુધી તેનો ચોકો જુદો રાખીએ. જોગ થયા પછી પણ તેની પાસે અમારી સાથે એક જ માંડલીમાં બેસવા માટેના પણ આયંબિલો કરાવીએ, પછી જ તેની સાથે ખાવા-પીવા-વંદન કે સ્વાધ્યાયના વ્યવહારો કરીએ. તમારી ભાષામાં આને અન્યાય કહેવાય ને ? પણ જ્યાં સુધી મહાવ્રતો માટેની ક્ષમતા નક્કી ન થાય ત્યાં સુધી અમારા અને તેના આચારનો ભેદ છે; ત્યાં સુધી તેની સાથે સમાનતાનો વ્યવહાર ન કરાય. અરે ! તમે જાણશો તો તમને નવાઈ લાગશે, પણ આવી દૂરી રાખવાના નિયમો એટલા કડક છે કે જ્યાં સુધી તે અમારી સાથે ન ભળે ત્યાં સુધી તેના લાવેલા ગોચરી-પાણી તો અમે ન વાપરીએ, પણ કદાચ તે અમારી સાથે બેસીને પોતાની લાવેલી ગોચરી વાપરી લે તો અમારા ગોચરી-પાણી પણ તેનાથી અભડાયા તેમ માની પરઠવી દઈએ અથવા તો પ્રાયશ્ચિત્તરૂપે આયંબિલ કરીએ. વળી, આ ભગવાનની આજ્ઞા છે. જ્યાં સુધી આચારભેદ હોય ત્યાં સુધી વ્યવહાર ન કરીએ તેમાં અન્યાય કે તિરસ્કાર-દ્વેષનો ભાવ નથી.

**સભા :** ત્યાં અપરિપક્વ છે, અહીં એવું નથી.

**પૂ. સા. :** હા, અહીં અપરિપક્વતાના કારણે નહીં પણ બીજા કારણે હોય, છતાંય એ નક્કી કે જ્યાં સામાચારીભેદ આવે ત્યાં શાસ્ત્ર કહે કે વંદનવ્યવહાર કરવાનો નથી, પણ એટલામાત્રથી કાંઈ પરસ્પર દ્વેષ જ છે તેવું ન મનાય, પણ સદ્ભાવ, પરસ્પર ઉચિત વ્યવહાર વગેરે બધું હોય. પરસ્પર મળવાનું થાય ત્યારે સન્માનપૂર્વક બેસાડે, શાતા પૂછે, માત્ર અમુક પ્રકારના આચારની મર્યાદા હોય. આ વાત પાછી સાધુ માટે છે. જ્યારે તમારે તો શ્રાવક તરીકે બધા ગુણિયલ સાધુને વંદન કરવાનાં છે.

**સભા :** શ્રાવકોને સામાચારીભેદ ન નડે ?

**પૂ. સા. :** ના, તેના માટે બધા પંચમહાવ્રતધારી સાધુ-સાધ્વીઓ વંદનીય-પૂજનીય છે અને બધા શ્રાવક-શ્રાવિકાઓ સાધર્મિક છે. ગમે તેવો ઊંચો શ્રાવક હોય, પણ તેના જીવનમાં પાપપ્રવૃત્તિ, પાપના ભાવ છે, પાપાચાર છે, માટે આ વિભાગ શક્ય નથી.

**સભા :** પાર્શ્વનાથ ભગવાનના સાધુ મહાવીર ભગવાનને વંદન કરે ?

**પૂ. સા. :** તેમના શાસનને સ્વીકારે, તેમના સંઘમાં પ્રવેશ ત્યારપછી કરે, તે પહેલાં ભગવાનને પણ વંદન ન કરે.

**સભા :** મૂર્તિને વંદન થાય, પણ ભગવાનને ન થાય ?

**પૂ. સા. :** હા, **તીર્થંકરની મૂર્તિ સાધર્મિકથી પર છે. ત્યાં વ્યવહારનો પ્રશ્ન નથી આવતો.** તમે થાપ ક્યાં ખાધી ? પ્રત્યક્ષ અને પરોક્ષનો ભેદ સમજ્યા નથી. જેમ કોઈ સાધુ જીવતા શ્રેણિક રાજાને સામે મળવા છતાં વંદન ન કરે, પણ તેની તીર્થંકર અવસ્થાની પ્રતિમાને વંદન કરે. જૈનશાસનનો વ્યવહાર ઘણો ગંભીર છે, તેના દરેક કારણો સમજવા જેવા છે.

અહીં વાત એટલી છે કે આવા આચારભેદને કારણે ગમે તેવી વાતો ફેલાવે, ગમે તેવી મનફાવે તેમ વાડાબંધી સ્થાપે, પોતાના વર્ચસ્વવાળા ઉપાશ્રયોમાં સંયમી સાધુઓને ઊતરવા ન દે, શ્રાવકોને પણ તેમ વર્તવા શીખવાડે. આમ, ગામેગામ ઝેર ફેલાવી સંઘમાં ભાગલા પડાવે છે. ખરેખર તો સંઘમાં કહેવાતા ટ્રસ્ટીઓ, જે ગૃહસ્થો કે શ્રાવકો છે, તેમને સંઘના ઉપાશ્રયમાં સંયમી સાધુઓને ઊતરવાની ના પાડવાનો કોઈ અધિકાર શાસ્ત્રો આપતા નથી. વર્તમાનમાં આવા કદાગ્રહ અને વાડાબંધીઓ દ્વારા સંયમી સાધુઓનું સંઘના સારા ક્ષેત્રોમાં વિચરણ બંધ થયું છે. પરિણામરૂપે સંયમી સાધુઓને આચાર અને આરાધનામાં ટકવા માટે શ્રીસંઘમાં નવા ઉપાશ્રયો કે ક્ષેત્રો ઊભાં કરવાં પડે, જેથી જતે દહાડે સંઘમાં ગામે-ગામ ભાગલા થાય છે. આવા સંઘભેદ કરનારને મહાદોષ કહ્યો છે.

જેમ પાર્શ્વનાથ પ્રભુ અને મહાવીરસ્વામીના સાધુઓમાં આચારભેદ છે તેમ એક જ તીર્થંકરના શાસનમાં પણ આચારના અનેક ભેદ હોઈ શકે છે. એકના પાત્રા લાલ તો બીજાના કાળા, એકના વસ્ત્રો પીળા તો બીજાના સફેદ... આવાં તો કેટલાંય તફાવતો આવશે. જો ભગવા વસ્ત્ર પહેરવાથી ડૂબી જ જવાય અને સફેદ પહેરવાથી તરી જ જવાતું હોય તો ૨૨ તીર્થંકરના સાધુ ડૂબી જાય અને મહાવીર પ્રભુના બધા સાધુઓ તરી જાય; પણ આવી શાસ્ત્રમાં ક્યાંય guarantee (બાંહેધરી) આપી નથી.

**સભા :** અત્યારે તો કપડાંનો આગ્રહ રાખવો જ પડે છે ને ?

**પૂ. સા. :** ના, તેવો એકાંત નથી. આપણા જ વડીલોએ કારણે પીળાં વસ્ત્રો પણ પહેર્યાં છે. યતિઓથી જુદા પડવા સંવેગી શાખાના વડીલોએ પીળાં વસ્ત્ર પહેર્યાં છે, પણ તેથી તત્ત્વને કોઈ નુકસાન નથી. યોગસારમાં કહ્યું : 'किं नाग्न्येन सितै रक्तैः, किं पटैः किं जटाभरैः ?' અર્થાત્ આવા આચારના ભેદથી જેટલા મૂંઝાય છે અને તત્ત્વ વિચારતા કે સમજતા નથી, તેનું કદી કલ્યાણ થવાનું નથી.

**સભા :** સત્યને પકડવા પ્રયત્ન ન કરે ?

**પૂ. સા. :** તો ૨૨ ભગવાનના સાધુએ પચરંગી કપડાં પહેર્યાં તો તેમની પાસે સત્ય નહોતું ? અને મહાવીર ભગવાનના સાધુએ સફેદ પહેર્યાં માટે સત્ય પકડાઈ ગયું એમ છે ? જ્યાં તત્ત્વનો ભેદ નથી ત્યાં ઝઘડા કરવા તે મૂર્ખાનું કામ છે.

સ્થાનકવાસી-તેરાપંથી સાથે તત્ત્વનો ભેદ છે; છતાં શાસ્ત્રકારોએ વિશાળતા એટલી રાખી કે તે પણ જૈન, મહાવીરના અનુયાયી છે, ત્યાં પણ સમકિતની સામગ્રી હાજર છે, માટે તેઓ સમકિતી હોઈ શકે.

**સભા (સાધુ) :** વંદન કરાય ?

**પૂ. સા. :** આટલું સમજાવ્યું તે બધું ઊંઘમાં ગયું ? જો સામાચારીભેદ હોય તો સાધુને પણ પરસ્પર વંદનવ્યવહાર નથી, તો અહીં તો સંઘભેદ થયો છે, તો વંદનવ્યવહાર ક્યાંથી હોય ? સંઘભેદ હોય ત્યાં તો શ્રાવકથી પણ વંદન ન કરાય.

**સભા :** તો ભગવાન મહાવીરના શ્રાવકો પાર્શ્વનાથ ભગવાનના સાધુને વંદન ન કરે ?

**પૂ. સા. :** કરે, પણ અહીં (સ્થાનકવાસી વગેરે સાથે) તત્ત્વભેદના કારણે સંઘભેદ છે, માટે શ્રાવકોને પણ વંદનવ્યવહાર નથી.

**સભા :** દિગંબરોની પ્રતિમાને શ્રાવક વંદન કરે ?

**પૂ. સા. :** ના, સંઘભેદ હોય ત્યાં વ્યવહાર તૂટી જાય છે, હવે માત્ર જૈન તરીકે જ વ્યવહાર ચાલુ રાખીએ.

ગમે તેવા વિકટ સંયોગો કે મોટા પ્રશ્નો ઊભા થયા, પણ મધ્યસ્થતા ગુણને મહાપુરુષોએ લોપ્યો નથી. તમે મધ્યસ્થતાને જોખમાવી દો તેવા આવેશમાં આવી જાઓ છો, આક્રમણ, નિંદા-દ્વેષ સુધી પહોંચી જાઓ છો, જો તે હશે તો આ ગુણની બહાર નીકળી જશો. માટે જ શાસ્ત્રનાં quotations, તર્કો, આપી આપી ફરી-ફરીને એક જ વાત સમજાવવા માંગું છું કે આપણે ત્યાં આજ્ઞાભેદ, સામાચારીભેદ કે વાચનાભેદને કારણે જે કોઈ તફાવત હોય તે બધાને શ્રીસંઘમાં સમાવી લેવાના છે, તેનાથી સંઘના ભાગ-ટુકડા કરવાના નથી અને કરનાર મહાપાપનો ભાગી થાય છે.

**સભા :** મધ્યસ્થતા ગુણવાળો ચારે ફિરકાવાળા પ્રત્યે કેવો વ્યવહાર રાખે ?

**પૂ. સા. :** તે સમજે કે બીજા પણ મહાવીરના ઉપાસક છે, જિનની ભક્તિ કરનાર છે. તેમનામાં અને આપણામાં હજારો બાબતમાં સમાનતા છે. આચારમાં ઘણી ક્રિયા-જયણાયુક્ત, સમિતિ-ગુપ્તિયુક્ત છે. સિદ્ધાંતો પણ ઘણા એક છે. જે એકતા સચવાઈ છે, તે સ્વીકારી ન શકીએ, અને પ્રસંગે અનુમોદના ન કરી શકીએ, તો સમજવાનું કે મધ્યસ્થતા નથી.

**સભા :** દાદા ભગવાન પ્રત્યે કેવું વલણ જોઈએ ?

**પૂ. સા. :** ભલે તે ફંટાયા હોય પણ જ્યાં સુધી જિનના અનુયાયી છે, મહાવીરને માનીને ચાલે છે, સ્યાદ્વાદના સિદ્ધાંતને માનીને ચાલે છે, તત્ત્વજ્ઞાનનો પૂરેપૂરો ભેદ નથી, આચારમાં અમુક જ ભેદ છે, ત્યાં સુધી તેમને પણ જૈન તો કહેવા જ પડે.

**સભા :** તે શ્રીકૃષ્ણ, શિવ બધાને ભેગા કરે છે, તો એકલા મહાવીરના અનુયાયી ન રહ્યા ને ?

**પૂ. સા. :** પણ તે બધાને ઈશ્વરના સ્થાને ન મૂકતા હોય અને ઈશ્વરના સ્થાને વીતરાગ-અરિહંતને જ મૂકતા હોય તો જૈન છે; કેમ કે તેઓ સીમંધરસ્વામીને વધારે માને છે વધુ મહત્ત્વ આપે છે, તે હકીકત છે; છતાં બીજાને ઈશ્વર નથી માનતા તે સ્પષ્ટતા જોઈએ. ઈશ્વરતત્ત્વમાં ભેળસેળ હોય તો ચલાવી ન શકાય.

કાનજીસ્વામીએ વધારે નિશ્ચયવાદ સ્વીકાર્યો. તે નિશ્ચયવાદના પ્રખર હિમાયતી હતા. હવે નિશ્ચયનય દ્રવ્યતીર્થંકરને ન સ્વીકારે, ભાવતીર્થંકરને જ સ્વીકારે. તેથી તેઓ ૨૪ તીર્થંકરને દ્રવ્યતીર્થંકરરૂપ ગણે અને ૨૦ વિહરમાન વગેરેની જ ભક્તિને વધારે મહત્ત્વ આપે. તેનાં જ મંદિરો અને તેનો જ મહિમા હોય, પણ તેવું હોય ત્યાં સુધી વાંધો નથી. વીતરાગ સિવાયનાને પણ ઈશ્વર તરીકે સ્વીકારતા થાય તો અમે કહીએ, આ હવે વ્યવહારથી પણ જિનના અનુયાયી રહ્યા નથી.

રાજચંદ્રનો આખો સંપ્રદાય દિગંબર મતને વધારે માને, શ્વેતાંબરને ગૌણપણે માને, પણ તે અરિહંત, સિદ્ધ સિવાય બીજાને ઈશ્વર ન માને, આ મજબૂત માન્યતા છે. જે જિનને જ ભગવાન માનવા તૈયાર છે, તે બધા જૈન કહેવાય જ. પછી તમે કહો, અમુક બાબત નથી માનતા, આનો અસ્વીકાર કરે છે, આટલું-આટલું નવું કરે છે, માટે જૈન મટી ગયા તેવું ન કહેવાય. નહિતર તો બધાને કેન્સલ કરતાં એ આવે કે આપણી વિધિ પાળે છે તે જ જૈન. અને હજુ આગળ વધો તો છેલ્લે તમે એકલા જ રહેશો, તમે પણ બધી વિધિ પાળો છો કે કેમ તે પ્રશ્ન છે. આ રીતે બધાને બહાર કાઢવાનો વ્યવહાર જૈનશાસ્ત્રમાં નથી.

ઘણીવાર કોઈ બીજી માન્યતા પ્રમાણે આરાધના-ઉપાસના કરતા હોય, તો ઘણીવાર કોઈને જુદી પરંપરા પ્રાપ્ત થઈ હોય, તેથી તફાવત હોય. અરે ! ક્યારેક ભૂલચૂક કે અજ્ઞાનતાથી પણ ભેદ પડતો હોય; છતાં એટલામાત્રથી તે બહાર નીકળી જતા નથી. જો આવું હોય તો ફટાફટ બધાને બહાર કાઢવા પડે. પછી તો પોતાના સિવાયના ત્રણ ફિરકા, પછી પોતાના સિવાયના ત્રણ ગચ્છ, તેમાંય એક ચાર થોયવાળા તો બીજા ત્રણ થોયવાળા, તેમાંય એક એકતિથિવાળા તો બીજા બે તિથિવાળા, તેમાંય એક આ સમુદાયવાળા તો બીજા અન્ય સમુદાયવાળા, તેમાંય એક આ ગુરુને માનવાવાળા તો બીજા અન્ય ગુરુને માનવાવાળા, તેમાંય હું વધારે ગુર્વાજ્ઞા પાળું છું તો બીજો ઓછી ગુર્વાજ્ઞા પાળે છે... આમ વિભાગો પાડતા જઈશું તો છેલ્લે ક્યાં અટકીશું ? પેલો આઠ પડવાળો મુખકોશ નથી બાંધતો, પેલો ભગવાનની મસ્તકથી પૂજા

કરે છે, પેલો કાળા પાત્રા રાખે છે, પેલો પ્રતિક્રમણ જુદી રીતે કરે છે, પેલો ન ચાલે તેવા સ્તવનો બોલે છે, આમ એક પછી એક બધાને રદબાતલ કરતાં જવાનું. પછી રહેશે કોણ ? કાંઈક સમજીને mentality (માનસિકતા) ગોઠવો. આવો ભગવાનનો ઉપદેશ છે જ નહીં કે એક પણ બાબતમાં diffrence of views, (વિચારમાં તફાવત) કે difference of ethics (આચારમાં તફાવત) થયો તો ન ચાલે. કોઈ કહે કે આ પૂજાના કપડામાં સામાયિક કરે છે માટે નકામો. આમ, વિધિ-અવિધિના કે સામાચારીના minor (નાના) ભેદોથી વિભાગ કરી તોડફોડ-નિંદા, તેમના પ્રત્યે સખત અભાવ કરાય નહિ, અને કરનાર જૈનશાસનરૂપી મહાઇમારતને તોડનારો છે, ભગવાને સ્થાપેલ ધર્મ કે સંઘના અંગ-પ્રત્યંગને જુદા પાડનારો છે.

**સભા :** બીજે આચાર બતાવ્યો છે, તેમાં ગુણોની સાપેક્ષતા છે ?

**પૂ. સા. :** તે ચર્ચા જ અસ્થાને છે. હા, ગુણનિરપેક્ષ આચારભેદ હોય તો સ્વીકારી લેવો, તેવું હું કહેતો જ નથી. તમને જ્યાં ગુણસાપેક્ષતા વધારે લાગે તેને અપનાવવા તમે સ્વતંત્ર છો. તેમાં કોઈ દબાણ કે બંધન નથી. પણ કોઈ ગેરસમજ, અજ્ઞાનતા કે મતની શ્રદ્ધાથી ગુણનિરપેક્ષ આચાર અનુસરે એટલામાત્રથી વ્યક્તિ અયોગ્ય નથી થઈ જતી.

પતંજલિ મહર્ષિ-ભર્તૃહરિ-વ્યાસમુનિ વગેરેની પૂ. હરિભદ્રસૂરિ મહારાજાએ philosophyનો (તત્ત્વજ્ઞાનનો) આમૂલ તફાવત હોવા છતાં પ્રશંસા કરી છે. તેમના પ્રત્યે પણ ગુણાનુરાગ બતાવ્યો, તો આપણે તો વિધિ અને આચારનો જ ભેદ છે, તો તેમને કેમ ન સમાવી શકો ? જેઓ પ્રગટ રીતે અન્ય ધર્મના અનુયાયી છે તેવા પતંજલિ કે વ્યાસમુનિને જો નિશ્ચયનયથી ભાવજૈન કહ્યા છે, તો અહીં કેમ વાંધો પડે છે ? મધ્યસ્થતા ગુણ જાળવવો હોય તો આ બધી ભાવના જોઈએ જ. તમે સાચી, સારી વાત સ્વીકારો, તે છોડવાનું નથી કહેતો, પણ બધા જ તમારી વિચારધારા-માન્યતા પ્રમાણેની વિધિવાળા, આચારવાળા થાય, તો જ મંજૂર, બાકી બધા કેન્સલ, એવા વિચારવાળા જૈનશાસનમાં પોતે પણ આરાધના કરવાના નથી અને બીજાને પણ શાંતિથી કરવા દેશે નહિ.

**સભા :** કોઈના દોષ જોવાના જ નહીં, એમ ને ?

**પૂ. સા. :** એવું હું નથી કહેતો, ખુદ તીર્થંકરોએ બીજા ધર્મમાં ખામી જોઈ તો તે તેમણે ભૂલ કરી ? બાપ તરીકે તમે દીકરાનો દોષ જોઈ જ ન શકો, તો તેને કહેશો કઈ રીતે ? સુધારશો કેવી રીતે ? ગુરુ, શિષ્યનો દોષ જુએ નહિ તો વિકાસ કઈ રીતે કરાવશે ? હા, દ્વેષબુદ્ધિથી, નિંદાબુદ્ધિથી કોઈના દોષ જોવા-કહેવાની ભગવાને ના પાડી છે. બાકી હિતચિંતા તરીકે કે ગુણદોષનો વિચાર કરવા કોઈનો દોષ જુઓ, કહો, તો તેની ના નથી.

સાથે એ પણ સમજી રાખવાનું કે પહેલાં જવાબદારી વગર બીજાની બાબતમાં માથું જ મારવાનું નથી. જવાબદારી હોય ત્યાં હિતચિંતાથી દોષ બતાવ્યા પછી સામેવાળો ન સ્વીકારે કે ન સુધરે એટલે તમને દ્વેષ કે નિંદા-ટીકા કરવાનો અધિકાર મળતો નથી. તેના પ્રત્યે પણ શાસ્ત્રમાં મધ્યસ્થભાવના જ બતાવી છે. વળી, અહીં તો સામાચારીભેદ દોષને જ પોષતો હોય, ગુણનિરપેક્ષ જ હોય, તેવો કોઈ નિયમ કે વાત નથી. તો પછી ક્યાં ચિંતા છે ?

**સભા :** સામાચારી ગુણસાપેક્ષ છે તો વંદન કેમ નહિ ?

**પૂ. સા. :** ના, બંને સામાચારી ગુણકારી, સાચી હોય તોપણ વંદનેવ્યવહાર નથી. જગતમાં અમુક તફાવતને જાળવવા હોય અને સત્ય તરીકે ટકાવવા હોય તો આ વ્યવહાર કરવો પડે.

**સભા :** વંદન નથી કરતા અર્થાત્ તેમને ઓછા ગુણિયલ માનીએ છીએ ને ?

**પૂ. સા. :** ના, એ તમારા ભેજાની પેદાશ છે. શાસ્ત્રકારોએ આવું ક્યાંય લખ્યું નથી. અમે તો આ પ્રમાણે જિનની આજ્ઞા છે, એમ માનીએ છીએ. સાથે તેની પાછળના કારણો પણ કહ્યાં છે. તેની અત્યારે ચર્ચા નથી.

અહીં વાત એ છે કે, મહાપુરુષોએ દિગંબરો સાથે સંઘભેદ કર્યો પણ દ્વેષ નહોતો માટે જ દિગંબરોને "જૈન" કહી શક્યા. એટલું જ નહીં સાથે ત્યાં પણ સમકિત પામવાની સામગ્રી છે, એમ કહ્યું છે. જ્યારે આપણે વાતવાતમાં મધ્યસ્થતા ગુમાવીએ છીએ. આપણને વાતવાતમાં આવેશ આવી જાય છે. આ મોટામાં મોટું નુકસાન છે.

**સભા :** શું નુકસાન ?

**પૂ. સા. :** મોક્ષમાર્ગની બહાર ફેંકાઈ જશો. પછી આરાધના કેટલી કરી તેની ગણતરીનો કોઈ અર્થ નથી. શાસ્ત્રમાં લખ્યું, ગમે એટલા ગુણિયલ મહાપુરુષ હતા, પણ મધ્યસ્થતા ગુણ ગુમાવ્યો, એટલે આત્મકલ્યાણના માર્ગમાંથી બહાર ફેંકાઈ ગયા તેઓના લાખો ગુણો પણ ફોક થયા. બીજા સંપ્રદાય-પંથ, માન્યતા-આચાર-વિચાર પ્રત્યે કેવા ભાવ-વર્તન રાખવું, તે શાસ્ત્રમાં ઠેરઠેર બતાવ્યું છે. તેમાં ચૂકવાનું નથી, જે ચૂકે તે irrepairable loss (મરામત ન થઈ શકે તેવું નુકસાન) કરે છે.

**સભા :** સિદ્ધાંતના મતભેદ કેવા હોય ?

**પૂ. સા. :** તે તો સિદ્ધાંત સમજ્યા હોય તે જ સમજી શકશે. દા.ત. ભગવાન મહાવીરની પરંપરામાં નિહ્નવો થયા, તે બધા સાથે સૈદ્ધાંતિક મતભેદો હતા. પણ અત્યારે તો સૈદ્ધાંતિક મતભેદ કેવા હોય છે તેની પોતાને જ ખબર હોતી નથી કે મને કયા મતભેદ છે ? તેની પણ પૂરી ગગાતમ હોતી નથી; છતાં ગમે ત્યાં કૂદી પડે, ગમે તે રીતે વર્તન કરે, બૂમ-બરાડા મચાવે એવા baseless (પાયાવિહોણા) મતભેદ લઈ ફરનાર સાથે માથાકૂટ મૂર્ખ કરે. Head & taleless (મોં-માથા વગરના) સાથે ચર્ચા-મતભેદ પણ શું કરવાના ?

**સભા :** સિદ્ધાંતના મતભેદ પણ કેવા અને કેટલા ચલાવાય ?

**પૂ. સા. :** તે હું તમને દૃષ્ટાંત દ્વારા કહું છું :

મહાવીર ભગવાનની પરંપરામાં એક મોટા ગચ્છના આચાર્ય થયા હતા, તેમના શિષ્યો ખૂબ વિનયી હતા. તે આચાર્યએ એકવાર પોતાના શિષ્યોને આગળ આગળનાં શાસ્ત્ર ભણાવવા યોગોદ્વહનની ક્રિયા ચાલુ કરાવી. આ ક્રિયા આગળ-આગળના બધા યોગોદ્વહનના તબક્કામાંથી પસાર થયેલાની હાજરીમાં જ કરવાની હોય છે. આ આચાર્ય વિહારમાં મધરાતે એકાએક કાળધર્મ પામ્યા. દેવલોકમાં ગયા, ત્યાંથી ઉપયોગ મૂક્યો અને જોયું કે ગચ્છમાં પોતાના સિવાય બીજો કોઈ ક્રિયા કરાવી શિષ્યોને શાસ્ત્રના પારગામી બનાવી શકે તેવા સાધુ નથી, અને આ સાધુઓ હવે આગળની ક્રિયા નહિ કરી શકે તો જીવનભર શાસ્ત્રજ્ઞાન વિનાના રહેશે. બધા આરાધનાથી વિક્ષિપ્ત કે પતિત થશે. એટલે કાળધર્મ પામી દેવ બનેલા આચાર્યે હિતચિંતાથી પોતાના પૂર્વભવના

દેહમાં પ્રવેશ કર્યો. શિષ્યો બધા સૂતા છે. એમને કોઈને આ ઘટનાની ખબર નથી, બીજે દિવસે નિત્યક્રમ મુજબ યોગોદ્વહન ચાલુ થઈ ગયાં. હવે તો દેવતાઈ સહાય છે. એટલે નિર્વિઘ્ને અધ્યયન-અધ્યાપન ચાલે છે. થોડા સમયમાં તો શિષ્યો સક્ષમ થઈ ગયા, એટલે દેવ બનેલા આચાર્યે પોતાના પદ પર પટ્ટધરને સ્થાપિત કર્યો. છેલ્લે આચાર્યે પોતાનું દેવનું રૂપ પ્રગટ કરી આખા ગચ્છને ભેગો કરીને કહે છે કે 'હું આટલા સમય પહેલાં આ રીતે કાળ કરી ગયેલો, પણ તમારા યોગોદ્વહન અટકે નહિ, આરાધના અસ્ખલિત રહે માટે બધું આ રીતે પાર કરાવ્યું. અવિરતિધર એવા મેં, વિરતિધર એવા તમારા વંદન-ભક્તિ વગેરે લીધા, તેનું હું 'મિચ્છા મિ દુક્કડં' માંગું છું. હવે તમને મારી જરૂર નથી, સક્ષમ પટ્ટધર હોવાથી ગચ્છનું અનુશાસન કરી શકશો !' એમ કહી દેવ ચાલ્યો ગયો. પણ સાધુઓમાં અંદરોઅંદર ચર્ચા ચાલુ થઈ, આટલો સમય આપણે સંસારીને-અવિરતિધરને વંદન કર્યા, વૈયાવચ્ચ-ભક્તિ કરી, સાધુના વેશમાં આપણે સંસારીની ભક્તિ કરી, મહાપાપ કર્યું. આનું પ્રાયશ્ચિત્ત લેવું પડે. સાથે સાથે એવો વિચાર આવ્યો કે કોણ ક્યારે કાળધર્મ કરી જાય તેનું નક્કી નહીં. પછી તે દેવ બની આવું બધું કરે તો ખબર પણ ન પડે. અત્યારે આપણા બધામાં સાચો સાધુ કોણ અને ખોટો કોણ તે નક્કી પણ કેવી રીતે કરવું ? ઉપરાંત કોઈના અંદરથી સાધુપણાના ભાવ પડી ગયા હોય અને બહારથી આચાર પાળતો હોય તો વાસ્તવમાં તે સંસારી છે, આવાને વંદન કરીએ તો પાપ લાગે. આમ, વંદન કરવાના કોઈ ચોક્કસ ધારાધોરણ નિશ્ચિત થતા નથી. તેથી બધાએ પરસ્પર વંદનવ્યવહાર બંધ કરી દીધો. બધા સ્વચ્છંદી બની વિચરે છે. એક વાર બીજા શાસ્ત્રજ્ઞ આચાર્ય આવ્યા અને તેમણે આ બધાને દાખલાદલીલથી સમજાવ્યા. હવે આ સાધુઓ માનતા નથી. પોતાની વાતનો આગ્રહ આવી ગયો.

આ મતભેદ સિદ્ધાંતનો છે કે : "બીજાના ભાવ છદ્મસ્થ ન જાણી શકે. કોઈની ભૂમિકાનો છદ્મસ્થ નિર્ણય ન કરી શકે." અત્યારે ઘણા શ્રાવકો કહે છે ને કે બધાના ભાવ નક્કી ન થાય, આપણે તો બધાને સારા માની ચાલવાનું. પણ આ મોં-માથા વિનાની વાત કહેવાય. આવું બોલનાર અવ્યક્તવાદી

નિહ્નવોની સાથે બેઠા ગણાય. અવ્યક્તવાદનો સિદ્ધાંત છે કે કોઈના અંદરના ભાવો વ્યક્ત થતા નથી, છદ્મસ્થથી જાણી શકાતા નથી. પણ જો આવું એકાંતે માનીએ તો બધા બાહ્ય વ્યવહારો કે આખી વ્યવસ્થાનો લોપ થાય. પછી તો ગુરુ શિષ્યને અનુશાસન ન આપી શકે. વક્તા શ્રોતાના ભાવ ન જાણી શકે, એટલે ઉપદેશ પણ બંધ કરવો પડે. ઘણીવાર તમને minor (તુચ્છ) મતભેદ લાગે, પણ જે મતભેદ સિદ્ધાંત સંબંધી હોય તે major જ હોય છે. એટલે તેમાં બાંધછોડ ન કરાય, છતાંય અહીં પણ દ્વેષ વગેરે તો નથી જ કરવાના.

**સભા :** દેવે બીજા આચાર્યને લાવવાની વ્યવસ્થા કરી હોત તો ?

**પૂ. સા. :** બરોબર છે, પણ તમે સલાહ આપનાર નહોતા અને તેમને સૂઝ્યું નહિ, એટલે શું થાય ? અત્યારે આ વિચાર જ અસ્થાને છે.

મારી વાત એ છે કે આવો અનોખો જૈનધર્મ મળ્યો અને તેને પામ્યા, પછી તેની આરાધના કરવા આપણે પાયાની મધ્યસ્થતા ન કેળવી શકીએ તો સમજવાનું કે મળેલું જૈનશાસન સંપૂર્ણ નિષ્ફળ ગયું. આપણામાં આવી તટસ્થતા જોઈએ. તે મધ્યસ્થતા કેળવવા થોડું ચિંતન-મનન કરવાનું. કોઈ પણ મતભેદ આવે તો વિચારવાનું. આમાં તત્ત્વ શું ? ઘણા મતભેદો તો એવા છે, જેમાં તત્ત્વ નથી, ખાલી નિશાની તરીકે ઓળખાવવા માટેની જ જુદાઈ છે.

**સભા :** મતભેદમાં અહંકાર આવી જાય છે.

**પૂ. સા. :** અહંકાર ટકરાય તો એટલું નુકસાન નથી, પણ પૂર્વગ્રહ-કદાગ્રહ આવે તો ઘણી તકલીફ થાય છે. આ બે આવ્યા એટલે મરી ગયા સમજજો; કેમ કે તમે હમણાં સંપૂર્ણ અહંકાર છોડી શકો તેમ નથી, પણ આ બે તો ચોક્કસ છોડી શકો તેમ છો.

**સભા :** સહેલું શું ? કદાગ્રહ છોડવો કે અહંકાર ?

**પૂ. સા. :** વિચારક બને તો કદાગ્રહ છોડવો સહેલો છે, જે વિચારક ન બને અને આંધળો જ રહે તો તે અનાદિથી કદાગ્રહી જ છે. મૂર્ખો કદાગ્રહી ન હોય તેવું નથી અને ભણેલા બધા તટસ્થ હોય તેવું પણ નથી. બંને કદાગ્રહી હોઈ શકે છે. માત્ર અપ્રગટ અને પ્રગટનો તફાવત પડે છે. કદાગ્રહને તોડવા અને સરળતા પામવા તમારે આ દિશામાં પુરુષાર્થ કરવાની જરૂર છે. કદાગ્રહ

નથી, તેને ગુણો પામવા અને ટકાવવા સહેલા છે. ક્યાંય પક્ષાપક્ષીની વાત આવે તો તમારામાં આ ભાવ જોઈએ.

સાચા જૈનશાસ્ત્ર ભણેલા સાધુને દુનિયાના કોઈ ધર્મ, કોઈ મત-સંપ્રદાય-પંથ સાથે એકાંતે વિરોધ ન હોય, તેમ જ સર્વજ્ઞ સિવાય બીજા કોઈ સાથે એકાંતે મનમેળ પણ ન હોય. આ સ્યાદ્‌વાદીની ખાસિયત છે. દા.ત. દિગંબર સાથે અમને બધી બાબતમાં મતભેદ નથી અને તેઓની બધી બાબતમાં અમારી સંમતિ પણ નથી; છતાં મારા મનમાં તેમના પ્રત્યે અંશમાત્ર દુર્ભાવ પણ નથી અને તેમની ખોટી વાતની પ્રશંસા પણ નથી. હું તેમનું ખંડન-મંડન બંને સાપેક્ષપણે કરતો રહીશ.

આ તટસ્થતા ગુણ બધા માટે છે. તે સર્વવ્યાપી બનશે, ત્યારે જ આપણે વિકાસ કરી શકીશું. તમારે કોઈ સાથે વાંધો પડે પછી તેનામાં કોઈ ગુણ દેખાય જ નહિ, તે ક્યારે બને ? મધ્યસ્થતા ગુણ ન હોય તો.

**સભા :** મતભેદ હોય પણ મનભેદ ન જોઈએ.

**પૂ. સા. :** મનભેદથી શું લો છો, તે તમે જાણો. શબ્દોની રમત નથી જોઈતી. હું તો કહીશ કે જેને મતભેદમાં દ્વેષ છે તો તે પણ ખોટું છે. અને જે અન્યનું સાચું સારું સ્વીકારી ન શકે, તેના મનમેળની પણ કોઈ કિંમત નથી. **મતભેદમાં દ્વેષ મધ્યસ્થભાવને તોડે છે અને મનમેળમાં રાગ મધ્યસ્થભાવને તોડે છે.** આ વાત તમારા મનમાં સ્થિર થઈ જાય તો તમારો આત્મા સાચા માર્ગે પ્રયાણ કરી શકે.

# ૭

**વૈશાખ સુદ-૧૫, વિ. સં. ૨૦૬૨, શનિવાર, તા. ૧૩-૫-૨૦૦૬,**
**માણેક એવન્યુ, દેવકીનંદન, અમદાવાદ.**

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા રાગ-દ્વેષનો સંપૂર્ણ ક્ષય કરાવનાર આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જીવમાત્ર ચેતનદ્રવ્ય તરીકે ચેતના ધરાવે છે, શુદ્ધ ચેતના સ્વયં નિર્વિકારી છે અને આનંદને આપનારી છે; પરંતુ આપણી ચેતના અશુદ્ધ થઈ ગઈ છે, તેમાં વિકૃતિ આવી છે, તે બધી વિકૃતિ સંક્ષેપમાં રાગ-દ્વેષના આવેગમાં સમાય છે. એટલે **જેના મનમાં રાગ-દ્વેષ વધારે તેને દુઃખ વધારે અને જેને રાગ-દ્વેષ ઓછા તેને દુઃખ પણ ઓછું.** આ સંસારમાં તમામ જીવોના આંતરિક દુઃખનું સરવૈયું રાગ-દ્વેષમાં આવે. આમ તો મોહના અસંખ્ય પેટાભેદો છે, તે તમામ મોહના પરિણામો આત્માને સંતાપ આપનાર છે. કરિયાતું-કારેલાં સ્વભાવથી જ કડવાં છે, કોઈએ કડવાં બનાવ્યાં નથી, જે ચાખે તે બધાની જીભ કડવી થાય જ. પછી કોઈને કડવી વસ્તુ ભાવતી હોય, માટે કારેલા ભાવતા હોય તે બની શકે છે; કેમ કે આયુર્વેદ કહે છે, અમુક પ્રકારના કફનો પ્રકોપ થાય તો કડવી વસ્તુ પણ ભાવે. જીભમાં દોષ હોય તો કડવી વસ્તુ ભાવે, અને દોષ ન હોય તો ન ભાવે, પણ કડવી બધાને કડવી તો લાગે જ. તે રીતે આ સંસારના જીવમાત્રમાં પેદા થતા જેટલા પણ મોહના ભાવો છે, તે બધા સંતાપદાયક છે. મોહના ભાવો સેવે તેને અજંપો-આકુળતા-વ્યાકુળતાનો અનુભવ થયા વિના ન રહે. રાગ-દ્વેષને મોહના મુખ્ય પરિણામરૂપ કહ્યા છે. જે રાગ-દ્વેષને તોડે, તેનો સંપૂર્ણ વિજય કરે તે 'જિન' છે, તે વિશ્વવિજેતા છે. આખી દુનિયાને જે મોહ હેરાન કરે છે, ત્રાસ કરે છે, તેવા મોહના ભાવોને જેણે

આત્મબળથી જીત્યા, પોતાના આત્માને તેનાથી મુક્ત કર્યો, તેનું આત્મબળ, મનોબળ કેટલું શ્રેષ્ઠ કહેવાય ! વીતરાગને આપણે જિન કહીએ છીએ. **જિનના અનુયાયી - ભક્ત તે જૈન. જેને જિનના ભક્ત બનવું હોય તેણે પોતાના રાગ-દ્વેષને ખરાબ માની તેને કાઢવાના થોડા થોડા પ્રયત્ન તો ચાલુ કરવા જ પડે.**

જૈનધર્મ એ વ્યક્તિવાદી કે કોઈ એક વ્યક્તિથી પ્રસ્થાપિત ધર્મ નથી. અહીં તો અનંતા વીતરાગને ઈશ્વરપદમાં પૂજવામાં આવે છે. બીજા ધર્મો અનેક ઈશ્વરને માનવા તૈયાર નથી, જ્યારે જૈનધર્મ અનેક ઈશ્વરને પૂજે છે. હા, સમાનતા હોવાને કારણે ગુણમય વ્યક્તિત્વ તરીકે બધા ઈશ્વર એક જ છે. સર્વજ્ઞ, વીતરાગ એવા શુદ્ધ આત્માઓ જ ઈશ્વરપદમાં સ્થાન પામે. સાધના કરી merits (ગુણવત્તાના ધોરણ) પર કોઈપણ વ્યક્તિ પરમેશ્વરપદ મેળવી શકે છે, તેના માટે એક જ શરત છે કે તેણે પોતાના સંપૂર્ણ રાગ-દ્વેષ કાઢવા પડે. જેમને રાગ-દ્વેષ સારા લાગતા હોય, જીવનમાં કરવા જેવા લાગે, તેમાં મજા-આનંદ આવે, તેમને જૈનધર્મ સાથે મેળ નહિ બેસે. સાચા જૈન બનવા પહેલાં સાધનાનું લક્ષ્ય સમજવા જેવું છે.

દુનિયાના જીવમાત્રના દુઃખનું કારણ અંદરમાં રહેલા રાગ-દ્વેષના પરિણામ છે. જો તે જ કરવા લાયક લાગે તો પછી તમારી અને જિનની દિશા જ જુદી છે. તમને ગળથૂથીમાં વારસારૂપે જૈનધર્મ મળી ગયો, પણ મળેલો જૈનધર્મ તમને ગમે ક્યારે ? તમે રાગ-દ્વેષ ખરાબ-છોડવા જેવા માનતા હો, આ રાગ-દ્વેષ જ મારા દુઃખનું મૂળ છે, એવું માનતા હો તો. તમારા જીવનમાં જેટલાં પણ દુઃખો છે, તેમાં બાહ્ય દુઃખનાં નિમિત્ત બહાર છે, પણ આંતરિક દુઃખોના નિમિત્ત અંતરમાં જ અસ્તિત્વ ધરાવે છે, અહીં બેઠેલામાંથી કોઈ એવો ખરો કે જેને જીવનમાં આંતરિક દુઃખ કાંઈ જ ન હોય ? ભગવાન આ જ કહે છે, **જેટલા રાગ-દ્વેષ વધારે એટલું આંતરિક દુઃખ વધારે, અને તે ઓછા તેટલું આંતરિક દુઃખ ઓછું.** તમને રાગ મીઠો લાગે છે, તે કરતી વખતે મધુરતાનો અનુભવ કરો છો, રાગ કરવાનું પાત્ર મળી જાય તો રાજીરાજી થઈ જાઓ છો; એટલું જ નહિ, રાગ કરવાનું આલંબન શોધતા જ ફરતા હો છો. પુણ્ય ઓછું છે, એટલે આલંબન બહુ ઓછાં મળ્યાં છે. રાગ કરતાં-

કરતાં મન ધરાઈ જાય તેવા દીકરા-દીકરી-પત્ની કશું જ મળ્યું નથી.

**સભા :** સંતોષ માનીએ છીએ.

**પૂ. સા. : સામે ચાલીને મળતું હોય; છતાં અપેક્ષા ન હોય તેને સંતોષ કહેવાય.** તમે તો સમાધાન કરીને જીવો છો. અરે ! તે રીતે જ જીવવું પડે છે. તમને જીવનમાં જેટલો રાગ કરવો છે, તેટલો કરવાની તક મળતી નથી. તે માટે જેવાં જોઈએ તેવાં ગાઢ આકર્ષણનાં પાત્ર કે ભોગોની સામગ્રી મળતી નથી. બાકી અંદરમાં રાગ જ ઓછો છે માટે કરતાં નથી, એવું નથી. શાલિભદ્રને મળેલી તેવી મા-પત્ની-ભોગો મળ્યા હોય, પછી રાગ ખરાબ લાગે ? શાસ્ત્ર કહે છે, બધું અનુકૂળ, અપેક્ષા મુજબનું હોય પણ જો તેના પર રાગ થાય તો અજંપો ચાલુ થયો. દ્વેષને બળતરા કહી છે. ગરમીમાં લૂ લાગે તે બાહ્ય બળતરા થાય છે, અને અંદરની આગ તે આ દ્વેષ છે. જો તમે રાગ-દ્વેષને ભગવાને કહ્યા છે તેવા અનુભવી શકો, તો સમજી લેવાનું, તમને ભગવાનના વચન પર નિર્મળ શ્રદ્ધા થયા વિના રહેશે નહિ. તમને વસ્તુ પર **રાગ થયો, ત્યારથી જ તમારા મનમાં અજંપો ચાલુ થયો. રાગ થાય એટલે તરત અપેક્ષા ચાલુ થાય. પછી તે અપેક્ષા શાંતિથી જંપીને બેસવા ન દે. જો તે વસ્તુ-વ્યક્તિ મળી ગઈ તો પછી તેના રક્ષણની, પછી તેના વિયોગની ચિંતા ચાલુ થશે. રાગી ક્યારેય મનથી તૃપ્ત-શાંત હોય તેવું બની ન શકે.** આંતરિક દુઃખના નિરાકરણનો એક જ ઉપાય છે : આત્માને વીતરાગ બનાવવો. તેના માટે વીતરાગની ઉપાસના જરૂરી છે.

ભગવાનને ભક્તિની જરૂર છે માટે ભગવાનની ભક્તિ નથી. ભક્તોને ભગવાનની જરૂર છે માટે તેમની ભક્તિ છે. આપણે ત્યાં ઈશ્વરને આપણી અપેક્ષા નથી. તે વીતરાગી પરમેશ્વર છે. જૈનધર્મે કહ્યું, પરમેશ્વરને બીજાની ભક્તિની અપેક્ષા ન હોય.

**સભા :** ઈશ્વર સાર-સંભાળ રાખે તો શું વાંધો ?

**પૂ. સા. :** ભક્તોની ચિંતા કરનાર ભગવાન હોય તો તે duty bound (ફરજપરસ્ત) થઈ ગયા.

**સભા :** તેમનું અચિંત્ય સામર્થ્ય છે, તેમાં duty ક્યાં રહી ?

**પૂ. સા. :** તેવું માનો તો મને વાંધો નથી. બાકી ભગવાનને ભક્તની ચિંતા ન હોય, સારસંભાળની જરૂર ન હોય, ભગવાનનો પ્રભાવ-અચિંત્ય મહિમા જ એવો છે કે તેમની ભક્તિ કરનાર પોતાનાં દુ:ખને કાપે અને આગળ આગળની ઉન્નતિ સાધે. જૈનધર્મમાં ક્યાંય પણ એવું નથી કહ્યું કે ઈશ્વર active (કાર્યરત) થઈ તમારાં દુ:ખ દૂર કરે છે, નહીંતર ભગવાન દુનિયામાં સૌથી વધારે ચિંતા કરનારો, દુ:ખી દુ:ખી આત્મા બની જશે. **જેણે ધર્મનું અનુશાસન સ્વયં પાળી; તેનું શ્રેષ્ઠ ફળ મેળવી, જગતને ધર્મનો ઉપદેશ આપ્યો છે, તે આપણા પરમેશ્વર છે.**

તીર્થંકરો જ્યારે કેવલજ્ઞાની નહોતા બન્યા ત્યારે, ગૃહસ્થઅવસ્થામાં પણ સંપૂર્ણ કર્તવ્યમય જીવન જીવનારા હતા. તીર્થંકરો છેલ્લા ભવમાં દીક્ષા ન લે તે પહેલાં સ્થિતપ્રજ્ઞ અવસ્થામાં હોય છે. સંસારમાં રાજપાટ, સત્તા-સંપત્તિના ઢગલામાં રહ્યા હોય, પરંતુ તેના પ્રત્યે તદ્દન નિર્લિપ્ત હોય છે; તોપણ સંસારમાં કોઈ કર્તવ્ય ચૂકવાના નથી. બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાન કૃષ્ણવાસુદેવના કાકાના દીકરા ભાઈ હતા. કુટુંબ પ્રત્યેનું કર્તવ્ય અદા કરવા તેઓને એકવાર યુદ્ધમાં લડવા જવાનો પ્રસંગ ઉપસ્થિત થયો. ઋગ્વેદમાં પણ નેમિકુમાર અને કૃષ્ણનો સંબંધ બતાવ્યો છે. હવે આ નેમિકુમારને કોઈ પ્રત્યે મમતા નથી અને મમતાથી આકુળ-વ્યાકુળ થઈ લડવા ગયા નથી. લડતી વખતે પણ કોઈ જાતની ખોટી હિંસા ન થાય, તેની તેઓએ કાળજી રાખી છે. આદર્શ યુદ્ધ કેવી રીતે અને કેવા ભાવથી લડાય, તેનો બોધપાઠ નેમિકુમારના યુદ્ધના પ્રસંગથી ખ્યાલમાં લેવા જેવો છે.

**સભા :** મધ્યસ્થભાવ અને સ્થિતપ્રજ્ઞતામાં શું તફાવત ?

**પૂ. સા. :** સ્થિતપ્રજ્ઞ અવસ્થામાં મધ્યસ્થભાવ હોય છે, તે ઊંચી કક્ષાનો છે, તેમાં સંસારના પોતાના અંગત સ્વાર્થ પણ વિસારી દીધા હોય છે. જેના મનમાં સ્વાર્થપ્રેરિત રાગ-દ્વેષ હોય તે કદી સ્થિતપ્રજ્ઞ હોય નહિ. અત્યારે આપણે સ્થિતપ્રજ્ઞ નથી; કેમ કે આપણામાં સ્વાર્થપ્રેરિત રાગ પણ પડ્યા છે. તમારું મન સ્વાર્થથી ઘેરાયેલું છે ત્યાં સુધી તમે બધા જીવો પ્રત્યે ન્યાયી વર્તન નહિ

કરી શકો. અત્યારે તો સ્વાર્થ વચ્ચે આવે તો સગાં મા-બાપ સાથે પણ ઝઘડો તેવા છો. સ્થિતપ્રજ્ઞ જેવી ઊંચી મધ્યસ્થતા તમારામાં આ ભવમાં આવશે જ નહિ. સ્થિતપ્રજ્ઞ બધા પ્રત્યે ન્યાયી, તટસ્થ ભાવ રાખે તેવા હોય છે; અત્યારે તો તમારી પાસે અપેક્ષા એ છે કે તમે બધા પ્રત્યે ભલે સંપૂર્ણ ન્યાયી વર્તન ન કરી શકો, પરંતુ કોઈપણ પ્રત્યે કદાગ્રહપૂર્વકનું કનિષ્ઠ વર્તન તો નહિ જ કરવાનું. આ initial stageની (પ્રારંભિક કક્ષાની) મધ્યસ્થતા માંગીએ છીએ. ઊંચી મધ્યસ્થતા તો આગળની સાધનામાં આવશે.

**સભા :** વ્યક્તિને ઓળખી વર્તન કરવાનું ?

**પૂ. સા. :** વ્યક્તિને ઓળખી વર્તન કરવામાં મને વાંધો નથી, પણ વ્યક્તિને તટસ્થતાથી ઓળખવાની કે ભેદભાવથી ? તમે તમારા પોતાના prejudiceથી (પૂર્વગ્રહથી) વ્યક્તિને મૂલવો છો. જેના પ્રત્યે પૂર્વગ્રહ હોય તેની સારી વાત પણ down (નીચી) કરો છો. તમને ડગલે ને પગલે તમારા અંગત પૂર્વગ્રહ સખત નડે છે. દા.ત. સગામાં કોઈના એક-બે કડવા અનુભવ થયા એટલે અભિપ્રાય બાંધી લીધો કે આ નકામો છે. પછી કોઈ કહે આમાં આ સારપ છે, તેનો લાભ લેવા જેવો છે, તોપણ અભિપ્રાય બદલો ખરા ? સંસારમાં પણ જે પૂર્વગ્રહથી જીવે છે તેને નુકસાન ઘણું છે, તેને જેના માટે જે અભિપ્રાય બંધાયો, તે છોડાવવો ઘણું અઘરું છે; છતાંય તે તમારું અંગત field (ક્ષેત્ર) છે. પણ અમે કહીએ કે તમે ધર્મના ક્ષેત્રમાં આવો અને આવું કરો તો તે જરાય ન ચાલે.

**સભા :** પૂર્વનાં કર્મ કામ કરે ને ?

**પૂ. સા. :** ના, આપણી વાંકાઈ કામ કરે છે. આપણે યોગ્ય પુરુષાર્થ કર્યો હોય અને છતાં બાજી fail (નિષ્ફળ) જાય તો કર્મને દોષ આપો. તમે એક માણસને સમજાવવા યોગ્ય પ્રયત્ન કર્યા હોય; છતાં ન માને તો કર્મ કહેવાય. પણ પહેલેથી જ પૂર્વગ્રહ રાખી વાત કરી હોય તો, તે ન ચાલે. પુરુષાર્થ ખોટો કરે અને પછી ઊંધું ફળ આવે તો કર્મનો વાંક નથી, તમારો વાંક છે. Application (લાગુ ક્યાં પડે તે) બતાવું છું કે કર્મને ક્યાં મહત્ત્વ આપવું અને પુરુષાર્થને ક્યાં મહત્ત્વ આપવું.

**સભા :** યોગ્ય પ્રયત્ન એટલે ?

**પૂ. સા. :** કોઈને પણ સમજાવવો હોય તો તેને સમજાય તે રીતે સાચી વાત કરવા જરૂરી પ્રયત્ન તો કરવો જ પડે ને ! ઘણા વાત જ ધમકાવીને કરે, પછી કોણ સાંભળે ? દરેક ઠેકાણે કોઈને પણ કાંઈ વાત કહેવી હોય, તમારી વાતમાં convince (સંમત) કરવો હોય તો યોગ્ય પ્રયત્ન કરવાનો આવે જ, બધું કર્યું છતાં તમારી વાત ન સ્વીકારે તો "મારું કર્મ એવું" કહેવું પડે. આ સ્યાદ્‌વાદનો સિદ્ધાંત છે, તેના કારણે જ જૈનધર્મ બીજા ધર્મોથી જુદો પડે છે. આપણે એકલો સ્વભાવ-ભાગ્ય-પુરુષાર્થ નહીં માનીએ, બધાને જોડીને - સમન્વય કરીને વાત કરીશું.

જ્યાં નિઃસ્વાર્થભાવે પ્રવૃત્તિ હોય, ત્યાં શુભ રાગ-દ્વેષ હોય. દા.ત. તીર્થંકર સંસારમાં હતા તો ત્યાં સુધી મા-બાપ પ્રત્યે પણ ગુણાનુરાગ જ હતો. વીર પ્રભુને મા-બાપની ચિંતા કેમ છે ? ભગવાને ગર્ભમાં ઉપયોગ મૂક્યો તો જોયું કે 'મા' એ મોં નથી જોયું તોપણ આટલો રાગ છે, તો જન્મ્યા પછી તો પુણ્ય, ગુણ વગેરેને કારણે રાગ વધશે જ, તેથી જો તેમના જીવતાં હું દીક્ષા લઈશ તો મારા વિના રહી નહીં શકે અને આર્તધ્યાન કરી મરીને દુર્ગતિમાં જશે. ભગવાનને માતાપિતાની દુર્ગતિની ચિંતા છે. વળી મારા માતા-પિતા ગુણિયલ છે, પોતાના ઉપકારી છે, તેવાની હિતચિંતારૂપે હૃદયમાં રાગ પડ્યો છે. સ્થિતપ્રજ્ઞને શુભ રાગ-દ્વેષ હોય, જેને તે પણ ન હોય તે 'સમતા'માં આવી જાય.

**અત્યારે તમે સ્વાર્થપ્રેરિત તમામ રાગ-દ્વેષ છોડી શકો તો તમે ભગવદ્ ગીતામાં કહ્યા છે તેવા "નિષ્કામ કર્મયોગી" બની જાઓ.** પણ તે કરવાની અત્યારે તમારી તૈયારી નથી, છતાં જીવનમાં પૂર્વગ્રહ-કદાગ્રહ તોડો, તેમાં પણ ધર્મના પવિત્ર ક્ષેત્રમાં તો પૂર્વગ્રહ-કદાગ્રહ પહેલાં જ કાઢવાના આવે.

**સભા :** કદાગ્રહ ક્યાંય ન જોઈએ ?

**પૂ. સા. :** કદાગ્રહ-પૂર્વગ્રહ પર્યાયવાચી શબ્દો છે. તમે એક-બે વખતના અનુભવમાં અન્ય વિષે સર્વાંગી અભિપ્રાય બાંધી લો છો, પણ સાથે પોતાના ગુણ-દોષ, તટસ્થતાથી વિચારવા તૈયાર હોતા નથી. ધર્મના ક્ષેત્રમાં આવનાર

પ્રત્યેક સાધકે સાવધાન રહેવાનું છે કે અહીં સંસાર જેવા પૂર્વગ્રહ-કદાગ્રહ રાખીશ તો મારો ઉદ્ધાર નહિ થાય. સમ્યગ્દૃષ્ટિને બે-ચાર અનુભવથી નક્કી થાય કે આ ખોટો માણસ છે, પડછાયો લેવા જેવો નથી, તો તે દૂર રહે, જેથી ભૌતિક નુકસાન ન થાય. ભગવાને કહ્યું છે કે બધા વ્યવહાર સજ્જન માણસ સાથે જ કરવા અને દુર્જનથી કાયમ દૂર રહેવું, કદાચ કોઈ કારણસર દુર્જન સાથે વ્યવહાર કરવો પડે તો તેની સાવધાની પણ ભગવાને બતાવી છે. શાસ્ત્રકારોએ ગૃહસ્થ માટે યોગ્ય નીતિ-નિયમો-સૂચનો બધું આપ્યું છે. પણ તેના માટે તમારે ભણવું પડે. અત્યારે તો સ્વાર્થ-લાભ દેખાય તો ગમે તેની નજીક જતાં તમને ચિંતા થતી નથી. તમે મંત્ર જ એ રાખ્યો છે કે "ગમે તે રીતે કામ સરવું જોઈએ." આમાં જ જીવનમાં ઘણીવાર મોટા નુકસાન વહોરી લો છો.

**સભા :** આરાધકે મધ્યસ્થભાવ જાળવવા minimum level (લઘુત્તમ સ્તર) શું રાખવું ?

**પૂ. સા. :** તમે ધર્મના ક્ષેત્રમાં આવો છો તો સમજો કે ધર્મ તમારા આત્માને સુધારી ગુણિયલ બનાવવા માંગે છે. આત્માનો વિકાસ જ ધર્મનો ઉદ્દેશ છે. અહીં તો જે વ્યક્તિ અનુયાયી-શ્રોતા તરીકે આવશે, તેને સુધારવા માટે તેની ખામીઓ-દોષો બતાવવા પડે. હવે તે વખતે જેનું નાકનું ટેરવું ચઢી જતું હોય તેનું શું થવાનું ? ઘણાને તો ગુરુ પણ વ્યક્તિગત ભૂલ બતાવે તો કેટલી વાર સાંભળી શકે ? આ તો જાહેરમાં કહીએ છીએ, એટલે ચાલ્યું જાય છે. બાકી જેને ધર્મમાં આવવું છે અને ધર્મ દ્વારા પોતાના આત્માનું ઉત્થાન કરવું છે, તરવું છે, તેને માટે તો પહેલાં આ નિર્ણય જોઈએ કે (૧) કોઈ સાચી ભૂલ બતાવે તો તેના સ્વીકારની તૈયારી જોઈએ. જેનામાં આ નથી તે પોતાના દોષનો કદાગ્રહ લઈને ફરે છે. બીજું (૨) અહીં આવો છો તો બીજા પણ ધર્મ કરવા આવે છે, ધર્મ કરવા આવનાર બીજામાં પણ આપણી જેમ ઘણી ખામીઓ-દોષો હોઈ શકે છે. તમારામાં અમુક ખામી હોય તો બીજામાં બીજી ખામી હોય, આવે વખતે તેની ખામી-દોષ જોઈને, આરાધક તરીકે તેનું જમા પાસું જ વિસરી જાઓ તેવો દ્વેષ હોય, તો તમે ચૂક્યા ! ગમે તેટલી ખામીઓ-ભૂલો

હોય પણ જો જીવ આરાધક હોય તો તેનું appreciation (મૂલ્યાંકન) કરી શકે તેવું હૃદય પહેલાં જોઈએ. તે ક્યારે રહેશે ? તમે ખામી જ જુઓ અને સારી side ન જુઓ તો ક્યારેય ચાલવાનું નથી. ત્રીજી વાત, (૩) દુનિયામાં ધર્મના નામે ઘણા મત-પંથ-સંપ્રદાય પ્રવર્તે છે. તમે ધર્મના ક્ષેત્રમાં આવશો એટલે તે બધાની વાતો સાંભળવા મળશે, તો તે સંબંધી પણ પૂર્વગ્રહ ન આવવા જોઈએ.

**સભા :** અમારા કોઈ પણ દોષ પ્રત્યે અમને કદાગ્રહ નથી, તેની ખબર કેવી રીતે પડે ?

**પૂ. સા. :** સંશોધન-અવલોકન કરો તો ખબર પડે. પોતાનો નાનો પણ દોષ જોતાં આવડે તેવી દૃષ્ટિ કેળવો, કદાચ કોઈ દોષ જાતે ના દેખાયો તો યોગ્ય વ્યક્તિ બતાવે ત્યારે સ્વીકારવાની તૈયારી જોઈએ.

**સભા :** બધા દોષ દેખાય એવાં નિમિત્તો ન આવે તો ?

**પૂ. સા. :** તો કલ્પના કરી વિચારો કે આવાં નિમિત્ત ઊભાં થાય તો મને કેવા ભાવ આવે ? આત્માનો વિકાસ કરવા તેનું સંશોધન કરી, તેને તાવી તે-તે દોષોને નિર્મૂળ કરવાનો પ્રયત્ન કરવાનો છે. તે વિના ગમે તેટલી ધર્મક્રિયા કરશો, ઉદ્ધાર નથી. યોગગ્રંથોમાં લખ્યું કે : **જેનામાં આત્મઅવલોકન નથી, સ્વદોષોનું દર્શન કરવાની તૈયારી નથી, તે વ્યક્તિ યોગમાર્ગમાં disqualified છે.** પાયાની મધ્યસ્થતા કેળવવા માટે આ જરૂરી સ્વભાવ છે. માટે જ કહું છું કે વ્યક્તિગત પૂર્વગ્રહ સંસારના વ્યવહારમાં છોડો, અને નહિ છોડો તો ત્યાં સીધું ભૌતિક નુકસાન છે, પણ ધર્મના ક્ષેત્રમાં તો પૂર્વગ્રહ ન જ જોઈએ.

**સભા :** પોતાના દોષ જોવાની દૃષ્ટિ કેળવવા શું કરવું ?

**પૂ. સા. :** આત્મઅવલોકન કરવાનું. દા.ત. તમને વગર ભૂલે કોઈ ઠપકો આપે તો reaction શું આવે ?

**સભા :** ન આપવો જોઈએ, એમ થાય.

**પૂ. સા. :** તમે નિયમ કરો કે કોઈની ભૂલ વિના હું ઠપકો નહિ આપું. જે ભૂલ બીજો કરે તો ન ચાલે, તે ભૂલ આપણે કરીએ તો ચાલે, એવું માનનારો

પોતાની ભૂલ સ્વીકારે જ નહિ. આ જ સ્વદોષનો આગ્રહ છે. આવા જીવની બધી આરાધના ફોક જ છે. તમે ભૂલ થઈ છે, તેમ માની કોઈને ઠપકો આપ્યો, સામે પેલો કહે કે મારી ભૂલ નથી, તોપણ કહો શું ? "ખબર નહોતી એટલે કહ્યું, બાકી તને ઠપકો આપવાના અમને શોખ નથી થતા. જાણી જોઈને થોડું કહ્યું છે ?" આમ, ભૂલ થયા પછી પણ પોતાનો બચાવ તો કરશો જ. ભૂલથી ઠપકો અપાઈ ગયો તે બદલ માફી તો નહીં જ માગો. આ બતાવે છે કે સ્વદોષનો આગ્રહ કેટલો છે ! પ્રકૃતિનું analysis (પૃથક્કરણ) કરતાં આવડે તો જ આ પકડમાંથી છૂટી શકાશે.

સાચો ધર્મ કરવો હોય તો આત્માને શુદ્ધ કર્યા વિના સુખી થવાનો કોઈ ઉપાય નથી. આપણે આપણા દોષથી જ દુઃખી છીએ, કોઈ આપણને દુઃખી કરવા આવતું જ નથી. અંદરથી સુખી-શાંત થવા આ વીતરાગનો કહેલો વૈરાગ્ય અને મધ્યસ્થતાનો માર્ગ જ ઉપાય છે. તેમાં જેટલો પ્રવેશ કરીએ, એટલા જ સુખી થઈશું.

**સભા :** પુરુષાર્થ કરવા છતાં પણ સફળતા ન મળે તો ?

**પૂ. સા. :** તો વિચારવાનું કે ગાઢ ભારેકર્મ છે. જેનું દર્દ ભારે હોય તેની દવાનો dose પણ heavy (દવાનું પ્રમાણ પણ ઘણું) હોય, સાથે તેણે લાંબો સમય દવા લેવી પડે. તેમ આપણો આત્મા ભારેકર્મી છે, તો આપણે લાંબી તીવ્ર ચિકિત્સા કરવાની છે. વધારે પુરુષાર્થ કરવાનો આવે. શુભ ભાવો અને પ્રતિપક્ષભાવનાનું ભાવન પુનઃ પુનઃ કરવું પડે. ધર્મના ક્ષેત્રમાં આપણો નિયમ શું ? પહેલાં તો મહેનત જ ન કરવી, કદાચ તે કરો અને થોડી મહેનતમાં સફળતા ન મળે તો તરત પાછી પાની કરવી, આ જ આપણો કાયમનો સ્વભાવ છે; પણ જેને આ ભવમાં જ ધર્મનાં સાક્ષાત્ ફળ મેળવવાં છે, ધર્મ પામ્યા પહેલાં જે દુઃખ હતાં તે દુઃખ-સંતાપ ધર્મના સહારે ટાળવા હોય તો, પોતાના વ્યક્તિત્વનું analysis (પૃથક્કરણ) કરવું જ પડશે. ધર્માત્મા તરીકે ઉત્તમ-સુંદર જીવન બનાવવા મૂળથી પ્રકૃતિ બદલવી જ પડશે.

**સભા :** ઊંચો dose (પ્રમાણ) શું ?

**પૂ. સા. :** વિષય-કષાયના સ્વરૂપનું, સંસારની અસારતાનું પુનઃ પુનઃ ચિંતન કરો. શાસ્ત્રોમાં materialરૂપે ભરપૂર ખોરાક છે, તે વારંવાર વાંચો. આ સંસારના દુઃખમય પાસાનું વર્ણન કરવામાં શાસ્ત્રકારોએ એક પાસું બાકી રાખ્યું નથી; કેમ કે reality (વાસ્તવિકતા) જ આ છે. ખાલી naration (વર્ણન) જ કરવાનું છે. દા.ત. આ ગરમીમાં બધાના દેહમાંથી દુર્ગંધવાળો પસીનો સતત વહ્યા જ કરે છે; છતાં અરીસામાં શરીર જોઈ હર્ષ-આનંદ-મમતા-રાગ થયા જ કરે છે, તો આ એક પ્રકારનો મોહ છે કે બીજું કાંઈ છે ? **બીજાની અશુચિ જોઈને સૂગ ચઢે છે, તો એવું તમારા શરીરમાં નથી ?** તમે તમારાં ટટ્ટી-પેશાબ રોજ સાફ કરો છો, પણ ઉપકારી મા-બાપનાં બે મહિના પણ કરવાનાં હોય તો ? આ વાસ્તવિકતા છે; છતાં આ શરીર પર ક્યારેય allergy (દુર્ગંછા) થઈ છે ? આ જ મોહનો અંધાપો છે. મનમાં પરાયા-પોતાનો ભેદભાવ કેટલો છે ?

**સભા :** દેહ સાથે એકત્વભાવના છે.

**પૂ. સા. :** એમ કહો, ગમે તેવું ગંદું-ઘેલું-ગોબરું હોય છતાં મારું સોનાનું અને બીજાનું લોઢાનું. આમ, અનેક પાસાંથી વિચારશો તો ઠેરઠેર રાગ-દ્વેષ ભરેલા દેખાશે, અને તે જ મધ્યસ્થતાગુણને અવરોધે છે. બધા કર્મનો બંધ રાગ-દ્વેષથી છે. **તમારા મનમાં પક્ષપાત છે, તેના કારણે જ બીજા પ્રત્યે અન્યાયી વર્તન કરો છો, તેનાથી જ કર્મ બંધાય છે.** આપણને પણ જે દુઃખ-સંતાપ-અન્યાય મળે છે, તે ભૂતકાળના આપણા અપરાધની સજા છે.

આપણે અંતે વીતરાગતા સુધીનો મધ્યસ્થભાવ લાવવાનો છે. તમામ પ્રકારના પક્ષપાત કે ઢળાણવાળા ભાવો છોડવાના છે, પણ તેનો ક્રમ એ બતાવ્યો કે પહેલાં ધર્મક્ષેત્રમાં તમામ પ્રત્યેના પૂર્વગ્રહ-કદાગ્રહ છોડી દો. બીજા ધર્મ-મત-સંપ્રદાય-પંથ પ્રત્યે સહિષ્ણુતા રાખવી. બીજાનું બધું જ સારું છે તેવું પણ માનવાનું નથી, તેમ તેઓનું બધું જ ખરાબ છે તેવું પણ માનવું અયોગ્ય છે. સાથે બધામાં બધું સારું હોય તેવી અપેક્ષા ન રાખી શકાય; કેમ કે દુનિયામાં બધાને એક જ સ્ટ્રોકે-ધક્કે સત્ય મળી જાય તેવું નથી. **જૈનધર્મમાં પણ જ્યાં**

**તત્ત્વનો ભેદ નથી, ગુણ-દોષનો સવાલ નથી, માત્ર આચારના, વિધિ-વિધાનના અને ઉપકરણો વગેરેના મતભેદ હોય તેને તો મહત્ત્વ અપાય જ નહિ. તે આપનારો મૂઢ બાલ જીવ છે.** ધોળાં-પીળાંના નામથી કે કોઈ દાંડો ન રાખે તો કોઈ રાખે છે. આ જ બધું જોયા કરો તો ન ચાલે. શાસ્ત્રમાં દાંડો, દંડાસણ, ચરવળો, મુહપત્તી વગેરેના પ્રમાણ વગેરે બતાવ્યાં છે, તે સામાચારીરૂપ છે. તેમાં ફેરફાર કરે તો અવિધિ છે, આ બધી વિધિ-અવિધિનો પોતા માટે આગ્રહ રાખે, તે યોગ્ય છે; પણ બીજા માટે આગ્રહ રાખે, ન પાળે તો તેને ઊતારી પાડે, નિંદા-તિરસ્કાર-તુચ્છતાનો ભાવ રાખે; આ બધું તદ્દન ગેરવાજબી છે.

જેમ ભગવાનની પૂજામાં પોતે maximum (વધુમાં વધુ) વિધિ કરે, પણ બીજા પાળે જ એવો આગ્રહ ન રખાય. કોઈ સામેથી પૂછે તો વિધિ કહે પણ ખરો; છતાં સામેવાળો ન માને તો તેને એટલામાત્રથી રદ ન કરાય. **અમે અત્યારે તપાગચ્છના આચાર-વિચાર-સામાચારી પાળીએ છીએ, પણ મનમાં ભાવ જોઈએ કે બીજા ગચ્છમાં પણ સાચા સાધુ હોઈ શકે. બીજે સાચા સાધુ હોય જ નહિ, તેવું જેના મનમાં હોય તે નિયમા અતટસ્થ છે, અને પાપનો ભાગી છે.** ત્યાં પણ આપણાથી વધારે આરાધક-ગુણિયલ જીવો હોઈ શકે છે. ધર્મ કરીને તરવું હોય તેને આ બાબતનું ઘૂંટન કર્યા વિના છૂટકો જ નથી. જેણે આવા મનનું ઘડતર કર્યું નથી, તે બધા ભલે અહીં રહીને આરાધના કરે, પણ બીજા પ્રત્યેની નિંદા-દ્વેષ-કલહવૃત્તિ વગેરેથી એટલાં કર્મ બાંધે છે કે પોતાના આત્માની ઘોર ખોદનારો છે.

આ મતભેદોની વાત આજની નથી. આવા પ્રશ્નો ભૂતકાળમાં પણ ઘણીવાર ચર્ચાયેલા છે. તે પણ શાસ્ત્રના "ખાં" અને યુક્તિના ભંડાર એવા મહાપુરુષોએ શાસ્ત્રચર્ચા કરી છે. દા.ત. ધર્મસાગરજી મહારાજની એવી માન્યતા હતી કે અન્યમતી બધા ખોટા, તેનું પૂ. ઉપાધ્યાયજી મહારાજાએ શાસ્ત્રપાઠ સાથે ખંડન કર્યું છે. પૂ. જગદ્‌ગુરુ શ્રી વિજયહીરસૂરિ મહારાજા પૂ. ઉપાધ્યાયજી મહારાજને સમર્થન આપતા હતા, તેના પટ્ટકો પણ કર્યા છે, ધર્મસાગરજી મહારાજ કહેતા હતા કે જૈનશાસનમાં રહેલો અભવ્ય પણ માર્ગમાં છે અને અન્ય ધર્મમાં રહેલો ગમે તેટલા સદ્‌ગુણ, સદાચાર પાળે તોપણ તેની આરાધના ફોક છે;

કેમ કે ઉન્માર્ગ છે. આવી રીતે જેને બુદ્ધિ બંધાઈ જાય કે આ ચોકઠામાં હોય તે જ સાચું, બીજું ખોટું, પોતાના ચોકઠાથી બહાર વિચારવા તૈયાર નથી, તે બધા માટે જોખમ છે જ. **ધર્મ કરનારે બીજા સાથે કેવો વ્યવહાર-સહિષ્ણુતા રાખવી, તેનું અનુશાસન જૈનશાસ્ત્રોમાંથી શીખવા જેવું છે. અમે તો શાસ્ત્ર વાંચ્યા પછી અહોભાવ સાથે કબૂલ કરીએ છીએ કે આ જ વીતરાગશાસનનો સાચો માર્ગ છે, જ્યાં મમત્વને કોઈ સ્થાન નથી.** અહીં તો પાયાના પાઠ ભણાવાય છે કે "મારું તે સાચું નહિ, પણ સાચું તે મારું". આવા શાસનમાં જન્મ પામી જે પૂર્વગ્રહ-કદાગ્રહ રાખે છે, તેને તો મળેલું ફળવાનું નથી અને બધી આરાધના કરીને પણ અંતે હારી જશે. ન સમજાય તો અહીં જ ખુલાસો કરી લેજો, પણ આ ગુણ કેળવવો અનિવાર્ય છે, એવું ગોખીને જ જજો.

# ૮

**વૈશાખ વદ-૩, વિ. સં. ૨૦૬૨, મંગળવાર, તા. ૧૬-૫-૨૦૦૬,**
**ગીતાર્થ ગંગા, પાલડી, અમદાવાદ.**

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા પરિપૂર્ણ મોક્ષમાર્ગનો પ્રબોધ કરાવનાર આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

આ જગતમાં દુર્લભમાં દુર્લભ કાંઈ હોય તો શાસ્ત્ર કહે છે, મોક્ષમાર્ગ છે. આ ભૌતિક જગતમાં પ્રાયઃ કોઈ એવી વસ્તુ નથી, જે આપણે એક-બે-ત્રણ વાર નહિ અનેક વાર નહીં, પણ લગભગ અનંતી વાર મેળવી ન હોય. ભૌતિક જગતમાં તમે જે વસ્તુ મેળવવાની મહેનત કરો છો, તેમાંની કોઈ એવી નથી, જે પહેલાં મેળવી ન હોય. સંસારમાં તમે જે મેળવ્યું છે કે મેળવી રહ્યા છો, તે આત્માએ મોટે ભાગે આગલા આગલા ભવોમાં અનેક વાર મેળવ્યું છે, ઊલટું આના કરતાં પણ ઊંચું મેળવ્યું છે. અત્યારે તમે જે મેળવો છો, તેને compare (તુલના) કરો તો થાય કે મારો આત્મા જે મેળવી-ભોગવી-છોડીને આવ્યો છે, તેની પાસે આ મેળવેલું કચરો-તુચ્છ છે, આટ-આટલું ભૌતિક જગતમાં મેળવવા છતાં અનંતકાળથી આપણા આત્મા માટે અપ્રાપ્ત કાંઈ હોય તો તે મોક્ષમાર્ગ છે. ભૌતિક જગતનું ભૂતકાળમાં તમે જે પામ્યા તેનાથી તમારો ઉદ્ધાર ન થયો, મહેનત સફળ ન થઈ અને અત્યારે મેળવો છો તેનાથી પણ જીવન સાર્થક થવાનું નથી. પહેલાં "અપ્રાપ્તપૂર્વ" એવું શું પ્રાપ્ત કરું કે જે પામીને જ જીવન સાર્થક બને, જેના સિવાય જીવન સાર્થક ન બને ? તે વિષે તમારી સ્પષ્ટ બુદ્ધિ જોઈએ. તમને હોવું જોઈએ કે મારો આત્મા જે કદી પામી નથી શક્યો, તેવું થોડુંક પણ આ ભવમાં પામી જાઉં તો મારો મનુષ્યજન્મ સફળ થશે. દા.ત. કોઈ દાગીનો, બંગલો કે બીજું પણ કાંઈ મોજમજાનું સાધન, કોઈનું રૂપ-વસ્ત્ર-

સત્તા-સંપત્તિ વગેરે ગમી ગયાં, તેનો રાગ-આકર્ષણ-ઇચ્છા થાય છે, તેને મેળવવા માટે પ્રયત્ન કરો છો, ત્યારે યાદ આવવું જોઈએ કે આવી વસ્તુ મારા આત્માએ ભૂતકાળમાં કેટલીય વાર મેળવી છે.

જૈનદર્શનના સિદ્ધાંત પ્રમાણે પહેલાં આત્મા નહોતો અને અત્યારે તેનો પ્રાદુર્ભાવ થયો તેવું નથી. વર્તમાન સૃષ્ટિમાં પણ એવું ક્યાંય દેખાતું નથી. આત્માને laboratoryમાં (પ્રયોગશાળામાં) પેદા કરવા વૈજ્ઞાનિકો રાત-દિવસ મહેનત કરે છે, પણ હજી જીવની સહાય વિના એક પાંદડું તો શું પણ પાંદડાનો એક સેલ પણ વિજ્ઞાન બનાવી શક્યું નથી. તેનો અર્થ **ચેતન, જડથી જુદો છે, એટલું જ નહિ પણ જડમાંથી તેનો પ્રાદુર્ભાવ શક્ય દેખાતો નથી, આત્માનો ક્યારેય પ્રાદુર્ભાવ થતો નથી, સાથે આત્મા આત્મામાંથી પેદા થાય છે, તે માનવાના પણ કોઈ પુરાવા નથી. આત્મા કાયમનો છે, તેમ માનવું જ ઉચિત છે. આપણું અસ્તિત્વ સનાતન-શાશ્વત સદાકાળનું છે.**

હવે આત્મા કાયમનો છે. તેનું સંસારમાં કોઈ એક નિશ્ચિત સ્થાન નથી. તેનું પરિભ્રમણ સતત ચાલુ છે. સાથે જીવાયોનિ ૮૪ લાખથી વધારે નથી. આમાંથી જ કોઈ ને કોઈ જગ્યાએ આત્મા ગોઠવાયો હશે, અને જ્યાં જશે ત્યાં ભૌતિક જ મેળવશે. જો ભગવાનના આ વચન પર વિશ્વાસ હોય તોપણ બેસી જાય કે દુનિયાની એવી કોઈ વસ્તુ નથી, જે આપણા આત્માએ ભૂતકાળમાં અનંતી વાર મેળવી ન હોય. શાસ્ત્ર કહે છે, આપણે રાજા-મહારાજા-દેવલોક બધું મેળવ્યું છે. દેવલોકના દેવવિમાનમાં આત્મા રહી આવ્યો ત્યારે તો રત્નોના બનેલા શાશ્વતા વિમાનો પણ તમારા તાબા નીચે હતા, તો અત્યારે ઇંટ-ચૂનાના બનેલા બંગલાઓમાં શું આકર્ષણ કરવાનું ? પછી તો જીવ જો મૂર્ખની જેમ રાચે તો વાત જુદી છે.

સંસારમાં અભૂતપૂર્વ મેળવ્યા સિવાય આ મનુષ્યભવની સફળતા છે જ નહિ. વિચારવાનું કે ભૂતકાળમાં આ જીવે ઘણું મેળવ્યું અને ઘણું ખોયું; છતાં હાથમાં કાંઈ ન આવ્યું, ઘણી મહેનતથી મેળવ્યા બાદ અંતે બધું રાખમાં ગયું છે, તેવું આ ભવમાં ફરીથી મેળવીને પણ હું કઈ મોટી સિદ્ધિ મેળવીશ ? આ બરાબર બેઠું હોય તો તમને એમ જ થાય કે એક મોક્ષમાર્ગ જ મેળવવા જેવો છે.

અનંતાનંત જીવો અનંતાનંત કાલમાં પણ ન પામી શકે, અરે ! ધર્મના ક્ષેત્રમાં આવનારામાંથી પણ ૯૯.૯૯% જીવો જે ન પામી શકે, તેવી અતિ દુર્લભ વસ્તુને જ શાસ્ત્રમાં અપૂર્વ કહી છે. આપણો આત્મા પહેલાં મોક્ષમાર્ગમાં ક્યારેય નથી ચઢ્યો, એટલે જ અનંતકાળમાં ન મેળવ્યું હોય તેવું આ ભવમાં મેળવવાનું છે. જે પામશે તે પૂર્વે કદી નહિ બંધાયાં હોય તેવાં અલ્પકર્મ-અલ્પસ્થિતિ-અલ્પરસ બંધાશે અને જૂનાં કર્મ ખપવાનાં ચાલુ થઈ જશે. મોક્ષમાર્ગમાં ચઢેલાનાં જૂનાં કર્મો ખપી રહ્યાં છે, નવાં અલ્પ બંધાય છે અને આત્મા લઘુકર્મી થઈ રહ્યો છે. આત્માની ઉત્તરોત્તર પ્રગતિના તબક્કા ગોઠવાઈ રહ્યા છે, હવે તેનો મોક્ષ થવાનો, એવી શાસ્ત્ર guarantee (બાંહેધરી) પણ આપે છે. આ બધા લાભ અપૂર્વ એવા મોક્ષમાર્ગની પ્રાપ્તિથી મળે છે.

આ મોક્ષમાર્ગ પામવા : (૧) વૈરાગ્ય અને (૨) મધ્યસ્થતા લાવવા પડે. આ બે ગુણ જે કેળવે તેનો મોક્ષમાર્ગમાં અવશ્ય પ્રવેશ થાય, તેઓ પહેલવહેલું અપૂર્વ પામ્યા કહેવાય. પ. પૂ. સૂરિપુરંદર આ. ભ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ લખ્યું : અપૂર્વકરણ પામ્યા પહેલાના આ બધા stages (તબક્કાઓ) પણ અપૂર્વ જ છે. ચરમયથાપ્રવૃત્તિકરણ કરવું, તે પણ અપૂર્વ જ છે. આ પામી જઈએ તો સમજવાનું, આપણે જીવનમાં મહાન સિદ્ધિ પામી ગયા. પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ કહ્યું કે **જે યોગમાર્ગની પ્રાથમિક ભૂમિકા પણ પામે તે સંસારરૂપી કેદખાનામાંથી છૂટી રહ્યો છે, તેની સાયરન વાગી રહી છે. હવે તે આ સંસારનો મહેમાન છે, કર્મો હવે તેને ફૂલની જેમ સાચવશે. કદી કર્મો તેના પર સંપૂર્ણ વર્ચસ્વ જમાવી શકશે જ નહીં.** તે જીવ હવે મોહને અવશ્ય તોડવાનો છે. આટલા આટલા ઉત્તમ લાભ તેણે મેળવ્યા છે. વળી આ પ્રાથમિક ભૂમિકા છે, વીતરાગતા પામવા માટે central lineરૂપ (મુખ્ય દોરીરૂપ) આ બે ગુણ છે.

**સભા :** આ બે ગુણ દુર્લભ કેમ ?

**પૂ. સા. :** મોહનો પ્રભાવ એવો છે કે આ સંસારનાં ભોગ-સુખો દુઃખમય હોવા છતાં, રોજ તેનો અનુભવ થવા છતાં મોહથી મૂઢ જીવોને તે દુઃખમય જ દેખાતાં નથી, તો તેને વૈરાગ્ય ક્યાંથી થાય ? વળી જીવે અનંતકાળમાં લગભગ સત્યની શોધ કરી જ નથી. આપણો સ્વાર્થ સાથે જ સંબંધ રહ્યો છે. આજે પણ

મોટાભાગના લોકો કોઈપણ ક્ષેત્રમાં જાય, ૯૯% પહેલાં પોતાનો સ્વાર્થ જોશે, જ્યાં સ્વાર્થ દેખાશે ત્યાં કૂદકા મારશે. પછી માનવતા, દેશની સેવા, કુટુંબની સેવા, સમાજસેવા, કોઈપણ ઓઠું લે, પણ ક્યાંક ને ક્યાંક vested interests (સ્થાપિત હેતુઓ) જોડાયેલા જ હશે, છેલ્લું target (લક્ષ્ય...) 'સ્વાર્થ' જ હશે.

આખી દુનિયા સ્વાર્થ પાછળ દોડે છે, તેના જ માટે પુરુષાર્થ કરે છે, તેમાં કોઈક જ જીવને થાય, આ સૃષ્ટિમાં સત્ય શું છે ? તે શોધું. સત્યના શોધની સાચી ઇચ્છા પણ કર્મલઘુતા સૂચવે છે. આવા જીવો પ્રાથમિક કક્ષાનું વિચારી શકે અને સત્યનો નિર્ણય કરે તેવા હોય છે. આ ભૂમિકા પામતા પહેલાં પ્રાયઃ સ્વભાવ એવો હોય કે પોતાને સાચું લાગે તેનાથી વિરોધી વિચારધારાવાળા, જુદું માનનારા પ્રત્યે અસહિષ્ણુતા-નિંદા-દ્વેષ વગેરેના ભાવ આવી જાય અને મધ્યસ્થતા ગુમાવી દે. ધર્મના ક્ષેત્રમાં આવ્યા પછી પણ આ બે અંતરાયોને તોડવા તે મહાભગીરથ કાર્ય છે.

**સભા :** અસહિષ્ણુતા અને કદાગ્રહ એક કે જુદા ?

**પૂ. સા. :** ના, અસહિષ્ણુતાને માત્સર્યભાવ કહ્યો છે, અને કદાગ્રહ પકડરૂપ છે. બંને inter-connected (પરસ્પર સંબદ્ધ) છે, પણ મૂળથી બંને એક નથી; અહીં વાત એ છે કે મોટે ભાગે જીવ સત્યની શોધ કરતો જ નથી, અને કદાચ સત્યની રુચિવાળો થાય તોપણ મિથ્યાત્વથી પેદા થયેલી કદાગ્રહની સાહજિક પ્રકૃતિ તેને ક્યાંક ને ક્યાંક આડા રસ્તે દોરી જાય છે, ફંટાઈને સત્યથી દૂર થતો જાય છે.

**સભા :** દરેક કાળમાં મતભેદ હોય ?

**પૂ. સા. :** ચોથા આરામાં ભલે પૂર્ણ જ્ઞાની હતા, એટલે તત્ત્વ-સિદ્ધાંતનો મતભેદ જવલ્લે હોય, પણ આચારભેદ તો ત્યારે પણ હતા જ; અત્યારે અપૂર્ણ જ્ઞાની હોવાથી અણસમજ-અજ્ઞાન કે કષાયવશ મતભેદ થવાની શક્યતા વધારે છે, પણ ધર્મના ક્ષેત્રમાં મતભેદ ન હોય તેવો કાળ હતો નહિ અને આવવાનો પણ નથી. કોઈને એવું થાય કે બધા ધર્મો એક થાય પછી હું ધર્મ સ્વીકારીશ, ધર્મમાં મતભેદ હોય ત્યાં સુધી ધર્મમાં જવું જ નહિ; કેમ કે સાચું-ખોટું ખબર ન પડે અને ઝઘડામાં પડી જઈએ.

**સભા :** બરાબર છે, ખોટું પકડાઈ જાય તો હેરાન થઈએ, એટલે દૂર રહેવું સારું.

**પૂ. સા. :** એટલે ધર્મથી દૂર રહેવું તે મહાસત્ય ? તે જ મોટો ધર્મ ?

**સભા :** તેમાં નુકસાન નથી.

**પૂ. સા. :** તો તમે ભૂલો છો. સત્યથી દૂર રહેવું તેના જેટલું મોટું અસત્ય બીજું કોઈ નથી. તેના જેવું નુકસાન બીજું શું હોઈ શકે ? કેમ કે આવા વ્યક્તિએ તો જીવનનો મંત્ર એ જ રાખ્યો કે આપણે ધર્મથી દૂર રહેવું, સંસારમાં વિષય-કષાય સેવવા, ઇન્દ્રિયોના વાસના-વિકારોને પૂરા કરવા. તેના માટે જેટલા પાપ કરવા પડે તેટલા પાપ કર્યા કરવા. આ જ તેમના જીવનનું ધ્યેય છે. હવે આવો તો વધારે મરવાનો કે બચવાનો ? તેના માટે કોઈ રક્ષણ છે જ નહીં. હકીકતમાં આવાને તો ધર્મ કરવો જ નથી, એટલે આવો એકાદ issue (મુદ્દો) પકડી બહાર નીકળી જાય છે.

**સભા :** એવું નથી. Educated (ભણેલા) સજ્જન છોકરાઓ-યુવાનો પણ બોલે છે કે 'આમાં આપણે પડવું નથી.'

**પૂ. સા. :** તેવું કહેનારા નામના સજ્જન છે. આવા અમારી પાસે આવે તો બે મિનિટમાં ચૂપ કરી દઈએ. આવાને એક જ કહેવાનું કે તું પચ્ચક્ખાણ લે, 'જે fieldમાં (ક્ષેત્રમાં) તને difference of opinion (અભિપ્રાયફેર) હોય તેનાથી દૂર રહેવું' પછી જુઓ તે ભાઈસાહેબ સંસારમાં કેવી રીતે જીવે છે ? તે અમારે જોવું છે; કેમ કે ડૉક્ટરોમાં મતભેદ છે. એટલે આરોગ્યના ક્ષેત્રમાં જવાનું નહિ. ગમે તેટલા રોગ-બિમારીઓ આવે, બધી સહન કરવાની. એવી રીતે વકીલોમાં પણ મતભેદ છે, એટલે ગમે એટલો અન્યાય થાય, પણ કોર્ટમાં જવાનું નહિ. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સમાં મતભેદ છે, તેથી વેપારમાં ગમે એટલા પ્રશ્નો આવે, તકલીફો પેદા થાય, પણ તેઓની સલાહ લેવાની નહીં. છેલ્લે તેના ઘરમાં'ય difference of opinion (મતભેદ) તો રહેવાના જ, એટલે ઘરમાં પણ નહિ રહેવાનું. ઘરની બહાર નીકળી જવાનું આવશે, પણ આ બધી જગ્યાએ આવું વિચારશે નહીં, અરે ! ત્યાંના મતભેદ તો દેખાશે પણ નહીં; કેમ કે એકલા handle (વહન) કરવાની ત્રેવડ નથી. જો આ રીતે બધે છોડી

દઈએ તો કેટલા impractical (અવ્યવહારુ) બની જવાય, તેનું તેને ભાન છે. હકીકતમાં આવી વ્યક્તિઓ અંદરથી એમ જ માને છે કે આ ધર્મનું ક્ષેત્ર એવું છે કે જ્યાં જઈએ કે ન જઈએ, કોઈ ફેર પડતો નથી; ન જઈએ તોપણ ચાલે. આ શું બતાવે છે ? ધર્મની કોઈ કિંમત નથી. તે ધર્મને must (ફરજિયાત), મહત્ત્વનો માનતો નથી. આવા માણસને સજ્જન ક્યારેય ન કહેવાય, ધર્મ પ્રત્યે allergy છે તે જ તેની મૂળભૂત દુર્જનતા છે અને શાહુકારીનો ખોટો claim (દાવો) કરનાર છે.

**સભા :** લૌકિક બાબતોમાં મતભેદ હોઈ શકે, પણ લોકોત્તર બાબતોમાં હોઈ શકે ?

**પૂ. સા. :** હા, લૌકિક બાબતોમાં હોય તેમ લોકોત્તરમાં પણ હોઈ શકે છે. ભૌતિક સંસારમાં તો મતભેદોનો કોઈ પાર નથી. તમારા ઘરમાં ચાર જણ છે, તોપણ ચારેયના મત જુદા પડશે. "તુંડે તુંડે મતિર્ભિન્ના" જેવું છે. ત્યાં પણ એક અભિપ્રાય નથી, સંસારમાં તો રાગ-દ્વેષ ખીચોખીચ ભરેલા છે. વાતવાતમાં મારું-તારું છે, મમત્વ છે, પક્ષપાત છે, અન્યાય છે. ધર્મના ક્ષેત્રમાં પરિસ્થિતિ એટલી વણસેલી નથી; છતાંય લૌકિક ધર્મમાં પણ મતભેદ હોઈ શકે છે અને લોકોત્તર ધર્મરૂપ જૈનશાસનમાં પણ મતભેદો હોઈ શકે છે. અહીંના મતભેદોને બે પ્રકારમાં સમાવી શકાય છે : (૧) ગચ્છ-કુલ-ગણના ભેદને કારણે પડતા મતભેદો, જેને શ્રીસંઘે નાબૂદ નથી કરવાના, પણ સહિષ્ણુતાથી સમાવી લેવાના છે. તેને જે સંઘમાં સમાવતો નથી, એટલામાત્રથી સંઘભેદ માની સંઘની બહાર કાઢે છે, તે મહાપાપ બાંધે છે. ઋષભદેવ ભગવાનના ૮૪ ગણધર હતા અને ૮૪ ગણ હતા, આ ગણભેદ, વાચનાભેદને કારણે છે. મહાવીર પ્રભુના ૧૧ ગણધર હતા, પણ ગણ નવ હતા. ખુદ તીર્થંકરોએ આ વાચનાભેદ થયો એટલે સંઘભેદ કર્યો નથી. ઊલટું બધાને સમાન માન્યતા આપી વાસક્ષેપ દ્વારા મહોરછાપ મારી એક જ શ્રીસંઘની સ્થાપના કરી છે. (૨) બીજા પ્રકારના સૈદ્ધાંતિક મતભેદો ચલાવી ન શકાય તેવા છે, જે દિગંબર અને સ્થાનકવાસીની સાથે થયો. ત્યાં સંઘભેદ કરવો પડે છે; છતાંય ધર્મનો ભેદ તો ત્યાં'ય નથી.

**સભા :** વાચનાભેદમાં તો ખાલી શબ્દથી ભેદ છે, અર્થથી તો એક જ છે ને ?

**પૂ. સા. :** અરે ! દરેકના શાસ્ત્રો જ જુદા - જુદા નિર્માણ થયેલા છે. શાસ્ત્રો જુદા હોય અને અર્થ એક હોય તેવા મતભેદને તમે સમાવી શકતા હો, તો બીજા ધર્મમાં અર્થ સમાન હોય તો તેને અપેક્ષાએ કેમ ન સમાવી શકાય ?

**સભા :** કોઈ "આત્મા" કહે અને કોઈ "ચેતન" કહે, તેમાં મતભેદ શું ?

**પૂ. સા. :** તે તો અત્યારે સામાન્ય લાગે છે, પણ તમારા જીવનમાં જ જ્યારે આવી વાત આવે તો ઊછળી પડો છો. તમારાથી જુદો શબ્દ બીજો બોલે તો કૂદી પડો છો ને ? વળી આ ૮૪ ગણમાં વાચનાભેદ સાથે અંદરોઅંદર સામાચારીભેદ, આચારભેદ પણ હતા. વચ્ચેના ૨૨ તીર્થંકરના અને પહેલા/છેલ્લા તીર્થંકરના સાધુઓ વચ્ચે પણ મોટો તફાવત છે, જેમાં તમને નિર્ણાયક તરીકે મૂકીએ તો ઉપાધિ થાય. તમે જ કહો, તમારા ઘરે એક સાધુ ધોળાં વસ્ત્ર પહેરીને વહોરવા આવે, બીજો પંચરંગી વસ્ત્ર પહેરીને વહોરવા આવે તો બંનેને સરખા ભાવથી વહોરાવી શકો ? તમે કેટલા જોખમી છો, તેનો તમને અંદાજ છે ? અત્યારે તમે શાસ્ત્રમાન્ય આચારભેદ-સામાચારીભેદને પણ સમાવી શકતા નથી. તમારી માન્યતાથી વિરોધી નહીં, પણ માત્ર જુદી માન્યતા આવે તો વિચારી ન શકો, સહન ન કરી શકો તેવા છો. માત્ર માન્યતાભેદમાં પણ જો આટલા બધા સંક્લેશ-આવેશ-નિંદા થાય તો જે મધ્યસ્થતા ગુણ કહ્યો, તે કઈ રીતે ટકાવશો કે પામી શકશો ?

**સભા :** આ મતભેદ સ્વીકાર્ય છે ?

**પૂ. સા. :** ચોક્કસ. ગચ્છ-કુળ-ગણને કારણે પડતા મતભેદ સ્વીકાર્ય જ છે. અરે ! મૂળ આગમમાં ઘણી જગ્યાએ લખ્યું છે કે આ વાચના પ્રમાણે-આ વાત છે અને પેલી વાચના પ્રમાણે આ વાત છે. અત્યારના પ્રચલિત આચારભેદમાંથી કોઈ એકનું પણ અસહિષ્ણુવૃત્તિથી ખંડન કરે તો તે વાજબી નથી. તેમ વાચનાભેદ-આજ્ઞાભેદને કારણે પડતા મતભેદો પણ સ્વીકાર્ય છે.

**સભા :** સ્વીકાર્ય છે, પણ જરૂરી છે ખરા ?

**પૂ. સા. :** હા, ઘણા જરૂરી પણ ખરા, અને ઘણા સમાવવાના પણ ખરા.

**સભા :** મતભેદ પડે કેમ ?

**પૂ. સા. :** તે તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ-પુરુષ ભેદને કારણે ભેદ પડે. જેમ કે

અમુક આચાર્ય અમુક areaમાં (ક્ષેત્રમાં) વિચરે તો તે સમયે ત્યાંના સંયોગો વાતાવરણને અનુરૂપ અમુક વાત, અમુક નીતિ-નિયમો નક્કી કર્યા હોય, જે બીજાને ત્યાં કરવા જરૂરી ન પણ હોય.

**સભા :** તે ફેરફાર શાસ્ત્રમાં બતાવ્યા નથી ?

**પૂ. સા. :** દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, પુરુષ પ્રમાણે શાસ્ત્રમાં flexibility બતાવી જ છે. બાકી બધા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, પુરુષ પ્રમાણેના ફેરફાર લખવા બેસે તો આયુષ્ય પૂરું થઈ જાય. શાસ્ત્ર તો માત્ર દિગ્દર્શન આપે. સૂચના આપી અમુકમાં વર્ણન કરે, અર્થાત્ ઉદાહરણરૂપે થોડા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, પુરુષ પ્રમાણેના ફેરફાર બતાવે. પછી લખે કે આવી આવી રીતે જ્યાં જ્યાં જે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, પુરુષ હોય તે પ્રમાણે ગીતાર્થોએ ફેરફાર કરવા. પણ આ વાત તમને તો મતભેદ જ લાગે. ૨૨ તીર્થંકરના સાધુ પંચરંગી વસ્ત્ર પહેરે અને ૨૪મા તીર્થંકરના સાધુ સફેદ વસ્ત્ર જ પહેરે. મારે તમને પૂછવું છે, તમને શું લાગે ?

**સભા :** અજાણ્યા તો તફાવત જ કહે ને ?

**પૂ. સા. :** અજાણ નહિ જાણકાર પણ તફાવત જ કહે. શાસ્ત્ર પણ કહે છે, આચારમાં મતભેદ છે, તફાવત છે. આ ભેદ acceptable (સ્વીકાર્ય) છે, તે તમને બેસવું જોઈએ. ૨૩મા અને ૨૪મા તીર્થંકરના સાધુમાં પરસ્પર જેટલા જેટલા આચારભેદ મંજૂર કર્યા છે, તે સામાન્ય આચારભેદ નથી. એકને ચાર મહાવ્રત તો એકને પાંચ મહાવ્રત, અમુકના સાધુને પ્રતિક્રમણ રોજ કરવાનું જ અને બીજાના સાધુ રોજ પ્રતિક્રમણ ન કરે તોપણ ચાલે. માત્ર કારણ હોય તો પ્રતિક્રમણ કરે. તમે તો જોઈ પણ ન શકો.

**સભા :** તે તો કાળભેદથી છે.

**પૂ. સા. :** જો આટલું સમજતા હો તો અત્યારે પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, પુરુષના ભેદથી જે મતભેદો પડ્યા છે, તેને કેમ સમજતા નથી ?

**સભા :** અત્યારે અહંકારને કારણે મતભેદ પડે છે !

**પૂ. સા. :** આ તમારું irresponsible statement (બેજવાબદાર વિધાન) છે. આમણે અહીં બેઠા-બેઠા નક્કી કરી લીધું કે વર્તમાનમાં જેટલા મતભેદો

પડ્યા છે કે પડે છે, તે બધા અહંકારથી જ પડ્યા છે !!! ગમે તેમ આક્ષેપ કરશો કે મનમાં અભિપ્રાય બાંધશો, તો મહાપાપના ભાગીદાર થશો. ઉપરાંત કદાચ માની લઈએ કે કોઈકે અહંકારના કારણે મતભેદ પાડ્યો, તો તે ભેદ પાડનાર મરશે; અથવા બીજા કોઈ vested interest (સ્થાપિત હિત)ને કારણે પેલાએ મતભેદ પાડ્યો હોવા છતાં જો તે એવો ભેદ હોય કે જેમાં તત્ત્વ મરતું ન હોય, તો એવા મતભેદને સમાવી લેવામાં આપણું શું જાય છે ?

**સભા :** તો તો મતભેદ પડ્યા જ કરે, પડ્યા જ કરે.

**પૂ. સા. :** એમ કોઈ પાડ્યા કરતું નથી. મતભેદ પાડવાની ગમે તેટલી ઇચ્છા હોય, પણ જો પાડનારમાં પુણ્ય-શક્તિ-આદેયતા વગેરે ન હોય, તો ક્યારેય ગ્રાહ્ય થવાના નથી. જેનામાં પુણ્ય-શક્તિ-આદેયતા હશે તે કાંઈ ગામડાના ગમાર હોવાના નથી.

અહીં તો તમે એક વાત સમજી રાખો કે આ શાસન વિવિધતાવાળું છે, આ વૈવિધ્ય પણ શાસનનું સૌંદર્ય છે - જાહોજલાલી છે. હું તો ત્યાં સુધી કહું છું કે India માટે તમારા દેશનેતાઓ ગૌરવ સાથે કહે છે. Unity in deversity (અનેકતામાં એકતા) છે, તો તમને કેમ આ વાત અહીં સમજાતી નથી ?

**સભા :** આમાં સૌંદર્ય કેવી રીતે ?

**પૂ. સા. :** આચારની વિવિધતા છે માટે.

**સભા :** તમે બધા એક નથી તે સૌંદર્ય છે ?

**પૂ. સા. :** અર્થાત્ તમારું એ જ કહેવું છે કે બગીચામાં બે ઝાડ જુદા જુદા રંગનાં, જુદા જુદા ફુલવાળાં, જુદી જુદી સુગંધવાળા હોય તો તે બરાબર ન કહેવાય. બધાં એક જ રંગનાં, એક જાતનાં ફુલ કે એક જાતની સુગંધવાળાં જોઈએ, બરાબર ને ?

**સભા :** એટલે આ સૌંદર્ય વધારવું જોઈએ, એમ ?

**પૂ. સા. :** હા, આવું સૌંદર્ય reasonable (પ્રમાણસર) વધે તો વાંધો નથી, મને કોઈ અવરોધ નથી. ઋષભદેવ ભગવાનના ૮૪ ગણ હતા. કાલે તમે કહેશો, ઓછા હોત તો સારું થાત, જ્યારે પાર્શ્વનાથ ભગવાનના આઠ વાચનાભેદ થયા. તો તમે કહેશો, 'આ સારું થયું, ખાલી ખોટો ગૂંચવાડો તો નહીં.'

**સભા :** આઠ વાચનાભેદ થયા તો આઠે'યને સ્વીકારવાના ?

**પૂ. સા. :** ચોક્કસ. બધાને સ્વીકારવાના. શાસ્ત્રકારોએ બધાને સ્વીકાર્યા જ છે.

**સભા :** "એક જિનવચન ન માને તે મિથ્યાત્વી કહેવાય" તો દિગંબરો ભગવાનના ઘણાં વચનો નથી માનતા, તો તે સમકિતી કેવી રીતે ?

**પૂ. સા. :** "એક વચન..." આ વાક્યના આગળ-પાછળના સંદર્ભો સમજવા પડશે. શાસ્ત્રમાં લખ્યું છે કે સમકિતી પ્રજ્ઞાપકદોષને કારણે ભગવાનનું વચન ન માને તેવું પણ બને. ઉપરાંત મેં એવું નથી કહ્યું કે, બધા દિગંબરો સમકિતી હોય. મારું એમ કહેવું છે કે જૈનધર્મના ચારેય ફીરકામાં અધિગમથી સમકિત હોઈ શકે છે; કેમ કે ત્યાં સમકિત પામવાની સામગ્રી હાજર છે.

**સભા :** અન્ય દર્શન કરતાં ત્યાં સામગ્રી વધારે છે ?

**પૂ. સા. :** ના, અન્ય દર્શનમાં તો સમ્યગ્દર્શનની સામગ્રી જ નથી. આર્યદર્શનોમાં પણ મોક્ષમાર્ગ પામવાની સામગ્રી હાજર છે. ત્યાં ચાર દૃષ્ટિ સુધીના, અધ્યાત્મ-વૈરાગ્ય વગેરે સુધીના વિકાસની જ સામગ્રી છે, પણ સમકિતની સામગ્રી તો નથી જ. આ demarcation (ભેદરેખા) બરાબર સમજજો. અન્યદર્શનમાં સાધક નિસર્ગથી ચૌદેય ગુણસ્થાનક પામી શકે છે, પણ અધિગમથી ચાર દૃષ્ટિ સુધીના વિકાસની જ સામગ્રી છે. હું "by means" (સામગ્રીથી) વિકાસની વાત કરું છું, જે ચારે ફિરકામાં છે, એમ આપણા પૂર્વાચાર્યો શાસ્ત્રમાં કહે છે. 'એક જિનવચન ન માનનારને મિથ્યાત્વ' એમ બોલનારને એક સુંદર દૃષ્ટાંત આપું છું.

જમાલિ અને ભગવાન વીર વચ્ચે સૈદ્ધાંતિક મતભેદ હતો, તે એટલો મોટો હતો કે તમે સમજી પણ ન શકો. ભગવાન જમાલિની વાત સ્વીકારે તો શાસનની વ્યવસ્થાને ધક્કો લાગે. જમાલિ ભગવાનથી આ રીતે જુદા થયા પછીની આ વાત છે. જમાલિ ૫૦૦ શિષ્યો સાથે વિચરતા હતા. આ મતભેદ પડ્યા પછી તેમના ગીતાર્થ-શાસ્ત્ર ભણેલા નિપુણ સાધુઓએ ગુરુને સમજાવવા પ્રયત્ન કર્યો, પણ લાગ્યું કે ગુરુ સમજે તેવા નથી. એટલે ગીતાર્થ સાધુઓ ભગવાન પાસે આવ્યા, પણ ગીતાર્થ નહિ બનેલા અલ્પ જ્ઞાની ઘણાં શિષ્યો

જમાલિ પાસે જ રહ્યા છે, તેઓ જમાલિને જ ગુરુ માને છે. જમાલિ વાચના વગેરે આપે તે આધારે માને છે કે આપણા ગુરુનો સિદ્ધાંત જ સાચો છે અને ભગવાનની વાત ખોટી છે. હવે આવી પરિસ્થિતિ છે ત્યારે ગૌતમ મહારાજાએ ભગવાનને પૂછ્યું : 'ભગવન્ ! જમાલિ હવે સમ્યગ્દૃષ્ટિ ખરા કે નહિ ?' કેમ કે જમાલિનો વૈરાગ્ય ત્યારે પણ અદ્ભુત હતો. ભગવાને જવાબમાં કહ્યું : 'જમાલિમાં સમકિત નથી; કેમ કે તેને જાણી-બૂઝી અસત્યનો આગ્રહ છે.' પછી ગૌતમ મહારાજાએ આગળ પૂછ્યું : 'જમાલિની સાથે રહેલા શિષ્યોમાં સમકિત ખરું કે નહિ ?' ત્યારે ભગવાને સ્પષ્ટ કહ્યું કે : 'જમાલિના શિષ્યોમાં સમકિત છે.'

**સભા :** તે પહેલેથી સમકિત પામેલા હતા ?

**પૂ. સા. :** પહેલેથી પામેલા જ પામી શકે અને બીજો ન પામી શકે તેવું તમે prove (સાબિત) નહીં કરી શકો.

**સભા :** સમકિત કેમ છે ?

**પૂ. સા. :** મારે એ જ સમજાવવું છે કે આ શિષ્યો ભલે ભગવાનને ખોટા માને, પણ મૂળથી 'મધ્યસ્થતા' છે, સંસારના વાસ્તવિક સ્વરૂપનું દર્શન છે અને સમિતિ-ગુપ્તિપૂર્વકનો આચાર છે. સામાન્ય જીવ માટે આટલું પર્યાપ્ત છે. તેનાથી તેને હેય-ઉપાદેયનો વ્યવહાર સમજાઈ જાય. ગુરુના ઉપદેશ અને વ્યવહારથી બેઠું છે કે તેમની વાત સાચી છે. ગુરુ પવિત્ર છે, કદી ખોટું બોલે નહિ, misguide કરે નહિ, આવો ભાવ છે.

**સભા :** ભગવાન કેવલી હતા, જમાલિ છદ્મસ્થ હતા, તોપણ જમાલિ પર વિશ્વાસ ?

**પૂ. સા. :** છદ્મસ્થ પર શ્રદ્ધા ન કરાય એવો શાસ્ત્રમાં એકાંત નથી.

**સભા :** કેવલી-છદ્મસ્થમાં તો કેવલી જ સાચા હોય ને ?

**પૂ. સા. :** આમણે ગોખેલું છે, એટલે બેસતું નથી. પણ ચોખ્ખું કહું છું કે આ ભગવાનનું વચન છે.

**સભા :** પણ કેવી રીતે ? સામે રહેલા પૂર્ણ જ્ઞાનીનું વચન ન સ્વીકારે, છતાં સમકિત ?

**પૂ. સા.** : પૂર્ણ જ્ઞાની જીવતા-જાગતા હોય તોપણ કોઈનું પૂર્ણ જ્ઞાન કપાળ પર દેખાતું નથી. જમાલિના શિષ્યોને કોઈ પણ બાબતમાં શંકા થાય અને ગુરુને પૂછે તો ત્યાં પણ સંતોષ મળે છે, સાથે સમકિત માટે જોઈએ એટલા ગુણ, હેય-ઉપાદેયનો વિવેક, વૈરાગ્ય વગેરે હતા, માટે જ ભગવાને કહ્યું : 'મને ખોટો માને, તોપણ શિષ્યોમાં સમકિત છે.' હવે આવો મતભેદ છતાં સમકિત ટકતું હોય તો દિગંબર સાથેના મતભેદમાં કેમ ન ટકે ? ચારે ફિરકામાં સમકિતની સામગ્રી છે. 'એક વચન ન માને તે મિથ્યાદૃષ્ટિ' તે વાત સાચી, પણ એક વચન કેવી રીતે ન માને તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય, તે હજુ તમને ખબર નથી.

**સભા** : મધ્યસ્થને અસત્ય પણ સત્ય માની પકડાઈ જાય તો સમકિત ટકે ?

**પૂ. સા.** : હા, અજ્ઞાનતાથી અસત્ય પકડાઈ ગયું હોય, મધ્યસ્થ હોય અને સમકિતના merits હોય તો ત્યાં પણ સમકિત ટકી શકે છે. ઘણા દિગંબરો હોય, જે મારા-તારાના ભેદભાવ વગર, પોતાની જેટલી બુદ્ધિ પહોંચે છે, તેટલી બુદ્ધિથી પરીક્ષા કરીને અંતે માને કે આપણો મત તે જ મહાવીરનો મત, મહાવીરનો સિદ્ધાંત છે, દિગંબરશાસ્ત્રનાં વિધાન જ સાચાં છે અને શ્વેતાંબરનાં વિધાન ખોટાં છે અને સમકિતના merits હોય તો તે ત્યાંના શાસ્ત્રોથી પણ સમકિત પામી શકે છે.

**સભા** : નિવર્તનીય પરિણામ જોઈએ ને ?

**પૂ. સા.** : તે તો બધે જોઈશે. કદાગ્રહવાળો તો અહીં હોય તોપણ પામવાનો નથી. તમારું એવું standard (ધોરણ) છે કે અહીં રહેલો કદાગ્રહી હોય તોપણ તરી જાય ?

**સભા** : અમારે મધ્યસ્થતા કેવી રીતે રાખવાની ?

**પૂ. સા.** : એ માટે તમારે નિયમ રાખવાનો કે જ્યાં તત્ત્વના મોટા મતભેદ નથી અને નાના નાના મતભેદ હોય ત્યાં જેને જે સાચું લાગે તે honestly (પ્રામાણિકતાથી) કરે. આમે'ય ધર્મમાં honesty (પ્રામાણિકતા) વિના સાચું કરે કે ખોટું કરે, બંને હારી જવાના જ છે. એટલે બને એટલું આપણે બીજાને સંક્લેશનું કારણ ન બનીએ અને આરાધનામાં એકબીજાને પૂરક બનીએ, તે રીતે રહેવાનું છે. નાના નાના મતભેદો તો ચાલવાના જ, તે પણ ટળી જ જવા

જોઈએ એવો આગ્રહ જ ખોટો છે. બંનેને સાંભળી પછી તમને જે સાચું લાગે તે honestly સ્વીકારવાનું. ધર્મમાં તો willingly (ઇચ્છાપૂર્વક) છે. તમે કહો, બધા આચાર્ય એક થાય પછી જ હું ઉપાશ્રયમાં આવું તો હું તમને કદી ઉપાશ્રયમાં લાવી શકું ?

**સભા :** શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘમાં એવો મતભેદ ખરો કે ઊભો રાખી શકીએ ?

**પૂ. સા. :** શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘમાં પૂર્વાચાર્યોએ વ્યવહારનયથી બધાને સંઘમાં ગણ્યા છે, એટલે સંઘ માની આપણે પણ મતભેદને સમાવીએ તે આપણી ફરજ છે. ઘણાને તત્ત્વ શું તે પણ ખબર નથી, તેવા મતભેદવાળાને મૂર્ખ મહત્વ આપે. અત્યારે તો મોટા ભાગે સામાચારીના મતભેદ છે. તેમાં એવું કોઈ તત્ત્વ સમાયું નથી. જેમ કે "સંતિકરં" બોલવું કે ન બોલવું તો તે સામાચારીભેદ છે. કોઈને ત્યાં આ પરંપરા છે, તો બીજાને ત્યાં બીજી પરંપરા છે. જૈનશાસનમાં ભૂતકાળમાં પણ આવા મતભેદ તો હતા જ. તિથિના ભેદને પણ સામાચારીભેદ તરીકે જ ગણાય. કારણ કે 'દશવિધકલ્પ'માં તેને સામાચારી જ ગણી છે. નિશીથસૂત્રમાં પણ પાઠ છે. કદાચ કોઈ આ વાત ન માને અને કહે : આ સિદ્ધાંત છે, આમાં સત્યાસત્યનો નિર્ણય કરવો જ પડે. તો તેને મારે એ જ કહેવું છે કે એટલું તો નક્કી કે તિથિનો ભેદ એ કાળનો ભેદ છે. કાળના તફાવતથી આ ભેદ પડે છે. હવે આપણે ત્યાં કાળના ભેદને વિધિ-અવિધિમાં લીધું છે કે સિદ્ધાંતમાં ? એટલે તિથિના ભેદ સામાચારીભેદ નહિ માનનારને પણ આ સૈદ્ધાંતિક ભેદ છે, તેવું પુરવાર કરવું તો શક્ય જ નથી.

**સભા :** કાળ સિદ્ધાંતમાં ન ગણાય ?

**પૂ. સા. :** કાળને સિદ્ધાંત માનો તોપણ અહીં આરાધનાનો મતભેદ છે.

**સભા :** કાળ બદલી નાંખવાનો ? પૂનમ દેખાતી હોય છતાં ચૌદશ માનવાની એમ ?

**પૂ. સા. :** ના, બોલનાર જ કહે છે કે કાળ આ હોવા છતાં આપણે આ વ્યવહાર કરવો. અર્થાત્ કાળનો તફાવત કોઈએ કરી નાંખ્યો, તે બોલવું પણ વિચારણીય છે. હવે suppose (ધારો કે) કાળ બદલી નાંખ્યો તોપણ તમને

બીજાં દૃષ્ટાંત આપું. જેમ કે પ્રતિક્રમણનો કાળ ઘણાંએ બદલી નાંખ્યો, પૂજા મધ્યાહ્ન કાળે કરવાની, તે મધ્યાહ્ને કરો છો કે આગળ-પાછળ કરો છો ?

**સભા :** તેમાં વિકલ્પ આપ્યા છે.

**પૂ. સા. :** તો તો તમે મારા મતમાં આવી ગયા; કેમ કે વિકલ્પ આપ્યા તેનો અર્થ જ એ કે **કાળ સિદ્ધાંત હોય તો વિકલ્પ અપાય ?** હવે તમારે જવાબ આપવાનો : **સિદ્ધાંતમાં કદી વિકલ્પ હોય ? અને વિકલ્પ હોય તો તે સિદ્ધાંત કહેવાય ? અનંત તીર્થંકરનું શાસન ફરે પણ કદી સિદ્ધાંતમાં વિકલ્પ આવે નહિ. તમને સિદ્ધાંતની વ્યાખ્યા જ ખબર નથી, એટલે વર્ષોથી ફાંફાં મારો છો. પાયાની વ્યાખ્યા કહું તો જેમાં ઉત્સર્ગ-અપવાદ હોય તે કદી સિદ્ધાંત ન હોય, સિદ્ધાંતમાં કદી અપવાદ મેં સાંભળ્યા નથી. જેમાં અપવાદ હોય તે નિયમા સિદ્ધાંત ન જ હોય.**

**સભા :** સામાચારીનો કોઈ આધાર જ નથી ?

**પૂ. સા. :** સામાચારીનો આધાર શાસ્ત્ર છે.

**સભા :** તો શાસ્ત્ર સિદ્ધાંત નથી ? જેનો આધાર હોય તે સિદ્ધાંત નહિ ?

**પૂ. સા. :** આવું ક્યાંથી લાવ્યા ?

**સભા :** જેનો છેડો સિદ્ધ થયો છે તે સિદ્ધાંત.

**પૂ. સા. : તેનો અર્થ એ આવ્યો કે જે અટલ છે તે સિદ્ધાંત. સિદ્ધાંત માટે શાસ્ત્રમાં સનાતન-શાશ્વત-ધ્રુવ-નિત્ય-દ્રવ્ય વગેરે પર્યાયવાચી શબ્દો વાપર્યા છે. દા.ત. "દ્રવ્યાર્થિકનયથી આત્મા શાશ્વત છે" તે સિદ્ધાંત છે, અનંતા તીર્થંકર થયા, અનંતા તીર્થંકર થશે, પણ આ સિદ્ધાંતમાં કદી ફેરફાર નહિ થાય. તે રીતે 'આત્મા દેહથી ભિન્ન છે પણ વ્યવહારનયથી આત્મા અને દેહ એક છે.' આમ, સિદ્ધાંતમાં નયવાદ છે, અપવાદ નથી. સ્યાદ્‌વાદમય જિનશાસન હોવાથી તમામ સિદ્ધાંતમાં નયવાદ રહેવાનો, પણ ઉત્સર્ગ-અપવાદ ક્યાંય નથી. સિદ્ધાંતમાં અપવાદ નહિ મળે, તેમાં મારી challenge (પડકાર) સાથે guarantee (બાંહેધરી) છે.** સામે સામાચારી પણ મન ફાવે તેવી-ઢંગધડા વિનાની, તરંગ-તુક્કા આધારિત છે, તેવું હું કહેતો નથી. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, પુરુષ અનુસારે ભગવાને જ

તે તે હિતકારી આચાર કહ્યો છે, **આચારમાં એકાંત નથી, જ્યારે સિદ્ધાંતમાં એકાંત છે.**

**સભા :** આચારમાં પણ ગમે તે કરે તે ચાલે ?

**પૂ. સા. :** તમારે તમારી વાત જ ઘૂંટવી હોય, તો ઘૂંટ્યા કરો. બાકી આચારમાં ગમે તે કરવાનું હું કહેતો નથી. હું જે વાત કરીશ, જે બોલીશ, તે શાસ્ત્રઆધારે સિદ્ધ કરીશ, શાસ્ત્રમાં આ સિવાય બીજું મળે તો હું જાહેરમાં ફેરવવા પણ તૈયાર છું. સામાચારીમાં ઉત્સર્ગ-અપવાદ હોય, આ અપવાદ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, પુરુષ પ્રમાણે બદલાય છે, ફેરફાર હોઈ શકે, આવું સિદ્ધાંતમાં જરા પણ નથી.

**સભા :** સાધુપણું પણ સામાચારી ?

**પૂ. સા. :** સાધુપણું સામાચારી નથી, સાધુપણાનો આચાર તે સામાચારી છે. સાધુપણામાં તો સિદ્ધાંત પણ આવે. As a whole (સમગ્રતયા) સાધુપણું સામાચારી ન કહેવાય. સાધુપણાના આચારમાં દશવિધ સામાચારી આવે જ છે.

**સભા :** સામાયિક પણ આચાર ?

**પૂ. સા. :** હા, સામાયિક પણ અવસરે ઉત્સર્ગ-અપવાદથી ભરેલું છે.

**સભા :** ઉત્સર્ગ-અપવાદવાળું સામાયિક હોય ?

**પૂ. સા. :** ચોક્કસ. લખી રાખો, હું તો crystal clear (સ્ફટિકની જેમ સ્વચ્છ) માનું છું.

**સભા :** ચોથને પાંચમ કે ત્રીજ માની, તે સિદ્ધાંતભેદ છે ને ?

**પૂ. સા. :** આનો જવાબ આપતા પહેલાં મારે તમને એક સવાલ પૂછવો છે કે "અત્યારે સંઘમાં ઘણા આરાધકોને દેવસી પ્રતિક્રમણમાં સૂર્યાસ્ત સમયે વંદિત્તુ આવવું જોઈએ' તે ખબર નથી, સાથે તેઓ માને છે 'હું કરું છું તે ધર્મ છે' રાત્રે દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ કરાય, તે માની કરે છે. તો તમારી દૃષ્ટિએ તે કેવા ?

**સભા :** અજ્ઞાની.

**પૂ. સા. :** અર્થાત્ અજ્ઞાનના કારણે આવો મતભેદ હોય તો તમે તેને સમાવો છો !

**સભા :** પણ અહીં તો ખબર છે ને કરે છે.

**પૂ. સા. :** તો બીજું દૃષ્ટાંત આપું. ઘણા એવા છે કે મધ્યાહ્ને પૂજા કરવી જોઈએ તે ખબર છે, છતાં અનુકૂળતા ખાતર સવારે કરે છે તો શું તેવાને સંઘ બહાર કાઢશો ?

**સભા :** દોષ લાગે છે ને !

**પૂ. સા. :** તે વ્યક્તિગત દોષ થયો, અત્યારે તો તેની જોડે વ્યવહાર શું કરાય, તે વાત ચાલે છે. સંઘ-શાસનનો વ્યવહાર ચલાવવો હોય તો ઘણી બાબતોને ચલાવવી પડશે. વિશાળ હૃદયથી અનેકને સમાવવા પડશે. આવી નાની વાતોમાં મત-સંપ્રદાય-પંથથી બધાને બહાર કરતા જાઓ, પછી જુઓ, પરિણામ શું આવે છે ? જૈનશાસન વ્યવહારનયથી ચાલે છે, અરે ! શુદ્ધ-વ્યવહારનયનો આગ્રહ પણ બધે રાખી શકાતો નથી. અમુક જગ્યાએ અશુદ્ધવ્યવહારનય પણ સંમત કરવો પડે. દા.ત. સંઘસ્વામીવાત્સલ્યમાં શુદ્ધવ્યવહારનયથી જે જૈન હોય તે જ જમે તેવો નિયમ કરી શકો ? કરો તો વ્યવહાર ચાલે ?

**સભા :** ધારાધોરણ હોય ને ?

**પૂ. સા. :** ધારાધોરણ બધે છે જ, તે જ તો સમજાવું છું; પણ તમને માન્ય નથી થતા તેનું શું કરવાનું ?

**સભા :** શાસનમાં આટલા ભેદ છે, તેની ચિંતા છે.

**પૂ. સા. :** અમને તમે મતભેદોને નથી સમાવતા તેની ચિંતા છે.

**સભા :** નહોતું તે ઊભું કર્યું, માટે ડખો થયો.

**પૂ. સા. :** આ વળી નવી વાત આવી. કાલે ત્રણ થોયવાળા એમ કહેશે કે 'પરંપરાથી ત્રણ થોય ચાલે છે અને આ લોકોએ ચોથી ઉમેરી ડખો ચાલુ કર્યો.' તો તમે માનશો ? અરે ! તમે તો એમ કહેશો કે 'ચાર થોય જ બરાબર છે, તે લોકોએ ત્રણ થોયની જૂની પ્રથા ફરી ચાલુ કરીને નવો ડખો ઊભો કર્યો, માટે તેઓ જ ડખાખોર છે'. તમને આ રીતે સામ-સામે label લગાડવામાં જ રસ છે ને ?

**સભા :** ના, તેવું નથી.

**પૂ. સા. :** જો વાસ્તવમાં તેવું ન હોય તો કહેવું પડે કે ભૂતકાળમાં ત્રણ થોય હતી, જે અમને મંજૂર છે. આપણા પૂર્વજો પણ ત્રણ થોય બોલતા હતા; છતાં કારણે ત્રણની ચાર થોય કરી અને કારણ વાજબી હતું. જેમ પાંચમની સંવત્સરી હતી, તેને કારણે ચોથની કરી છે. તેમ ત્રણ થોયની ચાર થોય કરી છે, જે આવા આવા કારણે વાજબી છે તેથી મંજૂર છે. હવે જેમને એ નથી બેસતું તે હજી ત્રણ થોય બોલે છે, પણ જે બોલે છે તે બંને પવિત્ર વસ્તુ છે. જેમ આપણે નવકારમાં નવપદ બોલીએ છીએ, સ્થાનકવાસી પાંચ પદ બોલે છે. નવ બોલે કે પાંચ, છે તો પવિત્ર પદો જ !

**સભા :** આજે કોઈ પાંચમ કરે તો ચાલે ?

**પૂ. સા. :** અચલગચ્છવાળા કરે જ છે; છતાં આપણા પૂર્વજોએ તેઓને સમાવ્યા જ છે. હા, તમે ન સમાવો તો તમારી વાત ન કરાય !!!

**સભા :** અહીં તો આશય ખરાબ છે.

**પૂ. સા. :** જે સ્વાર્થથી, કષાયથી ખોટો વ્યવહાર ચાલુ કરે છે તે અને જાણ્યા વિના ડહોળે છે, આગળ વધી કદાગ્રહ કરે છે, તે બધા ડૂબવાના છે, તેમાં મને શંકા નથી. આ ભગવાનનું વચન છે. પણ આ વ્યક્તિગત વાત થઈ; સમૂહ પ્રત્યે વલણ કેવું રાખવું, સંઘ-શાસનમાં વ્યવહાર કેવી રીતે ચલાવવાનો હોય છે તે લાંબા ગાળાના પરિણામો ધ્યાનમાં રાખી આપણે વિચારતાં શીખવાનું છે. જેમાં અને તેમાં આ મિથ્યાદૃષ્ટિ, આ ઉત્સૂત્રભાષી, આ ભાગલા પડાવનાર, આ સંઘબહાર, આ નવામતીઓ, આ શાસનપક્ષ સિવાયના વગેરે... ન કહેવાય. ત્રણ થોય-ચાર થોયનો ભેદ થયો તો વડીલોએ અમુક વ્યવહાર cut off કર્યા (કાપ્યા) જ છે. વળી જે નિર્ણયો મારા કે તમારા હાથમાં નથી, તેમાં "काजी दुबले क्युं, तो सारे गाँव की चिंता"ની જેમ ચિંતા શું કામ કરવાની ? તમે સંઘના ઉપરી હો તો વાત જુદી ! બાકી, ઘરમાં પણ કોણ માનશે, તેના ફાંફા હોય ત્યાં આખો સંઘ હું કહીશ તે માનશે, એમ માની પુણ્ય વિના શું કામ કદાગ્રહ કરવાના ? ખાલી કૂદકા મારવાથી કાંઈ નહીં વળે ! હું તો આપણું કર્તવ્ય શું ? અને આપણી જવાબદારી શું ? તે સમજાવું છું.

**સભા :** શું ભાવ કરવાના ?

**પૂ. સા. :** જૈનેતર સાથે કેવો વ્યવહાર કરાય ? વળી ત્યાં પણ માર્ગમાં રહેલા સાથે કેવો બાહ્ય વ્યવહાર રાખવો, મનમાં શું ભાવ કરવાના ? તે બધાનું શાસ્ત્રમાં વર્ણન છે.

**સભા :** મધ્યસ્થભાવવાળાને એવો ભાવ ન હોય કે મેં સાચું મેળવ્યું છે તે બધાને મળે ?

**પૂ. સા. :** મધ્યસ્થભાવવાળો વિચારે, મને સાચું લાગે છે માટે મેં સ્વીકાર્યું છે. જગત આખાને સત્ય મળે તેની શુભકામના પણ હોય, આટલું હોય ત્યાં સુધી વાંધો નથી. પણ જે ન માને તેને impose કરો (ઠોકી બેસાડો), પગલાં લો, સંઘ બહાર કાઢો, મિથ્યાદૃષ્ટિ કહો વગેરે offensive attitude (આક્રમક અભિગમ) રાખો, આ બધું મધ્યસ્થતા ગુણનો નાશ કરનાર છે.

**સભા :** સંઘની ભક્તિનો ભાવ હોય તો સંઘજમણમાં વધારે લાભ કે નવકારશીમાં ?

**પૂ. સા. :** ભગવાનની આજ્ઞા મુજબ નવકારશી જ નહીં, "ગામ ધુમાડાબંધ" કરે તોપણ વધારે લાભ. દા.ત. શાસનપ્રભાવનાનું કારણ બનતું હોય તે સમયે "ગામ ધુમાડાબંધ" કરે તો વધારે લાભ. પણ તેનો અર્થ એ નથી કે સાધર્મિક કરતાં ગામના લોકો ઊંચા છે.

**સભા :** સંઘભક્તિ માત્ર કરીએ તો તે શાસનપ્રભાવનાનો હેતુ નથી ?

**પૂ. સા. :** પણ સંઘભક્તિ કરતાં વધારે પ્રભાવનાનું કારણ હોય તો શાસનપ્રભાવના એટલો ઊંચો ધર્મ છે કે સંઘભક્તિ નાની પડી જાય. પ્રભાવનાના ઉદ્દેશથી સંઘભક્તિ કરતાં નવકારશીમાં, તેના કરતાં 'ગામ ધુમાડાબંધ' માં વધારે લાભ છે, પણ તમારે શું કરવું છે તે કહો ને ? જૈનશાસનમાં રહેલાનો પ્રસંગે બધા પ્રત્યે કેવો કેવો ભાવ હોય, તે બધાનું શાસ્ત્રોમાં વર્ણન છે.

**સભા :** સૌંદર્યરૂપ મતભેદના ધારાધોરણ શું ?

**પૂ. સા. : જેટલા મતભેદો શાસ્ત્રની મર્યાદામાં આવે છે, તે બધા મતભેદો શાસનના સૌંદર્ય-વિવિધતારૂપ છે.**

**સભા :** વિવિધતામાં સૌંદર્ય તો એકતામાં નહિ ?

**પૂ. સા. :** ના, તમારે બધું copy to copy (જેવું ને તેવું) જ જોઈએ, પણ તે તો monotonus થાય. આમે'ય બધું copy to copy શક્ય થાય ? પછી તો કાલે કહેશો, બધા સાધુઓની બોલવા-ચાલવાની રીત, બેસવા-ઊઠવાની ઢબ, પ્રકૃતિ, હાવભાવ, આવડત વગેરે... બધું સરખું જ જોઈએ. કપડાં, આચાર બધું સરખું copy to copy જોઈએ.

**સભા :** બધાનાં સફેદ કપડાં છે તો એકતા થઈ ને ?

**પૂ. સા. :** જેને બહારના વાઘાથી એકતા દેખાય અને તે બદલાય તો એકતા ન દેખાય, તે તત્ત્વ-ધર્મ સમજ્યો જ નથી. કપડાંમાં ધર્મ છે ?

**સભા :** કપડામાં પણ એકત્વ તો દેખાય જ છે ને ?

**પૂ. સા. : કપડાંમાં એકત્વ દેખાય અને આચારમાં મતભેદ દેખાતો હોય તો તે ધર્મનો કક્કો-બારાખડી પણ નહિ સમજનારો "મૂઢ બાલજીવ" છે.** એકતા પણ લેવી હોય તો આચાર, વિચાર કે સિદ્ધાંતની એકતા લેવા જેવી છે.

**સભા :** વસ્ત્રો આચાર નથી ?

**પૂ. સા. :** તમે ત્યાં જ ભૂલો છો. જેમ કે સાધુ કપડાં પહેરે છે, હવે કોઈનો કપડો થોડો લાંબો (ઘૂંટણથી નીચે સુધી પહોંચે તેવો) હોય તો કોઈનો ટૂંકો (માત્ર ઘૂંટણ સુધી પહોંચે તેટલો) હોય તો આનાથી તત્ત્વમાં ફેર નથી પડતો. જે આચાર at a glance (આપાતદૃષ્ટિએ) જુદો દેખાય છે, પણ તેમાં ગુણની દૃષ્ટિથી જુદાઈ-ખામી નથી, તેવા મતભેદને જે આચારનો મતભેદ માને છે, તે તો સાવ ભ્રમમાં છે. જે આચાર ગુણની સાથે connected (જોડાયેલો) હોય એવા આચારમાં મતભેદ હોય તો તેને વાસ્તવમાં આચારભેદ ગણી શકાય.

**સભા :** ગુણની દૃષ્ટિએ આચારમાં મતભેદ કેવો ?

**પૂ. સા. :** ગુણની દૃષ્ટિએ આચારમાં મતભેદ. જેમ કે પંચાંગ પ્રણિપાત નમસ્કાર અને અષ્ટાંગ દંડવત્ નમસ્કાર; હવે આમાં જયણા, મર્યાદા વગેરે... 'ગુણ'નો તફાવત છે. ગુણની દૃષ્ટિએ પડતો આ તફાવત પણ ઉત્સર્ગ-અપવાદથી મંજૂર થાય છે, તો જેમાં ગુણની સાથે કોઈ connection (જોડાણ) જ નથી, તેમાં શું ભેજામારી કરવાની ?

**સભા :** એક સાધુ tip-top (ઘસી-ઘસીને ધોયેલાં - એકદમ વ્યવસ્થિત) કપડાં પહેરે, એક મેલાં-ઘેલાં કપડાં પહેરે તો તે મતભેદ આચારનો નથી ?

**પૂ. સા. :** ભગવાને કહેલા કારણથી tip-top કપડાં પહેરે તો તે પણ ચારિત્રાચાર છે, અને ભગવાનની આજ્ઞા મુજબ મેલાં-ઘેલાં કપડાં પહેરે તો તે પણ ચારિત્રાચાર છે. દા.ત. શાસનપ્રભાવક આચાર્ય મેલાં-ઘેલાં વસ્ત્રો પહેરે તો વાજબી નથી, ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન છે. બાકી કારણે tip-top પહેરવા છતાં પણ તમારી નજરમાં આવી જાય તે વાત જુદી છે. જે આચારનો તફાવત કારણે હોય તે મંજૂર છે. પહેલાં તો આચારના જેટલા તફાવત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ-પુરુષ પ્રમાણે યોગ્ય હોય તે ભગવાનની આજ્ઞારૂપ જ છે. જિનશાસનમાં મંજૂર છે. તેને જે શિથિલાચાર માને છે, તે શાસનની હીલના કરનાર છે.

**સભા :** આપના ગુરુમહારાજ જ એકતિથિની આરાધના કરનારને મિથ્યાદૃષ્ટિ કહેતા હતા.

**પૂ. સા. :** તેમણે મારા મોંઢે કદી કહ્યું નથી, હું મારા ગુરુમહારાજની બહુ નજીક રહ્યો છું, એટલે તે શું બોલે, તે હું જાણું છું.

**સભા :** આપ આપના ગુરુમહારાજ કરતાં બીજું માનો છો ?

**પૂ. સા. : હું તો જાહેરમાં સ્પષ્ટ શબ્દોમાં કહું છું. મારી સામે એક તરફ પૂ. ગુરુમહારાજનું વચન આવે અને બીજી તરફ પ.પૂ. ભદ્રબાહુસ્વામી મહારાજનું વચન આવે તો, હું પ.પૂ. ભદ્રબાહુસ્વામીનું વચન જ માનીશ. તે રીતે પૂ. સાગરાનંદસૂરિ મ. સા., પૂ. નેમિસૂરિ મ. સા., પૂ. ભુવનભાનુસૂરિ મ.સા. નું વચન આવે અને તેની સામે પૂ. હરિભદ્રસૂરિ મ. સા.નું આવે તો હું પૂ. હરિભદ્રસૂરિ મ. સા.નું વચન જ સ્વીકારીશ.**

**સભા :** આપના ગુરુમહારાજને પૂ. ભદ્રબાહુસ્વામી મ. સા.નાં વચનો ખ્યાલમાં નહોતા ?

**પૂ. સા. :** તે તમારે તપાસ કરવાની. હું તો મારી પાસે જે છે તે તમારી સામે મૂકું છું. તેમની સામે હતું કે ન હતું, તે ત્યાં જઈને પૂછી આવજો. મને તો એવું કહેનારા મળ્યા છે કે પૂ. રામચંદ્રસૂરિ મ.સા. શાસ્ત્ર ભણ્યા નહોતા, તો હું શું કહું ?

**સભા :** આ પ્રશ્ન આટલો બધો ચર્ચાયો હોય પછી પણ પૂ. રામચંદ્રસૂરિ મ. સા. શાસ્ત્રના પુરાવા ન જુએ તે માની શકાય ? કાંઈ આધાર હશે ને ?

**પૂ. સા. :** આવી દલીલ તો બધાના અનુયાયી કરી શકે. એ તો પૂ. સાગરાનંદસૂરિ મ. સા.ના શિષ્યો પણ કહેશે કે અમારા ગુરુ અજ્ઞાની હતા ? હકીકતમાં આવી દલીલ જ ભૂલભરેલી છે. જૈનશાસનમાં આવો વ્યક્તિવાદ નથી. તમે સ્થાપો છો જ કેવી રીતે ? બીજી બાજુ પણ ધુરંધર આચાર્યો હતા, તો તે શાસ્ત્રો ભણ્યા નહિ હોય ? તેમના અનુયાયી આવો પ્રશ્ન પૂછશે તો તમે શું જવાબ આપશો ?

**સભા :** આટલી મોટી વસ્તુ ખ્યાલ બહાર જાય ?

**પૂ.સા. :** પટ્ટકમાં ગુરુમહારાજે જ લખ્યું છે : **"આ અપવાદિક આચરણા છે" હવે આ અપવાદિક આચરણા છે તો તેનો અર્થ જ એ કે ગુરુમહારાજ આને સામાચારીભેદ માને છે. Challenge (પડકાર) સાથે કહું છું. મારું declaration perfect (જાહેરાત સંપૂર્ણ) છે. એને જિંદગી સુધી વળગી રહીશ. આ હું સાફ શબ્દોમાં કહું છું.**

જેમ અભવ્યના શ્રુતજ્ઞાન વિષયક પૂ. ઉપા. શ્રી માનવિજયજી મ.સા. સામે 'ધર્મસંગ્રહ'માં પૂ. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણનો પાઠ છે. મેં પૂ. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણનો પાઠ લઈ પ્રરૂપણા કરી તો ઘણાએ પૂ. ઉપા. શ્રી માનવિજયજી મહારાજનું વચન બતાવ્યું, તો મેં કહ્યું : પેલું પૂર્વધરનું વચન છે, માટે વધારે જ્ઞાનીનું વચન પહેલાં સ્વીકારવું પડે. તેમ અહીં પૂ. ગુરુ મહારાજ કરતાં ઊંચી વ્યક્તિનું વચન મળે તો તે પહેલાં સ્વીકારું. તેનો અર્થ એ નથી કે મને ગુરુ મહારાજ પ્રત્યે સમર્પણ કે આદરનો ભાવ નથી. આવું તમે માનો તો તમારું તમે જાણો, બાકી પૂર્વધરોનાં વચન overtake કરી એમનું વચન માનવું, તેવી તમારી demand હોય, તો હું કહીશ કે એવું મારું સમર્પણ નથી.

**સભા :** પૂ. ઉપા. શ્રી માનવિજયજી મહારાજ અને પૂ. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણના વચનમાં ફેરફાર કેમ ?

**પૂ. સા. :** વચનફેર થાય, તેઓ છદ્મસ્થ છે. પૂ. ઉપા. શ્રી માનવિજયજી મહારાજ કહે છે કે અભવ્યને ઉત્કૃષ્ટથી નવપૂર્વનું શ્રુતજ્ઞાન હોય અને પૂ. શ્રી

જિનભદ્ર ગણિ ક્ષમાશ્રમણ અભવ્યને ઉત્કૃષ્ટથી ૧૧ અંગનું શ્રુતજ્ઞાન કહે છે. આવા મતભેદમાં જે ખોટા રાગ-દ્વેષ લઈ ફરે, ખોટો આગ્રહ રાખે તે મરે. ગુરુમહારાજ કહેતા હતા, તેના નામથી મને ચૂપ કરવા માંગતા હો, તો તે રીતે નહીં કરાય. અમારા પર અત્યારે boundary (સીમા) મૂકી દેવાય છે. ઘણા તેવું દબાણ કરે છે, પરંતુ તે થશે નહીં. અરે ! એક શ્રાવકે તો મને ત્યાં સુધી કહેલું કે "તમારા ગુરુ આમ કહેતા હતા અને તમે બીજું કહો છો." એટલું જ નહિ "તમારા ગુરુ કહેતા હતા કે આવું બોલનારો નરકે જશે." એટલે હું નરકે જવાનો, એવું તેનું કહેવું હતું. મેં કહ્યું કે 'હું મારા ગુરુને ઓળખું છું, બહુ નિકટતાથી મને એમના વ્યક્તિત્વનો પરિચય છે. તું ચિંતા ન કર. તે બોલ્યા હોય તોપણ હું જો શાસ્ત્રનું વચન બતાવું તો તે અવશ્ય વિચાર કરે તેવા હતા, એની મને ખાતરી છે.' અહીં તો હું facts & figures (હકીકત અને આંકડા) સાથે કહું છું કે પૂર્વધરનાં વચન છે, તેમાં બેમત નથી.

હું તમને હજુ આગળ કહું કે કદાચ કોઈ તિથિને સામાચારીભેદ ન માનતો હોય તોપણ તે એવો claim (દાવો) કરી શકે નહિ કે આચારમાં કાળના ભેદને ચલાવી ન લેવાય. કોઈ અકાળે પ્રતિક્રમણ કરે તો અવિધિથી થયું કહેવાશે, તેથી આગળ કોઈ કાંઈ કહેતું નથી. વિધિ-વિધાનનાં ચોક્કસ ધારાધોરણ છે, તેને માનવાના જ છે; પણ તેનો ભંગ થાય એટલામાત્રથી કાંઈ સંઘમાંથી બહાર ન થઈ જાય.

**સભા :** ધારાધોરણનો base (પાયો) શું ?

**પૂ. સા. :** ક્યાંક પરંપરા પણ હોઈ શકે છે. આપણા વડીલોએ પણ તેને base બનાવી આચરણા કરી છે.

**સભા :** ખોટી પરંપરા પડી હોય તો ?

**પૂ. સા. :** સામાચારીભેદ હોય તેટલામાત્રથી ખોટી પરંપરા ન કહેવાય, અને કોઈ સામાચારીભેદ ન પાળે તો અવિધિ કહેવાય.

**સભા :** ગ્રહો તો ચાર આંખે દેખાતું સત્ય છે !

**પૂ. સા. :** તો (જિનપૂજા કરવા માટેનો) મધ્યાહ્ન કાળ દેખાતો નથી ?

અહીં પાંચમની આરાધના કારણે ચોથે કરી શક્યા તો flexibility છે, અને તે સિવાય કરે તો અવિધિ કહેવાય.

**સભા :** શાસ્ત્રમાન્ય flexibilityથી વિરુદ્ધ કરે તે અયોગ્ય કહેવાય ને ?

**પૂ. સા. :** અવિધિમાં બધું આવી ગયું. તમને comparatively exact (સંપૂર્ણ તુલનાત્મક) કહું છું, છતાં બેસતું નથી. દા.ત. અહીં બેઠેલા ઘણા એવા છે કે પોતાની સગવડતા ખાતર સવારે પૂજા કરે છે અને મધ્યાહ્ને પૂજા નથી કરતા, તો આ અવિધિ જ આવી ને ? તો તેવાને સંઘબહાર કરશો ?

**સભા :** પણ તે સમજે છે ! એને પૂછીએ : ક્યારે પૂજા કરાય ? તો 'મધ્યાહ્ને' કરાય એમ કહેશે.

**પૂ. સા. :** અરે ! સંઘમાં એવા પણ શ્રાવકો મળે કે તમે પૂછો તો કહે : આવી ચીકાશ ન કરાય.

**સભા :** તે તેની અયોગ્યતા ન કહેવાય ?

**પૂ. સા. :** એટલે તમે આખા સંઘના દંડનાયક છો ? મારો પ્રશ્ન એ છે કે આવાને સંઘમાં સમાવાય કે સંઘબહાર કરાય ? આવા જૈન તો સંઘમાં સેંકડોની સંખ્યામાં છે. તેવાને વ્યવહારથી સંઘમાં રાખીએ છીએ કે બહાર કાઢીએ છીએ ? તેની સાથે સાધર્મિક સિવાય બીજો વ્યવહાર કરો તો વાજબી ? કે દોષ લાગે ? જો બીજો વ્યવહાર કરો તો સંઘ/શાસનની આશાતનાનું પાપ લાગે ને ? તો અહીં balance કેમ નહિ રાખવાનું ?

**સભા :** દેવસિઅ-રાઈઅ પ્રતિક્રમણ મોડામાં મોડું રાત્રે કે સવારે બાર વાગ્યા સુધી કરાય. હવે કોઈ રાત્રે કે સવારે એક-બે વાગે કરે તો નિષેધ કરાય ને ?

**પૂ. સા. :** હા, ત્યાં નિષેધ કરવાનો છે; પણ જેટલી મહત્તમ મર્યાદા બાંધી છે, તેમાં પણ કોઈ અનુકૂળતા ખાતર ફેરફાર કરે તો અવિધિ દોષ તો લાગે જ ને ? આવા દોષોથી દરેકને પોતપોતાના ભાવ પ્રમાણે ફળ મળે જ છે, પણ આવા દોષ સમાવીને સંઘ-શાસન ચલાવવાનું છે. એના નામથી ટુકડા-વિભાગ કરવાના નથી.

**સભા :** પૂનમની તેરસ કરે તે અવિધિ જ કહેવાય ?

**પૂ. સા. :** કાળના ભેદને સામાચારી માનો તો સામાચારીભેદ, જો સામાચારી ન માનો તો અવિધિ દોષ કહેવાય. આ બે સિવાય બીજું શું કહેવાય ? કેમ કે કાળનો તફાવત છે. આરાધનામાં જ્યારે જ્યારે કાળનો તફાવત કરો છો ત્યારે તમે અવિધિ જ કરો છો. ઉપરાંત પૂર્વાચાર્યોએ સામાચારીભેદરૂપે પૂનમની પખ્ખી ચૌદસે અને પાંચમની સંવત્સરી ચોથે કરી જ છે.

**સભા :** પૂનમને ન માને તેનો વાંધો છે.

**પૂ. સા. :** આકાશમાં પૂનમ દેખાતી હોય, છતાં પૂનમ ન માને તેવા ચક્રમ કોઈ થયા નથી. તે કહે છે : પૂનમ છે, પણ ચૌદશની આરાધના કરીશું.

**સભા :** તેનું કારણ ?

**પૂ. સા. :** તે તેમને પૂછવા જાઓ.

**સભા :** તેઓ જે કારણ આપે છે, તે યોગ્ય છે ?

**પૂ. સા. :** કારણ યોગ્ય કે અયોગ્ય તેની સમીક્ષા કરવી હોય તો સામાચારી-મતભેદના શાસ્ત્ર વાંચી નક્કી કરો, નક્કી કરવાની ત્રેવડ નહીં હોય અને માથું મારશો તો નુકસાન થશે. આવા એક નહિ સેંકડો મતભેદ આવ્યા, પણ પૂર્વાચાર્યોએ સમાવ્યા. એટલું જ નહિ પણ પૂ. હીરસૂરિ મ. સા. એ જાહેરમાં પટ્ટક લખ્યા કે **"તપાગચ્છ સિવાય બીજાને મિથ્યાદૃષ્ટિ કહેશે તો તેને મારી આજ્ઞાના ભંગનું પ્રાયશ્ચિત્ત છે."** પૂ. ઉપાધ્યાયજી મ. સા.એ પણ લખ્યું : **"તપાગચ્છ સિવાય બીજે સાધુ નથી, એવું બોલનાર ઉત્સૂત્રભાષી છે."** એક levelની (સ્તરની) બીજી સો ભૂલ ચલાવો અને આમાં કેમ આટલા બધા અસહિષ્ણુ બની જાઓ છો ? અહીં જ 'મધ્યસ્થતા' ગુણ જોખમાય છે.

**આજે શાસન-સંઘમાં મતભેદ ઘણા દેખાય છે, માટે આ બધું બોલવું પડ્યું છે; જે ખુલાસો કર્યો છે, તેમાં અંશમાત્ર ફેરફાર નથી. શાસ્ત્રોના પરામર્શ કર્યા વિના બોલતો નથી. ભગવાનના વચન પ્રમાણે યોગ્ય લાગ્યું છે તે કહ્યું છે. હજી આવા મતભેદમાં એવી વાતો આવશે કે હલબલી જ નહિ, ઊછળી પડશો. મેં તમને આગળ જ દૃષ્ટાંત આપી સમજાવ્યું કે પ્રસંગે ખુદ વીરપ્રભુએ જ કહ્યું કે મને ખોટો માને છે, છતાં સમ્યગ્દૃષ્ટિ છે.** ભગવાન બીજા ધર્મવાળા પ્રત્યે પણ તટસ્થતા

બતાવે છે, જ્યારે તમે જૈનોમાં પરસ્પર મધ્યસ્થતા નથી સાધી શકતા. આ સમજી ખૂબ જ જાગૃત બનવાની જરૂર છે. હું કોઈને target (લક્ષ્ય) કરી બોલતો જ નથી.

**સભા :** આ વખતે શાંતિનગર સંઘમાં એક તિથિ પ્રમાણે આરાધના ન કરી તો સંઘ બહાર કાઢ્યો તે યોગ્ય છે ?

**પૂ. સા. :** મેં કોઈ particular (ચોક્કસ) સંઘની કે વ્યક્તિની જવાબદારી લીધી નથી. મને પાટ પર બેસાડ્યો છે, તેમાં શાસ્ત્રકારોએ જવાબદારી મૂકી છે કે જે હિતકારી સત્ય હોય તે કહેવાનું, પણ વ્યક્તિગત અભિપ્રાય કે સમીક્ષાની જવાબદારી ભગવાને મૂકી નથી. દેશના આપનારને શું શું જવાબદારી આવે, તે આગમગ્રંથોમાં મેં વાંચ્યું છે. કાલે તમે પૂછશો : "સાહેબ ! પેલો સાધુ સામાજિક કાર્ય કરે છે, તો આપનો અભિપ્રાય શું ?" તો ત્યાં મારે મારો અભિપ્રાય આપવાની જવાબદારી આવતી નથી. હું જાહેરમાં સાધુનાં કર્તવ્ય સમજાવું, તેમાં તમારે જાતે સમજવાનું. કાલે તો પૂછશો, ફલાણા સાધુ 'સદ્‌ગુરુ' ખરા કે નહિ ? તો હું જવાબ આપવા બંધાયેલો નથી. હું તો સુગુરુના લક્ષણ બતાવી દઉં. પછી તમારે શોધવાનું તે 'સુગુરુ' છે કે નહીં.

**સભા :** ખાસ કારણે વ્યક્તિગત જવાબ ન આપી શકો ?

**પૂ. સા. :** આપવા જેવો લાગે તો આપીએ, પણ તેની મારા માથે જવાબદારી નથી. માર્ગપ્રરૂપણાની જવાબદારી ભગવાને મૂકી છે, વ્યક્તિગત સમીક્ષાની જવાબદારી મૂકી જ નથી.

અત્યારે મને ઘણા કહે છે : મારે ગુરુ કરવા છે, તો તમે સદ્‌ગુરુનાં લક્ષણ કહો, તો કહું એને સદ્‌ગુરુ કોણ હોય તે સમજાવું. પણ પછી કહે : મારે તમને સદ્‌ગુરુ તરીકે સ્વીકારવા છે, તો તમે કહો કે આ વાજબી છે કે નહિ ? તો હું શું કહું ? "હા, હું સદ્‌ગુરુ છું. તું મને સદ્‌ગુરુ તરીકે સ્વીકાર" એમ હું કહું ? અથવા ફલાણા સાધુને સદ્‌ગુરુ તરીકે સ્વીકાર, એમ કહું ? અરે ! ઘણા મુમુક્ષુ આવી કહે છે : "મને ગુરુ બતાવો" તો હું જવાબમાં ગુરુનાં લક્ષણ બતાવું, પણ ગુરુ તરીકે ચોક્કસ વ્યક્તિને બતાવવાની મારી જવાબદારી નથી. એટલે મારી

જવાબદારીમાં નથી તે તમારે પૂછવું હોય તો ભલે પૂછો, હું જવાબ આપવા જરાય બંધાયેલો નથી.

**સભા :** તેઓએ સંઘમાં ભાગલા પાડ્યા, બધે જુદો ચોકો ઊભો કર્યો, તે યોગ્ય છે ?

**પૂ. સા. :** ના, જરાય યોગ્ય નથી. હું ભાગલાની તરફેણમાં નથી; પરંતુ જો ભાગલાની વાત કરતાં હો, તો છેલ્લા સૈકાનો જૈન સંઘનો ઇતિહાસ ઉકેલવો પડશે. વાસ્તવમાં સંઘના ભાગલા કોણે પાડ્યા ? કઈ રીતે પડ્યા ? વગેરે બધું સમજવાનું - વિચારવાનું આવશે.

આજથી આશરે ૭૦-૮૦ વર્ષ પહેલાંની વાત છે. આજની જેમ ત્યારે ઢગલાબંધ પંચાંગો છપાતા ન હતા. લોકો મહાત્માઓને પૂછીને અથવા તેમની આચરણા જોઈને તે પ્રમાણે પર્વતિથિઓની આરાધના કરતા હતા. તે વખતે પણ તિથિની આરાધના બાબતે જુદા જુદા સાધુ સમુદાયોમાં તફાવત તો હતો જ, છતાં તે સામાચારીભેદરૂપે શ્રીસંઘમાં ગણાતો અને મનાતો, પણ વિભાજક પરિબળ ન હતું. હવે આ સંયોગોમાં ત્યારના અમુક સ્થાપિતહિતોએ પોતાની સ્વાર્થપૂર્તિ માટે આ તફાવતને મતભેદરૂપે ઉપસાવ્યો. શાસનના મહત્ત્વના પ્રશ્ન તરીકે તેનો પ્રચાર કરવામાં આવ્યો. ધીરે ધીરે આ વ્યુહરચના પર આગળ વધતાં તેઓએ આ મતભેદને આગળ ધરી સામાપક્ષવાળાને જુદા ગણવાના શરૂ કર્યા. પોતે જે આરાધે છે, તે જ બીજાએ પણ માનવી તેની જ આરાધના કરવી. જે આમાં સંમત ન થાય તેને અલગતાવાદી તરીકે ચીતરવા, એવી તેમની નિયત હતી. પોતાના vested interestની પરિપૂર્તિ માટે આ મુદ્દો તેમને ઘણો ઉપયોગી જણાયો. તેઓને હજુ પણ આ સામાચારીભેદને ઓપ આપવો હતો. તેથી આટલેથી ન અટકતા પોતાના વર્ચસ્વવાળા ક્ષેત્રોમાં-ઉપાશ્રયમાં સામા પક્ષને ઊતરવા ન દેવા, તેમને હલકા ગણી-ગણાવી બધે દૂર રાખવા. સંયમી, આચારસંપન્ન, ગુણિયલ, વિદ્વાન સાધુઓને પણ માત્ર 'અમારી તિથિ નથી માનતા' તેમ કહી ઉતારી પાડવા, તગેડી મૂકવા વગેરે... ચાલુ કર્યું.

જે સ્થાનો ઊભા કરતી વખતે આ પક્ષ કે પેલો પક્ષ તેવા કોઈ પ્રશ્નો જ ન હતા, તપાગચ્છરૂપે બધાને સમાવીને, તપાગચ્છના નામે જ જે ક્ષેત્રો, ઉપાશ્રયો નિર્માણ થયા હતા, બધા જ પક્ષોના શ્રાવક-શ્રાવિકા કે સાધુઓનો જેમાં સામુહિક હિસ્સો નોંધાયેલો છે, ત્યાં majorityના નામથી બીજાને દબાવી દેવા, તેઓ પગ સુધ્ધાં ન મૂકી શકે તેવી ગોઠવણો કરતા જવું તે કેટલું ન્યાયી ગણાય ? પરિણામે સામા પક્ષને પણ જૈન સંઘમાં અસ્તિત્વ ટકાવવાનો જ પ્રશ્ન આવ્યો. સાધુ એમને એમ આકાશમાં અધ્ધર તો રહેવાના નથી ને ? તેમને પણ રહેવા, આરાધના કરવા, વિચરણ રૂપે સ્થાન તો જોઈશે જ ને ? માટે સામા પક્ષને વિચરણ માટે નવા ક્ષેત્રો-ઉપાશ્રયો ઊભા કરવાની ફરજ પડી. તેથી ગામે-ગામ ઉપસાવવામાં આવેલા આ નવા પક્ષના સ્થાનો ઊભા થયા. આમ, માત્ર તિથિના નામે પડેલી ઊભી તિરાડો અત્યારે પણ સ્પષ્ટ દેખાય છે.

આ વાત માત્ર ભૂતકાળની છે, તેવું રખે સમજતા !! અત્યારે પણ તે પરિબળો આ ભાગલાને મજબૂત કરવા પૂરેપૂરા સક્રિય જ છે. જેમાં અમુક પરિબળો દેવસૂર ગચ્છની સામાચારીના નામથી તપાગચ્છને ગૌણ કરી સંઘે-સંઘમાં ક્ષેત્રપ્રતિબંધ કે નાકાબંધી કરવા માંગે છે.

જો શ્રીસંઘ સાવચેત નહિ બને તો જેમ જેમ આવા પરિબળો સફળ થતા જશે, તેમ તેમ સંયમી અને સત્યના પ્રરૂપક સાધુઓને શ્રીસંઘમાં વિચરણ અતિદુષ્કર થશે અને ઉપદેશ દ્વારા સાચા ધર્મની લોકોને પ્રાપ્તિ દુર્લભ બની જશે, જે જૈનશાસન માટે ખૂબ શોકજનક વાત છે.

**સભા :** દેવસૂર ગચ્છની સામાચારી શું છે ?

**પૂ. સા. :** તે તમારે દેવસૂર ગચ્છના પ્રચારકોને પૂછવા જવાનું. મારે તો અહીં એ કહેવું છે કે - જે તપાગચ્છને પૂર્વના મહાપુરુષોએ શાસ્ત્રસાપેક્ષ મહાન ગચ્છ તરીકે બિરદાવ્યો છે, આપણા અનેક ઉપકારી, મહાગુણસંપન્ન વડીલો પણ આ જ તપાગચ્છમાં થયા છે, તે બધા વિસરાઈ જાય તે રીતે તપાગચ્છનું નામ ભૂંસવાની પેરવી આ દેવસૂર ગચ્છના નામથી વર્તમાનમાં થઈ રહી છે. જો

ગામે-ગામનો શ્રાવક સંઘ આ સત્યને સમજવા સફાળો જાગૃત નહીં બને તો જતે દહાડે સંઘભેદ નિશ્ચિત છે.

હું અનેકવાર એક વાત દોહરાવું છું કે "હું કોઈ એક પક્ષ કે માન્યતા તરફ ઢળેલો નથી. મને 'એક પક્ષને નીચે પાડવો અને બીજાને ઊંચો લાવવો', તેવું કરવામાં જરાય રસ નથી." મારે તો બંને પક્ષોનું તટસ્થતાથી મૂલ્યાંકન કરવાનું છે. જેમ એક પક્ષ extreme પર જાય તો તે યોગ્ય નથી તેમ બીજો પક્ષ 'ભાગલા પડાવે છે, ફાટફૂટ કરનારા છે', તેમ કહી બધા દોષનો ટોપલો અન્ય પર જ નાખે તો તે પણ યોગ્ય નથી. નવો ચીલો ચાતર્યો, એમ કહીને છટકી જવાથી કાંઈ થશે નહિ. ચીલો કેમ ચાતરવો પડ્યો, તે પણ સમજવું પડશે. ઘટનાના મૂળ સુધી પહોંચીશું તો જ વાસ્તવિકતાને પીછાણી શકીશું. ચીલો- મનમાં તરંગ આવ્યો, એટલે પાડ્યો છે કે અસ્તિત્વ ટકાવવાની ફરજ માથે આવી પડી માટે પાડવો પડ્યો છે ? તેનો ભેદ કરવો પડશે. બન્નેએ પોતપોતાની ખામીઓ વિચારવી પડશે. બાકી તટસ્થતાના નામથી જ આપણે એક પક્ષને અન્યાય કરી બેસીશું.

**સભા :** બધાને એક કરવા શું કરવું જોઈએ ?

**પૂ. સા. :** તેના માટે શ્રીસંઘના તટસ્થ અને વર્ચસ્વવાળા શ્રાવકોએ સક્રિય બનવું પડશે. જો તેઓ સમજાવટ દ્વારા બંને પક્ષને નજીક લાવે તો જ આ એકતા શક્ય બને. બાકી એક પક્ષ બીજાને surrender થાય (શરણે આવે) તેવી માગણી હોય તો તે અન્યાયી છે. સંખ્યાના બળથી અલ્પસંખ્યકને પોતાનામાં ઓગાળી દેવાની વૃત્તિ શરમજનક ગણી શકાય.

જેનું શાસ્ત્રદૃષ્ટિએ બહુ મૂલ્ય નથી તેવા સામાન્ય આચારભેદોને આગળ કરી તેના ઓઠા નીચે ક્ષેત્રોને કાયમ ખાતે સ્વાધીન કરવા, સ્વાધીન ક્ષેત્રોમાં આરાધક-સંયમી સાધુઓને પણ ઊતરવા નહીં દેવા, 'પોતાની સામાચારીવાળા ગમે તેવા પણ ચાલે, જ્યારે અન્ય સામાચારીવાળા સોનાના હોય તો પણ નકામા'. આવી બધી ગૂઢ મનોવૃત્તિને ઓળખવી પડશે. આવા માનસથી શિથિલાચારીઓને પીઠબળ મળે છે, સંયમીઓને સીદાવાનું આવે છે; જે

સંઘવ્યવસ્થા માટે અનિષ્ટરૂપ છે. સંઘર્ષનું વાતાવરણ પેદા કરવામાં આવી મનોવૃત્તિઓ જ પાયામાં ધરબાયેલી છે. એકતા તોડનારા પરિબળો આ વાતોના પ્રચાર-પ્રસાર કરી ભાગલાના મૂળિયાને મજબૂત કરતા જાય છે.

જો આ strategyને (લાંબા ગાળાની પ્રક્રિયાને) ખુલ્લી પાડવામાં કે નિષ્ફળ બનાવવામાં નહિ આવે, વાસ્તવિક તથ્યોના પ્રચાર દ્વારા positive (હકારાત્મક) વાતાવરણ ઊભું કરવામાં નહિ આવે તો ગમે તેટલા પ્રયત્ન કરો પણ સફળતા બે ડગલા દૂર જ રહેશે. વાસ્તવમાં તો પાંચ મહાવ્રતનું પાલન કરનારા, સંયમી સાધુઓ ગમે તે ગચ્છ કે પક્ષના હોય, કોઈને પણ શ્રીસંઘના ઉપાશ્રયમાં ઊતરવાનો કે રોકાવાનો નિષેધ કરવાનો અધિકાર વહીવટદારોને કોઈ શાસ્ત્રો કે આગમોમાં અપાયેલો નથી.

તમને મનમાં સ્પષ્ટ હોવું જોઈએ કે સામાચારીભેદના કારણે ક્યારેય સંઘભેદ કરાય નહીં. બધા જ ભિન્ન-ભિન્ન સામાચારીવાળાને સમાવવાની સંઘે ઉદારતા રાખવી જ પડે. 'મારી સામાચારી પાળો, નહિ તો તમે out (ગેરલાયક).' આવું વલણ જરા પણ યોગ્ય નથી. જેમ કોઈ સમુદાયની પીળા કપડાં પહેરવાની સામાચારી છે. એટલે સફેદ કપડાવાળા બધા ભેગા થઈ majorityના નામથી દબાણ કરે કે 'તમે કાં તો પીળા કાઢી સફેદ પહેરો કાં તો બહાર નીકળો !!!' તો શું આ શોભાસ્પદ છે ? જેમ 'અમારી સામાચારી સાચી અને બીજાની ખોટી, બધા અમારી માનેલી સામાચારી જ અપનાવે' એવો આગ્રહ રાખનારને અટકાવવાનો શ્રીસંઘને અધિકાર છે, તેમ સામાચારી-ભેદવાળા પણ બધા નિર્વિઘ્ને પોતાની આરાધના કરી શકે તેવી અનુકૂળતા કે સુમેળભર્યું વાતાવરણ પૂરું પાડવાની પણ શ્રીસંઘની ફરજ છે. એક બાજુ પકડીને બીજી બાજુને ભૂલી જઈશું, તે નહિ ચાલે.

મારે જૂનો ઇતિહાસ ખોલીને ફરી રાગ-દ્વેષને વધારવા નથી. મારે તો એટલું જ કહેવું છે કે 'જૂના ઇતિહાસમાંથી બોધપાઠ લઈ, તેના થયેલા નુકસાનને અટકાવવા વર્તમાનમાં શ્રીસંઘે સવેળા જાગૃત થવાની જરૂર છે.'

અત્યારે શ્રીસંઘમાં ધુરંધર ગણાતા પણ મોટા ભાગના શ્રાવકો જુદા જુદા

પક્ષોમાં વહેંચાઈ ગયેલા છે. વર્ચસ્વવાળા તટસ્થ શ્રાવકોનો દુકાળ છે. ભસ્મગ્રહની અસરમાંથી બહાર આવવું હોય, જો જિનશાસનનો ઉદયકાળ નજીક લાવવો હોય તો મૂળ કારણો તરફ ધ્યાન દેવાની જરૂર છે. અનંતા ભવોમાં દુર્લભ એવું આ જિનશાસન મળ્યા પછી તેના અમૂલ્ય વારસાનું જતન કરવું હોય, પેઢી દર પેઢી સુધી તેને આગળ ધપાવવો હોય તો મોરચે રહેલાઓએ ખૂબ સમજુ, વિચક્ષણ અને ઉદાર બનવું પડશે, સ્વાર્થ અને સંકુચિત વૃત્તિઓને વીણી વીણીને બહાર કાઢવી પડશે.

શાસન પ્રત્યેની હિતચિંતા, વફાદારીથી આ બધું બોલ્યો છું. કોઈને હલકા ચીતરવાની જરા પણ ભાવના નથી; છતાં ય કોઈનું દિલ દુભાયું હોય તો હું નિરૂપાય છું. આ બધું વાંચી-વિચારી કોઈક વિરલો જાગે, શક્તિસંપન્ન વ્યક્તિઓ આ બાબતે કટિબદ્ધ બને અને ખરાબે ચડેલું વહાણ પાછું મૂળ સ્થાને આવી જાય તેવી આશા સાથે વિરમું છું.

# વિજયપ્રસ્થાન ઉત્સવ

અંતર્ગત પ્રદર્શિત

**જેઓની શ્રમણ સંતતિથી વર્તમાનકાળનો શ્રીસંઘ સતત ઉપકૃત થઈ રહ્યો છે, તેવા તે - તે સમુદાયના આદ્યપુરુષોની ટૂંકી ઓળખાણ કરાવતો**

# પ્રભાવક પરિચય કક્ષ

# પ્રસ્તુત ખંડના પ્રેરણાસ્રોત



**મધ્યસ્થદ્રષ્ટા**

**મુનિપ્રવરશ્રી મોહજિતવિજયજી મહારાજા**

**(મોટા પંડિત મ. સા.)**

શુદ્ધ પ્રરૂપણ દ્વારા દર્શનાચાર પાલનનું અસિધારા સમું વ્રત આપે તો સ્વયં કેળવ્યું, સાથે અમોને પણ તેની શિક્ષા પ્રદાન કરી.

ગચ્છ-પક્ષ-સંપ્રદાયોના તત્ત્વશૂન્ય મતભેદો કે આગ્રહોમાં આપશ્રી ક્યાંય અટવાયા નથી. સમતોલ અને તટસ્થદષ્ટિનું શાસ્ત્રઆધારે આચરણ કરી,

**અમને પણ ગળથૂથીમાંથી મધ્યસ્થતાના પાઠ ભણાવ્યા.**

સકલ શ્રીસંઘનો એક જ કક્ષમાં એક સાથે સમાવેશ કરી તેની વંદના કરવાના પ્રસ્તુત પ્રયત્નનું કોઈ પ્રેરકબળ હોય તો તે છે,

**એક ને એક માત્ર આપશ્રીએ આપેલ મધ્યસ્થદષ્ટિપૂર્ણ વારસાગત સંસ્કારો...**

જ્યારે આપનો ગચ્છ સંખ્યાવૃદ્ધિ દ્વારા પ્રગતિના પંથે પ્રયાણ કરી રહ્યો છે તે અવસરે...

**આપનો અનુયાયી વર્ગ સકલ શ્રી સંઘમાં હંમેશાં મધ્યસ્થદષ્ટિપૂર્વક આજીવન જિનવચનોનું સમર્થન કરતો રહે તેવા દિવ્યાશિષની પ્રાર્થના...**

# વર્તમાન શ્રીસંઘના ભિન્નભિન્ન ગચ્છ-સમુદાયોના આદ્યમહાપુરુષો

પ.પૂ. આચાર્યદેવ શ્રી નેમિસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. આચાર્યદેવ શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. આચાર્યદેવ શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. પંન્યાસ શ્રી ધર્મવિજયજી મહારાજા (ડહેલાવાળા)
પ.પૂ. આચાર્યદેવ શ્રી ભક્તિસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. આચાર્યદેવ શ્રી નીતિસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. આચાર્યદેવ શ્રી સિદ્ધિસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. આચાર્યદેવ શ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. આચાર્યદેવ શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. આચાર્યદેવ શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. આચાર્યદેવ શ્રી શાંતિચંદ્રસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. આચાર્યદેવ શ્રી કેશરસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. આચાર્યદેવ શ્રી વલ્લભસૂરીશ્વરજી મ.સા.
પ.પૂ. આચાર્યદેવ શ્રી અમૃતસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. આચાર્યદેવ શ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. આચાર્યદેવ શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. આચાર્યદેવ શ્રી હિમાચલસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. આચાર્યદેવ શ્રી શાંતિવિમલસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. શ્રી મોહનલાલજી મહારાજ
પ.પૂ. આચાર્યદેવ શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ. આચાર્યદેવ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજા (અચલ ગચ્છ)
પ.પૂ. આચાર્યદેવ શ્રી જિનદત્તસૂરીશ્વરજી મહારાજા (ખરતરગચ્છ)
પ.પૂ. આચાર્યદેવ શ્રી પાર્શ્વચંદ્રસૂરીશ્વરજી મહારાજા (પાચચંદ ગચ્છ)
પ.પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી (મોટા પંડિત) મ.સા.

★ નામ પર્યાયાદિના ક્રમથી નથી.



## પ.પૂ. આચાર્યદેવ શ્રી નેમિસૂરીશ્વરજી મહારાજા

| | | |
|---|---|---|
| સંસારી નામ | : | નેમચંદ |
| જન્મતિથિ તથા સ્થળ | : | વિ.સં. ૧૯૨૯, કારતક સુદ-૧, મહુવા |
| માતાનું નામ | : | શ્રી દીવાળીબેન |
| પિતાનું નામ | : | શ્રી લક્ષ્મીચંદ |
| ગુરુનું નામ | : | પ. પૂ. મુનિશ્રી વૃદ્ધિવિજયજી મ. સા. (પૂ. વૃદ્ધિચંદ્રજી મ.સા.) |
| દીક્ષા તિથિ તથા સ્થળ | : | વિ.સં. ૧૯૪૫ જેઠ સુદ-૭, ભાવનગર |
| આચાર્યપદવી તિથિ તથા સ્થળ | : | વિ.સં. ૧૯૬૪, ભાવનગર |
| દીક્ષા પર્યાય | : | ૬૦ વર્ષ |
| કુલ આયુષ્ય | : | ૭૬ વર્ષ |
| સ્વર્ગારોહણ તિથિ તથા સ્થળ | : | વિ.સં. ૨૦૦૫, આસો વદ ૦)), મહુવા |

## પ.પૂ. આચાર્યદેવ શ્રી નેમિસૂરીશ્વરજી મહારાજા

'શાસનસમ્રાટ્'ના હુલામણા નામે પ્રસિદ્ધ પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય નેમિસૂરીશ્વરજી મહારાજા વાસ્તવમાં રાજાને છાજે તેવી પુણ્ય-પ્રતિભાને ધારણ કરનારા હતા.

પૂજ્યશ્રીની નિશ્રામાં શેઠ માણેકલાલે (માકુભાઈએ) કાઢેલો અમદાવાદથી ગિરનાર અને ગિરનારથી પાલિતાણાનો ૫૫ દિવસનો સંઘ એક ઐતિહાસિક ઘટના કહી શકાય. આજથી ૭૯ વર્ષ પહેલા નીકળેલા આ સંઘમાં ૧૪૦૦૦ યાત્રિકો અને ૮૫૦ ગાડા હતા... બીજા રસાલાનો અંદાજ માંડી લેશો !! આ પદયાત્રા જ્યાં જતી ત્યાં એક નવા જ 'મનસુખનગર'ની આભા ઊભી કરતી. તે સમયના અનેક રાજ્યો તરફથી આ સંઘની વધામણી, આદર-માન-સન્માન થતા. આ સંઘની સ્મૃતિરૂપે પાલિતાણાના દાદાના દેરાસરમાં આરસનો મેરૂપર્વત બનાવવામાં આવ્યો હતો. પેઢીએ પણ આ સંઘની ઐતિહાસિક કાર્યરૂપે નોંધ લઈ સ્મૃતિસ્તંભ બનાવવાની અપવાદિક મંજૂરી આપી હતી.

પૂજ્યશ્રી પ્રાચીન તીર્થો પ્રત્યે ભક્તિ ધરાવતા હતા. કાપરડા તીર્થ, કદંબગીરી તીર્થના જીર્ણોદ્ધાર માટે જાનની પરવા વગર રક્ષાનું કાર્ય કર્યું હતું. શેરીસા, માતર, રાણકપુર આદિ તીર્થોના ઉદ્ધાર માટે પણ તેમને માર્ગદર્શન અને સક્રિય પ્રયત્નો કર્યા હતા.

કોટી કોટી વંદના ગચ્છના આદ્યમહાપુરુષના ચરણે...

## ❖ સમન્વય દૃષ્ટિ[૧] ❖

✪ ||૧|| પરસ્પર સંઘની વૃદ્ધિ ||૧ કોઈ પણ સાધુ-સાધ્વી કે તેના સમુદાયના અવર્ણવાદ બોલવા નહિ. ||૨ પરસ્પર આક્ષેપોવાળા લેખો કે છાપાં લખવાં

૧. સામાચારીભેદ છતાં સંઘ ઐક્યની ભાવના સૌ પૂજ્ય વડીલોએ (આદ્યમહાપુરુષોએ) દર્શાવી છે. ઉપલબ્ધ થયેલ વિધાનો તે તે સ્થાને 'સમન્વય દૃષ્ટિ'ના હેડીંગ નીચે પ્રસ્તુત કરેલ છે, છતાંય વ્યક્તિગત રીતે સૌ પૂજ્યોના તમામ વિચારો સાથે અમે સહમત છીએ તેવું ન સમજવું. વિશેષ માટે જુઓ : मन की बात, ફકરા નં. ૧૦.

કે લખાવવાં નહિ તથા વ્યાખ્યાનમાં પણ આક્ષેપ કરવા નહિ. ।।૩ કોઈનો કોઈ જાતનો દોષ જણાય તો તેમને મળીને સુધારો કરવા પ્રેરણા કરવી અને તેમણે પણ તે દોષ સુધારવા પ્રયત્ન કરવો. ।।૪ લોકોમાં ભિન્નતા ન દેખાય તેમ પરસ્પર ઉચિતતાએ વર્તવું.

વિજયનેમિસૂરિ
('વિ.સં. ૧૯૯૦ મુનિસંમેલન પટ્ટક'માંથી સાભાર)

✪ પૂજ્યશ્રી : અનુભવના મહાસાગર

હિન્દુસ્તાનના કોઈપણ શહેરમાં ન હોય એવો-ઐતિહાસિક ઉપાશ્રય અહીં-ફલોધીમાં હતો. તે ૮૪ ગચ્છનો ઉપાશ્રય હતો. ચોરાશી ગચ્છમાંથી કોઈપણ ગચ્છના સાધુ આવે, તે આ ઉપાશ્રયમાં ઉતરતા. બીજાં ગામોમાં ઉપાશ્રય તો હોય છે, પણ તે અમુક અમુક ગચ્છના જ. પણ અહીં તો તપાગચ્છ, ખરતરગચ્છ, અંચલગચ્છ, કમળાગચ્છ વિ. વિવિધ-ગચ્છની માન્યતાવાળા શ્રાવકો રહેતા હોવાથી ઉપાશ્રય પણ ૮૪ ગચ્છનો હતો અને બીજો એક ચૌભુજાનો ઉપાશ્રય હતો.

ચૌભુજાના ઉપાશ્રયે પૂજ્યશ્રી સપરિવાર ચાતુર્માસ બિરાજ્યા અને ૮૪ ગચ્છના ઉપાશ્રયે હંમેશાં વ્યાખ્યાન આપતા. ચાતુર્માસ દરમ્યાન-... ... ...

ફલોધીમાં રથયાત્રાના રથ-ઇન્દ્રધ્વજ વિ. સાધનો નહોતા. તે કરાવવા માટે પૂજ્યશ્રીએ શ્રીસંઘને ઉપદેશ આપ્યો. વિશાળ હૃદયી પૂજ્યશ્રીએ વિચાર્યું કે-અહીં ૮૪ ગચ્છનો ઉપાશ્રય છે, સંઘમાં પણ વિવિધગચ્છીય શ્રાવકો છે, તો આ રથયાત્રાનો સાજ પણ ૮૪ ગચ્છનો થાય, તો ઘણું ઉત્તમ થાય.

તેઓશ્રીએ સંઘને એ વિચાર જણાવીને રથયાત્રાનો સાજ કરાવવા માટે સર્વગચ્છીય ટીપ શરૂ કરાવી. એમાં તપગચ્છ, કમળાગચ્છ વિ. ગચ્છોની માન્યતાવાળા ભાવિકોએ સારી રકમ ભરાવી.

('શાસનસમ્રાટ'માંથી સાભાર)



## પ.પૂ. આચાર્યદેવ શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજા

| | | |
|---|---|---|
| સંસારી નામ | : | હેમચંદ્ર |
| જન્મતિથિ તથા સ્થળ | : | વિ.સં. ૧૯૩૧, અષાઢ વદ ૦)), કપડવંજ (ગુજરાત) |
| માતાનું નામ | : | શ્રી જમનાબેન |
| પિતાનું નામ | : | શ્રી મગનભાઈ |
| ગુરુનું નામ | : | પ.પૂ.મુનિશ્રી ઝવેરસાગરજી મ.સા. |
| દીક્ષાતિથિ તથા સ્થળ | : | વિ.સં. ૧૯૪૭, મહા સુદ-૫, લીંબડી |
| આચાર્યપદવી તિથિ તથા સ્થળ | : | વિ.સં. ૧૯૭૪, વૈશાખ સુદ-૧૦, સુરત |
| દીક્ષા પર્યાય | : | ૫૯ વર્ષ |
| કુલ આયુષ્ય | : | ૭૫ વર્ષ |
| સ્વર્ગારોહણ તિથિ તથા સ્થળ | : | વિ.સં. ૨૦૦૬, વૈશાખ વદ-૫, સુરત |

## પ.પૂ. આચાર્યદેવ શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજા

વીસમી સદીના આ મહાપુરુષ પ. પૂ. આચાર્યદેવ શ્રી આનંદસાગર-સૂરીશ્વરજી, પૂ. સાગરાનંદસૂરિજી, પૂ. આગમોદ્ધારકસૂરિજી તથા પૂ. સાગરજી મ.સા. આ ચાર નામથી પ્રસિદ્ધ હતા.

જૈનશાસનના મૂળ આગમશાસ્ત્રોના ઊંડા જ્ઞાન અને તે આગમગ્રંથોના કરેલ સંપાદનના કારણે તેઓ 'આગમોદ્ધારક' તરીકે ઠેર ઠેર પ્રસિદ્ધ થયા હતા. આગમોના સંપાદન વિષયમાં કોઈક પ્રતના પાઠ ખંડીત હોય તેવા સ્થાને તેઓએ પોતાના ક્ષયોપશમથી ક્યાંક સંગતિ કરી હોય અને પાછળથી તે જ પાઠ અન્ય પ્રતિમાં પ્રાપ્ત થાય તેવું અનેકવાર બનેલ છે, જે તેમના આગમ વિષયક વિશિષ્ટ ક્ષયોપશમને જણાવે છે.

તેઓએ માત્ર આગમોની પંચાંગી જ નહિ, પરંતુ અન્ય પણ પ્રકરણાદિ ગ્રંથોનું શુદ્ધિપૂર્વકનું પ્રકાશન કરાવ્યું છે. તેઓએ પોતાના જીવન દરમિયાન આગમ ઉપર સાત-સાત વખત વાચનાઓ આપી છે. હસ્તપ્રતો ઉપર આગમોને લખાવી તેઓએ આગમોને સુરક્ષિત કર્યા છે. પોતાના જીવન દરમિયાન તેઓએ ૨૨૧ નવી કૃતિઓની રચના કરી હતી.


કોટી કોટી વંદના ગચ્છના આદ્યમહાપુરુષના ચરણે...

## ❖ સમન્વય દૃષ્ટિ ❖

✪ ।।૧।। પરસ્પર સંઘની વૃદ્ધિ ।।૧ કોઈ પણ સાધુ-સાધ્વી કે તેના સમુદાયના અવર્ણવાદ બોલવા નહિ. ।।૨ પરસ્પર આક્ષેપોવાળા લેખો કે છાપાં લખવાં કે લખાવવાં નહિ તથા વ્યાખ્યાનમાં પણ આક્ષેપ કરવા નહિ. ।।૩ કોઈનો કોઈ જાતનો દોષ જણાય તો તેમને મળીને સુધારો કરવા પ્રેરણા કરવી અને તેમણે પણ તે દોષ સુધારવા પ્રયત્ન કરવો. ।।૪ લોકોમાં ભિન્નતા ન દેખાય તેમ પરસ્પર ઉચિતતાએ વર્તવું.

આનન્દસાગર

('વિ.સં. ૧૯૯૦ મુનિસંમેલન પટ્ટક'માંથી સાભાર)



## પ.પૂ. આચાર્યદેવ શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજા

| | |
|---|---|
| સંસારી નામ | : બહેચરદાસ |
| જન્મતિથિ તથા સ્થળ | : વિ.સં. ૧૯૩૦, મહા સુદ-૪, વિજાપુર |
| માતાનું નામ | : શ્રી અંબાબહેન |
| પિતાનું નામ | : શ્રી શિવાભાઈ પટેલ |
| ગુરુનું નામ | : પ. પૂ. મુનિશ્રી સુખસાગરજી મ.સા. |
| દીક્ષા તિથિ તથા સ્થળ | : વિ.સં. ૧૯૫૭, માગસર સુદ-૬, પાલનપુર |
| આચાર્યપદવી તિથિ તથા સ્થળ | : વિ.સં. ૧૯૭૦, માગસર સુદ-૧૫, પેથાપુર |
| દીક્ષા પર્યાય | : ૨૪ વર્ષ |
| કુલ આયુષ્ય | : ૫૧ વર્ષ |
| સ્વર્ગારોહણ તિથિ તથા સ્થળ | : વિ.સં. ૧૯૮૧, જેઠ વદ-૩, વિજાપુર |

## પ.પૂ. આચાર્યદેવ શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજા

આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજા, અકબર બાદશાહ પ્રતિબોધક તપાગચ્છાચાર્ય શ્રીમદ્‌વિજય હીરસૂરીશ્વરજી મહારાજાના સમકાલીન ઉપાધ્યાય શ્રી સહજસાગરજીથી પ્રવર્તિત સાગરશાખાની પરંપરાના સમર્થ પટ્ટધર હતા.

તેઓશ્રી મૂળ અજૈન-કણબી કુટુંબના હતા, પરંતુ આજુબાજુનાં વર્તુળથી તેઓ જૈન ધર્મથી પરિચિત બનેલા. સત્ય પ્રત્યેના અનન્ય લગાવથી જૈન ધર્મનાં સિદ્ધાંતો તેમને રુચિકર બની ગયા. જેમ જેમ જ્ઞાન મેળવતા ગયા, તેમ તેમ તેમાં પરોવાતા ગયા, ઊંડા ઊતરતા ગયા અને તેને સમર્પિત બની ગયા. કણબીપણાના વારસાગત શૂરાતનના સંસ્કારોએ તેમને અંતે 'મુનિ બુદ્ધિસાગર' તરીકે વિખ્યાત કર્યા.

વડોદરાનરેશ શ્રી સયાજીરાવ ગાયકવાડની વિનંતીથી પૂજ્યશ્રી તેઓના રાજમહેલમાં પધાર્યા. પ્રવચનથી પ્રભાવિત થયેલા વડોદરા નરેશે વિજયાદશમીએ થતા પાડાની હિંસા ન કરવાની પ્રતિજ્ઞા લીધી. તે સિવાય તેમના ઉપદેશથી માણસાનરેશ, પેથાપુરનરેશ, ઈડરનરેશ વગેરે અનેકોએ માંસાહાર, શિકાર, જુગાર વગેરે વ્યસનોનો ત્યાગ કરેલ હતો.

પૂજ્યશ્રીએ ઉત્તર ગુજરાતના ગામડે-ગામડે ફરીને જૈનધર્મના સદાચાર અને સદ્‌વિચારોને તળપદીના લોકસમૂહ સુધી પહોંચાડ્યો હતો. ઉત્તર ગુજરાતના લોકો જેને આજે પણ યાદ કરે છે.

કોટી કોટી વંદના ગચ્છના આદ્યમહાપુરુષના ચરણે...

## ❖ સમન્વય દૃષ્ટિ ❖

✪ આચાર્યો આચાર્યપદ ગ્રહીને જૈન ધર્મની સંરક્ષક દૃષ્ટિએ સેવા કરે છે, ભિન્ન ભિન્ન ગચ્છના આચાર્યોએ અને તેમના સાધુઓએ તથા શ્રાવકોએ સામાન્ય વિચારાચાર મતભેદે એકબીજાનું ખંડન થાય એવી શૈલીએ વર્તમાનમાં

ઉપદેશ પ્રવૃત્તિથી નિવૃત્ત થઈને પરસ્પર ગચ્છના આચાર્યોએ પરસ્પર મળતી બાબતોનું સંમેલન કરી પ્રતિપાદક તથા સુધારક શૈલીએ ઉપદેશ દેવો અને સંકુચિત વર્તુલના સ્થાને પોતાની આંખ આગળ જૈન ધર્મનું અનંત વર્તુલ ધરી સામાન્ય મતભેદોને પોતાના ઉદરમાં સાપેક્ષદૃષ્ટિએ સમાવી દઈને જૈન ધર્મનું વ્યાવહારિકદષ્ટિએ મહા વર્તુલ થતું જાય અને તેનું યથાર્થ સ્વરૂપ ભક્તોના સમજવામાં આવે એવી રીતે ઉપદેશ પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થવું જોઈએ.

સ્યાદ્વાદશૈલીનું અનંત વર્તુલ પોતાના હૃદયચક્ષુ આગળ ખડું કરીને દેશકાલાનુસાર પરસ્પર ભિન્ન ભિન્ન ગચ્છીય આચાર્યોમાં સંપ રહે એવા બંધારણો યોજીને શ્રીમહાવીરપ્રભુના સમયમાં જે ઉપદેશક શૈલી પ્રવર્તતી હતી; તેનું અનુકરણ કરવું જોઈએ.

## ✪ ગચ્છોની માન્યતાઓમાં પરસ્પર ભેદો

અંચલગચ્છ, તપાગચ્છ, ખરતરગચ્છ, પાયચંદગચ્છ વગેરે ગચ્છોની સામાચારીનાં પુસ્તકો અવલોકતાં આચારોની માન્યતાઓમાં તથા કેટલીક શ્રુતજ્ઞાનની માન્યતાઓમાં પરસ્પર ભેદ દેખાય છે. અત્ર ઐતિહાસિક દૃષ્ટિએ ચર્ચ્ય વિષય છે, તેથી પરસ્પર માન્યતાના ભેદોનું વર્ણન અને તેમાં વિશેષ સાચ ક્યાં છે ? તેનું વિવેચન કરવામાં આવ્યું નથી. પરસ્પર ગચ્છોની માન્યતાઓની ચર્ચાથી જૈન કોમમાં ક્લેશ ભેદ થાય અને જૈન કોમનું નકામું વીર્ય વપરાય તથા તેથી અન્ય કોમોથી અન્ય ધર્મોથી જૈન કોમ પાછળ પડે એવી કોઈ પણ પ્રવૃત્તિ કરવાની જરૂર નથી. અનેક ગચ્છોના ઇતિહાસોના અવલોકનથી હઠ-કદાગ્રહ, ક્લેશ ભેદ દૂર થાય અને જૈનો પૂર્વની પેઠે હાલ નકામા ગચ્છોની માન્યતાના ભેદે ઝઘડા ક્લેશ ન કરે અને તેઓ વિશાલ દૃષ્ટિથી વર્તી સર્વે એકસરખી રીતે મળી જૈન કોમનો ઉદય કરે તે માટે ગચ્છમત પ્રબંધ લખવાની પ્રવૃત્તિ થઈ છે.

('ગચ્છમતપ્રબંધ અને સંઘ પ્રગતિ તથા જૈન ગીતા'માંથી સાભાર)

## મધ્યસ્થભાવ વિશે કંઈક વિશેષ જાણીએ...

(१९) पू. भीम-भवोदधितारक-गुरुदेवश्री पण कच्छमां अंचल-गच्छना लोको ने पांचम ना दिवसे बारसा वांची आपता हता, तेमज खरतरगच्छना लोको ने त्रण करेमि भंते उच्चरावता हता, तेथी नहि वांची आपवानो के नहि उच्चराववानो आग्रह नहि राखवो, तेमज वांची आपवामां के उच्चराववामां मिथ्यात्व मानवुं नहि ।

આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ. સા.
(આજ્ઞાપત્ર, કલમ-૧૯)
('૨૦મી સદીની વિરલ વિભૂતિ'માંથી સાભાર)



## પ.પૂ. પંન્યાસ શ્રી ધર્મવિજયજી મહારાજા (ડહેલાવાળા)

| | |
|---|---|
| સંસારી નામ | : ધરમચંદ |
| જન્મતિથિ તથા સ્થળ | : વિ. સં. ૧૯૩૩, પોષ વદ-૧૪, થરા |
| માતાનું નામ | : શ્રી મીરાંતબાઈ |
| પિતાનું નામ | : શ્રી મયાચંદ |
| ગુરુનું નામ | : પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી મોહનવિજયજી મ. સા. |
| દીક્ષા તિથિ તથા સ્થળ | : વિ. સં. ૧૯૫૨, અષાઢ સુદ-૧૩, પાલિતાણા |
| પંન્યાસપદવી તિથિ તથા સ્થળ | : વિ. સં. ૧૯૬૨, માગસર સુદ-૧૫, ડહેલાનો ઉપાશ્રય, અમદાવાદ |
| દીક્ષા પર્યાય | : ૩૮ વર્ષ |
| કુલ આયુષ્ય | : ૫૭ વર્ષ |
| સ્વર્ગારોહણ તિથિ તથા સ્થળ | : વિ. સં. ૧૯૯૦, ચૈત્ર વદ-૭, ડહેલાનો ઉપાશ્રય, અમદાવાદ |

## પ.પૂ. પંન્યાસ શ્રી ધર્મવિજયજી મહારાજા (ડહેલાવાળા)

મહાપુરુષોની સ્વર્ણ શૃંખલામાં પૂજ્ય પંન્યાસજી શ્રી ધર્મવિજયજી મહારાજાનું નામ વર્ષોથી ચમકી રહ્યું છે.


'પુત્રના લક્ષણ પારણામાં' - એ ન્યાયે ભવિષ્યમાં ધર્મધ્વજને ધારણ કરવાનો સંકેત બતાવતો હોય તેમ, માતા-પિતાએ પુત્રનું નામ ધરમચંદ પાડ્યું. યુવાવસ્થામાં એકવાર ભર્તૃહરિનાં સંસારત્યાગનું નાટક જોયા પછી ભાઈશ્રી ધરમચંદનું અંતઃકરણ સંસારના રંગરાગથી છૂટવા અને વૈરાગ્યનાં રંગે રંગાવા જાગૃત બન્યું.

પૂ. પંન્યાસજીશ્રી મોહનવિજયજી મહારાજનો પરિચય થતાં ધરમચંદની વૈરાગ્યજ્યોત વધુ પ્રકાશિત બની. પરિણામે ૧૯ વર્ષની ભરયુવાન વયે પૂર્ણ વૈરાગ્ય સાથે દીક્ષા લીધી અને પ્રભુશ્રી મહાવીરસ્વામીના શાસનની ધર્મધ્વજાને ઉન્નત રાખવાના પુરુષાર્થ રૂપે જ્ઞાન-ધ્યાન અને તપ-ત્યાગ માટેની સાધનાના મંડાણ કર્યા. સંયમદાતા પૂ. ગુરુદેવશ્રીના સ્વર્ગગમન બાદ સ્વના સંયમજીવનની સાધના અને સમુદાયનાં અન્ય સાધુ-સાધ્વીજીનાં જ્ઞાન-ધ્યાનની બેવડી જવાબદારીઓના ભારથી મુનિશ્રી ધર્મવિજયજી મહારાજનું સંયમીજીવન, અગ્નિથી શુદ્ધિ પામી વધુ તેજસ્વી બનેલા સુવર્ણ સરીખું દેદીપ્યમાન બન્યું.

ઉત્કટ ત્યાગ-વૈરાગ્યના રંગોથી રંગાયેલા મુનિશ્રીની આદર્શ પ્રતિભાથી આકર્ષાયેલા અનેક આત્માઓ સંયમમાર્ગના પથિક બન્યા. શ્રીસંઘે તેમને વિ. સં. ૧૯૬૨માં મહામહોત્સવપૂર્વક ડહેલાના ઉપાશ્રયે પંન્યાસપદથી વિભૂષિત કર્યા. સમય જતાં અનેક ગામોના શ્રીસંઘોનો આગ્રહ હોવા છતાં પદલિપ્સાથી નિઃસ્પૃહ એવા પૂ. પંન્યાસજી મહારાજે આચાર્યપદનો છેક સુધી ઈન્કાર જ કર્યો. ચારિત્રની સુવાસ અને તલસ્પર્શી શાસ્ત્રજ્ઞાન ધરાવતા પૂ. પંન્યાસજીની તે સમયે સાધુ સમુદાયમાં સૂરિપદથી પણ અધિક પ્રતિષ્ઠા થઈ હતી.

શ્રુતોપાસનાના અખંડ ઉપાસક શ્રી ધર્મવિજયજી મહારાજે પાટણના ખેતરવસી જૈન ઉપાશ્રયમાં અને અમદાવાદના ડહેલાના ઉપાશ્રયમાં હસ્તલિખિત પ્રતોના વિશિષ્ટ જ્ઞાનભંડારોની સ્થાપના કરી અને જ્ઞાનધનની સુરક્ષા માટે અત્યંત પરિશ્રમ ઊઠાવ્યો. આ જ્ઞાનભંડારો વિશેની ખ્યાતિ દેશ-વિદેશનાં વિદ્વાનોમાં ફેલાયેલી હતી.

કોટી કોટી વંદના ગચ્છના આદ્યમહાપુરુષના ચરણે...



## પ.પૂ. આચાર્યદેવ શ્રી ભક્તિસૂરીશ્વરજી મહારાજા

| | |
|---|---|
| સંસારી નામ | : મોહનલાલ |
| જન્મતિથિ તથા સ્થળ | : વિ.સં.૧૯૩૦, આસો સુદ-૮, સમી |
| માતાનું નામ | : શ્રી હસ્તુબાઈ |
| પિતાનું નામ | : શ્રી વસ્તાભાઈ |
| ગુરુનું નામ | : પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ.સા. (કાશીવાળા) |
| દીક્ષાતિથિ તથા સ્થળ | : વિ.સં. ૧૯૫૭, મહા વદ-૧૦, સમી ગામ |
| આચાર્યપદવી તિથિ તથા સ્થળ | : વિ.સં. ૧૯૯૨, વૈશાખ સુદ-૪, પાલિતાણા |
| દીક્ષા પર્યાય | : ૫૮ વર્ષ |
| કુલ આયુષ્ય | : ૮૫ વર્ષ |
| સ્વર્ગારોહણ તિથિ | : વિ.સં. ૨૦૧૫, પોષ સુદ-૩, શંખેશ્વર |

## પ.પૂ. આચાર્યદેવ શ્રી ભક્તિસૂરીશ્વરજી મહારાજા


જિનશાસનમાં શ્રમણ પરંપરાને પ્રવાહિત રાખવામાં ગુજરાતના વઢિયાર પ્રદેશના સમી ગામમાં જન્મેલા પૂ. ભક્તિસૂરીશ્વરજી મહારાજાનો પણ ફાળો છે.

પૂજ્યશ્રીનો તપ પ્રત્યે અને તેમાંય આયંબિલ પ્રત્યે એક અલગ જ લગાવ હતો. તેઓશ્રીને 'વર્ધમાન તપ' પ્રત્યે ખૂબ જ શ્રદ્ધા હતી. તેઓ દરરોજ પોરિસી કરતા, પાંચ તિથિ એકાસણા અને ચૌદશે અવશ્ય ઉપવાસ કરતા. તીર્થયાત્રામાં પણ તેઓની તપશ્ચર્યા ચાલતી રહેતી.

તેઓશ્રીએ જીવનકાળ દરમિયાન સંઘ, પ્રતિષ્ઠા, દીક્ષા વગેરે દ્વારા અનેક રીતે શાસન પ્રભાવના કરી હતી. ઉપરિયાળાજી તીર્થના ઉદ્ધાર માટે તેઓએ ભારે શ્રમ લીધો હતો. જામનગરના રાજા જામસાહેબ, વઢવાણના નરેશ, લીંબડીના દરબાર, રાધનપુરના નવાબ વગેરે અનેક રાજપુરુષોને ઉપદેશ દ્વારા તેઓએ ધર્મમાર્ગે જોડ્યા હતા.

શંખેશ્વર તીર્થ પ્રત્યે તેઓને અપૂર્વ શ્રદ્ધા હતી. જન્મભૂમિ શંખેશ્વરની નજીક હોવાથી સંસારીપણાથી તેઓ શંખેશ્વરતીર્થની ભક્તિ કરતા. દીક્ષા બાદ પણ વારંવાર તેઓ શંખેશ્વર આવતા. અંતિમ સમયે પણ અનેક સંઘોની આગ્રહભરી વિનંતી હોવા છતાં શંખેશ્વર જ તેઓ પધાર્યા અને ત્યાં જ સમાધિ મરણને પ્રાપ્ત કર્યું.

કોટી કોટી વંદના ગચ્છના આદ્યમહાપુરુષના ચરણે...



## પ.પૂ. આચાર્યદેવ શ્રી નીતિસૂરીશ્વરજી મહારાજા

| | | |
|---|---|---|
| સંસારી નામ | : | નિહાલચંદ |
| જન્મતિથિ તથા સ્થળ | : | વિ.સ. ૧૯૩૦, પોષ સુદ-૧૧, વાંકાનેર |
| માતાનું નામ | : | શ્રી ચોથીબાઈ |
| પિતાનું નામ | : | શ્રી ફૂલચંદભાઈ |
| ગુરુનું નામ | : | પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી ભાવવિજયજી ગણિ મ. સા. |
| યતિદીક્ષા તિથિ તથા સ્થળ | : | વિ.સં. ૧૯૪૯, અષાઢ સુદ ૧૧, દાહોદથી મહેરવાડા રસ્તામાં. |
| દીક્ષા તિથિ તથા સ્થળ | : | વિ.સં. ૧૯૫૦, કારતક વદ-૧૧, ઉમતા |
| વડીદીક્ષા તિથિ તથા સ્થળ | : | વિ.સં. ૧૯૫૦, મહા સુદ-૪, સીપોર |
| આચાર્યપદવી તિથિ તથા સ્થળ | : | વિ.સં. ૧૯૭૬, માગસર સુદ-૧૧, લુહારની પોળ, અમદાવાદ |
| દીક્ષા પર્યાય | : | ૪૮ વર્ષ |
| કુલ આયુષ્ય | : | ૬૮ વર્ષ |
| સ્વર્ગારોહણ તિથિ તથા સ્થળ | : | વિ.સં. ૧૯૯૮, પોષ વદ-૩, એકલિંગજી (મેવાડ-ઉદયપુર) |

## પ.પૂ. આચાર્યદેવ શ્રી નીતિસૂરીશ્વરજી મહારાજા

સુધર્માસ્વામીની ૭૩મી પાટે બિરાજમાન પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજય નીતિસૂરીશ્વરજી મહારાજા તીર્થોદ્ધારક તરીકે પ્રસિદ્ધ હતા. તેઓએ ગિરનારજી, ચિત્રકુટ વગેરે તીર્થોમાં જીર્ણોદ્ધાર કરાવવા દ્વારા નવા પ્રાણનો સંચાર કરાવ્યો હતો.

તેઓએ મૂર્તિપૂજાના દ્વેષી એવા ઘણા સ્થાનકવાસી મુનિઓને મૂર્તિ પર અહોભાવ પ્રગટાવી મૂર્તિપૂજક બનાવ્યા હતા.

પૂજ્યશ્રીના ચારિત્રનો પ્રભાવ અજબનો હતો. ચાણસ્મામાં ભટેવા પાર્શ્વનાથ દેરાસરજીની સાલગીરી પ્રસંગે દેરાસર ઉપર ધ્વજદંડ કોઈ રીતે સ્થિર થતો ન હતો. આ વાતની જાણ પૂજ્યશ્રીને થઈ. તેઓ વાસક્ષેપ લઈને દેરાસર ગયા. પ્રભુની આગળ જાપમાં બેઠા અને મંત્રિત વાસક્ષેપ ધ્વજદંડ ઉપર કર્યો ત્યારથી ધ્વજદંડ ક્યારેય ચલિત થયો નથી.

સમ્યગ્જ્ઞાનનો પ્રસાર થાય તે માટે તેઓએ પોતાના જીવન દરમિયાન અનેક પાઠશાળાઓ ખોલાવી હતી.

કોટી કોટી વંદના ગચ્છના આદ્યમહાપુરુષના ચરણે...

## ❖ સમન્વય દૃષ્ટિ ❖

✪ ॥૧॥ પરસ્પર સંઘની વૃદ્ધિ ॥૧ કોઈ પણ સાધુ-સાધ્વી કે તેના સમુદાયના અવર્ણવાદ બોલવા નહિ. ॥૨ પરસ્પર આક્ષેપોવાળા લેખો કે છાપાં લખવાં કે લખાવવાં નહિ તથા વ્યાખ્યાનમાં પણ આક્ષેપ કરવા નહિ. ॥૩ કોઈનો કોઈ જાતનો દોષ જણાય તો તેમને મળીને સુધારો કરવા પ્રેરણા કરવી અને તેમણે પણ તે દોષ સુધારવા પ્રયત્ન કરવો. ॥૪ લોકોમાં ભિન્નતા ન દેખાય તેમ પરસ્પર ઉચિતતાએ વર્તવું.

વિજયનીતિસૂરિ

('વિ.સં. ૧૯૯૦ મુનિસંમેલન પટ્ટક'માંથી સાભાર)



## પ.પૂ. આચાર્યદેવ શ્રી સિદ્ધિસૂરીશ્વરજી મહારાજા

| | | |
|---|---|---|
| સંસારી નામ | : | ચુનીલાલ |
| જન્મતિથિ તથા સ્થળ | : | વિ.સં. ૧૯૧૧, શ્રાવણ સુદ-૧૫, વળાદ |
| માતાનું નામ | : | શ્રી ઉજમબેન |
| પિતાનું નામ | : | શ્રી મનસુખલાલ |
| ગુરુનું નામ | : | પ. પૂ. મુનિશ્રી મણિવિજયજી મ.સા. |
| દીક્ષા તિથિ તથા સ્થળ | : | વિ.સં. ૧૯૩૪, જેઠ વદ-૨, લુહારની પોળ, અમદાવાદ |
| આચાર્યપદવી તિથિ તથા સ્થળ | : | વિ.સં. ૧૯૭૫, મહા સુદ-૫, મહેસાણા |
| દીક્ષા પર્યાય | : | ૮૧ વર્ષ |
| કુલ આયુષ્ય | : | ૧૦૫ વર્ષ |
| સ્વર્ગારોહણ તિથિ તથા સ્થળ | : | વિ. સં. ૨૦૧૫, આસો વદ-૧૪, અમદાવાદ |

# પ.પૂ. આચાર્યદેવ શ્રી સિદ્ધિસૂરીશ્વરજી મહારાજા

રાજનગરમાં બાપજી મ.સા.ના નામથી ભાગ્યે જ કોઈ અજાણ હશે. રક્ષાબંધનના દિવસે રાજનગરમાં જન્મેલા આ મહાપુરુષની દીક્ષા બાદ કર્મભૂમિ પણ રાજનગર જ રહી. તેમનું મૂળ નામ 'આચાર્ય સિદ્ધિસૂરીશ્વરજી' હતું, પરંતુ આબાલવૃદ્ધ બધા પર તેમની વાત્સલ્યમયી અમીદૃષ્ટિ એવી રહેતી કે, બધા તેમને લાડમાં 'બાપજી' કહીને જ બોલાવતા. ત્યારબાદ તેઓ તે નામથી જ પ્રસિદ્ધ થયા.

પૂજ્યશ્રીએ દીર્ઘ જીવનકાલ દરમિયાન સંયમ-તપ-જપ દ્વારા અદ્ભુત પવિત્રતાને વિકસાવી હતી. લોકોને તેમના સાંનિધ્યમાત્રથી શાંતિનો અનુભવ થતો હતો. તેમને જોવામાત્રથી મનના વાસના-વિકારો દૂર થતા હતા. સંયમની વિશુદ્ધિના કારણે તેમનામાં એક દિવ્ય તેજ વિરાજતું હતું. વચનસિદ્ધ મહાપુરુષ તરીકે તેમની પ્રખ્યાતી હતી. અમદાવાદમાં કોઈને લાંબો તપ કરવો હોય, બ્રહ્મચર્ય વગેરે વિશેષ વ્રત-નિયમના પચ્ચક્ખાણ લેવા હોય તો 'બાપજી' પાસે પહોંચી જવું, તેમનો વાસક્ષેપ પડે એટલે કાર્યસિદ્ધ થયું તેમ સમજો; આવો અનેકોનો જીવંત અનુભવ છે.

જ્ઞાનોપાસના તેમના જીવનનું એક અંગ હતું. પીઠ-ફલકના આધાર વગર એકધારા કલાકોના કલાકો સુધી પ્રાચીન મૂળ પ્રતો લખવી-લખાવવી-સંશોધન-પાઠશુદ્ધિ કરવી વગેરે તેમનો પ્રિય વિષય હતો. આ કાર્ય છેક ૯૦ વર્ષની ઉંમર સુધી - શરીરે સાથ આપ્યો ત્યાં સુધી તેમણે કર્યા કર્યું.

અંતે ૧૦૫ વર્ષનું દીર્ઘ આયુષ્ય ભોગવી સમાધિમરણને પ્રાપ્ત કર્યું.


કોટી કોટી વંદના ગચ્છના આદ્યમહાપુરુષના ચરણે...

## ❖ સમન્વય દૃષ્ટિ ❖

✪ ॥૧॥ પરસ્પર સંઘની વૃદ્ધિ ॥૧ કોઈ પણ સાધુ-સાધ્વી કે તેના સમુદાયના અવર્ણવાદ બોલવા નહિ. ॥૨ પરસ્પર આક્ષેપોવાળા લેખો કે છાપાં લખવાં કે લખાવવાં નહિ તથા વ્યાખ્યાનમાં પણ આક્ષેપ કરવા નહિ. ॥૩ કોઈનો કોઈ જાતનો દોષ જણાય તો તેમને મળીને સુધારો કરવા પ્રેરણા કરવી અને તેમણે પણ તે દોષ સુધારવા પ્રયત્ન કરવો. ॥૪ લોકોમાં ભિન્નતા ન દેખાય તેમ પરસ્પર ઉચિતતાએ વર્તવું.

વિજયસિદ્ધિસૂરિ

('વિ.સં. ૧૯૯૦ મુનિસંમેલન પટ્ટક'માંથી સાભાર)



## પ.પૂ. આચાર્યદેવ શ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજા

| | |
|---|---|
| સંસારી નામ | : લાલચંદ |
| જન્મતિથિ તથા સ્થળ | : વિ.સં. ૧૯૪૦, પોષ સુદ-૧૨, બાલશાસન ગામ, ભોયણી પાસે |
| માતાનું નામ | : શ્રી મોતીબહેન |
| પિતાનું નામ | : શ્રી પિતાંબરદાસ |
| ગુરુનું નામ | : પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજયકમલસૂરીશ્વરજી મ. સા. |
| દીક્ષા તિથિ તથા સ્થળ | : વિ.સં.૧૯૫૯, કાર્તિક વદ-૬, બોરૂ ગામ |
| આચાર્યપદવી તિથિ તથા સ્થળ | : વિ. સં. ૧૯૮૧, માગસર સુદ-૫, છાણી |
| દીક્ષા પર્યાય | : ૫૮ વર્ષ |
| કુલ આયુષ્ય | : ૭૭ વર્ષ |
| સ્વર્ગારોહણ તિથિ તથા સ્થળ | : વિ. સં. ૨૦૧૭, શ્રાવણ સુદ-૫, લાલબાગ, મુંબઈ. |

## પ.પૂ. આચાર્યદેવ શ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજા

આ મહાપુરુષ પોતાની તપશ્ચર્યા, શાસનરાગ, અસાધારણ વિદ્વત્તા, રસમધુર કવિત્વ શક્તિ અને વત્સલ પ્રકૃતિથી જૈન-જૈનેતર સમાજમાં આદરણીય સ્થાન પ્રાપ્ત કરનારા હતા. તેઓ ગુજરાતીભાષાની જેમ સંસ્કૃત ભાષા પર પણ પ્રભુત્વ ધારણ કરનારા હતા. તેમણે સંસ્કૃત ભાષામાં અનેક ગ્રંથોની રચનાઓ કરી છે. પ્રસંગે તેઓએ જૈનેતરો સાથે વાદ કરીને જિનશાસનની વિજયપતાકા લહેરાવી હતી.

તેમનામાં શીઘ્રકવિત્વશક્તિનો પણ અપૂર્વ વિકાસ હતો. તેઓએ પંચકલ્યાણક પૂજા, પંચજ્ઞાન પૂજા, નવતત્ત્વ પૂજા, શ્રી શાંતિનાથ કલ્યાણક પૂજા, શ્રી પાર્શ્વનાથ કલ્યાણક પૂજા વગેરે સોળ પૂજાઓ ભિન્ન-ભિન્ન રાગ-રાગિણીથી ગાઈ શકાય તેવી બનાવેલી છે. પૂજ્યશ્રીએ રચેલા સંસ્કૃત, ગુજરાતી, હિન્દી ભાષાના ગીતોની સંખ્યા ત્રણ હજાર ઉપરની છે, જે આજે પણ આબાલવૃદ્ધ નર-નારીઓ મધુર કંઠે ગાય છે અને પરમાત્મ ભક્તિમાં ભાવવિભોર બને છે. આ અસાધારણ પ્રભાવને લીધે તેઓ 'કવિકુલકિરીટ'ના નામે ઓળખાતા હતા.

કોટી કોટી વંદના ગચ્છના આદ્યમહાપુરુષના ચરણે...



## પ.પૂ. આચાર્યદેવ શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

| | |
|---|---|
| સંસારી નામ | : ત્રિભુવન |
| જન્મતિથિ તથા સ્થળ | : વિ.સં. ૧૯૫૨, ફાગણ વદ-૪, દહેવાણ |
| માતાનું નામ | : શ્રી સમરથબહેન |
| પિતાનું નામ | : શ્રી છોટાલાલ |
| ગુરુનું નામ | : પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ. સા. |
| દીક્ષા તિથિ તથા સ્થળ | : વિ.સં. ૧૯૬૯, પોષ સુદ-૧૩, ગંધાર તીર્થ |
| આચાર્યપદવી તિથિ તથા સ્થળ | : વિ.સં. ૧૯૯૨, વૈશાખ સુદ-૬, લાલબાગ, મુંબઈ |
| દીક્ષા પર્યાય | : ૭૯ વર્ષ |
| કુલ આયુષ્ય | : ૯૬ વર્ષ |
| સ્વર્ગારોહણ તિથિ તથા સ્થળ | : વિ.સં. ૨૦૪૭, અષાઢ વદ-૧૪, અમદાવાદ |

## પ.પૂ. આચાર્યદેવ શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

ચરમતીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુના શાસનમાં આચાર્યપદનો ચિરપર્યાય ધરાવનારા ગચ્છનાયકોની પ્રથમ હરોળના આ મહાપુરુષની ઓળખાણ કોને નહિ હોય ?

તેઓશ્રીના અગણિત ગુણોનું વર્ણન કરતા અનેક વિશેષણો તેમને અપાયા છે. તેમાં શ્રેષ્ઠ વિશેષણ કહી શકાય તો તે છે - 'વ્યાખ્યાન વાચસ્પતિ.'

પૂજ્યશ્રી પાસે શ્રોતાઓના હૃદયમાં વેધક રીતે છાપ પાડે તેવી વક્તૃત્વશક્તિ હતી અને આ વક્તૃત્વશક્તિને સિદ્ધાંતનિષ્ઠાનો અમૂલ્ય ઓપ ચઢેલો હતો. જિનવાણીના તેઓ જાદુગર હતા. હૃદયમાં સૂતેલી લાગણીઓને ઢંઢોળી શકે તેવા સમર્થ વાગ્-પ્રવાહને મોહક રીતે વહેવડાવતા હોવા છતાંય શાસ્ત્ર પરંપરાઓ કે સિદ્ધાંતોની સૂક્ષ્મ મર્યાદાઓને તેઓ પૂરેપરા વફાદાર હતા. આ તેમના જીવનની એક અદ્વિતીય કે બેજોડ વિશેષતા હતી.

બાકી તો અપ્રતિમ પુણ્યપ્રભાવ, અદ્‌ભુત શાસનપ્રભાવક કાર્યો, સુદીર્ઘ સંયમપર્યાય, નજીકના દૂર-સુદૂર સુધીના ભૂતકાળમાં ન જોવા મળે તેવી વિશાળ શિષ્ય-સંપદા વગેરે અનેક લાક્ષણિકતાઓ તેમના જીવન સાથે સંકળાયેલી છે.

કોટી કોટી વંદના ગચ્છના આદ્યમહાપુરુષના ચરણે...

## ❖ સમન્વય દૃષ્ટિ ❖

### કદાગ્રહનો કારમો પ્રતાપ–કદાગ્રહ થવાનાં કેટલાંક કારણો કદાગ્રહથી બચવા શું કરવું ?

ત્રીજો દોષ છે કદાગ્રહ. કોઈ પણ આત્માએ, જો સન્માર્ગમાં સ્થિર રહેવું હોય અગર તો સન્માર્ગની શિક્ષાઓને ગ્રહણ કરવી હોય, તો એણે કદાગ્રહના

દુર્ગુણથી બચી જવું જોઈએ. કદાગ્રહનો દુર્ગુણ અનેક કારણોથી આવે છે. માણસ અજ્ઞાન હોવા છતાં પણ પોતાને ડાહ્યો માને, તો કદાગ્રહમાં સપડાઈ જતાં વાર ન લાગે. માણસ ભણ્યો હોય પણ ઘમંડી બને તો કદાગ્રહી બનતાં વાર નહિ. ધર્મની આરાધનાના અર્થીએ તો સરલાશયી બનવું જોઈએ. હરહંમેશ એ માન્યા કરવું જોઈએ કે-આપણી ભૂલ ન જ થાય એમ નહિ. એ વૃત્તિ હોય તો ભૂલને સમજવાની કાળજી રહે અને એ વૃત્તિ ન હોય તેમજ પોતાના થોડા-ઘણા ભણતરનું અજીર્ણ થયું હોય, તો પોતાની ભૂલ પોતાને દેખાય નહિ અને કોઈ કહે તો તે સહાય નહિ. હિતબુદ્ધિથી ભૂલ બતાવનારને પણ દુશ્મન માનવાની બુદ્ધિ થાય. ઉપકારી પ્રત્યે દુર્ભાવ થાય, નહિ બોલવાનું બોલાય, નહિ લખવાનું લખાય અને પોતાની ભૂલ એ ભૂલ નથી-એવું સિદ્ધ કરવાને માટે શાસ્ત્રસિદ્ધાંતોના ઉંધા અર્થ કરાય તેમજ મહાપુરુષો માટે ય નહિ ઇચ્છવાજોગ ટીકા કરાય. શાથી ? ઘમંડથી ! વાત એ છે કે-ભણતરનું અજીર્ણ એ બહુ કારમી વસ્તુ છે.

કેટલીક વાર બીજા પ્રત્યે દુશ્મનભાવ હોવાથી પણ કદાગ્રહ થઈ જાય છે. એણે કાંઈક કહ્યું એટલે એનો વિરોધ કરવાને સિદ્ધાંતથી વિરુદ્ધ કહેવાય અને પછી ભૂલ બતાવાય તોય પકડેલું છોડાય નહિ. દરેક કલ્યાણકાંક્ષીએ એવાં કદાગ્રહનાં કારણોથી પણ બચવાનો પ્રયત્ન કરવો જોઈએ. જ્યાં સુધી ન સમજાય ત્યાં સુધી એક પણ વસ્તુને નહિ પકડતાં, એમાં મધ્યસ્થ ભાવ રાખવો જોઈએ : બરાબર સમજાય એટલે કોઈ પણ ભોગે એને છોડવું નહિ જોઈએ : પકડેલામાં ભૂલ લાગે તો દુન્યવી માનાદિની જરાય ભીતિ રાખ્યા વિના છોડી દેવું જોઈએ અને સાચું સ્વીકારવું જોઈએ.

કદાગ્રહના યોગે પકડાય એક ખોટી વસ્તુ તોય એક ખોટીને સાચી સિદ્ધ કરવા અનેક સાચીને ખોટી કહેવી પડે. એવા આત્માઓ માર્ગમાં ટકી શકતા નથી. જેને માર્ગનો ખપ હોય, જેણે માર્ગની આરાધના કરવી હોય, તેણે કોઈ પણ રીતિએ કદાગ્રહપણાનો ભયંકર દુર્ગુણ આત્માને સ્પર્શી ન જાય, એની સાવચેતી રાખવી જોઈએ.

આચાર્ય શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા.

('જૈન પ્રવચન, વર્ષ-૮, અંક-૫'માંથી સાભાર)

## મધ્યસ્થભાવ વિશે કંઈક વિશેષ જાણીએ...

ભીષ્મતપસ્વી આચાર્ય શ્રી હિમાંશુસૂરીશ્વરજી મ. સા.

✪ તિથિપ્રશ્ન અંગે પૂજ્યશ્રી કહેતા કે -

તિથિ એ એક આચરણા છે, સામાચારી છે, સિદ્ધાંત નથી. સામાચારી તો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પ્રમાણે ફરતી રહે...

('૨૦મી સદીની વિરલ વિભૂતિ'માંથી સાભાર)

✪ જૈન શાસનમાં પણ નીચલી કોર્ટ, વચલી કોર્ટ અને સુપ્રીમ કોર્ટ ત્રણે કોર્ટોની વ્યવસ્થા કરેલી જ છે. પરંતુ આજકાલ કાળના પ્રભાવે તેના અમલમાં ક્ષતિ આવવાના કારણે અનેક મતમતાંતરો ઉભા થાય છે અને જૈન સમાજ વહેંચાતો જાય છે. આ બધી વસ્તુનો વિચાર કરી શાસનના ધુરંધરો કોઈ સિદ્ધાંત હણાતા હોય તેવા અપવાદને છોડીને બીજી વાતો ગૌણ કરે તો આજે ઘણી વાતોના ઉકેલ આવી શકે અને કુલ ગણ સંઘના સ્થવિરો દ્વારા શાસ્ત્રાધારે બધા પ્રશ્નો પતાવી શકાય. અંતમાં શાસન દેવ સૌને સદ્‌બુદ્ધિ આપે અને પરસ્પર વાત્સલ્યભાવ પ્રગટે એ જ શુભેચ્છા.

('પર્વતિથિની આરાધના અંગે પૂ.આ.શ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજ સાહેબનું મંતવ્ય'માંથી સાભાર)



## પ.પૂ. આચાર્યદેવ શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા

| | |
|---|---|
| સંસારી નામ | : કાન્તિલાલ |
| જન્મતિથિ તથા સ્થળ | : વિ.સં. ૧૯૬૭, ચૈત્ર વદ-૬, કાળુશીની પોળ, અમદાવાદ |
| માતાનું નામ | : શ્રી ભૂરીબેન |
| પિતાનું નામ | : શ્રી ચીમનલાલ |
| ગુરુનું નામ | : પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ. સા. |
| દીક્ષા તિથિ તથા સ્થળ | : વિ.સં. ૧૯૯૧, પોષ સુદ-૧૨, ચાણસ્મા |
| આચાર્યપદવી તિથિ તથા સ્થળ | : વિ.સં. ૨૦૨૯, માગસર સુદ-૨, અમદાવાદ |
| દીક્ષા પર્યાય | : ૫૮ વર્ષ |
| કુલ આયુષ્ય | : ૮૨ વર્ષ |
| સ્વર્ગારોહણ તિથિ તથા સ્થળ | : વિ.સં. ૨૦૪૯, ચૈત્ર વદ-૧૩, અમદાવાદ |

## પ.પૂ. આચાર્યદેવ શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા

આ મહાપુરુષ અનેક પાસાંઓથી પ્રેરણાસ્પદ જીવનને ધારણ કરનારા હતા. સંસ્કૃત, પ્રાકૃત, વ્યાકરણ, કાવ્ય, ન્યાય વગેરે સેંકડો ગ્રંથોના અધ્યયન અને ૧૦૦થી વધારે પુસ્તકોના નિર્માણ દ્વારા જ્ઞાનોપાસક હતા. અંજનશલાકા, પ્રતિષ્ઠા, ભાવનિર્ભર પ્રભુભક્તિ, અષ્ટાપદ મહાતીર્થની પૂજા આદિ દ્વારા દર્શનોપાસક હતા. મહાવ્રતો પ્રત્યેનો આદર, સૂક્ષ્મ કાળજી અને આચારચુસ્ત સેંકડો સંયમીઓના નિર્માણ દ્વારા ચારિત્ર ઉપાસક હતા. વર્ધમાન તપની ૧૦૮ ઓળી વગેરે અનેક તપ કરવા-કરાવવા દ્વારા તપધર્મના ઉપાસક હતા. અલ્પનિદ્રા, ક્રિયાઓમાં અપ્રમત્તભાવ, દિવસની ૧૮-૧૮ કલાકની સાધના દ્વારા વીર્યાચારના પાલક હતા.

આમ, તપ-ત્યાગ અને સંયમના બળે જિનશાસનના ભુવનને ભાનુની જેમ પ્રકાશિત કરનાર તેઓ હતા.

કોટી કોટી વંદના ગચ્છના આદ્યમહાપુરુષના ચરણે...

## ❖ સમન્વય દૃષ્ટિ ❖

✪ પાંચ ઠરાવો અંગે કેટલીક વિચારણા

શ્રી શંખેશ્વરજી મહાતીર્થમાં ગત ચૈત્ર સુદિ ૩-૪-૫ના ત્રણ દિવસોમાં પૂજ્ય પંન્યાસો તથા મુનિવરોની નિશ્રામાં શ્રી નમસ્કાર મહામંત્રના આરાધકોનું એક અધિવેશન મળ્યું અને તેમાં કેટલાંક પ્રવચનો થયા બાદ પાંચ ઠરાવો પસાર કરવામાં આવ્યા જે અમે તા. ૩૦-૪-૬૦ના અંકમાં પ્રસિદ્ધ કરી ગયા છીએ.

આ ઠરાવો અંગે હાલમાં શ્રી હીરાલાલ મણિલાલ શાહ-અમદાવાદવાળા તરફથી સોનેરી પૂંઠાવાળી એક પુસ્તિકા પ્રસિદ્ધ થઈ છે અને તેમાં દરેક ઠરાવનું મહત્ત્વ સમજાવવા માટે નોંધ લખવામાં આવી છે. આ બધું વાંચ્યા-

વિચાર્યા પછી અમને લાગ્યું કે આ વસ્તુ ઘણી મહત્ત્વની છે અને તેનો મર્મ બરાબર સમજાય તે માટે એના પર આલોચના કરવાની જરૂર છે. ... ... ... ઠરાવનો પાછલો ભાગ કે જે શ્રી સંઘમાં પારસ્પરિક વાત્સલ્ય જગાવવાના પ્રયત્નને સ્પર્શે છે, તે સંબંધમાં જોઈએ તેટલું સ્પષ્ટ વિવેચન નથી.

આ ઠરાવ પરથી નીચેની બાબતો ફલિત થાય છે.

(૧) જૈન ધર્મની પ્રભાવના કરવી યોગ્ય છે, માટે જ જૈન ધર્મની પ્રભાવનાનો વિચાર છે.

(૨) એ પ્રભાવના કરવા માટે સહુથી પ્રાથમિક સાધન જૈન ધર્મમાં દર્શાવાયેલો વિશ્વમૈત્રીનો સિદ્ધાંત છે.

(૩) આ સિદ્ધાંતને આગળ કરીને જે સંઘ ધર્મપ્રભાવના કરવા બહાર પડે તે પોતે આ ભાવનાથી ઓતપ્રોત હોવો જોઈએ અને તેની પોતાની અંદર વાત્સલ્ય-ભાવ પૂરેપૂરો ખીલેલો હોવો જોઈએ.

(૪) પરંતુ આજે તે પ્રકારનો વાત્સલ્ય-ભાવ બહુ ઓછો નજરે પડે છે, અન્યથા પરસ્પરનું સંઘર્ષણ ન હોય. શાસનના સર્વમાન્ય પ્રશ્નો પર પણ આજે એકમતી કે સહકારની ભાવના પ્રવર્તતી નથી, આ સંયોગોમાં જૈન ધર્મની પ્રભાવના માટે કોઈ વિશિષ્ટ પ્રયાસ શી રીતે થાય ?

(૫) માટે પ્રથમ આપણું ઘર સ્વસ્થ કરવાની જરૂર છે અને તે અંગે જે પ્રયત્નો થાય તે આવકારદાયક છે.

(૬) જૈન સંઘ વિશ્વમૈત્રીનો પ્રતિનિધિ છે, તેની આ સંઘર્ષ-દશા શોચનીય ગણાય. આ દશાથી તેનું ગૌરવ ઘટી રહ્યું છે, પરંતુ ઉપર જણાવ્યા પ્રમાણેના પ્રયત્નો થાય તો એ ગૌરવ વધવા પામે.

(૭) વિશ્વજંતુઓ ઉપર ઉપકારનું કાર્ય આજે અમુક અંશે થઈ રહ્યું છે, પણ તેમાં જોઈએ તેવો વેગ નથી. એ વેગ ઉપર મુજબ સંઘમાં પારસ્પરિક વાત્સલ્ય જગાડવાથી આવી જાય.

તાત્પર્ય કે આ ઠરાવમાં થોડા શબ્દો દ્વારા ઘણું ઘણું કહેવાયું છે અને તે સમાજના હિતચિંતકોએ બરાબર વિચારવાનું છે. જો આમાં પ્રદર્શિત

થયેલી વસ્તુ પર પૂરેપૂરૂં ધ્યાન નહિ અપાય તો સ્થિતિ સ્ફોટક બનશે અને તેનું પરિણામ ક્યારે-કેવું આવશે તે કોણ કહી શકે તેમ છે ?

('દિવ્યદર્શન, વર્ષ-૮, અંક-૩૬/૩૭'માંથી સાભાર)

✪ આજે ચારે ફિરકાઓમાં શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજ ઘણો મોટો છે અને લાગવગ તથા કાર્યશક્તિમાં પણ ઘણો આગળ પડતો છે. તે એક જ જો પોતાના ઘરનું સંગઠન સાધે તો ગમે તેવું દુર્ઘટ કાર્ય કરી શકે તેમ છે, તેથી ખરી જરૂર તો તેમાં સંગઠનની છે.

('દિવ્યદર્શન વર્ષ-૯, અંક-૧૬'માંથી સાભાર)

✪ આગળ ચાલતાં શ્રી હીરાભાઈએ સમાજમાં મતમતાંતરો અંગે જણાવતાં કહ્યું કે એ મારા મનથી નજીવા અને ગૌણ છે. પરંતુ એનો ઉકેલ લાવી શકાતો નથી; અને પરિણામે જુદા જુદા વિભાગો વચ્ચે કડવાશ અને વૈમનસ્ય વધ્યું છે અને કોઈ પણ સારૂં કામ કરવા માટે સંગઠિત પ્રયત્નો થવા જોઈએ, તેવા પ્રયત્નો આપણે કરી શકતા નથી.

આપણે સરળતાથી અને પ્રામાણિકપણે, ઉકેલ લાવવા મથીએ તો જરૂર ઉકેલ આવે... ... ...

શ્રી હીરાભાઈએ રજૂ કરેલી મનનીય વિચારણાઓ પર શ્રી જૈનસંઘે ધ્યાન દેવા જેવું છે.

('દિવ્યદર્શન વર્ષ-૧૦, અંક-૩૩, ૩૪'માંથી સાભાર)



## પ.પૂ. આચાર્યદેવ શ્રી શાંતિચંદ્રસૂરીશ્વરજી મહારાજા

| | |
|---|---|
| સંસારી નામ | : બુદ્ધિલાલ |
| જન્મતિથિ તથા સ્થળ | : વિ.સં. ૧૯૫૨, જેઠ સુદ-૨, માંડલ |
| માતાનું નામ | : શ્રી નાથીબેન |
| પિતાનું નામ | : શ્રી પોપટલાલ |
| ગુરુનું નામ | : પ. પૂ. મુનિશ્રી બુદ્ધિવિજયજી મ.સા. |
| દીક્ષા તિથિ તથા સ્થળ | : વિ.સં. ૧૯૮૨, ફાગણ વદ-૩, ટાકરવાડા |
| આચાર્યપદવી તિથિ તથા સ્થળ | : વિ.સં. ૨૦૦૮, માગસર સુદ-૧૧, પુરણ (રાજસ્થાન) |
| દીક્ષા પર્યાય | : ૪૭ વર્ષ |
| કુલ આયુષ્ય | : ૭૭ વર્ષ |
| સ્વર્ગારોહણ તિથિ તથા સ્થળ | : વિ.સં. ૨૦૨૯, જેઠ વદ-૪, ભાભર |

## પ.પૂ. આચાર્યદેવ શ્રી શાંતિચંદ્રસૂરીશ્વરજી મહારાજા

તપાગચ્છ, અચલગચ્છ અને પાયચંદગચ્છના ત્રિવેણી સંગમ સમા વઢિયાર પ્રદેશની ધન્ય ધરા માંડલનગરે બુદ્ધિલાલ નામના બાળકનો જન્મ થયો. બુદ્ધિલાલે માત્ર ચાર વર્ષની વયે પિતાનું શિરછત્ર ગુમાવ્યું. ધર્મપરાયણ માતા નાથીબહેન દુઃખના આ કપરા દિવસો સમતાબળે પસાર કરતા કરતા પરિવારમાં ધર્મભાવનાનું સિંચન કરતા રહ્યા. સોળ વર્ષની પરિપક્વ ઉંમર થતા માતાની ઈચ્છા-આજ્ઞાથી બુદ્ધિલાલે લગ્ન કર્યા, પરંતુ પૂર્વભવના ધાર્મિક સંસ્કારો અને સંસારની અસારતાના અનુભવોથી તેમનું મન ઊંડે ઊંડે ત્યાગમાર્ગને ઝંખી રહ્યું હતું. વિવિધ તપસ્યાઓ અને ઉપધાન તપ આદિ કરતા રહી તેઓશ્રી જીવનને ઉન્નત બનાવતા રહ્યા, એવામાં વિ. સં. ૧૯૮૧માં ધર્મપત્ની મીરાંબહેન ટૂંકી બિમારીમાં સ્વર્ગવાસી બન્યા.

સંસારની જંજાળ ઢીલી પડતાં બુદ્ધિલાલભાઈએ ભાગવતી દીક્ષા અંગીકાર કરી અને મુનિશ્રી શાંતિવિજયજી નામે જાહેર થયા. મુનિશ્રી શાંતિવિજયજી મહારાજ પણ તપ-ત્યાગપૂર્વકની સંયમની અપ્રમત્ત સાધના સાથે અધ્યયનમાં લીન બની ગયા. પૂજ્યશ્રીએ ગુજરાત અને રાજસ્થાનમાં - ખાસ કરીને દાંતરાઈ, જાંબલ, માલગાંવ, બાપલા, આરખી, જેતાવાડા, આલવાડા આદિ ગ્રામ પ્રદેશોમાં વિચરી ત્યાંના સંઘોને ધર્મમાર્ગે સ્થિર અને ઉન્નત કરી અસીમ ઉપકાર કર્યો.

પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજય શાંતિચંદ્રસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા અને નિશ્રામાં બનાસકાંઠા પ્રદેશમાં અનેક જિનમંદિરોનાં જિર્ણોદ્ધાર, નવનિર્માણ, અંજનશલાકા, પ્રતિષ્ઠા, ઉપધાન, ઉદ્યાપન, દીક્ષાપ્રદાન આદિ અનેકાનેક ધર્મકાર્યો સુસંપન્ન થયા છે. ભાભર અને તેની આજુબાજુનાં પ્રદેશોમાં તો પૂજ્યશ્રીનો ઉપકાર અદ્‌ભુત વરસ્યો છે.

કોટી કોટી વંદના ગચ્છના આદ્યમહાપુરુષના ચરણે...



## પ.પૂ. આચાર્યદેવ શ્રી કેશરસૂરીશ્વરજી મહારાજા

| | |
|---|---|
| સંસારી નામ | : કેશવજી |
| જન્મતિથિ તથા સ્થળ | : વિ.સં.૧૯૩૩, પોષ સુદ-૧૫, પાલિતાણા |
| માતાનું નામ | : શ્રી પાનબાઈ |
| પિતાનું નામ | : શ્રી માધવજી નાગજી |
| ગુરુનું નામ | : પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજયકમલસૂરીશ્વરજી મ. સા. |
| દીક્ષા તિથિ તથા સ્થળ | : વિ.સં. ૧૯૫૦, માગસર સુદ-૧૦, વડોદરા |
| આચાર્યપદવી તિથિ તથા સ્થળ | : વિ.સં. ૧૯૮૩, કારતક વદ-૬, ભાવનગર |
| દીક્ષા પર્યાય | : ૩૭ વર્ષ |
| કુલ આયુષ્ય | : ૫૪ વર્ષ |
| સ્વર્ગારોહણ તિથિ તથા સ્થળ | : વિ.સં. ૧૯૮૭, શ્રાવણ વદ-૫, અમદાવાદ |

## પ.પૂ. આચાર્યદેવ શ્રી કેશરસૂરીશ્વરજી મહારાજા


વ્યક્તિ ઉન્નતિના શિખરે એકાએક પહોંચતો નથી, પરંતુ તેની પાછળ લાંબા સમયનો પુરુષાર્થ, લક્ષ્યબદ્ધતા વગેરે અનેક પરિબળો કામ કરે છે. પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજય કેશરસૂરીશ્વરજી પણ જીવનની જુદી જુદી અવસ્થાઓ વટાવી, અડગ ધૈર્ય અને અથાગ પ્રયત્ન દ્વારા પોતાના જીવનને સફળ કરી જનારા વિરલ મહાપુરુષ હતા.

એકાએક માતા-પિતાનું થોડા થોડા અંતરે સ્વર્ગગમન, અન્ય ભાઈ-ભાંડુઓની દુઃખજન્ય સ્થિતિએ તેમને કર્મની વિચિત્ર લીલા અને સંસારની અસારતાનું દર્શન કરાવ્યું તેથી વૈરાગ્યરસમાં ભીંજાઈને માનવભવને સફળ કરવા તેઓશ્રીએ પ્રવ્રજ્યાના માર્ગનો સ્વીકાર કર્યો.

તેઓએ દીક્ષા લઈને ઈતિકર્તવ્યતા સમજવાના બદલે જ્ઞાન અને યોગસાધનાની ઝંખના કેળવી. જે તેમને સાધનામાર્ગ તરફ દોરી ગઈ. જ્યાં ગયા ત્યાં તેઓ સતત યોગ વિષયક જ્ઞાનનો સંગ્રહ કરતા ગયા અને યોગાભ્યાસને સતત વિકસાવતા ગયા. તેમની યોગસાધના જેમ પોતાને ઉપકારક બની તેમ અનેક ભવ્યાત્માઓને આકર્ષિત કરનારી બની. અનેકોએ જીવન સમર્પિત કરી તેમની યોગપ્રસાદીના આસ્વાદ દ્વારા પોતાના આત્માને ધન્ય બનાવ્યો. આવનારા કાળમાં પણ લોકો યોગ કે અધ્યાત્મ પ્રત્યે જાગૃત બને તે માટે તેમણે સરળ શૈલીમાં યોગવિષયક સાહિત્ય પણ સર્જ્યું.

અંતે, અપૂર્વ શાંતિ અને ચિત્તની સ્થિરતા સાથે સાધકને છાજે તેવા મૃત્યુને પ્રાપ્ત કર્યું.

કોટી કોટી વંદના ગચ્છના આદ્યમહાપુરુષના ચરણે...



## પ.પૂ. આચાર્યદેવ શ્રી વલ્લભસૂરીશ્વરજી મ.સા.

| | |
|---|---|
| સંસારી નામ | : છગનભાઈ |
| જન્મતિથિ તથા સ્થળ | : વિ.સં. ૧૯૨૭, કારતક સુદ-૨, વડોદરા |
| માતાનું નામ | : શ્રી ઈચ્છાબેન |
| પિતાનું નામ | : શ્રી દીપચંદભાઈ |
| ગુરુનું નામ | : પ. પૂ. મુનિશ્રી હર્ષવિજયજી મ.સા. |
| દીક્ષા તિથિ તથા સ્થળ | : વિ.સં. ૧૯૪૩, વૈશાખ સુદ-૧૩, રાધનપુર |
| આચાર્યપદવી તિથિ તથા સ્થળ | : વિ.સં. ૧૯૮૧, માગસર સુદ-૫, ગુજરાનવાલા, લાહોર |
| દીક્ષા પર્યાય | : ૬૮ વર્ષ |
| કુલ આયુષ્ય | : ૮૪ વર્ષ |
| સ્વર્ગારોહણ તિથિ તથા સ્થળ | : વિ.સં. ૨૦૧૧, આસો વદ-૧૦, મુંબઈ |

## પ.પૂ. આચાર્યદેવ શ્રી વલ્લભસૂરીશ્વરજી મ.સા.

પૂજ્યશ્રીનો જન્મ ગુજરાતના વડોદરામાં ભાઈબીજના દિવસે થયો હતો. તેઓ પોતે ગુજરાતી હોવા છતાં હિન્દી ભાષાને માતૃભાષાની જેમ અપનાવી લીધી હતી. પંજાબ જેવી રુક્ષ ભૂમિમાં આ મહાપુરુષે કષ્ટ વેઠીને વિચરણ કર્યું હતું. પંજાબના જૈનોમાં સતત ઉપદેશના સિંચન દ્વારા જૈનધર્મ પ્રત્યેની આસ્થા ટકાવી. ત્યાં ફેલાતી મૂર્તિપૂજા વિરુદ્ધની વિચારધારાઓની સામે તેમણે લડત આપી હતી. પરિણામે તે ક્ષેત્રના જિનમંદિરો અને જિનપ્રતિમાઓ સુરક્ષિત બની. તેઓનો આ ઉપકાર અવિસ્મરણીય છે.

તેઓશ્રીએ આદીશ્વર પંચકલ્યાણક પૂજા, શાંતિનાથ પંચકલ્યાણક પૂજા, પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા વગેરે પ્રબંધકાવ્યો, બારમાસી અને સપ્તવ્યસન-ત્યાગ વગેરે નીતિકાવ્યો, જંબૂસ્વામી, રાજીમતી-રહનેમિ વગેરે ગીતિ-નાટ્યકાવ્યો, મનકમુનિ વગેરે એકાંકીકાવ્યો, અષ્ટાપદ-નંદીશ્વરદ્વીપ-ગિરનાર વગેરે તીર્થકાવ્યો, પરમેષ્ઠી-નવ્વાણું પ્રકારી, એકવીસ પ્રકારી વગેરે પૂજાકાવ્ય આદિ અનેક નવસાહિત્યનું નિર્માણ કરીને હિન્દી સાહિત્યની ચેતનાને વિવિધ રૂપોમાં સાંવરી-સજાવી હતી. ઉર્દૂ, પંજાબી, મરાઠી, અંગ્રેજી, ફારસી, સંસ્કૃત, પ્રાકૃત, વ્રજ, અવધ વગેરે ભાષાઓના લાલિત્યથી હિન્દી ખડી બોલીનાં ભાષા સૌંદર્યનું સંવર્ધન કર્યું હતું.

કોટી કોટી વંદના ગચ્છના આદ્યમહાપુરુષના ચરણે...

### ❖ સમન્વય દૃષ્ટિ ❖

✪ ॥૧॥ પરસ્પર સંઘની વૃદ્ધિ ॥૧ કોઈ પણ સાધુ-સાધ્વી કે તેના સમુદાયના અવર્ણવાદ બોલવા નહિ. ॥૨ પરસ્પર આક્ષેપોવાળા લેખો કે છાપાં લખવાં કે લખાવવાં નહિ તથા વ્યાખ્યાનમાં પણ આક્ષેપ કરવા નહિ. ॥૩ કોઈનો કોઈ જાતનો દોષ જણાય તો તેમને મળીને સુધારો કરવા પ્રેરણા કરવી અને તેમણે પણ તે દોષ સુધારવા પ્રયત્ન કરવો. ॥૪ લોકોમાં ભિન્નતા ન દેખાય તેમ પરસ્પર ઉચિતતાએ વર્તવું.

વિજયવલ્લભસૂરિ

('વિ.સં. ૧૯૯૦ મુનિસંમેલન પટ્ટક'માંથી સાભાર)



## પ.પૂ. આચાર્યદેવ શ્રી અમૃતસૂરીશ્વરજી મહારાજા

| | |
|---|---|
| સંસારી નામ | : અંબાલાલ |
| જન્મતિથિ તથા સ્થળ | : વિ. સં. ૧૯૫૫, આસો સુદ-૨, સોજિત્રા (ખેડા) |
| માતાનું નામ | : શ્રી પરશનબેન |
| પિતાનું નામ | : શ્રી માણેકચંદભાઈ |
| ગુરુનું નામ | : પ. પૂ. મુનિશ્રી કર્પૂરવિજયજી મ. સા. |
| દીક્ષા તિથિ તથા સ્થળ | : વિ. સં. ૧૯૮૦, કારતક સુદ-૧૫, મહેસાણા |
| આચાર્યપદવી તિથિ તથા સ્થળ | : વિ. સં. ૧૯૯૯, ફાગણ સુદ-૧૦, વિદ્યાશાળા, અમદાવાદ |
| દીક્ષા પર્યાય | : ૪૩ વર્ષ |
| કુલ આયુષ્ય | : ૬૮ વર્ષ |
| સ્વર્ગારોહણ તિથિ તથા સ્થળ | : વિ. સં. ૨૦૨૩, ફાગણ સુદ-૧૦, વીંછીયા |

## પ.પૂ. આચાર્યદેવ શ્રી અમૃતસૂરીશ્વરજી મહારાજા

પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજ જૈનશાસનના પ્રભાવક આચાર્ય હતા.

સુધારકોનાં લખાણ સામે તેમણે 'વીરશાસન'માં સિદ્ધાંતરક્ષાના લેખો લખ્યા અને જૈન સંઘમાં ખૂબ જાણીતા થયા. ઉપરાંત, પૂજ્યશ્રીમાં પૂજા ભણાવવાની અને બાલજીવોને ધર્મમાં જોડવાની કળા સુંદર હતી. જેથી અનેક શહેરોમાં કે ગામડાંઓમાં, જ્યાં જ્યાં તેઓશ્રીની સ્થિરતા હોય ત્યાં જિનભક્તિનો જુવાળ ઊમટતો અને બાલજીવો સારી રીતે ધર્મમાં જોડાતા. તેઓશ્રીના ઉપદેશથી સં. ૧૯૮૯માં શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાળાની સ્થાપના થઈ.

પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજ કવિ પણ હતા. પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજના પ્રાથમિક માર્ગદર્શનથી તેઓએ સ્તવનાદિ રચ્યા હતા અને પછી બાળજીવોને ભક્તિમાં જોડવા માટે સં.૨૦૦૩થી પૂજાઓની રચના પણ કરી હતી. તેમાં તેઓશ્રીએ અનેક ઉપયોગી પૂજાઓ રચી છે. તેની ઢાળો સરસ હોવાથી ભાવિકો ભક્તિપૂર્વક, ભારે ઉલ્લાસથી ગાઈ શકે છે અને ભક્તિનો આનંદ પ્રાપ્ત કરી શકે છે.

પૂજ્યશ્રી ગુજરાતમાં બોરસદ, પાંથાવાડા, લોદ્રા વગેરે અનેક ક્ષેત્રોમાં જાગૃતિ લાવ્યા હતા. સૌરાષ્ટ્રના હાલાર પ્રદેશમાં અને છેલ્લે ઝાલાવાડ તથા બોટાદ વિસ્તારમાં વઢવાણ, લીંબડી, કારિયાણી, અલાઉ આદિ ગ્રામનગરોમાં વિચરી ત્યાંની ગ્રામપ્રજામાં સુંદર ધર્મજાગૃતિ લાવ્યા હતા. તપાગચ્છ ઉપાશ્રય તેઓશ્રીના ઉપદેશથી નિર્માણ થયો હતો. હાલાર પ્રદેશમાં અનેક દેરાસરોનાં નવનિર્માણ થયાં અને પડાણા હોવાથી જામનગરમાં અંજનશલાકાઓ થઈ હતી. જેના ફળસ્વરૂપે પૂજ્યશ્રી 'હાલાર દેશોદ્ધારક' કહેવાયા.

કોટી કોટી વંદના ગચ્છના આદ્યમહાપુરુષના ચરણે...



## પ.પૂ. આચાર્યદેવ શ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજા

| | | |
|---|---|---|
| સંસારી નામ | : | ભાઈચંદ |
| જન્મતિથિ તથા સ્થળ | : | વિ.સં.૧૯૬૦, શ્રાવણ સુદ-૧૧, વઢવાણ (સુરેન્દ્રનગર) |
| માતાનું નામ | : | શ્રી છબલબહેન |
| પિતાનું નામ | : | શ્રી હીરાચંદભાઈ |
| ગુરુનું નામ | : | પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજય પ્રતાપસૂરીશ્વરજી મ.સા. |
| દીક્ષા તિથિ તથા સ્થળ | : | વિ.સં.૧૯૭૬, મહા સુદ-૧૧, સાંગણપુર |
| આચાર્યપદવી તિથિ તથા સ્થળ | : | વિ.સં. ૨૦૦૭, પોષ વદ-૫, મુંબઈ |
| દીક્ષા પર્યાય | : | ૬૨ વર્ષ |
| કુલ આયુષ્ય | : | ૭૮ વર્ષ |
| સ્વર્ગારોહણ તિથિ તથા સ્થળ | : | વિ.સં. ૨૦૩૮, ફાગણ સુદ-૧૩, મુંબઈ |

## પ.પૂ. આચાર્યદેવ શ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજા

આચાર્યદેવ શ્રીમદ્વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ જૈન ધર્મના સિદ્ધાંતોના અભ્યાસી, કર્મશાસ્ત્રોનાં રહસ્યવેત્તા, દ્રવ્યાનુયોગના નિષ્ણાત, પરમ પ્રભાવી ગુરુભગવંત હતા.

તેઓશ્રીના હસ્તે સોએક જિનમંદિરોના જિર્ણોદ્ધાર થયા છે. સમ્યગ્જ્ઞાન ધાર્મિક શિક્ષણના પ્રચાર-પ્રસાર માટે પૂજ્યશ્રીએ ઘણું લક્ષ આપ્યું હતું. તેઓશ્રી ચાતુર્માસ દરમિયાન અને શેષકાળમાં વિશાળ સંખ્યામાં સાધુ-સાધ્વીઓ અને શ્રાવક-શ્રાવિકાઓને કર્મગ્રંથાદિની વાચનાઓ આપતા. પૂજ્યશ્રીની પ્રેરણાથી મુંબઈ-ગોડીજીમાં જગદ્ગુરુ શ્રી હીરસૂરિજી સંસ્કૃત-પ્રાકૃત પાઠશાળા સ્થપાઈ અને તેના શિક્ષકો તથા વિદ્યાર્થીઓના ઉત્કર્ષ માટે કાયમી ફંડની વ્યવસ્થા થઈ.

તેઓના ઉપદેશથી સ્થપાયેલ શ્રી મુક્તિ-કમલ-મોહન જૈન ગ્રંથમાળા દ્વારા અનેક ધાર્મિક પ્રકાશનો થયા હતા. પૂજ્યશ્રીએ વિ. સં. ૧૯૯૦માં સંસ્કૃત ભાષામાં ૬ હજાર શ્લોકપ્રમાણ નવતત્ત્વ પ્રકરણ ઉપર સુમંગલા ટીકાનું સર્જન કર્યું હતું. જૈન ભૂગોળનો મહાગ્રંથ લઘુક્ષેત્ર સમાસ, શતક નામનો પાંચમો કર્મગ્રંથ, ષટ્ત્રિંશિકાચતુષ્કપ્રકરણ, પ્રશ્નોત્તરમોહનમાળા, શ્રાદ્ધપ્રતિક્રમણ વંદિત્તુ સૂત્ર આદિના સવિસ્તર અનુવાદો પણ તેઓશ્રીએ કર્યા હતા. તેઓશ્રીએ આગમ ગ્રંથોનું સુવર્ણાક્ષરે આલેખન કરાવેલ છે.

મુંબઈમાં તેમના ઉપદેશથી ૧૦૦થી વધુ જિનાલયો નવનિર્મિત કે જીર્ણોદ્ધારીત થયા છે. સાથે અનેક ઉપાશ્રયો, પાઠશાળાઓ, આયંબિલ-ભવનોનું પણ નવનિર્માણ કે નવપલ્લવીત કરાવવાનું શ્રેય તેમને મળેલ છે. પૂજ્યશ્રીની પ્રેરણાથી સદ્વ્યય રૂપે કરોડો રૂપિયાનો દાનપ્રવાહ વહ્યો છે. શ્રમણી વિહાર-પાલિતાણાના નામકરણ માટે ભારતના તત્કાલીન માનનીય વડાપ્રધાનશ્રી મોરારજી દેસાઈ પધાર્યા હતા.

કોટી કોટી વંદના ગચ્છના આદ્યમહાપુરુષના ચરણે...

## ❖ સમન્વય દૃષ્ટિ ❖

✪ તપાગચ્છ હો અંચલગચ્છ હો કે પાર્શ્વચન્દ્રગચ્છ વગેરે ગમે તે ગચ્છ હો, ત્યારે સહુ કોઈની દૃષ્ટિ પોતાનાં ધર્મકાર્યો માટે પૂજ્યશ્રી પર ઠરતી. પૂજ્યશ્રી પણ પોતાના પ્રબળ પુણ્યોદયનો ઉપયોગ ગચ્છ કે પક્ષના કોઈ પણ ભેદભાવ વિના સમાનભાવે શાસનહિતની બુદ્ધિથી કરતાં.

✪ આ મહોત્સવની બીજી વિશેષતા એ હતી ત્રણ ગચ્છનો ત્રિવેણીસંગમ. ચેમ્બુરતીર્થનાં નિર્માણમાં અને પ્રસ્તુત પ્રતિષ્ઠા મહોત્સવનાં એક એક આયોજનોમાં પ્રેરક આપણા પૂજ્યશ્રી ભલે તપાગચ્છીય આચાર્યપ્રવર હતા. પરંતુ એમની પ્રેરણાને ઝીલનાર ચેમ્બુરવાસીઓ તો તપાગચ્છ-અંચલગચ્છ-પાયચંદગચ્છ : એમ ત્રણેય ગચ્છના હતા. પરંતુ આપણા પૂજ્યશ્રીએ એવા ઔદાર્યપૂર્વક-સૌહાર્દપૂર્વક સૌની સાથે કામ લીધું કે એમાં ક્યાંય ગચ્છભેદ અવરોધક ન બને. સૌને માત્ર શાસનરાગ જ ઉભરાયા કરે. પૂજ્યશ્રીની કાર્યશૈલીની આ નાનીસૂની સિદ્ધિ ન હતી. આજે જ્યાં એક જ ગચ્છના છતાં વિભિન્ન સમુદાયોના રાગી અનુયાયીઓનેય એક સૂત્રે બાંધીને આગળ વધવું મહામુશ્કેલ લાગે છે, ત્યારે પૂજ્યશ્રી તો ત્રણ-ત્રણ અલગ ગચ્છના અનુયાયીઓને પ્રેમથી એકસૂત્રે બાંધીને આગળ વધી શકતા હતા. પરાકાષ્ઠા તો ત્યાં જોવા મળે છે કે ચેમ્બુરના હર કોઈ ગચ્છના શ્રાવક-શ્રાવિકાઓને પૂજ્યશ્રી માટે 'અમારા મહારાજ સાહેબ' જેવી લાગણી આજે'ય છે. પૂજ્યશ્રીની ઉમદા મનોવૃત્તિને આભારી આ સિદ્ધિ પ્રતિષ્ઠા મહોત્સવમાં'ય નિહાળવા મળતી. પ્રતિષ્ઠામાં માત્ર તપાગચ્છીય નહિ, પાર્શ્વચન્દ્રગચ્છીય શ્રમણો ય હતા. પ્રતિષ્ઠાનાં કાર્યોમાં પણ ત્રણે ય ગચ્છના ભાવિકો અગ્રભાગ ભજવતા હતા. ચેમ્બુરમાં ત્રણે ગચ્છોનો ત્રિવેણીસંગમ સમો ભાવ જામ્યો એ પ્રતિષ્ઠામહોત્સવની બીજી વિશેષતા હતી.....

('યુગદિવાકર'માંથી સાભાર)

## મધ્યસ્થભાવ વિશે કંઈક વિશેષ જાણીએ...

વિ.સં. ૧૭૮૮માં આચાર્ય શ્રીમાનસૂરિ મ.સા.ની આજ્ઞાથી શ્રી લાવણ્યવિજય ગણિએ લખેલા પટ્ટકની એક કલમ :

લોક આગળ સુવિહિતગચ્છનાં ગુણ ઢાંકી દોષ પ્રકાશી લોકને વ્યુદ્‌ગ્રહસહિત કરી વંદનપૂજનાદિક વ્યવહાર ટળાવે તે શાસનોચ્છેદક સદ્દહવા.

સૂચિતાર્થો :

૧. ગચ્છો કે સમુદાયો વચ્ચે માન્યતાભેદ કે સામાચારીભેદ સંભવી શકે. તે છતાં, પરસ્પર ગુણાનુરાગ, વાત્સલ્ય, આદર અને અમી નજર તો હોવા જ જોઈએ. ભિન્ન માન્યતા કે ભિન્ન સામાચારીને કારણે અન્ય શ્રમણોને મિથ્યાત્વી, કુગુરુ, અવંદનીય કે અનુકંપાપાત્ર ગણાવવા તે અનેક જીવોને પરમતારક એવી શ્રમણસંસ્થા અને શ્રમણધર્મ પ્રત્યે અનાદરવાળા કરી તેમને દુર્લભબોધિ બનાવવાનું થાય છે.

ગણિ મુક્તિવલ્લભવિજયજી મ. સા.

(પૂ. આ. જયઘોષસૂરીશ્વરજી મહારાજાના આશીર્વાદ તથા પૂ. આચાર્ય હેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણા-માર્ગદર્શનથી છપાયેલ 'સાધુમર્યાદા પટ્ટક સંગ્રહ' પુસ્તકની પ્રસ્તાવનામાંથી સાભાર)



## પ.પૂ. આચાર્યદેવ શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજા

| | | |
|---|---|---|
| સંસારી નામ | : | અક્ષયરાજજી |
| જન્મતિથિ તથા સ્થળ | : | વિ.સં. ૧૯૮૦, વૈશાખ સુદ-૨, ફલોદી, રાજસ્થાન |
| માતાનું નામ | : | શ્રી ક્ષમાબહેન |
| પિતાનું નામ | : | શ્રી પાબુદાનજી |
| ગુરુનું નામ | : | પ. પૂ. મુનિશ્રી કંચનવિજયજી મ. સા. |
| દીક્ષા તિથિ તથા સ્થળ | : | વિ.સં. ૨૦૧૦, વૈશાખ સુદ-૧૦, ફલોદી, રાજસ્થાન |
| આચાર્યપદવી તિથિ તથા સ્થળ | : | વિ.સં. ૨૦૨૯, માગસર સુદ-૩, ભદ્રેશ્વર તીર્થ, કચ્છ |
| દીક્ષા પર્યાય | : | ૪૮ વર્ષ |
| કુલ આયુષ્ય | : | ૭૮ વર્ષ |
| સ્વર્ગારોહણ તિથિ તથા સ્થળ | : | વિ.સં. ૨૦૫૮, મહા સુદ-૪, કેશવણા, રાજસ્થાન |

## પ.પૂ. આચાર્યદેવ શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજા

પ્રભુભક્તિની વાત આવે એટલે કલાપૂર્ણસૂરિ યાદ આવે.....

અને


કલાપૂર્ણસૂરિની યાદ આવે એટલે પ્રભુભક્તિની વાત આવે.....

પ્રભુભક્તિ અને કલાપૂર્ણસૂરિ એક સિક્કાની બે બાજુ છે.....

વર્તમાન શ્રીસંઘનો એકે'ય વ્યક્તિ એવો નહિ હોય જે પ્રભુભક્ત તરીકેની પૂજ્યશ્રીની કીર્તિગાથાથી અજાણ હોય. તેઓએ ૪૮ વર્ષના દીક્ષાપર્યાયમાં કાયોત્સર્ગ, ધ્યાન, જાપ અને પ્રભુભક્તિ દ્વારા પોતાના આત્માને અનેક શુભભાવોથી વાસિત કરેલો હતો. તેઓએ રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, કર્ણાટક, તમિલનાડુ, આંધ્રપ્રદેશ વગેરે અનેક ક્ષેત્રોમાં વિચરણ કર્યું હોવા છતાં કચ્છ-વાગડ તેઓની મુખ્ય કર્મભૂમિ હતી. અદ્‌ભુત પુણ્યના સ્વામી હોવાના નાતે તેમની નિશ્રામાં અનેક ભવ્ય શાસનપ્રભાવક છ'રિપાલિત સંઘો, દીક્ષા, પ્રતિષ્ઠા, ઉપધાન વગેરે કાર્યો સંપન્ન થયા હતા. દીક્ષા બાદ સતત ૩૫ વર્ષો સુધી નિત્ય એકાસણાનો તપ તેમણે જાળવી રાખ્યો હતો. તે સિવાય વીશસ્થાનક, ૧૬ ઉપવાસ, ૮ ઉપવાસ, ઓળી વગેરે તપધર્મને પણ આચરનારા હતા.

વાંચનારને પ્રભુભક્તિમાં તરબોળ કરી દે તેવું સાહિત્ય પણ તેઓ દ્વારા નિર્માણ થયેલું છે.

કોટી કોટી વંદના ગચ્છના આદ્યમહાપુરુષના ચરણે...



## પ.પૂ. આચાર્યદેવ શ્રી હિમાચલસૂરીશ્વરજી મ.સા.

| | | |
|---|---|---|
| સંસારી નામ | : | હિરાચંદજી |
| જન્મતિથિ તથા સ્થળ | : | વિ. સં. ૧૯૬૪, જેઠ સુદ-૧૧, કેલવાડા (મેવાડ) |
| માતાનું નામ | : | શ્રી પાનીબેન |
| પિતાનું નામ | : | શ્રી ગુલાબચંદ |
| ગુરુનું નામ | : | પ. પૂ. પંન્યાસ શ્રી હિતવિજયજી મ. સા. (અનુયોગાચાર્ય) |
| દીક્ષા તિથિ તથા સ્થળ | : | વિ. સં. ૧૯૮૦, ઘાણેરાવ (મારવાડ) |
| આચાર્યપદવી તિથિ તથા સ્થળ | : | વિ. સં. ૨૦૦૧, ઘાણેરાવ (મારવાડ) |
| દીક્ષા પર્યાય | : | ૬૩ વર્ષ |
| કુલ આયુષ્ય | : | ૭૯ વર્ષ |
| સ્વર્ગારોહણ તિથિ તથા સ્થળ | : | વિ. સં. ૨૦૪૩, કારતક સુદ-૧૨, ઘાણેરાવ (મારવાડ) |

## પ.પૂ. આચાર્યદેવ શ્રી હિમાચલસૂરીશ્વરજી મહારાજા

પૂજ્યશ્રીનું મુનિ અવસ્થાનું નામ શ્રી હિંમતવિજયજી હતું. મારવાડ-મેવાડમાં તેઓશ્રીની પ્રેરણા અને નિશ્રામાં અનેક જિનમંદિરોના જીર્ણોદ્ધાર, નવનિર્માણ, તીર્થોદ્ધાર, અંજનશલાકા, પ્રતિષ્ઠા, યાત્રાસંઘો, ઉપધાન આદિ તપારાધનાઓ અને શાસનપ્રભાવનાનાં નાનાં-મોટાં અનેક ધર્મકાર્યો થયાં છે, પરિણામે તેઓશ્રીનું નામ એ ક્ષેત્રોમાં સીમાચિહ્ન બની રહ્યું છે !

શ્રી નાકોડા તીર્થ આજે જે સુવિખ્યાત અને સુવિશાળ બન્યું છે, તેના પાયામાં પૂજ્યશ્રીનું યોગદાન મહત્ત્વપૂર્ણ રહ્યું છે. અહીં વિ. સં. ૧૯૯૧, ૨૦૧૬ અને ૨૦૨૯માં પૂજ્યશ્રીના વરદહસ્તે અનેક જિનપ્રતિમાજીઓ, દેવ-દેવીઓની મૂર્તિઓ, ગુરુમૂર્તિઓ, ચરણપાદુકાઓ, તીર્થપટ્ટો વગેરેની ભવ્યાતિભવ્ય મહોત્સવપૂર્વક અંજનશલાકા-પ્રતિષ્ઠા થઈ હતી. પૂજ્ય આચાર્ય ભગવંત દ્વારા રાજસ્થાનના અન્ય પણ અનેક તીર્થો-સ્થાનોમાં પ્રતિષ્ઠાદિ કાર્યો યાદગાર રીતે સુસંપન્ન થયા હતા. પૂજ્યશ્રી પાછલી અવસ્થામાં ઘાણેરાવમાં સ્થિરવાસ રહ્યા હતા, ત્યાં પણ તેઓશ્રીની પ્રેરણાથી 'કીર્તિસ્તંભ'નું ભવ્ય નિર્માણ થયું છે.

કોટી કોટી વંદના ગચ્છના આદ્યમહાપુરુષના ચરણે...



## પ.પૂ. આચાર્યદેવ શ્રી શાંતિવિમલસૂરીશ્વરજી મ.સા.

| | | |
|---|---|---|
| સંસારી નામ | : | ક્ષેમચંદ્ર |
| જન્મતિથિ તથા સ્થળ | : | વિ.સં. ૧૯૫૯, ભાદરવા સુદ-૫, જેતૂનગર, (રાજસ્થાન) |
| માતાનું નામ | : | શ્રી યમુના દેવી |
| પિતાનું નામ | : | શ્રી માલદેવજી |
| ગુરુનું નામ | : | શ્રી હિંમતવિમલજી મ.સા. |
| ગચ્છનું નામ | : | વિમલ ગચ્છ |
| દીક્ષા તિથિ તથા સ્થળ | : | વિ.સં.૧૯૮૩, જેઠ સુદ-૩, તળેગામ, મહારાષ્ટ્ર |
| આચાર્યપદવી તિથિ તથા સ્થળ | : | વિ.સં. ૨૦૨૦, મહા સુદ-૪, ઊપરિયાળા તીર્થ |
| દીક્ષા પર્યાય | : | ૫૭ વર્ષ |
| કુલ આયુષ્ય | : | ૮૧ વર્ષ |
| સ્વર્ગારોહણ તિથિ તથા સ્થળ | : | વિ. સં. ૨૦૪૦, વૈશાખ સુદ-૧૧, પાલિતાણા |

## પ.પૂ. આચાર્યદેવ શ્રી શાંતિવિમલસૂરીશ્વરજી મ.સા.

શ્રી મહાવીરપ્રભુની શ્રમણ પરંપરામાં જગતવિખ્યાત જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિ થયા. તેમની શિષ્યપરંપરામાં મુખ્યત્વે ત્રણ શાખાઓનો વટવૃક્ષ જેવો વિસ્તાર છે. સાગરશાખા, વિજયશાખા અને વિમલશાખાના નામે ઓળખાતી આ ત્રણે શાખાઓએ જિનશાસનને ચરણે સમર્થ, પ્રભાવક એવા મહાન આચાર્યો અને સાધુઓની મહામૂલી ભેટ ધરી છે. આ ત્રણે શાખાઓ પૈકી વિમલશાખાનો પણ એક અનોખો અને ગૌરવવંતો ઈતિહાસ છે.

આ શાખામાં ત્યાગપ્રધાન, ક્રિયાપ્રધાન અનેક મુનિપુંગવો થયા છે. તેમાં એક નામ પ. પૂ. આ. શ્રી જ્ઞાનવિમલસૂરિ મહારાજાનું છે. તેમણે ગુજરાતી ગેયસાહિત્યને સમૃદ્ધ કરવામાં પોતાનો ઘણો મોટો ફાળો આપ્યો છે, તદુપરાંત, સંસ્કૃત આદિ ભાષાઓમાં પણ તેમણે અદ્‌ભુત સાહિત્યનું સર્જન કર્યું છે.

પં. શ્રી મુક્તિવિમલ ગણિ મહારાજા વિમલશાખાના બીજા પ્રકાશમાન સિતારા છે, જેમણે કલ્પસૂત્રની વિખ્યાત સુબોધિકા ટીકાનો સંક્ષેપ કર્યો છે. એ સિવાય પણ તેમણે અનેક પ્રૌઢ ગ્રંથોની રચના કરી છે. આવું જ એક નામ પંન્યાસપ્રવર શ્રી કલ્યાણવિમલજી મહારાજાનું પણ છે, જેમના સદુપદેશથી ગિરિરાજની યાત્રા કર્યા બાદ અપાતા ભાતાઘરની સ્થાપના થઈ હતી.

આ જ વિમલશાખામાં પ.પૂ. આ. શ્રી શાંતિવિમલસૂરિ મહારાજ પણ થયા. શ્રી શાંતિવિમલજી મહારાજની ગુરુસેવા અદ્‌ભુત હતી. તેઓ ગુરુનિશ્રાએ કાયમ માટે રહી, ગુરુનો પડ્યો બોલ ઝીલી ગુરુકૃપાને પ્રાપ્ત કરી હતી.

પૂજ્યશ્રીએ રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત, સૌરાષ્ટ્ર આદિ પ્રાંતોમાં વિહાર કર્યો છે. અનેક તીર્થોની યાત્રાઓ, અનેક પ્રતિષ્ઠાઓ, સંઘયાત્રાઓ, તપ-ઉત્સવો આદિ શાસન હિતકારી અનેકવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય રીતે સંકળાયેલા રહ્યા છે. તેમના ઉપદેશથી પ્રતિબદ્ધ થઈને અનેક પુણ્યાત્માઓ એમનાં ચરણે દીક્ષિત થયા છે.

કોટી કોટી વંદના ગચ્છના આદ્યમહાપુરુષના ચરણે...



## પ.પૂ. શ્રી મોહનલાલજી મહારાજ

| | |
|---|---|
| સંસારી નામ | : મોહન |
| જન્મતિથિ | : વિ.સં. ૧૮૮૭, વૈશાખ સુદ-૭, ચાંદપુર, ઉત્તરપ્રદેશ |
| માતાનું નામ | : શ્રી સુંદરીબાઈ |
| પિતાનું નામ | : શ્રી બાદરમલ |
| ગુરુનું નામ | : પ. પૂ. આચાર્યદેવ શ્રી જિનસુખસૂરીશ્વરજી મ. સા. |
| યતિદીક્ષા તિથિ તથા સ્થળ | : વિ.સં. ૧૯૦૩, શ્રી મહેન્દ્રસૂરિ હસ્તક, મક્ષીજી તીર્થ |
| સંવેગીદીક્ષા તિથિ તથા સ્થળ | : વિ.સં. ૧૯૩૦, અજમેર, રાજસ્થાન |
| દીક્ષા પર્યાય | : ૩૩ વર્ષ |
| કુલ આયુષ્ય | : ૭૬ વર્ષ |
| સ્વર્ગારોહણ તિથિ તથા સ્થળ | : વિ.સં.૧૯૬૩, ચૈત્ર વદ-૧૨, સુરત |


## પ.પૂ. શ્રી મોહનલાલજી મહારાજ

પૂજ્યપાદ મુનિપ્રવરશ્રી મોહનલાલજી મહારાજ એક વિદ્વાન હોવા ઉપરાંત સાચા વૈરાગી સંત હતા. ઉત્તરપ્રદેશમાં જન્મ્યા હોવા છતાં એમણે ગુજરાતને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું. ગુજરાતમાં પણ ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને મુંબઈને એમનો વિશેષ લાભ મળ્યો. સુરત, નવસારી, પાલિતાણા, ઓસિયાજી અને મુંબઈમાં એમણે જૂના જિનાલયોનો જિર્ણોદ્ધાર કરાવ્યો તથા નવા મંદિરોની સ્થાપના માટે પ્રેરણા આપી. અનેક અલભ્ય પુસ્તકો એકઠાં કરી સુરતમાં જ્ઞાનભંડારની સ્થાપના કરી. તેઓશ્રી અનેક શુભકાર્યોનાં પ્રેરણામૂર્તિ બની રહ્યા.

તેમના સિરોહીના ચાતુર્માસ દરમિયાન ત્યાંના રાજવી શ્રી કેસરીસિંહજીએ પોતાના રાજ્યમાં દર વર્ષે શ્રાવણ વદ-૧૧થી ભાદરવા સુદ-૧૧ સુધીના ૧૫ દિવસ દરમિયાન પ્રાણીઓની હિંસા અને કતલ પર પ્રતિબંધ મૂક્યો હતો. રોહીડા ગામમાં જૈન મંદિર બનાવવાની પરવાનગી આપી હતી. બ્રાહ્મણવાડાના જૈન મંદિરનો વહીવટ બ્રાહ્મણો પાસેથી લઈને જૈનોને સોંપ્યો હતો.

મુંબઈ તથા દક્ષિણ ગુજરાતમાં જૈન ધર્મના પ્રચારક તરીકે પણ એમનું નોંધપાત્ર પ્રદાન છે. મુંબઈ, સુરત, પાલિતાણા વગેરે સ્થળોનાં દેરાસરોમાં એમની આરસની મૂર્તિઓ સ્થાપી એમની સ્મૃતિ કાયમી બનાવવામાં આવી છે. પૂજ્યશ્રીના જીવન વિશે પ્રકાશ પાથરતો એક સ્મૃતિ ગ્રંથ 'શ્રી મોહનલાલજી અર્ધશતાબ્દી સ્મારક ગ્રંથ' પણ પ્રકાશિત થયેલ છે.

કોટી કોટી વંદના ગચ્છના આદ્યમહાપુરુષના ચરણે...



## પ.પૂ. આચાર્યદેવ શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજા

| | |
|---|---|
| સંસારી નામ | : રત્નરાજ |
| જન્મતિથિ તથા સ્થળ | : પોષ સુદ-૭, વિ.સં. ૧૮૮૩, ભરતપુર, રાજસ્થાન |
| માતાનું નામ | : શ્રીમતી કેસરબાઈ |
| પિતાનું નામ | : શ્રી ઋષભદાસજી પારખ |
| ગુરુનું નામ | : પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજયપ્રમોદસૂરીશ્વરજી મ.સા. |
| દીક્ષા તિથિ તથા સ્થળ | : વિ.સં. ૧૯૦૪, વૈશાખ સુદ-૫, ઉદયપુર |
| આચાર્યપદવી તિથિ તથા સ્થળ | : વિ.સં. ૧૯૨૪, વૈશાખ સુદ-૫, આહોર, રાજસ્થાન |
| દીક્ષા પર્યાય | : ૫૯ વર્ષ |
| કુલ આયુષ્ય | : ૮૦ વર્ષ |
| સ્વાર્ગારોહણ તિથિ તથા સ્થળ | : વિ.સં. ૧૯૬૩, પોષ સુદ-૬, રાજગઢ, જિલ્લો - ધાર (મ.પ્ર.) |

## પ.પૂ. આચાર્યદેવ શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજા

જે કાળમાં યતિવર્ગમાં શિથિલાચાર વ્યાપી ગયો હતો. શ્રીસંઘ પર શ્રમણ સંસ્થાનું વર્ચસ્વ તૂટી રહ્યું હતું. આવા કપરા કાળમાં શ્રીમદ્‌વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજે સમર્થ સાધુ તરીકે ક્રિયોદ્ધાર કર્યો. ચુસ્ત આચાર સાથેનું પહેલું ચાતુર્માસ તેઓશ્રીએ ખાચરોદમાં કર્યું. એ ચાતુર્માસમાં શુદ્ધ ક્રિયામાર્ગની પ્રરૂપણા કરી.

પૂજ્ય આ. શ્રી વિજય રાજેન્દ્રસૂરિ મહારાજાના જીવનનું જાગતિક મહત્ત્વનું કાર્ય છે, 'અભિધાન રાજેન્દ્ર કોષ' નામના વિશ્વકોષની રચના. આ વિશાળકાય કોષ સાત ભાગમાં પૂર્ણ થયો છે. દસ હજાર પાંચસો છાસઠ પૃષ્ઠોમાં લગભગ સાંઈઠ હજાર શબ્દોની શાસ્ત્રાધારો પૂર્વકની વ્યાખ્યા કરવામાં આવી છે. આ કોષ માત્ર શબ્દોના અર્થોનો જ સંગ્રહ નથી, પણ એમાં શબ્દથી સંબંધિત મત-મતાંતર, ઈતિહાસ આદિનું સંકલન છે. ન્યાય, દર્શન, જ્યોતિષ, ધર્મ, અલંકાર ઈત્યાદિ વિષયક પ્રમાણો પણ એમાં ઉપલબ્ધ છે. આધુનિક સાધનોની અછતના કાળમાં 'અભિધાન રાજેન્દ્ર કોષ'ની રચના કરીને તેઓશ્રીમદે વિશ્વપુરુષોની અગ્રિમ શ્રેણીમાં પોતાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.


આ ઉપરાંત તેઓશ્રીમદે નાના-મોટા કુલ ૬૧ ગ્રંથોની રચના કરી છે. તેમાં અભિધાનરાજેન્દ્ર, પાઈઅ સદ્દબુહી, શ્રી કલ્પસૂત્ર બાલાવબોધ, કલ્પસૂત્રાર્થપ્રબોધિની, શ્રી સિદ્ધચક્ર પૂજા, શ્રી મહાવીર પંચકલ્યાણક પૂજા, દેવવંદનમાળા ઈત્યાદિ ગ્રંથો પ્રસિદ્ધ છે. એ સિવાય, માંગીતુંગી પહાડના જંગલોમાં તેઓશ્રીએ છ છ મહિના સુધી અઠ્ઠાઈના પારણે અઠ્ઠાઈ કરીને નવકાર મંત્રની આરાધના કરી હતી. માંગીતુંગી પર્વત, સ્વર્ણગિરિ પર્વત (જાલોર) અને મોદરાનું ચામુંડ વન એ બધા સ્થાનો તેઓશ્રીના તપસ્યાના સ્થાન હતા. ધર્મના તેમજ લોકોપકારના અનેક કામો કરી તેઓશ્રીમદે પોતાના જીવનમાં અખૂટ યશ ઉપાર્જિત કર્યો.

કોટી કોટી વંદના ગચ્છના આદ્યમહાપુરુષના ચરણે...

### ❖ સમન્વય દૃષ્ટિ ❖

✪ ॥૧॥ પરસ્પર સંઘની વૃદ્ધિ ॥૧ કોઈ પણ સાધુ-સાધ્વી કે તેના સમુદાયના અવર્ણવાદ બોલવા નહિ. ॥૨ પરસ્પર આક્ષેપોવાળા લેખો કે છાપાં લખવાં કે લખાવવાં નહિ તથા વ્યાખ્યાનમાં પણ આક્ષેપ કરવા નહિ. ॥૩ કોઈનો કોઈ જાતનો દોષ જણાય તો તેમને મળીને સુધારો કરવા પ્રેરણા કરવી અને તેમણે પણ તે દોષ સુધારવા પ્રયત્ન કરવો. ॥૪ લોકોમાં ભિન્નતા ન દેખાય તેમ પરસ્પર ઉચિતતાએ વર્તવું.

વિજયભૂપેન્દ્રસૂરિ (ત્રિસ્તુતિક સમુદાય)
('વિ.સં. ૧૯૯૦ મુનિસંમેલન પટ્ટક'માંથી સાભાર)



## પ.પૂ. આચાર્યદેવ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજા (અચલ ગચ્છ)

| | | |
|---|---|---|
| સંસારી નામ | : | વયજાકુમાર |
| જન્મતિથિ તથા સ્થળ | : | વિ.સં.૧૧૩૬, શ્રાવણ સુદ-૯, દંતાણી (આબુતીર્થ પાસે) |
| માતાનું નામ | : | શ્રી દેદી |
| પિતાનું નામ | : | શ્રી દ્રોણ |
| ગુરુનું નામ | : | પ. પૂ. આચાર્યદેવ શ્રી જયસિંહસૂરીશ્વરજી મ. સા. |
| ગચ્છનું નામ | : | અચલ ગચ્છ |
| દીક્ષા તિથિ તથા સ્થળ | : | વિ.સં. ૧૧૪૨, વૈશાખ સુદ-૮, દંતાણી |
| દીક્ષા નામ | : | મુનિ શ્રી વિજયચંદ્ર |
| આચાર્યપદવી તિથિ તથા સ્થળ | : | સં. ૧૧૫૯, માગસર સુદ-૩, ભાલેજ |
| બીજી વાર આચાર્યપદ પ્રદાન | : | વિ. સં.૧૧૬૯, વૈશાખ સુદ-૩, નામ "આર્યરક્ષિત-સૂરિ" સ્થાપન, ભાલેજ |
| દીક્ષા પર્યાય | : | ૯૪ વર્ષ |
| કુલ આયુષ્ય | : | ૧૦૦ વર્ષ |
| સ્વર્ગારોહણ તિથિ તથા સ્થળ | : | વિ.સં.૧૨૩૬, બેણપ (બનાસકાંઠા) |

## પ.પૂ. આચાર્યદેવ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજા (અચલ ગચ્છ)

ગણધરશ્રી સુધર્માસ્વામી ભગવંતની શ્રમણ પરંપરામાં ૪૭મી પાટે અચલ (વિધિપક્ષ) ગચ્છના પ્રવર્તક શ્રી આર્યરક્ષિતસૂરિ થઈ ગયા.

પૂજ્ય આર્યરક્ષિતસૂરિજીની પ્રેરણાથી બેણપના કરોડપતિ મંત્રીશ્રી કપર્દીના પુત્રી સોમાઈએ લાખોનાં આભૂષણો તજી પોતાની ૨૫ સખીઓ સાથે દીક્ષા લીધી, જેઓ સાધ્વીજી સમયશ્રીજી મહારાજના નામે અચલગચ્છમાં પ્રથમ સાધ્વી થયા. શ્રી આર્યરક્ષિતસૂરિના ઉપદેશથી પ્રતિબોધિત રાજાઓમાં સિંધના રાજા ધર્મદાસ, દિલ્હીના રાજા પૃથ્વીરાજ, હમીરજી, જેસંગદે, મંત્રીઓ ખેતલ ભાટા, ધરણા ઈત્યાદિ છે. સૂરિજીની પ્રેરણાથી અનેક લોકો જૈન ધર્મ પામ્યા.

આર્યરક્ષિતસૂરિનો પરિવાર : ૨૨૦૨ સાધુઓ અને ૧૩૧૧ સાધ્વીજીઓ મળી કુલ ૩૫૧૩ જેટલો હતો. તેમાં ૧૨ આચાર્યો, ૨૦ ઉપાધ્યાયો, ૭૦ પંન્યાસો, ૩૦૦ મહત્તરા સાધ્વીઓ, ૮૨ પ્રવર્તિની સાધ્વીઓ હતા. તેઓશ્રીએ અચલગચ્છના અધિષ્ઠાયિકા તરીકે ચક્રેશ્વરી દેવી તથા મહાકાલી દેવી સ્થાપિત કર્યા હતા.

પ. પૂ. આચાર્ય શ્રી આર્યરક્ષિતસૂરિજી મહારાજની વિચારધારાને તેઓશ્રીના પ્રશિષ્યો પ. પૂ. આચાર્ય શ્રી ધર્મઘોષસૂરિજી, પ. પૂ. આચાર્ય શ્રી મહેન્દ્રસૂરિજીએ પ્રાકૃત-સંસ્કૃતબદ્ધ 'શતપદી' અપરનામ 'પ્રશ્નોત્તરપદ્ધતિ' નામના ગ્રંથમાં અક્ષરદેહ આપેલ છે.

કોટી કોટી વંદના ગચ્છના આદ્યમહાપુરુષના ચરણે...

### ❖ સમન્વય દૃષ્ટિ ❖

✪ "જિનશાસનમાં અનંત શક્તિ રહેલી છે; છતાં પરસ્પર ટકરાવામાં વેડફાઈ રહી છે. સકલ સંઘ એક થતો હોય તો હું મારા ગચ્છની સામાચારી કે તિથિનો આગ્રહ નહિ રાખું."

અચલ ગચ્છાધિપતિ આચાર્ય શ્રી ગુણસાગરસૂરિજી મ. સા.

('કહે કલાપૂર્ણસૂરિ-૩'માંથી સાભાર)


## ❖ સમન્વય દૃષ્ટિ ❖

**नियसंताणवसेणं सामायारीओ इत्थ भिन्नाओ ।**
**पिच्छंता इह संकं माहु गमिच्छा सया कालं ।।६६।।**

**बहुविहसामायारीओ दट्ठु मा मोहमिंतु सीस त्ति ।**
**एसा सामायारी लिहिया नियगच्छपडिबद्धा ।।७।।**

**आगमआयरणाहिं जं किंचि विरुद्धमित्थ मे लिहियं ।**
**तं सोहिंतु सुयधरा अमच्छरा मह किवं काउं ।।८।।**

**ખરતરગચ્છપ્રકાશક આચાર્ય શ્રીમદ્ જિનપ્રભસૂરીશ્વરજી મ. સા.**
**('વિધિમાર્ગપ્રપા' યોગવિધાન પ્રકરણ, ગાથા-૬૬ / ગ્રંથપ્રશસ્તિ ગાથા-૭-૮)**



## પ.પૂ. આચાર્યદેવ શ્રી જિનદત્તસૂરીશ્વરજી મહારાજા (ખરતરગચ્છ)

| | | |
|---|---|---|
| સંસારી નામ | : | સોમચંદ્ર |
| જન્મતિથિ તથા સ્થળ | : | વિ.સં.૧૧૩૨, ધોળકા, ગુજરાત |
| માતાનું નામ | : | શ્રી બાહડ દેવી |
| પિતાનું નામ | : | શ્રી વાછિગ શ્રાવક |
| ગુરુનું નામ | : | શ્રી ધર્મદેવ ઉપાધ્યાય |
| ગચ્છનું નામ | : | ખરતર ગચ્છ |
| દીક્ષા તિથિ તથા સ્થળ | : | વિ.સં. ૧૧૪૧ |
| આચાર્યપદવી તિથિ તથા સ્થળ | : | વિ.સં. ૧૧૬૯, વૈશાખ વદ-૬, ચિત્તોડ, |
| દીક્ષા પર્યાય | : | ૭૦ વર્ષ |
| કુલ આયુષ્ય | : | ૭૯ વર્ષ |
| સ્વર્ગારોહણ તિથિ તથા સ્થળ | : | વિ.સં. ૧૨૧૧, અષાઢ સુદ-૧૧, અજમેર |

## પ.પૂ. આચાર્યદેવ શ્રી જિનદત્તસૂરીશ્વરજી મહારાજા (ખરતરગચ્છ)

ખરતરગચ્છ પ્રાચીન ગચ્છ છે. પ. પૂ. આચાર્યદેવ શ્રી જિનેશ્વરસૂરિજી મહારાજે અને પ. પૂ. આચાર્યદેવ શ્રી બુદ્ધિસાગરસૂરિજી મહારાજે ક્રિયાનિષ્ઠ અને આચારપાલન સહિત ચૈત્યવાસીઓની સાથે દુર્લભરાજની સભામાં પાટણમાં વિ. સં. ૧૦૮૦માં વિવાદ કર્યો, જેમાં તેઓ જીતી ગયા, તેમને 'ખરતર' બિરુદ આપવામાં આવ્યું. ત્યારથી આ ગચ્છ ખ્યાતિમાં આવ્યો.

આ પાટપરંપરામાં ક્રમશઃ પૂ. આ. શ્રી જિનવલ્લભસૂરિજી, પ. પૂ. દાદા ગુરુદેવો યુગપ્રધાનશ્રી જિનદત્તસૂરિજી મહારાજા અને મણિધારી પ. પૂ. આ. શ્રી જિનચંદ્રસૂરિજી મહારાજા થયા. વળી, ચૌદમી શતાબ્દીમાં પ. પૂ. આચાર્ય શ્રી જિનકુશલસૂરિજી મહારાજા અને સોળમી શતાબ્દીમાં અકબર બાદશાહ પ્રતિબોધક પ. પૂ. આચાર્ય શ્રી જિનચંદ્રસૂરિજી થઈ ગયા. આ ચારે મહાપુરુષો 'દાદાજી'ના નામથી ખરતરગચ્છમાં પ્રસિદ્ધ છે.

પ.પૂ. આ. શ્રી જિનદત્તસૂરિજી પ્રભાવક આચાર્ય હતા. તેમના માટે કહેવાય છે કે, બાવન વીર, ચોસઠ જોગણી અને સિંધ દેશના પાંચ પીર એમની આજ્ઞામાં હતા. તેમણે પોતાની ચમત્કારિક શક્તિ વડે બ્રાહ્મણ, ક્ષત્રિય, માહેશ્વરી આદિ એક લાખ ત્રીસ હજાર જૈનેતરોને જૈનધર્મી બનાવ્યા અને ઓસવાલ જ્ઞાતિમાં દાખલ કર્યા. શાકંભરીના અરુણરાજ રાણા, ત્રિભુવનગિરિના કુમારપાલ આદિ અનેક દેશના રાજવીઓ તેમની આજ્ઞા પાળતા.

તેઓશ્રીએ ૫૭ ગોત્રની સ્થાપના કરી અને એક લાખ ત્રીસ હજાર જૈનોને એમાં વિભાજિત કરી દીધા. અજમેરમાં તેઓશ્રી સ્વર્ગવાસી થયા. તેમના ઉપકારની સ્મૃતિરૂપે ભારતમાં ઠેર ઠેર એમની ચરણપાદુકાની સ્થાપના કરવામાં આવી છે જે દાદાવાડી તરીકે પ્રસિદ્ધ છે.

કોટી કોટી વંદના ગચ્છના આદ્યમહાપુરુષના ચરણે...



## પ.પૂ. આચાર્યદેવ શ્રી પાર્શ્વચંદ્રસૂરીશ્વરજી મહારાજા
## (પાયચંદ ગચ્છ)

| | | |
|---|---|---|
| સંસારી નામ | : | પાસચંદ |
| જન્મતિથિ તથા સ્થળ | : | વિ.સં. ૧૫૩૭, ચૈત્ર સુદ-૯, હમીરપુર |
| માતાનું નામ | : | શ્રી વિમલા દેવી |
| પિતાનું નામ | : | શ્રેષ્ઠી શ્રી વેલગ શાહ |
| ગુરુનું નામ | : | પ. પૂ. આચાર્યદેવ શ્રી સાધુરત્નસૂરીશ્વરજી મ. સા. |
| ગચ્છનું નામ | : | પાર્શ્વચંદ્ર ગચ્છ |
| દીક્ષા તિથિ તથા સ્થળ | : | વિ.સં.૧૫૪૬, વૈશાખ સુદ-૩, હમીરપુર |
| આચાર્યપદવી તિથિ તથા સ્થળ | : | વિ.સં. ૧૫૬૫, જોધપુર |
| યુગપ્રધાન પદ | : | વિ.સં. ૧૫૯૯, વૈશાખ સુદ-૩, શંખલપુર |
| દીક્ષા પર્યાય | : | ૬૬ વર્ષ |
| કુલ આયુષ્ય | : | ૭૫ વર્ષ |
| સ્વર્ગારોહણ તિથિ તથા સ્થળ | : | વિ.સં. ૧૬૧૩, માગસર સુદ-૩, યોધપુર |

## પ.પૂ. આચાર્યદેવ શ્રી પાર્શ્વચંદ્રસૂરીશ્વરજી મહારાજા (પાયચંદ ગચ્છ)

જૈન મુનિ પરંપરામાં દાદાસાહેબશ્રી પાર્શ્વચંદ્રસૂરીશ્વરજી મહારાજનું નામ એક ક્રિયોદ્ધારક તરીકે ગણાય છે. વિક્રમના સોળમા શતકમાં જૈન ધર્મની શ્રમણ પરંપરામાં સુવિહિત (શાસ્ત્રાનુસારી) આચારધર્મની પુનઃ સ્થાપનાના ઉદાત્ત અભિયાનના પુરસ્કર્તા તરીકે તેમનું નામ ચિરસ્મરણીય રહ્યું છે. શિથિલાચાર, અવ્યવસ્થા અને આલસ્યને દૂર કરવા તેઓશ્રીએ પોતાની સમગ્ર શક્તિ સમર્પિત કરી.

માત્ર નવ વર્ષની વયે પાસચંદે નાગોરી તપાગચ્છના પંન્યાસશ્રી સાધુરત્નજી મહારાજા પાસે દીક્ષા લીધી. ટૂંક સમયમાં જ્ઞાનની વિવિધ શાખાઓમાં પ્રાવીણ્ય મેળવી લીધું. જૈનાગમોનો અભ્યાસ ખૂબ ઊંડાણથી કર્યો.

પૂજ્યશ્રીએ સં.૧૫૬૪માં નાગોરમાં ક્રિયોદ્ધાર કર્યો અર્થાત્ પાંચ મહાવ્રતના ચુસ્ત પાલનનો સ્વીકાર કર્યો. તેઓશ્રીના વિશિષ્ટ વ્યક્તિત્વ અને કૃતિત્વને કારણે નાગોરી તપાગચ્છને જનતાએ 'પાર્શ્વચંદ્ર ગચ્છ' રૂપે ઓળખવા માંડ્યો.

સાહિત્યક્ષેત્રે પૂજ્યશ્રીનું આગવું અર્પણ છે - આગમોના ટબા. પવિત્ર જૈનાગમોને પ્રચલિત લોકભાષા ગુજરાતીમાં વિવેચિત કરવાની પહેલ એમણે કરી. આ ટબાઓ પ્રાચીન ગુજરાતી ગદ્યસાહિત્યનું મુખ્ય અંગ છે. પાર્શ્વચંદ્રસૂરિએ આ રીતે સામાન્ય જનતા માટે આગમોનું અધ્યયન સુલભ કરી આપ્યું. આ તથ્યનો સ્વીકાર ભારતીય ધર્મોના અભ્યાસી દેશ-પરદેશના વિદ્વાનોએ કર્યો છે. દાદાસાહેબના રચેલા આવા ૬-૭ ટબાઓ વર્તમાનમાં ઉપલબ્ધ છે.

કોટી કોટી વંદના ગચ્છના આદ્યમહાપુરુષના ચરણે...

## ❖ સમન્વય દૃષ્ટિ ❖

तेणं संपइ दीसइ, पिहु पिहु गच्छेसु भिन्न आयारो ।
तत्थवि जं जिणवयणाणुसारओ तं पमाणं ति ।।

किन्नइ गच्छायारो, भन्नइ नियनियगुरूहि आइन्नो ।
नहु सुत्तं दूसिज्जइ, भूसिज्जइ तेण जिणधम्मो ।।

'આ સમયે જુદા જુદા ગચ્છોમાં ભિન્ન ભિન્ન આચરણા દેખાય છે, આ સર્વ આચરણાઓમાં જે જે જિનવચન અનુસાર હોય તે માન્ય છે.'

"પોતપોતાના ગચ્છનો આચાર પાળીએ, પોતપોતાના ગુરુઓ દ્વારા પ્રતિપાદિત આચારનું સમર્થન કરીએ, આગમનું દૂષિત અર્થઘટન ન કરીએ આનાથી જ જિનશાસન શોભી ઊઠશે."

(શ્રી પાર્શ્વચંદ્રસૂરિ રચિત 'સપ્તપદીશાસ્ત્ર', શ્લો. ૧૭-૧૮)

## ❖ સમન્વય દૃષ્ટિ ❖

✪ ॥૧॥ પરસ્પર સંઘની વૃદ્ધિ ॥૧ કોઈ પણ સાધુ-સાધ્વી કે તેના સમુદાયના અવર્ણવાદ બોલવા નહિ. ॥૨ પરસ્પર આક્ષેપોવાળા લેખો કે છાપાં લખવાં કે લખાવવાં નહિ તથા વ્યાખ્યાનમાં પણ આક્ષેપ કરવા નહિ. ॥૩ કોઈનો કોઈ જાતનો દોષ જણાય તો તેમને મળીને સુધારો કરવા પ્રેરણા કરવી અને તેમણે પણ તે દોષ સુધારવા પ્રયત્ન કરવો. ॥૪ લોકોમાં ભિન્નતા ન દેખાય તેમ પરસ્પર ઉચિતતાએ વર્તવું.

મુનિસાગરચન્દ્ર (પાયચંદ ગચ્છ)
('વિ.સં. ૧૯૯૦ મુનિસંમેલન પટ્ટક'માંથી સાભાર)



## પ.પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી (મોટા પંડિત) મ.સા.

| | | |
|---|---|---|
| સંસારી નામ | : | મહેન્દ્રભાઈ |
| જન્મતિથિ તથા સ્થળ | : | વિ. સં. ૨૦૦૦, આસો સુદ-૧૩, માટુંગા, મુંબઈ |
| માતાનું નામ | : | શ્રી લક્ષ્મીબેન |
| પિતાનું નામ | : | શ્રી ખીમજીભાઈ |
| ગુરુનું નામ | : | પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. |
| દીક્ષા તિથિ તથા સ્થળ | : | વિ. સં. ૨૦૩૫, વૈશાખ સુદ-૩, પિંડવાડા (રાજ.) |
| દીક્ષા પર્યાય | : | ૨૧ વર્ષ |
| કુલ આયુષ્ય | : | ૫૬ વર્ષ |
| સ્વર્ગારોહણ તિથિ તથા સ્થળ | : | વિ. સં. ૨૦૫૬, શ્રાવણ સુદ-૩, અમદાવાદ. |

# પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)

સમ્યગ્જ્ઞાનના અદ્વિતીય સૌંદર્યથી શોભતા આ મહાપુરુષ, લોકોએ આપેલ 'પંડિત મહારાજ'ના હુલામણા નામથી પ્રસિદ્ધ હતા. તેઓએ વ્યાકરણ, સાહિત્ય, પ્રાચીન ન્યાય, નવ્ય ન્યાય, આગમ, યોગ, આયુર્વેદ, છ દર્શન વગેરે પ્રાચ્યવિદ્યાનો વારસો તો મેળવેલો જ હતો. સાથે સાથે ફિઝીક્સ, બાયોલોજી, બાયો ટેક્નોલોજી, સોશ્યલ સાયન્સ, કોસ્મોલોજી વગેરે આધુનિક વિજ્ઞાનની શાખા-પ્રશાખાઓના તલસ્પર્શી જ્ઞાનને ધરાવનારા હતા. તેઓશ્રી 'વર્તમાન શ્રુતના જે અર્થનો...' પંક્તિમાં વર્ણવેલી પ્રાવચનિકપ્રભાવકતાને સાર્થક કરનારા શ્રુતધર મહાપુરુષ હતા.

તેઓએ જ્ઞાનને માત્ર મેળવ્યું જ ન હતું, પરંતુ તે જ્ઞાનને તેઓશ્રીએ પચાવી જાણ્યું હતું. તેઓશ્રી જિનશાસન પ્રત્યે ભારોભાર બહુમાન અને શ્રદ્ધા ધરાવતા હતા. શાસનના પ્રત્યેક અંગની રક્ષા માટે તેઓશ્રી જાગ્રત હતા. આપણા પ્રાચીન તીર્થોની રક્ષા માટે તેઓ ચિંતાની સાથે પ્રસંગે બધું કરવાની તૈયારીપૂર્વક કટિબદ્ધ પણ હતા. તેમના જીવનની અનેક ઘટનાઓ આ વાતની શાખ પૂરે છે.

એક પ્રસંગ લઈએ તો...

૨૦-૨૦ તીર્થંકરોના કલ્યાણકોથી પવિત્ર બનેલ શ્રી શિખરજી મહાતીર્થ ત્યારે વિકટ પરિસ્થિતિઓમાં હતું. અનેક જટિલ સમસ્યાઓથી આ તીર્થની રક્ષાના પ્રશ્નો ઊભા થયેલા, તે પ્રસંગે તેઓને કોઈએ પૂછ્યું કે, 'સાહેબ, આપ તીર્થની રક્ષા માટે છેલ્લે સુધી લડવાની તૈયારી બતાવો છો, પરંતુ critical situationમાં ધારો કે તમારી પડખે કોઈ નહીં હોય, તો એકલા શું કરશો ?' ત્યારે તેમણે તત્કાલ જ નીડરપણે જવાબ આપ્યો કે, 'હું એકલો દિલ્હી જઈ સુપ્રીમ

કોર્ટમાં appear થઈશ. મારા ધાર્મિક હક્કો infringe થાય છે તેની કોર્ટ સમક્ષ રજૂઆત કરીશ. સાધુ તરીકે અપરિગ્રહી હોવાથી defence માટેના સાધનો પૂરા પાડવાની જવાબદારી સરકારની આવશે. સરકારે આપેલી સવલતોથી તીર્થરક્ષાનું કાર્ય આગળ ધપાવીશ. પરંતુ હારી-થાકીને એમ ને એમ ક્યારેય હું બેસી રહેવાનો નથી.'

પરિણત જ્ઞાનને કારણે તેઓએ માર્ગાનુસારી ક્ષયોપશમ, નિશ્ચય-વ્યવહારની પારદર્શિતા, માધ્યસ્થ્ય યુક્ત સમતોલ દૃષ્ટિ, સત્ય માટેની નીડરતા, સિદ્ધાંત પ્રત્યેની અડગતા, શાસ્ત્રાનુસારી સમન્વય દૃષ્ટિ, દીર્ઘદર્શિતા વગેરે અનેક ગુણોને આત્મસાત્ કરેલ હતા.

આજે જ્યારે પૂજ્યશ્રીની દિવ્યકૃપાના બળે તેમના શાસ્ત્રાનુસારી વિચારો અને મધ્યસ્થતાપૂર્ણ દૃષ્ટિકોણને આગળ ધપાવવાના સંકલ્પ સાથે ૨૦-૨૦ મુમુક્ષુઓ વિજયપ્રસ્થાન કરી રહ્યા છે ત્યારે .....

કોટિ કોટિ વંદના ગચ્છના આદ્યપુરુષના ચરણે....

# પરિશિષ્ટ

## આચાર્યદેવ શ્રી વિજય હીરસૂરીશ્વરજી પ્રસાદીકૃત દ્વાદશજલ્પ (બાર બોલ)

"સંવત્ ૧૬૪૬ વર્ષે પોષા સિત ૧૩ શુક્રે શ્રીપત્તન નગરે શ્રીહીરવિજયસૂરિભિર્લ્લિખ્યતે સમસ્ત સાધુ-સાધ્વી શ્રાવક શ્રાવિકા યોગ્ય શ્રીવિજયદાનસૂરિ પ્રાસાદીકૃત સાત બોલના અર્થ આશ્રી વિસંવાદ ટાલવાનિ કાજિં તે સાત બોલનું અર્થ વિવરિનિં લિખીઈં છીઈં, તથા બીજા પણિ કેટલાએક બોલ લિખિઈં છઈં, યથા-

૧. પરપક્ષીનિં કુણિં કિસ્યું કઠિન વચન ન કહિવું. ૧.

૨. તથા "પરપક્ષીકૃત ધર્મ્મ કાર્ય સર્વ્વથા અનુમોદવા યોગ્ય નહીં" ઇમ કુણિં ન કહવું, જે માટે દાનરુચિપણું દાખિણાલુપણું, દયાલુપણું, પ્રિયભાષીપણું ઇત્યાદિક જે જે માર્ગ્ગાનુસારી ધર્મ્મકાર્ય તે જિનશાસન થકી અનેરા સમસ્ત જીવ સંબંધિઆ શાસ્ત્રનિ અનુસારિં અનુમોદવા યોગ્ય જણાઇ છઇ, તો જૈન પરપક્ષી સંબંધી માર્ગાનુસારી ધર્મ્મ કર્ત્તવ્ય અનુમોદવા યોગ્ય હુઈ એ વાતનું સ્યું કહિવું ? ૨.

૩. તથા ગચ્છનાયકનિં પૂછ્યા વિના કીસી શાસ્ત્રસંબંધિની નવી પ્રરૂપણા કુણિં ન કરવી. ૩.

૪. તથા દિગંબર સંબંધિઆં ચૈત્ય ૧, કેવલ શ્રાદ્ધ પ્રતિષ્ઠિત ચૈત્ય ૨, દ્રવ્યલિંગીનિં દ્રવ્યઇં નિષ્પન્ન ચૈત્ય ૩, એ ત્રિણિંયં ચૈત્ય વિના બીજાં સઘલાંઈ ચૈત્ય વાંદવા પૂજવા યોગ્ય જાણવાં, એ વાતની શંકા ન કરવી. ૪.

૫. તથા સ્વપક્ષીના ઘરનીં વિષઇં પૂર્વોક્ત ત્રિણની અવંદનીક પ્રતિમા હુઇ તે સાધુનિં વાસક્ષેપિ વાંદવા પૂજવા યોગ્ય થાઇં. ૫.

૬. તથા સાધુની પ્રતિષ્ઠા શાસ્ત્રિં છઇ. ૬.

૭. તથા સાધર્મિક વાત્સલ્ય કરતાં સ્વજનાદિક સંબંધ ભણી કદાચિત્ પરપક્ષીનિં જિમવા તેડઈ તુ તે માટિ સાહમિવત્સલ ફોક ન થાઇ. ૭.

૮. તથા શાસ્ત્રોક્ત દેશવિસંવાદી નિહ્નવ સાત, સર્વ્વ વિસંવાદી નિહ્નવ એક, એ ટાલી બીજા કુણનિ નિહ્નવ ન કહિવું. ૮.

૯. તથા પરપક્ષી સંઘાતિં ચર્ચાનીં ઉદીરણા કુણિં ન કરવી, પરપક્ષી કોઈ ઉદીરણા કરઇ તું શાસ્ત્રનઇ અનુસારિ ઉત્તર દેવો, પણિ ક્લેશ વાધઇ તિમ ન કરવું. ૯.

૧૦. તથા વિજયદાનસૂરિં બહુજન સમક્ષિં જલ શરણ કીધું જે ઉત્સૂત્રકંદકુદાલ ગ્રંથ તે, તથા તે માહિલું અસંમત અર્થ બીજા કોઈ શાસ્ત્રમાંહિ આણ્યુ હુઇ તુ તે અર્થ તિહાં અપ્રમાણ જાણવું. ૧૦.

૧૧. તથા સ્વપક્ષીય સાર્થનિ અયોગિં પરપક્ષીય સાથિં યાત્રા કર્યા માટિં યાત્રા ફોક ન થાઇ. ૧૧.

૧૨. તથા પૂર્વ્વાચાર્યનિં વારઇ જે પરપક્ષીકૃત સ્તુતિ સ્તોત્રાદિક કહવાતાં તે કહતાં કુણિ ના ન કહિવી. ૧૨.

એ બોલથી કોઈ અન્યથા પ્રરૂપઈ તેહનઈ ગુરુનો તથા સંઘનો ઠબકો સહી.

અત્ર મતાનિ-શ્રીવિજયસેનસૂરિ મતમ્, ઉપાધ્યાય શ્રીવિમલહર્ષ ગણિ મતમ્ ૧, ઉપાધ્યાય શ્રીધર્મસાગર ગણિ મતમ્ ૨, ઉપાધ્યાય શ્રીશાંતિચંદ્રગણિ મતમ્ ૩, ઉપાધ્યાય શ્રીકલ્યાણવિજય ગણિ મતમ્ ૪, ઉપાધ્યાય શ્રીસોમવિજય ગણિ મતમ્ ૫, પન્યાસ સહજસાગર ગણિ મતમ્ ૬, પંડિત કાન્હર્ષિ ગણિ મતમ્ ૭, એતદ્ દ્વાદશ જલ્પ પટ્ટકે એવંવિધા દ્વાદશ જલ્પાસ્સંતીતિ"

(દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ દ્વારા પ્રકાશિત,
સાગરાનંદ સંશોધિત સેનપ્રશ્ન પત્ર ૧૨૦ થી ૧૨૧)

# વિ.સં. ૧૯૯૦ મુનિસંમેલન પટ્ટક-કલમ-૯

✪ ॥૯॥ પરસ્પર સંઘની વૃદ્ધિ ॥૧ કોઈ પણ સાધુ-સાધ્વી કે તેના સમુદાયના અવર્ણવાદ બોલવા નહિ. ॥૨ પરસ્પર આક્ષેપોવાળા લેખો કે છાપાં લખવાં કે લખાવવાં નહિ તથા વ્યાખ્યાનમાં પણ આક્ષેપ કરવા નહિ. ॥૩ કોઈનો કોઈ જાતનો દોષ જણાય તો તેમને મળીને સુધારો કરવા પ્રેરણા કરવી અને તેમણે પણ તે દોષ સુધારવા પ્રયત્ન કરવો. ॥૪ લોકોમાં ભિન્નતા ન દેખાય તેમ પરસ્પર ઉચિતતાએ વર્તવું.

| | |
|---|---|
| વીર સંવત્ ૨૪૬૦ ચૈત્ર વદિ ૬, ગુરુવાર | વિજયનેમિસૂરિ |
| વિક્રમ સંવત્ ૧૯૯૦ ચૈત્ર વદિ ૬, ગુરુવાર | વિજયસિદ્ધિસૂરિ |
| ઇસ્વીસન્ ૧૯૩૪ એપ્રિલ માસ તા. ૫. | વિજયદાનસૂરિ |
| | આનન્દસાગર |
| | વિજયનીતિસૂરિ |
| | જયસિંહસૂરિજી |
| | વિજયવલ્લભસૂરિ |
| | વિજયભૂપેન્દ્રસૂરિ |
| | મુનિસાગરચન્દ્ર |

અખિલ ભારતવર્ષીય જૈન શ્વેતાંબર મુનિસંમેલને સર્વાનુમતે 'પટ્ટકરૂપે' આ નિયમો કર્યા છે, તે મને સુપ્રત કરેલ. તે જ આ 'અસલપટ્ટક' મેં આજ રોજ અમદાવાદની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને સોંપ્યો છે.

| | |
|---|---|
| વડા વીલા | સંઘપતિના હસ્તાક્ષર |
| અમદાવાદ | કસ્તુરભાઈ લાલભાઈ |
| તા. ૧૦-૪-૧૯૩૪ | |

# તિથિની આરાધનાદિ અંગે પિંડવાડામાં થયેલા પટ્ટકની સત્તાવાર જાહેરાત

પિંડવાડા, વિ.સં. ૨૦૨૦ પોષ વદિ ૫, તા.૪-૧-૧૯૬૪, શનિવાર

સમય : સાંજે ૪-૪૫ વાગે.

તિથિદિન અને પર્વારાધન બાબતમાં શ્રી સંઘમાન્ય પંચાંગમાં બતાવેલી સર્વ પર્વાપર્વ તિથિઓની ક્ષય-વૃદ્ધિ યથાવત માન્ય રાખીને આપણે જે રીતિએ 'ઉદયમ્મિ તથા ક્ષયે પૂર્વા૦'ના નિયમ અનુસાર તિથિદિન અને આરાધનાદિન નક્કી કરીએ છીએ, તે શાસ્ત્રાનુસારી છે તેમજ શાસ્ત્રમાન્ય પ્રાચીન પરંપરાનુસારી છે. લવાદી ચર્ચામાં તેવા પ્રકારનો નિર્ણય પણ આવી જ ગયેલો છે. આમ છતાં પણ, **અભિયોગાદિ કારણે, અપવાદપદે, પટ્ટકરૂપે આપણે નિર્ણય કરીએ છીએ કે–ભવિષ્યમાં સકળ શ્રી શ્રમણસંઘ એકમતે આ બાબતનો શાસ્ત્રીય સર્વમાન્ય નિર્ણય કરી તેને અમલી બનાવે નહિ ત્યાં સુધીને માટે**, શ્રી સંઘમાન્ય પંચાંગમાં જ્યારે જ્યારે પૂનમ-અમાસની ક્ષય-વૃદ્ધિ આવે ત્યારે ત્યારે તેરસની ક્ષય-વૃદ્ધિ કરવી કે જેથી સકલ શ્રીસંઘમાં ચૌદસ, પૂનમ અને અમાસની આરાધનાની ક્રિયા એક દિવસે થાય.

આ એક આપવાદિક આચરણા છે માટે શ્રી સંઘમાન્ય પંચાંગમાં જ્યારે જ્યારે ભાદરવા સુદિ પાંચમની ક્ષય-વૃદ્ધિ આવે ત્યારે ત્યારે ક્ષય-વૃદ્ધિ કાયમ રાખીને જ પંચાંગની ઉદયાત્ ભાદરવા સુદિ ચોથે શ્રી સંવત્સરી કરવાની છે અને તે જ પ્રમાણે બાકીની બાર પર્વી માંહેની તિથિઓ તથા કલ્યાણક આદિની સર્વ તિથિઓ પણ પંચાંગમાં બતાવ્યા મુજબ માન્ય રાખીને જ આરાધના કરવાની છે. આ પટ્ટક મુજબ આપણે તથા આપણા આજ્ઞાવર્તી સર્વ સાધુ-સાધ્વી ઉપર જણાવ્યા મુજબનો શ્રીસંઘનો નિર્ણય થાય નહિ ત્યાં સુધી આ પ્રમાણે જ વર્તવાનું છે.

| | | | | |
|---|---|---|---|---|
| આ. વિજયભદ્રસૂરિ | દ. વિજય ૐકારસૂરિ | પં.મેરુવિજય (સ્વ.) | પં. સુંદરવિજય | પં. ચરણવિજય |
| વિજયપ્રેમસૂરિ | વિજયરામચન્દ્રસૂરિ | વિજયજમ્બૂસૂરિ | વિજયભુવનસૂરિ | વિજયયશોદેવસૂરિ |
| | ઉ. ધર્મવિજય ગણિ | ઉ. ચારિત્રવિજય | પં. પુણ્યવિજય | પં. કૈવલ્યવિજય |

| | | | | |
|---|---|---|---|---|
| | પં. ભક્તિવિજય | પં. માનવિજય | પં. કનકવિજય | પં. કાન્તિવિજય |
| | પં. ભદ્રંકરવિજય | પં. વર્ધમાનવિજય | પં. ચિદાનંદવિજય | પં. મલયવિજય |
| | પં. મૃગાંકવિજય | પં. સુદર્શનવિજય | પં. જયંતવિજય | પં. રેવતવિજય |
| | પં. હેમંતવિજય | પં. મુક્તિવિજય | પં. ત્રિલોચનવિજય | પં. હિમાંશુવિજય |
| | પં. ભાનુવિજય | પં. રવિવિજય | પં. માનતુંગવિજય | |
| વિજયલક્ષ્મણસૂરિ | વિજયભુવનતિલકસૂરિ | ઉ. જયંતવિજય | પં. નવીનવિજય | પં. પ્રવીણવિજય |
| | પં. વિક્રમવિજય | પં. પદ્મવિજય | પં. ભદ્રંકરવિજય | પં. કીર્તિવિજય |
| | વિજયમનોહરસૂરિ (સ્વ.) | પં. ભદ્રંકરવિજય | પં. વિબુધવિજય | પં. દીપવિજય |

(વિજય દેવેન્દ્રસૂરિ)

('ભુવનભાનુ એન્સાઈક્લોપેડીયા-૬૭'માંથી સાભાર)

# નોંધ

# પ્રસ્તુત પુસ્તકના આર્થિક સહયોગી દાતાશ્રીઓ

પ.પૂ. આચાર્યભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા
(પંડિત મહારાજ)ના ૩૯ વર્ષના દીક્ષાપર્યાયની અનુમોદનાર્થે
**એક ગુરુભક્ત સદ્ગૃહસ્થ તરફથી - મુંબઈ**

પ.પૂ. આચાર્યભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા
(પંડિત મહારાજ)ના ૩૯ વર્ષના દીક્ષાપર્યાયની અનુમોદનાર્થે
**શ્રીમતી ચંદનબેન ચુનીલાલ પારેખ**
માંગરોળવાળા - હાલ-મુંબઈ.

પ.પૂ. આચાર્યભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા
(પંડિત મહારાજ) તથા વિદુષી પ.પૂ. સા. શ્રી ચારુનંદિતાશ્રીજી મ. સા.ના
૩૯ વર્ષના દીક્ષાપર્યાયની અનુમોદનાર્થે
**શ્રી સજ્જનલાલ મોહનલાલજી કટારીયા**
ધામલી (રાજ.) હાલ-બેંગ્લોર

સુશ્રાવિકા જયશ્રી કેતન લોડાયાના વર્ષીતપના અનુમોદનાર્થે
**માતુશ્રી રમીલાબેન શીવજી લોડાયા પરિવાર**
કચ્છ કોઠારાવાળા

# ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

## પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં પુસ્તકો

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

## પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં તેમજ લેખિત સંપાદિત પુસ્તકો

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો
૨. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ)
૩. યોગદૃષ્ટિસમુચ્ચય
૪. કર્મવાદ કર્ણિકા
૫. કર્મવાદ કર્ણિકા (હિન્દી આવૃત્તિ)
૬. સદ્ગતિ તમારા હાથમાં !
૭. સદ્ગતિ આપકે હાથ મેં ! (હિન્દી આવૃત્તિ)
૮. દર્શનાચાર
૯. શાસન સ્થાપના
૧૦. શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ)
૧૧. અનેકાંતવાદ
૧૨. પ્રશ્નોત્તરી
૧૩. પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ)
૧૪. ચિત્તવૃત્તિ
૧૫. ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ)
૧૬. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૭. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૮. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૯. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)

૨૦. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૨૧. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૨૨. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
૨૩. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧
૨૪. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?
૨૫. જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ)
૨૬. Is Jaina Order Independent Religion or Denomination ? (અંગ્રેજી આવૃત્તિ)
૨૭. Status of religion in modern Nation State theory (અંગ્રેજી આવૃત્તિ)
૨૮. ગૃહજિનાલય મહામંગલકારી
૨૯. શ્રી ઉપધાન માર્ગોપદેશિકા
૩૦. મધ્યસ્થભાવ (સંઘ એકતાની Master Key)

## संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

१. पाक्षिक अतिचार

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## અન્ય પુસ્તકોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૨. | શ્રી નવપદ આરાધના વિધિ | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૩. | સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૪. | સ્વતંત્ર ભારત મેં ધર્મ પરતંત્ર !!!!! (હિં.આ.) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૫. | Right to Freedom of Religion !!!!! | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૬. | 'રક્ષાધર્મ' અભિયાન | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૭. | 'Rakshadharma' Abhiyaan | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૮. | સેવો પાસ સંખેસરો | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૯. | સેવો પાસ સંખેસરો (હિન્દી આવૃત્તિ) | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનનાં ગ્રંથો

## વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન

૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા–૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા–૩૦ શબ્દશઃ વિવેચન
૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા–૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા–૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા–૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા–૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા–૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા–૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ–૧
૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ–૨
૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ–૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ–૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ–૩
૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન
૪૫. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા–૧૭ શબ્દશઃ વિવેચન
૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા–૨૨ શબ્દશઃ વિવેચન
૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા–૨૩ શબ્દશઃ વિવેચન
૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા–૨૪ શબ્દશઃ વિવેચન
૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૨
૫૦. માર્ગદ્વાત્રિંશિકા–૩ શબ્દશઃ વિવેચન
૫૧. દેશનાદ્વાત્રિંશિકા–૨ શબ્દશઃ વિવેચન
૫૨. જિનભક્તિદ્વાત્રિંશિકા–૫ શબ્દશઃ વિવેચન
૫૩. યોગાવતારદ્વાત્રિંશિકા–૨૦ શબ્દશઃ વિવેચન
૫૪. યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા–૨૬ શબ્દશઃ વિવેચન
૫૫. સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા–૩૨ શબ્દશઃ વિવેચન
૫૬. પૂર્વસેવાદ્વાત્રિંશિકા–૧૨ શબ્દશઃ વિવેચન
૫૭. ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા–૧૬ શબ્દશઃ વિવેચન
૫૮. ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા–૨૫ શબ્દશઃ વિવેચન
૫૯. વિનયદ્વાત્રિંશિકા–૨૯ શબ્દશઃ વિવેચન
૬૦. શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન

૬૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૨. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૪. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૫. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૬૬. મુક્તિદ્વાત્રિંશિકા-૩૧ શબ્દશઃ વિવેચન
૬૭. યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન
૬૮. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૯. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨
૭૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૨. પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૭૩. કથાદ્વાત્રિંશિકા-૯ શબ્દશઃ વિવેચન
૭૪. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪
૭૫. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫
૭૬. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬
૭૭. નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૭૮. ૧૫૦ ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન
૭૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫
૮૦. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬
૮૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૨. અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન
૮૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭
૮૪. આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન
૮૫. પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન
૮૬. ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૭. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૮. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૯. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૦. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૧. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૨. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧

૯૩. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૪. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૫. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૬. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૭. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૮. દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૯. વાદદ્વાત્રિંશિકા-૮ શબ્દશઃ વિવેચન
૧૦૦. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૦૧. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૦૨. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૧૦૩. સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન
૧૦૪. પગામસિજ્જા શબ્દશઃ વિવેચન
૧૦૫. સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૧૦૬. ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા-૭ શબ્દશઃ વિવેચન
૧૦૭. દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન
૧૦૮. સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૦૯. સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૧૦. વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧૧. શાંતસુધારસ શબ્દશઃ વિવેચન
૧૧૨. બારભાવના શબ્દશઃ વિવેચન
૧૧૩. ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧૪. ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૧૫. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૪
૧૧૬. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૫
૧૧૭. વીતરાગ સ્તોત્ર પ્રાયઃ શબ્દશઃ વિવેચન
૧૧૮. દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૧૯. દ્રવ્યગુણપર્યાયના રાસના છૂટા બોલ રાસના આધારે વિવેચન
૧૨૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૨૧. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૩
૧૨૨. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૪
૧૨૩. ધર્મપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૨૪. લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨૫. લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૨

૧૨૬. લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૩

૧૨૭. ૧૮ પાપસ્થાનક સ્વાધ્યાય, અમૃતવેલની નાની સજ્ઝાય, 'સાચો જૈન' પદ અને 'વીરોની પ્રભુભક્તિ' પદ શબ્દશઃ વિવેચન

૧૨૮. સમ્મતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૩

૧૨૯. ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રથમ પ્રસ્તાવ) શબ્દશઃ વિવેચન ભાગ-૧

૧૩૦. ઉપમિતિભવપ્રપંચા કથા (દ્વિતીય પ્રસ્તાવ) શબ્દશઃ વિવેચન ભાગ-૨

૧૩૧. ઉપમિતિભવપ્રપંચા કથા (તૃતીય પ્રસ્તાવ) શબ્દશઃ વિવેચન ભાગ-૩

૧૩૨. ઉપદેશપદ શબ્દશઃ વિવેચન ભાગ-૧

૧૩૩. ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૧

૧૩૪. ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૨

૧૩૫. ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૩

## ગીતાર્થ ગંગા જ્ઞાનભંડાર આધારિત સંશોધનાત્મક પ્રકાશનો

૧. આગમ પ્રકાશનસૂચી (હિન્દી) સંકલનકાર : નીરવભાઈ બી. ડગલી

## ગીતાર્થ ગંગા અંતર્ગત ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧

૨. ધર્મતીર્થ ભાગ-૨

# પ્રાપ્તિસ્થાન


**✤ અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા**
'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૪૫૭૪૧૦
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

**✤ વડોદરા :**

**શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ**
'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

**✤ મુંબઈ :**

**શ્રી લલિતભાઈ ધરમશી**
૧૦૧-૧૦૨, સર્વોદય હાઈટ્સ,
જૈન મંદિર રોડ, સર્વોદયનગર,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : jpdharamshi60@gmail.com

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

**✤ સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩
(મો.) ૯૦૧૬૧૮૮૯૯૦

**✤ જામનગર :**

**શ્રી ઉદયભાઈ શાહ**
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

**✤ BANGALORE :**

**SHRI VIMALCHANDJI**
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : vimalkgadiya@gmail.com

**✤ રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shree_veer@hotmail.com

એક સંવિગ્ન ગીતાર્થના આજ્ઞાનુવર્તી
સાધુ-સાધ્વીજી-શ્રાવક-શ્રાવિકાઓનો સમૂહ
તે **ગચ્છ**.

એકસમાન સામાચારીવાળા
અનેક ગચ્છોનો સમૂહ
તે **કુલ**.

એકસમાન વાચનાદાયક શાસ્ત્રોને
અનુસરતા અનેક કુલોનો સમૂહ
તે **ગણ**.

ભિન્ન-ભિન્ન શાસ્ત્રોના આધારે,
પણ એક સર્વજ્ઞના જ સિદ્ધાંતને અનુસરનારા
જુદા-જુદા ગણોનો સમૂહ
તે **શ્રીસંઘ**.

**एकाचार्यप्रणेयसाधुसमूहो गच्छः ।**
**बहूनां गच्छानां एकजातीयानां समूहः कुलम् ।**
(तत्त्वार्थसूत्र, सिद्धसेनगणि टीका)

**गणः कुलानां समुदायः ।**
(औपपातिकसूत्र अभयदेव वृत्ति)

**गण इति एकवाचनाचार-क्रियास्थानां समुदायः ।**
(आवश्यकसूत्र निर्युक्ति, टिप्पण)

**संघस्तु साधुसाध्वीश्रावकश्राविकासमुदाय इति ।**
(उपदेशपद टीका)

**: પ્રકાશક :**
गीतार्थ गंगा